
સત્-અસત્‌ને પેલે પાર
પ્રજ્ઞા વશી

# સત્–અસત્‌ને પેલે પાર

## પ્રજ્ઞા વશી

(A page from a printed book)

# સત્–અસત્‌ને પેલે પાર (નવલકથા) – Sat-Asatne Pele Par (Novel)

By Pragna Vashi

© Pragna Vashi

પ્રથમ આવૃત્તિ : 2014

ISBN : 978-93-84637-07-1

●મુદ્રક–પ્રકાશક●

સાહિત્ય સંકુલ,

ચૌટાબજાર, સુરત – 395 003 ફોન : (0261) 2591 449

ઈ.મેઈલ : sahityasangamnjk@gmail.com

♦અન્ય પ્રાપ્તિસ્થાન♦

(1) સાહિત્ય સંગમ,

બાવાસીદી, પંચોલીની વાડી સામે, ગોપીપુરા, સુરત – 395 001

ફોન : (0261) 2597 882/ 2592 563

(2) સાહિત્ય ચિંતન,

કચરિયા પોળ, બાલા હનુમાન સામે, ગાંધી રોડ, અમદાવાદ – 380 001

ફોન : (079) 22 171 929

रु 200

(A page for eBook)

eBook : Sat-Asatne Pele Par :

By Pragna Vashi

© Pragna Vashi

ઈ.બુક મુલ્ય : મફ્ફત લહાણી

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ, નવસારી કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી.– 396450 સેલફોન : 940 946 16 53

ઈ.મેઈલ : manimaru1712@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

'મણી મારુ' પ્રકાશક વતી : ગોવીન્દ મારુ 'અભીવ્યક્તી'

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અર્પણ

**સમગ્ર વિદ્યાર્થી આલમને...**

## પ્રકાશિત પુસ્તકો :

1. સ્પન્દન વન (કાવ્યસંગ્રહ–2002)
2. આકાશે અક્ષર (ગઝલસંગ્રહ–2008)
3. શ્વાસ સજાવી બેઠાં (ગીતસંગ્રહ–2008)
4. પિકનિક પર્વ (બાળગીત સંગ્રહ–2008)
5. નારીની ગઈ કાલ આજ અને આવતી કાલ (લઘુનિબંધ–2011)
6. નિસ્બત (ગઝલસંગ્રહ–2014)
7. સત્‌–અસત્‌ને પેલે પાર (નવલકથા–2014)

●

અનુક્રમણિકા

## આદર્શ શિક્ષક 'સત્–અસત્‌ને પેલે પાર' નવલકથાની નાયિકા શિવાની જેવો હોય તો શિક્ષણજગતના સળગતા પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવી શકે...

–જનક નાયક

પ્રજ્ઞા દીપક વશી ! શિક્ષક, આચાર્યા, કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નારીવાદનો ઝંડો લઈને હસતાં–રમતાં ભાષણ કરતાં જઈને પુરુષોને આડે હાથ લેનારા, અનાવિલપણું પણ રગેરગમાં, બેધડક જે કહેવું હોય તે કહી શકે, એથી નુકસાન થાય કે લાભ એનો ક્યારેય વિચાર નહિ, જ્યાં અન્યાય થતો હોય એવું લાગે ત્યાં સાહસપૂર્વક કૂદી પડે, આગ સાથે ખેલવાનો શોખ કહો તો શોખ કે આદત કહો તો આદત, સત્યને અપ્રતિમ ચાહે, એથી ઘણી વખત એમને ભાગે શોષવાનું પણ આવે. જ્યારે બોલવા જેવું હોય ત્યારે બોલે, પણ જ્યાં મૌન રહેવાનું હોય ત્યાં હોઠ ભીડી શકે, નથી ગમ્યું એવું જણાવવા મસ્ત મજાનું સ્મિત પણ કરી શકે, જે થઈ રહ્યું છે એ જાણવા–સમજવા જેટલા સમર્થ, પણ જે થઈ રહ્યું છે એ સારું હોય કે નરસું એને સ્વીકારી લઈને આનંદપૂર્વકનું જીવે, 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' એવું એમના માટે ન કહેવાય, ઊલટાનું કોઈ પુરુષને પાણી પિવડાવે એટલા બુદ્ધિશાળી, સંબંધોના માણસ, દોસ્તોના માણસ અને કુટુંબના પણ માણસ. એ બધાને ભરપુર પ્રેમ કરે, સામે એમને પણ એટલો જ પ્રેમ મળ્યો છે. ઉત્સાહથી થનગનતા. પોતાને તો મેનેજ કરે જ, સાથે બીજાઓને પણ કુશળતાથી મેનેજ કરી શકે એટલા સમર્થ. પુરુષાર્થી પણ ખરા, પૂર્ણતયા સંવેદનશીલ, કદાચ તેથી જ સાહિત્યનું કોઈ ક્ષેત્ર એવું નથી, જેના પર એમનું ખેડાણ ન હોય. એ પ્રજ્ઞા વશી હવે નિવૃત્ત થવાના છે, ટી. એન્ડ ટી. વી.ના આચાર્યપદેથી. વર્ષોથી શિક્ષણ સાથે સંકળાયેલા. શિક્ષણજગતની ખામી–ખૂબીઓથી પૂરેપૂરા અવગત. વર્ષોથી શિક્ષણ નામક ખારા દરિયામાં કાગળની નાવ હંકારતા એઓએ ઘણા ઝંઝાવાતો ઝેલ્યા હશે. જાણતા પણ હશે – કાગળની હોડીથી ક્યારેય શિક્ષણનો દરિયો પાર કરી શકાય નહિ, છતાં મન મૂકીને સભાનતા અને સંનિષ્ઠતાપૂર્વક મથામણ કરતાં રહે, અનેક સારા–માઠા અનુભવોથી ક્યારેક હૃદય બાગ બાગ થયું હશે, તો ક્યારેક કાંટાઓથી હૃદય ઉઝરડાયું પણ હશે. સેંકડો વિદ્યાર્થીઓ એમના તળેથી પાસર થયા હશે એનાય સુખદ–દુઃખદ અનુભવો હશે. શિક્ષણની અવદશા જોઈને ઘણી રાતોની ઉંઘ પણ હરામ થઈ હશે, તો ક્યારેક શિક્ષણની ઉતરી ગયેલી ગાડીને ફરી પાટે ચઢાવવા રણચંડી બનીને પ્રયાસ પણ કર્યા હશે, જોકે શિક્ષણ જગતની 'જૈસે થે'ની સ્થિતીથી

દુ:ખી દુ:ખી પણ થયા હશે. જે વાસ્તવ જગતમાં ન થઈ શક્યું, એ માટે સર્જક પ્રજ્ઞા વશીએ શબ્દોની વિશ્વવસનીય આંગળી ઝીલી છે. જીવનમાં પોતે સકારાત્મક અભીગમ ધરાવે છે એટલે અસંપ્રજ્ઞાત મનમાં કદાચ એવું પણ હોય કે જે કરવું હતું એ વાસ્તવમાં ન થઈ શક્યું અને કોઈક ભેખધારી 'સત્‌–અસત્‌ને પેલે પાર' નવલકથા વાંચે, એનો હૃદયદીવડો જલી ઉઠે અને શિક્ષણવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થાય એ માટે અભિયાન છેડે તો જીવનમાં કશુંક કરી શક્યાનો ભરપૂર આનંદ માણી શકાય. આપણે સૌ બાળકપ્રેમીઓ અને શીક્ષણપ્રેમીઓ ઇચ્છીએ છીએ કે, શિક્ષણ ધરમૂળથી બદલાવું જોઈએ. જો એવું ઇચ્છતા હોઈએ તો દરેક શિક્ષણપ્રેમીએ 'સત્‌–અસત્‌ને પેલે પાર' નવલકથા વાંચવી જોઈએ.

'સત્‌–અસત્‌ને પેલે પાર' નવલકથામાં એવું તો શું છે કે, એ વાંચીને આપણને થાય કે શિક્ષણ માટે કશુંક તો કરવું જ જોઈએ...

શિવાની નાયિકા, કદાચ પ્રજ્ઞા વશીની જ પ્રતિકૃતિ. ઉપર જે કંઈ પ્રજ્ઞા વિશે વર્ણન કર્યું છે એ બધું જ સાંગોપાંગ નાયિકા શિવાનીને લાગુ પાડી શકે. શિવાનીમાં સીતાની મૃદુતા અને સમર્પિતતા છે, તો દ્રૌપદીનું બંડખોરપણું પણ છે. ભારતીય નારી કેવી હોય એનું પણ ચિત્ર શિવાનીમાં જોઈ શકાય. જીવન એક મહાસંગ્રામ છે અને જો ટકી રહેવું હોય તો હસતાં હસતાં આવનારી કપરી સ્થિતિ સામે જંગે ચડવું જ પડે એ નાયિકા શિવાનીના જીવનની નિયતિ. અનેક મોરચે એ રણચંડી બનીને એક સાથે લડી રહી છે, સાથે પોતાનું મનુષ્યપણું અખંડ જળવાઈ રહે એની પણ તકેદારી રાખે છે. એને પરિણામે ગમે તેવી કપરી અને ભયાનક પરિસ્થિતિમાં પણ આપણને (ભાવકને) આશ્ચર્ય થાય એ રીતે સાક્ષીભાવપૂર્વક શાંત ચિત્તે પ્રશ્નોને હલ કરવાનો પ્રયાસ કરે છે.

નવલકથાની શરૂઆતમાં જ 'સમય સાથે તાલ મિલાવતા ક્યારે શીખશે?'ની પતિ અશ્વિનની ટકોર અને બાલવિકાસ વિદ્યાભવન કૅમ્પસમાં દાખલ થતા સ્લિપ થતું સ્કૂટર, જોકે ઝડપથી સંતુલન જાળવીને પડતા બચતી શિવાની દ્વારા લેખિકા એટલે તો પ્રતિકાત્મક નિર્દેશ કરે જ કે આખી નવલકથામાં શિવાની પોતાના જીવનના સ્કૂટરનું સંતુલન ઘડિયાળના ડંકા સાથે તાલ મિલાવતા કરવાની છે.

અભિમન્યુની જેમ જીવનના સાત નહિ પણ અનેક કોઠામાં ફસાયેલી શિવાની કયા કયા મોરચે લડે છે ? ચાલો, જોઈએ...

એક શિક્ષણનો કોઠો, જે કદી ભેદી શકાવાનો નથી અને છતાં મરણિયા બનીને જંગે ચડેલી શિવાની. શિક્ષણને વેપાર બનાવતી ઘટનાઓ, ફી વધારો, ભ્રષ્ટાચારી ટ્રસ્ટીઓ, એઓના દીકરાઓની જોહુકમી, આદર્શવાદી શિક્ષકો સામે ખોટી ફરિયાદો સાથે બંદૂક તાકીને ઊભેલા આચાર્યો અને સાથે એમની ચમચાગીરી કરતાં શિક્ષકો, અંગૂઠાછાપ મિ. ગુપ્તા જેવા આચાર્ય (જે 'સત્યના પ્રયોગો' નર્મદે લખ્યા છે એવું કહે છે. સારો વ્યંગ્ય.), ટ્યુશનિયા શિક્ષકો અને એઓ દ્વારા વધેરાતાં ફૂલ જેવા બાળકો, અવારનવાર કોઈ પણ કારણ વિના અને કશા પણ નિર્ણય વિના પૂર્ણ થતી મિટીંગો, જેમાં વિદ્યાર્થીનીઓના હિતની તો ચર્ચા હોય જ નહિ. પાંચ હજારના કાગળ પર સહી કરીને બે હજાર રૂપરડી આપીને ઍડ્હૉક પર નોકરી કરતા શોષિત શિક્ષકો, એની સામે શિવાની બાળકોને વરસાદ વિશે નિબંધ લખવાનો હોય તો ખાસ વરસાદમાં પલળવાનું આયોજન કરીને 'ભાર વિનાનું અને હસતા–રમતાં ભણતર'નો પ્રયોગ કરતી હોય. શિક્ષણમાં અન્યાય સામે વિદ્રોહનો ઝંડો લઈને અવિનાશ જેવા નિઃસ્વાર્થી મિત્રના સાથસહકારથી ફરતી શિવાની, શિક્ષણજગતની અવ્યવસ્થાથી દુઃખી થતી શિવાની. જાગતાં–ઊંઘતા પ્રશ્ન તો એક જ સતાવે ભ્રષ્ટ–ત્રસ્ત શિક્ષણનો કોઠો ભેદી શકાશે ?

બીજો કોઠો છે, એના ઘરનો. અવિનાશ, અશ્વિન અને શિવાની કૉલેજકાળના મિત્રો. ત્રણેય શિક્ષક. ત્રણે એકમેકને પ્રેમ કરે. કિન્તુ શિવાની જોડાઈ અશ્વિન સાથે. અશ્વિન પણ સત્યનો પુજારી. ટ્રસ્ટીમંડળ સાથેના સંઘર્ષમાં માનસિક રીતે એટલો તો ત્રસ્ત થયો કે એને પેરેલિસિસનો ઍટેક આવ્યો અને થયો અપંગ. આજના શિક્ષણ જેવી જ અપંગતાની સ્થિતિ. કદાચ શિક્ષણજગતને પ્રતીકાત્મક રીતે આલેખવા માટે પણ અશ્વિનને વ્હીલચૅરમાં અપંગ ફરતો દર્શાવ્યો હોય. નવલકથા વાંચતી વખતે અશ્વિનની અપંગતા અને શિક્ષણજગતની ઘટનાઓને જસ્ટાપોઝ કરીને જોવા જેવી છે. શરૂઆતમાં અશ્વિનનાં વ્યંગ્યબાણોને શિવાની હસતા મુખે ઝીલે છે. અશ્વિનની સારવાર, એને મોટિવેટ કરવા માટે જાતજાતના નુસખા અજમાવતી શિવાની, સાથે પુરુષ અશ્વિનને સહેજેય ઓછું ન આવે એ માટે પ્રયત્નશીલ શિવાની. જાગતા–ઊંઘતા એને પ્રશ્ન પીડતો હોય તે એ કે, અશ્વિન પહેલાં જેવો પગભર થઈ શકશે ?

ત્રીજો કોઠો છે, એના કુટુંબજીવનનો. કુટુંબના ભારે વિરોધ વચ્ચે અશ્વિને શિવાની સાથે લગ્ન કર્યાં. ફળસ્વરૂપ મા–બાપે મિલ્કતમાંથી પણ રદબાતલ કર્યો. એ લોકોને શિવાની માટે ભારોભાર તિરસ્કાર. શિવાની ઝંખે કે, અશ્વિનનાં મા–બાપનો પણ પ્રેમ પ્રાપ્ત કરવો. એ

માટે પણ ખાસ્સી પ્રયત્નશીલ. જોકે સામેથી મળે વ્યંગ્ય–કટાક્ષયુક્ત મહેણાં–ટોણાં. શિવાનીને કાયમ પ્રશ્ન મૂંઝવતો હોય, અશ્વિનનાં મા–બાપને પોતાનાં કરી શકાશે ?

ચોથો કોઠો છે, એના અંગત જીવનનો. શિવાની અનાથ છે, અભાવો વચ્ચે ઉછરેલી છે. આશ્રમમાં જીવન વિત્યું છે. આશ્રમની સંચાલિકા રંજનબાએ પોતાનાં ઘરેણાં વેચીને દિકરીની જેમ કૉલેજમાં ભણાવી છે (જોકે રહસ્ય અંતે ખૂલે છે. અલબત્ત, લેખિકાએ શિવાનીને સાચા મા–બાપ સાથે મેળાપ કરાવ્યો ન હોત તો કદાચ નવલકથાનો અંત વધુ કલાકીય લાગ્યો હોત.) રંજનબાએ અભાવો વચ્ચે માર્ગ કાઢીને પ્રસન્નતાથી કઈ રીતે જીવી શકાય એ શિવાનીને શીખવ્યું છે, ત્યાગ અને સમર્પિતતાની સાથે સ્વમાનભેર જીવતાં શીખવ્યું છે. 'સત્–અસત્‌ને પેલે પાર'નાં લગભગ 100 પૃષ્ઠો પર શિવાની જીવનના અનેક પ્રશ્નો વચ્ચે ગુંચવાયેલી, છતાં અકળાયા કે મુંઝાયા વિના સાચો રસ્તો શોધતી દેખાય છે. એ પછીના સોએક પૃષ્ઠો પર લેખિકાએ અગાઉ સર્જેલા પ્રશ્નોનો ઉકેલ પોતાની રીતે આપવાની મથામણ કરી છે. સદ્ વર્તનથી સાસુ–સસરાનું દિલ જીતી શિવાની જાણે ધન્યતાનો અનુભવ કરે છે. એ પછી પોઝિટીવ એપ્રોચ અને સતત કાઉન્સેલિંગ કરતા જઈને લકવાગ્રસ્ત પતિ અશ્વિનને સાજો કરી ફરી ચાલતો કરે છે એ જાણે શિવાની દ્વારા બીજો મહત્વનો કોઠો ભેદાયો. શિક્ષણ જગતના પ્રશ્નોનો ઉકેલ શિવાની પોતાની સાથે બીજા શિક્ષકો, પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગાંધીપ્રેરિત ઉપવાસ દ્વારા સફળતાપૂર્વક ઉકેલે છે. આચાર્ય ગુપ્તા અને શિક્ષક રાજનનો ભાંડો ફૂટે છે, ફરી અશ્વિનની આચાર્યપદે નિયુક્તિ થાય અને 'ખાધું પીધું અને રાજ કીધું' જેવો સુખદ અંત. સોનામાં સુગંધ ભળે એમ શિવાનીના સાચા માતા–પિતા રંજનબા અને ટ્રસ્ટી અભીરામજી પણ મળી જાય છે.

'સત્–અસત્‌ને પેલે પાર'માં મનુષ્ય અને રાક્ષસત્વ એમ બંને પ્રકારનાં ઘણાં પાત્રો છે, એમાંનાં કેટલાંકના પણ અનેક પ્રશ્નો છે. તો શિક્ષણ જગતના પ્રશ્નો અપરંપાર છે. ભારેખમ શિક્ષણ, એ.સી. અને હાઇ–ફાઇ શિક્ષણ વચ્ચે પિસાતો વિદ્યાર્થી, શાળામાં ચાલતું ગંદું રાજકારણ, શિક્ષકોનો ઓછો પગાર, અર્થહીન મિટીંગોની ભરમાર, શિક્ષિકાઓનું શારીરિક અને આર્થિક શોષણ, ટ્યુશનપ્રથા ને એને કારણે સર્જાતા વિદ્યાર્થીઓના પ્રશ્નો, ટ્રસ્ટીઓની જોહુકમી, વારંવાર કારણ–અકારણ અપાતા મેમો, ભણતર અને ગણતર આપતાં શિક્ષણને બદલે અર્થહીન પ્રવૃત્તિઓમાં વ્યસ્ત ટ્રસ્ટીઓ, વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વગેરે અનેક પ્રશ્નો શિક્ષણ માટે આદર્શ વિચારધારા ધરાવતા શ્રીમતી પ્રજ્ઞા વશીએ 208 પૃષ્ઠની નવલકથા

'સત્–અસત્‌ને પેલે પાર'માં મૂક્યા છે. તો એક આદર્શ શિક્ષક ધારે તો શું કરી શકે એની વાત પણ રસપ્રદ રીતે મૂકી છે. શિક્ષણ ખાડે ગયું છે એ સાચુ હોય તો એય સાચું કે શિવાનીએ જે રીતે 21 વર્ષના શિક્ષણકાળમાં વિદ્યાર્થીઓ તૈયાર કર્યા એમાંથી કોઈ સીઆઈડી ઑફિસર, તો કોઈ ડૉક્ટર, તો કોઈ પત્રકાર, વકીલ બન્યા. 'સાચા શિક્ષકને એનો વિદ્યાર્થી કદી વિસરતો નથી' એવું પણ ફલિત થાય, જ્યારે શિવાની મુશ્કેલીમાં મુકાઈ ત્યારે આ જ વિદ્યાર્થીઓ મદદે આવ્યા, ને એવું આંદોલન છેડ્યું કે શિક્ષણજગતમાં ફેલાયેલી બદીઓ જાણે નિર્મૂળ થઈ. સાથે ગુરુકુળ જેવી સંસ્થાનો પણ અંતે લેખિકાએ નિર્દેશ કર્યો છે.

બુલેટ ટ્રેન જેવો ધસધસતો કથાપ્રવાહ ધરાવતી 'સત્–અસત્‌ને પેલે પાર'નો રથ કદાચ કલાકીય રીતે એક વ્હેંત નીચે ઊતરે, પણ સામાજિક સંદર્ભમાં બેએક વ્હેંત નિઃશક ઊંચો ઉઠશે. શિવાની જેવા આદર્શ શિક્ષક શિક્ષણજગતમાં હોય તો આમૂલ પરિવર્તન આવી શકે, જે સમાજ માટે પણ હિતકારી હોય. દરેક શિક્ષણપ્રેમી અને વિદ્યાર્થીપ્રેમીએ વાંચવા જેવી નવલકથા અને શિક્ષણ જગત માટે કશુંક સકારાત્મક કરવા માટેની પ્રેરણા આપે એવી સરસ નવલકથા.

•

અનુક્રમણિકા

# પ્રાધ્યાપકથી લઈ આચાર્ય સુધીની સફર

–દીપક વશી

શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ વશીનો સૌપ્રથમ કાવ્યસંગ્રહ 'સ્પન્દન વન' વર્ષ 2002માં પ્રગટ થયો ત્યારે કાવ્યક્ષેત્રમાં ખાસ રસ નહીં ધરાવતો હું એવા ઇતિહાસભાવથી અજાણ હતો કે તેઓ આ ક્ષેત્રમાં Sky is the Limit જેટલું ખેડાણ કરવાની ભારોભાર ક્ષમતા ધરાવે છે અને એમનું ચોક્કસ ધ્યેય પણ છે. 2008માં ત્રણ કાવ્યસંગ્રહ 'આકાશે અક્ષર', 'શ્વાસ સમજાવી બેઠાં' અને બાળગીતસંગ્રહ 'પિકનિક પર્વ' પ્રસિદ્ધ થયાં. એમનાં સ્વરચિત પસંદગીના કાવ્યોને સંગીતકાર મેહુલ સુરતીએ ગુજરાતનાં સુપ્રસિદ્ધ ગાયકોનાં કંઠમાં ઢાળીને 'સાતત્ય' નામના સુંદર આલ્બમનું સર્જન કર્યું, જેનાં ગીત–ગઝલ પણ ગુજરાતભરનાં રેડિયોસ્ટેશને ગુંજતા થયાં. મને એનો અનેરો આનંદ છે.

2012માં 'નારીની ગઈ કાલ આજ અને આવતી કાલ' નામનું નારીલક્ષી નિબંધનું પુસ્તક પ્રગટ થયું. ત્યાર બાદ 'ગુજરાત મિત્ર ' અખબારમાં ધારાવાહિક સ્વરૂપે પ્રકાશિત નવલકથા 'સત્‌–અસત્‌ને પેલે પાર' શૈક્ષણિક પાસાંઓને તેમ જ બાળમાનસને ધ્યાનમાં રાખી એમણે લખી, જે સાહિત્ય સંગમ પ્રકાશન સંસ્થા દ્વારા પ્રગટ થઈ રહી છે. તે સાથે 'નિસ્બત' નામનો ગઝલસંગ્રહ પણ પ્રગટ થઈ રહ્યો છે આથી અમારું સમગ્ર કુટુંબ, શાળા પરિવાર તેમ જ સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

સંપૂર્ણતાના આગ્રહી એવાં પ્રજ્ઞાબહેને બે પાળીમાં અને બે મીડીયમ વહન કરતી શાળામાં જ્યારે કોઈ આચાર્ય બનવા તૈયાર નહોતું એવા કપરાં સમયે આચાર્યપદ સ્વીકારી એકલપંડે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે શાળાનું સુપેરે સંચાલન કર્યું અને શાળાને એક ઊંચાઈ પ્રાપ્ત કરાવી છે.

પ્રજ્ઞાબહેન મુળ તો સાહિત્યનો જીવ પણ ખરબચડા એવા વહીવટી કાર્યમાં પણ એમણે ક્ષમતા, પરિપકવતા તેમ જ સહનશીલતાનો પરિચય આપ્યો છે અને શાળા પ્રત્યેનું એમનું ઋણ અદા કર્યું છે.

આચાર્યા, શિક્ષિકા, સાહિત્યકાર તરીકે તો એઓ આગળ આવ્યા પણ બહુ આયામી પ્રજ્ઞાબહેન સુંદર ગાયિકા પણ છે. ભવિષ્યમાં તેઓ સંગીત ક્ષેત્રે પણ વધુ ખેડાણ કરે એવી અપેક્ષા અસ્થાને નથી.

આ ઉપરાંત એમના સામાજિક, સાહિત્યિક તેમ જ શૈક્ષણિક વક્તવ્યો ગુજરાતભરમાં ચાલે છે. ખૂબ પ્રભાવશાળી વક્તા એવા પ્રજ્ઞાબહેન અખિલ હિંદ મહિલા પરિષદના વાચકમંચના કન્વીનર છે. તેમ જ સાહિત્ય પરિષદ, નર્મદ સાહિત્ય સભા અને સાહિત્ય સંગમ જેવી સંસ્થાઓમાં સક્રિય સભ્ય છે. આવા વર્સેટાઇલ પ્રતિભાવંત પ્રજ્ઞાબહેન અનેક સિદ્ધિ મેળવી ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી મારી શુભેચ્છા હમેશા એમની સાથે છે. સમગ્ર શાળા પરિવાર પણ આ તકે એમને ઉજ્જ્વળ ભવિષ્ય માટેની શુભેચ્છા પાઠવે છે.

તારીખ : 04-09-2014

**ભૂતપૂર્વ આચાર્ય દીપક વશી**
**ટી. ઍન્ડ ટી. વી. હાઇસ્કૂલ**
**નાનપૂરા, સુરત**

•

અનુક્રમણિકા

# Worthy Daughters Speak of Worthy Mother

To know Pragna D. Vashi as a writer, I think one should look back in the past as her being Pravina R. Desai. She belongs to a small village but inspite of all unfavourable background and barriars, she has been a versatile student in her school and college career. She has been much close to all forms of fine arts: right from drama to singing and this can be seen into her writings which reflects the caried experience of her.

We sisters have always found her just note as mother but also supporting system in the family. Throughout her life she has fought many battles and every time her determination and consistancy have given her victory. The inspiration that we sister are getting from her till now, the same way, we hope that her works of art are going to touch her readers too.

dhvanibmehta@yahoo.co.in — **Dhvani Mehta**, Canada

gati82@gmail.com — **Gati Vashi**, N. J., USA

●

અનુક્રમણિકા

# બાળપણ હરવાનો આરોપ

–પ્રજ્ઞા દીપક વશી

ભણતરની ગળાકાપ સ્પર્ધામાં આગળ રહેવા મારી બંને દીકરીઓને વહેલી સવારે કાચી–પાકી ઊંઘ અને કાચા–પાકા સપનાં વચ્ચેથી... એટલે કે ભરઊંઘમાંથી ઊંચકી સીધાં બાથરૂમમાં મૂકવાનું દુષ્કર કાર્ય મેં પણ વાલી તરીકે કર્યું હતું અને એની સામે મેં ભોગવેલા મારાં બાળપણનો ઠાઠ યાદ કરતાંની સાથે જ એક દુઃખદ વેદનાની ચીસ અંદર ઊઠતી રહી હતી.

પતંગિયાની જેમ ઉડાઉડ કરતું મારું બાળપણ ક્યાં અને મારી દીકરીઓનું પુસ્તકોનાં ભારથી લદાયેલું બાળપણ ક્યાં ? બાળકોનું બાળપણ આપણે હરી લીધું છે અને એના જવાબદાર પણ આપણે જ છીએ એવું એક મંતવ્ય મારા મનમાં ધીરેધીરે પ્રસ્થાપિત થતું ગયું. 1982માં પ્રાથમિક વિભાગની શિક્ષિકા પછી અનુક્રમે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને અંતે 127 વર્ષ જૂની ટી. એન્ડ ટી. વી. નાનપુરા હાઇસ્કૂલનાં આચાર્યા તરીકેની સેવા કરવાનો મોકો મળ્યો... આમ કુલ 32 વર્ષની શૈક્ષણિક યાત્રા દરમિયાન હજારો બાળકો મારાં હાથ નીચેથી પસાર થતાં ગયાં.

ઘરમાં દીકરીઓનું ભણતર અને જવાબદારી તો શાળામાં પહોંચી પેલા હજારો બાળકોનાં ભણતર, ઘડતર, પ્રશ્નો અને એમની આંખોમાં દેખાતાં ભાવિ સપનાઓએ મારું પણ એક ચોક્કસ ઘડતર કર્યું છે. વિદ્યાર્થી સાથે હંમેશા વિદ્યાર્થી બનીને હું પણ હંમેશા ભણતી જ રહી છું.

ગ્લોબલ ગળાકાપ શૈક્ષણિક સ્પર્ધાઓ તેમ જ રોજગારી–નોકરીની સમસ્યાની ચુંગલમાં ફસાયેલ વાલી–વિદ્યાર્થીની બેવડ વળી ગયેલી જિંદગી મેં ખૂબ નજીકથી જોઈ છે. બાળકોનાં આંખોના સપનાં, પ્રશ્નો અને એમની દોડની હું મૂક સાક્ષી રહી છું. ઠાંસોઠાંસ ઘેંટા – બકરાંની જેમ રીક્ષામાં ભરાઈને આવતાં બાળકો, દફ્તરનાં ભારથી લદાયેલાં બાળકો નજર સમક્ષ અને વાતો ‘ભાર વગરનાં ભણતર’ની આપણે કરતાં રહ્યાં છીએ.

બાળકોનું બાળપણ ખૂંચવી લેવાનો અધિકાર આપણને કોણે આપ્યો છે ? અને એને માટે જવાબદાર કોણ ? શું આ સિસ્ટમ આમ જ ચાલશે કે પછી ક્યાંક કોઈ સુખદ અંત આવશે ?

ક્યારેક બાળકોએ આ વીશે મને ગંભીર પ્રશ્નો પણ કર્યા છે. અંદરથી અકળાવી મૂકે એવા પ્રશ્નોના જવાબ મારી પાસે પણ ક્યાં છે ? પણ પછી કદાચ બાળકોનાં આ પ્રશ્નોનાં જવાબરૂપે ચરિતાર્થ થતી ગઈ આ નવલકથા 'સત્–અસત્‌ને પેલે પાર'.

'ગુજરાત મિત્ર 'ની 'સન્નારી પૂર્તી' માટે ધારાવાહિક નવલકથા જોઈતી હતી અને તે પણ એક નવીન વિષયને વણી લેતી નવલકથા. એમ મારી આ નવલકથા ધારાવાહિકરૂપે પ્રગટ થતી ગઈ. શિક્ષણ આલમ ઉપરાંત જાગૃત સમાજનાં સુજ્ઞ વાલીઓએ આ નવલકથા પૂરેપૂરી વાંચી અને પત્રરૂપે, ફોનરૂપે તેમ જ રૂબરૂ ચર્ચા કરી મારી આ નવકથાને સરાહી છે.

શિક્ષણક્ષેત્રે મેં શું શું કર્યું અને કેવું કર્યું તે મારાં વિદ્યાર્થીઓ અને સાહિત્યક્ષેત્રે મારું પ્રદાન કેવું એ વિશે મારાં વાચકો જ મને કહેશે. અને એ જ ઉચિત રહેશે.

સાહિત્ય પ્રદાન માટે સાહિત્ય સંગમના શ્રી નાનુબાપા તેમ જ જનક નાયક તેમ જ 'ગુજરાત મિત્ર ' દૈનિકનાં સર્વશ્રી કેતકીબેન, બીનાબેન, શ્રી નરેન્દ્ર જોષી અને સમગ્ર પરિવારની હું આભારી છું.

પથદર્શક અને પ્રોત્સાહક તેમ જ પ્રસ્તાવના લખી આપનાર શ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી જનક નાયક, શ્રી દીપક વશીની હું આભારી છું.

મુખપૃષ્ઠ કંડારનાર શ્રી સંજય ચોકસીનો પણ વિશેષ આભાર માનું છું. આ સાથે જેમણે આ નવલકથા હપ્તાવા વાંચી મારી સાથે ચર્ચા કરી એ ભાવકોનો પણ આભાર. શાળા પરિવારનો પણ ખૂબ ખૂબ આભાર માનુ છું.

5-09-2014

**આચાર્યા પ્રજ્ઞા દીપક વશી**
**શિક્ષકદિન**

# ઈ.બુક "સત્–અસત્ને પેલે પાર"નો આવકાર

**–પ્રજ્ઞા દીપક વશી**

છેલ્લા 32 વર્ષ એક શિક્ષક–આચાર્યા તરીકે સેવા આપતાં આપતાં શિક્ષણજગતમાં ચાલતાં પ્રવાહો સામે બાથ ભીડી છે. હંમેશા વિદ્યાર્થીઓને હૃદયમાં રાખીને કામ પાર પાડ્યું છે. પણ 'ભાર વગરના ભણતર' હેઠળ હાંફતા વિદ્યાર્થીઓ અને વાલીઓની વેદનાએ મને નિરાંતે સૂવા દીધી નથી. અનેક પ્રશ્નો લઈને આવતાં વાલી, વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકોને ન્યાય આપવો તો કઈ રીતે ? ધોરણ – 10, 12 નાં વિદ્યાર્થી પરીક્ષાની બીકે આત્મહત્યા કરે અને કોઈના પેટનું પાણી ન હલે એવી વિષમ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ ?

સીસ્ટમ ખરાબ છે પણ એ સીસ્ટમ બદલવાની શરૂઆત કોઈકે તો કરવી જ પડશે ને ? ભ્રષ્ટાચાર જ્યારે શિક્ષણમાં પ્રવેશે અને એનો ભોગ વિદ્યાર્થી બને તે કંઈ રીતે સાંખી લેવાય ? માહિતી લક્ષી શિક્ષણનો તેમ જ પરીક્ષા લક્ષી કે ટકાવારી પૂરતું મર્યાદીત શિક્ષણને શું તમે શિક્ષણ કહેશો ખરાં ? શું હવે એ સમય નથી આવ્યો કે જ્યારે વધુને વધુ નૈતિક મૂલ્યોસભર જ્ઞાન બાળકોને પ્રાપ્ત થાય..

બસ આ જ સંવેદનશીલ વિષયને મે મારી નવલકથા 'સત્–અસત્ને પેલે પાર'માં વાર્તા સ્વરૂપે મૂકી આપી છે. જેથી એ વાચકના હૃદય સુધી પહોંચી શકે. 'ગુજરાત મિત્ર' દૈનિકની **'સન્નારી'** પૂર્તીમાં આ નવલકથા તંત્રીશ્રીએ હપ્તાવાર છાપી. જેના મને પત્રો દ્વારા ને ફોન દ્વારા અભિપ્રાય મળતાં રહ્યાં. હું મારા વાચકોનો આભાર માનું છું. આ નવલકથા સાહિત્ય સંગમના સાહિત્યકાર શ્રી જનક નાયકે સહર્ષ છાપી તેનો મને આનંદ છે.

હવે આ જ નવલકથાને ઈ.બુક સ્વરુપે નવસારીના શ્રી ગોવિંદ મારુ પ્રકાશિત કરી રહ્યા છે. આ તકે હું શ્રી ગોવિંદ મારુનો આભાર માનું એટલો ઓછો છે. ઈ.બુક પ્રકાશિત કરવા માટે પ્રોત્સાહન આપવા બદલ શ્રી ઉત્તમ ગજ્જરનો પણ ખૂબ ખૂબ આભાર. અને હવે પછી મારો ગઝલ સંગ્રહ 'નિસ્બત' પણ ઈ.બુક સ્વરૂપે આવી રહ્યો છે એનો પણ મને ખુબ જ આનંદ છે...

હું મારી આ નવલકથા વિશ્વના તમામ વિદ્યાર્થીઓને અર્પણ કરું છું. સાથે સાથે મારા જીવનસંગી દીપકભાઈ, બન્ને દીકરીઓ ધ્વની–ગતિ અને પર્વને તો કેમ ભૂલું ? બંકિમકુમાર, ઋષિકુમાર, બા તેમ જ મારા બન્ને પરિવારજનોનાં સ્નેહ સ્મરણ સાથે રજા લઈશ.




**પ્રજ્ઞા દીપક વશી**

**સાહિત્યકાર–કવયિત્રી**

તારીખ : 07-03-2016

**મહા શિવરાત્રી**

**•સરનામું•**

Pragna Dipak Vashi

A/02, Silver Palm Appartment

Kadampally Society

Above ICICI Bank

Nanpura, Surat - 395 001

e.mail: pdvashi@gmail.com

Mob: +91 92283 31151


•

અનુક્રમણિકા

**I**

# અનુક્રમણિકા

'પ્રકરણનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના પ્રકરણ પર ક્લીક કરતાં જ તે પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક પ્રકરણના અન્તે લખવામાં આવેલ 'અનુક્રમણિકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણિકા ખુલશે. આ સુવિધાનો લાભ લેવા વિનન્તી છે.


| ક્રમ | પ્રકરણનું શીર્ષક | પાન ક્રમાંક |
|---|---|---|
| 01 | ઈતની શક્તિ હમેં દેના દાતા | 23 |
| 02 | પચાસ વાર કવિતા લખવા આપી | 26 |
| 03 | અવિનાશની ચિંતા | 30 |
| 04 | અશ્વિનની તોડફોડ | 33 |
| 05 | ગોળમેજી પરિષદ | 36 |
| 06 | રંજનબા અને આશ્રમ | 39 |
| 07 | મારું વજૂદ શું છે ? | 43 |
| 08 | દફ્તર ન મળે તો ? | 46 |
| 09 | સ્ત્રી અને અગ્નિપરીક્ષા | 49 |
| 10 | એક જ લક્ષ્ય | 52 |
| 11 | શિવાનીનો આક્રોશ | 56 |

| | | |
|---|---|---|
| 12 | પ્રાર્થના સભા | 59 |
| 13 | આવ રે વરસાદ... | 63 |
| 14 | વહુ તરીકેની ભૂમિકા | 68 |
| 15 | પ્રેમમાં માફી નહીં | 72 |
| 16 | એડ્હોક એટલે શોષણ ? | 77 |
| 17 | ફી વધારો | 81 |
| 18 | બાનો પત્ર | 84 |
| 19 | ટ્યૂશન વિના મૂલ્યે | 88 |
| 20 | રાજન સરની સોટી | 92 |
| 21 | ટ્રસ્ટીનો દીકરો મિ. રાજન | 96 |
| 22 | પસંદગી ઉતારી | 99 |
| 23 | પ્રથમ ઈનામ | 103 |
| 24 | બાર સાંધે ને તેર તૂટે | 107 |
| 25 | બા–બાપુજીનું આગમન | 110 |
| 26 | માવતરનો પ્રેમ | 113 |
| 27 | અખબારોએ શું છાપ્યું ? | 117 |
| 28 | ટ્રસ્ટી મંડળની મીટિંગ | 121 |

| | | |
|---|---|---|
| 29 | હર્ષનાં આંસુ | 125 |
| 30 | જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ | 129 |
| 31 | શિવાનીને મેમો | 134 |
| 32 | ભૂતપૂર્વ વિદ્યાર્થીનો પ્રેમ | 138 |
| 33 | દેવી જેવું સન્માન | 142 |
| 34 | રોઝીનું શોષણ | 147 |
| 35 | બાળકનાં હાસ્યમાં જ શિવાનીનું સુખ | 152 |
| 36 | પેપર ફૂટી ગયું | 157 |
| 37 | પેપર ફોડવાનો આરોપ | 162 |
| 38 | સાચ–કાચની તપાસ | 166 |
| 39 | તપાસ તો કરવાની છે | 171 |
| 40 | વિદ્યાર્થીઓનો આક્રોશ | 176 |
| 41 | ભગીરથની ભૂમિકા | 180 |
| 42 | ઑફિસનું તેડું | 185 |
| 43 | નેહા–વસુધા અને શિવાની | 190 |
| 44 | રિક્તાનો શો વાંક ? | 195 |
| 45 | આ લડાઈ મારી એકલીની છે | 200 |

| | | |
|---|---|---|
| 46 | રાજીનામું કોનું ? | 206 |
| 47 | શિવાની ટીચર ઉપવાસ પર ... | 210 |
| 48 | વિદ્યાર્થી શાળા તરફ રવાના | 215 |
| 49 | શિવાની લથડી | 220 |
| 50 | રિક્તાનું મૃત્યું કે ? | 225 |
| 51 | શિક્ષણ વ્યવસ્થામાં ઊધઈ | 229 |
| 52 | સી.સી.ટી.વી. કેમેરા | 233 |
| 53 | રંજનબાનું આગમન | 238 |
| 54 | ટીચર કદાચ પાછાં વળે ... | 243 |
| 55 | ચાવીનો ઝૂડો સ્વીકારશોને ? | 249 |
| 56 | ધન્ય ક્ષણ કોની કોની ? | 253 |
| ♦ | અન્તીમ ટાઈટલ પેજ | 256 |


●

અનુક્રમણિકા

**01**

# ઈતની શક્તિ હમેં દેના દાતા

ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. સાવ સુક્કી ધરતીની અગન ધીરે ધીરે ઓછી થવા માંડી છે અને એ સાથે જ ચારેકોર ઠંડોઠંડો પવન સુસવાટા મારી રહ્યો છે. સુરત શહેરમાંથી કેરીઓનું સામ્રાજ્ય ઓછું થવા માંડયું છે અને ભજિયાં, ગોટા, સમોસાનું સામ્રાજ્ય પૂરબહારમાં ખીલી રહ્યું છે. સવારે ચાલવા નીકળેલાં સુરતીઓ ચાલતાં ચાલતાં પણ 'ચાની લારી તેમ જ ભજિયાં, લોચાની દુકાન કેમ ખુલી નથી ? ક્યારે ખુલશે ? ' જેવા મનોવિચાર સાથે હાંફી રહ્યાં હોય એવું લાગી રહ્યું હતું.

આ શહેરમાં આવ્યાંને પાંત્રીસ વર્ષ થવાં આવ્યાં પણ જાણે યુગોજૂનો નાતો સુરત સાથે હોય એવું શિવાનીને હંમેશા લાગ્યા કરતું હતું. મળસકે પાંચ વાગ્યાની ઊઠી છે પણ હજી કામ ઓછું થતું નહોતું. ઘરની બહાર નજર કરી તો પેલાં વયસ્કો લાફિંગ ક્લબના નેજા હેઠળ હા...હા...હા... કરી રહ્યા હતા અને એ સાથે જ પાછળથી અશ્વિનનો અવાજ આવ્યો : 'શિવાની, ક્યારનું બ્રશ થઈ ગયું છે. હજી સુધી ચા–નાસ્તો મૂકી ના ગઈ ? સાત વાગ્યા, સ્કૂલે જવું નથી ? જલદી કર... ચોમાસાનાં દિવસોમાં સ્કૂટર ચાલ્યું ન ચાલ્યું**...** સમય સાથે તાલ મેળવતાંનક્યારે શીખશે ?'

બાલવિકાસ વિદ્યાભવનના કેમ્પસમાં દાખલ થતાં જ સ્કૂટર સ્લિપ થતાં રહી ગયું. દરવાજા ઉપર રિક્ષા, કાર, સ્કૂટરના બેસૂરા અવાજ.. ખીચોખીચ ઘેટાં–બકરાંની માફક બાળકોને લાદેલી રિક્ષાઓનું સામ્રાજ્ય અંદર જવાની જગ્યા પણ આપવા તૈયાર નહોતું.

શિવાની સ્કૂલના ગેટથી સ્ટાફ રૂમ સુધી પહોચતાં સુધીમાં જ તો જાણે હાંફી રહી હતી... કદાચ જીવનથી પણ... કદાચ આ સ્કૂલ... આ શિક્ષણ પધ્ધતિ... આ સમાજ અને સામે આવતાં જતાં પડકારોથી પણ ત્રસ્ત થઈ ગઈ હતી. સારું હતું કે આજે પહેલો તાસ ફ્રી હતો એટલે જલદી જલદી પોતાની હાજરી આચાર્યની ઑફિસમાં જઈ પુરાવી દીધી રજિસ્ટરમાં સહી તેમ જ સમય લખીને પ્રાર્થનાનાં સાધનો તૈયાર કરવા લાગી. બાળકો સાથે પ્રાર્થનામાં સૂર પૂર્યો... પણ આજે પહેલી વાર જાણે સૂર પણ સાથ આપવા તૈયાર ન હોય એમ એને લાગયા કર્યું. 'ઇતની શક્તિ હમેં દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના... મનનો વિશ્વાસ... જ

ડગી ગયો હતો ધીરે ધીરે કમજોર પડેલી શિવાની વિચારી રહી... કે પહાડ સરખી અડીખમ રહેનારી... નૈતિક મૂલ્યો સામે ત્રાડ પાડનારી... સત્યના માર્ગે ચાલનારી... એક આંખે પ્રેમ અને એક આંખે કરડાકી રાખનારી શિવાની મહેતાનું મનોબળ કેમ ધ્રુજી રહ્યું છે અને જ્યારે એણે કોઈ ગુનો કર્યો નથી... એણે કોઈ કામચોરી... કે કોઇ ખોટું કૃત્ય કર્યું નથી પછી ડરવાનું કામ શું છે ?

પહેલો તાસ ફ્રી હતો પણ એનું મન જરાય ફ્રી નહોતું. સ્ટાફ રૂમમાં કોણ શું વાત કરે છે ?... કોની અવર–જવર ચાલી રહી છે એની પણ ક્યાં જાણ છે ભલા?! ત્યાં અચાનક બાજુના ઓરડામાંથી જોરથલી ચિલ્લાવાનો... બરાડવાનો અવાજ સંભળાયો... ‘જોઈ લઈશ... એકેએકને જોઈ લઈશ... આજે તો આ ચારને ફટકાર્યા છે કાલે બીજા ચાળીસને ફટકારીશ... સાનમાં સમજી જજો... અને હા ગભરાવાની જરૂર નથી... એક વાર મારા ઘરે ભણવા આવશો પછી પરીક્ષાનો ડર સાવ હળવો થઈ જશે, સમજ્યાં ?’ શું મિ. રાજન, ‘દીવાલને પણ કાન હોય છે’ એ ઉક્તિ ખબર નહીં હશે કે પછી જાણી જોઈને, બાળકોને ડરાવી, ધમકાવીને પોતાના ટ્યૂશન ક્લાસમાં દાખલ કરાવવાની એક યુક્તિ–પ્રયુક્તિના ભાગરૂપે બરાડતા હતા? બરાડે એ તો ઠીક નથી જ, પણ આમ વિના કારણે બાળકોને મારે, ફટકારે, વાંકાં વાળે, વર્ગખંડની બહાર ઊભાં રાખે...

આ બધું ક્યાં સુધી ચાલશે ? શું ટ્રસ્ટીનો દીકરો કરે તે બધું જ સવાવીસ... કાળાં કર્મોને ઢાંકવા, પોતાનાં માણસોને ઊજળાં ચીતરવા માટે સારાં માણસોને ફજેત કરવા એ ક્યાંનો ન્યાય ?! બહેરા કાન કહો કે પછી હાથે કરીને બહેરા આંધળા હોવાનો ઢોંગ કરનારાઓ સાથે પનારો પડે તો ન્યાય પણ ક્યાંથી મળવાનો હતો ! આ તો દરિયામાં રહીને માછલાં સાથે વેર રાખવા બરાબર હતું... પણ... એમ ડરીને પણ કયાં સુધી ચાલવું ? તો પછી છેલ્લે સુધી લડી લેવું કે પછી નરાધમોને ખુલ્લા ચરવા દેવા ? ના... ના... આમ આ શિક્ષણના કારોબારમાં ઢીલ... કેવી રીતે ચલાવી શકાય ?

ગઈકાલે જ મિ. રાજન સ્ટાફરૂમમાં ત્રાંસી નજરે જોતાં જોતાં બોલ્યા હતા, ‘હવે તો હાઈટેક શિક્ષણ... ગ્લોબલ શિક્ષણ... એટલે એનો કારોબાર પણ હાઈટેક. આશ્રમશાળાનાં સપના આકારનાર શિક્ષકોએ હવે ઘરભેગા થવાનો વારો આવશે. શિક્ષણ હવે ધર્મકર્મ કે આચાર–વિચાર નથી રહ્યું. હવે તો શિક્ષણ એટલે વેપાર, શિક્ષણ એટલે માલ ઉત્પાદન કરતું

કારખાનું. શિક્ષણ એટલે નફા–ખોટ–વ્યાજનો ધીકતો ધંધો, શિક્ષણ એટલે મારે તેની તલવાર... ગિવ ઍન્ડ ટેઈકનો બિઝનેસ... છાત્ર જેટલું ધન આપશે બસ, એટલું જ જ્ઞાન અપાશે. ધનરાશિ પ્રમાણે તોલીમાપીને શિક્ષણ આપવાનું કાર્ય શિક્ષક કરશે. વેદિયા અને પંતુજી શિક્ષકો હવે ક્યાંના ક્યાં ફેંકાઈ જશે... હવે તો હાય–હેલ્લોનો જમાનો છે ત્યાં નમસ્તે–બમસ્તે ને કોઈ સ્થાન નથી... ખરું ને મિ. રોનક ?' . રોનક પરાણે રોનક જાળવી રાખીને ત્યાંથી ગયાં, કારણ કે ટ્રસ્ટીનો દીકરો; હામાં હા તો કરવી જ રહી !

પણ અવિનાશથી ન રહેવાયું. એ તાડૂક્યો, ' મિ. રાજન, તમારા જેવા મની માઇન્ડેડ માણસોએ આવાં પરમ–પવિત્ર શિક્ષણ કાર્યમાં ન જોડાતાં શૅર બજાર, ટેક્સ્ટાઈલ્સ, લૂમ્સ કે પછી ભજિયાં–લોચાની દુકાનો ખોલીને બેસવું જોઈએ... સુરતમાં એમ પણ આ ધંધામાં ખૂબ કમાણી છે ! બાકી આવી મનોવૃત્તિ લઈને આવનારા શિક્ષકોને કારણે જ આજનો વિદ્યાર્થી દિશાવિહીન બની ભટકી રહ્યો છે. બિચારો નથી ઘરનો કે ઘાટનો રહ્યો... ફૉર ગૉડ સેઇક, બાળકોનાં હિતમાં પણ ઍટ્લીસ્ટ તમારી મનોવૃત્તિ... મનોવિકારને એક નવી સ્વસ્થ ઉજ્જવળ દિશામાં વાળો નહિતર... પછી તો ઉપરવાળો જ... બચાવે આ નિર્દોષ છાત્રોને... !! ભયંકર ઉગ્ર તોફાનનાં વાદળો ચારેકોરથી ઘેરાઈ ચૂક્યાં હતાં. બારીની બહાર અને સ્ટાફરૂમની અંદર પણ. એટલામાં પટાવાળો ધનીરામ પ્રવેશીને જાણે શાળાનો આચાર્ય હોય એમ બોલ્યો, 'તમને આચાર્ય બોલાવે છે, તાબડતોડ... જલદી !'

•

અનુક્રમણિકા

02

# પચાસ વાર કવિતા લખવા આપી

શું હશે ? ધનીરામ તાબડતોડ… જલદી… શબ્દ ઉપર વજન આપીને બોલ્યો હતો અને ઉપરથી મૂછ ઉપર વળ ચઢાવતો હતો. મિ. રાજન અને ધનીરામે એકબીજાની સામે જોઈને આંખ પણ મિચકારી હતી. ચોક્કસ એક નવું વાદળ, મુશળધાર વરસવાની તૈયારીમાં છે એવી પૂર્વ તૈયારી સાથે એણે સ્ટાફરૂમ છોડયો.

સ્ટાફરૂમથી આચાર્યની ઑફિસ વચ્ચે દસ વર્ગખંડો અને એ પસાર કરતાં કરતાં જાણે નાકે દમ નીકળી ગયો. અંદર વલોવાતાં વિચારોનું ફીણ દરેક વર્ગખંડની દીવાલ ઉપર સરસ સુવિચારો, સૂક્તિઓ, શ્લોકો લખાયેલાં હતાં અને એ લખાવાની જહેમત પણ શિવાનીએ જ ઉઠાવી હતી. પહેલાં જ વર્ગખંડની દીવાલે લખ્યું હતું. શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઓર સર્જન દોનોં ઇસકી ગોદ મેં પલતે હૈં!' ચાણક્યનું આ વાક્ય જાણે ચાણક્યે એના માટે જ લખ્યું હોય એવું શિવાનીને લાગ્યું અને એ અંદરથી કંપી ઊઠી !'

બીજા વર્ગખંડની દીવાલે લખ્યું હતું, 'જ્યારે આત્મા કાંઈ કહે અને બુદ્ધિ બીજું કાંઈ કહે એવા સમયે તમે આત્માનું જ કહ્યું કરજો.' કદાચ આ વાક્ય વિવેકાનંદે મારી કટોકટીની ક્ષણોમાં  આશ્વાસન મળે એ માટે લખ્યું હતું કે શું ? એક વાર તો થઈ આવ્યું હવે વર્ગખંડની દીવાલ તરફ ન જોતાં ઝડપથી સાહેબની ઑફિસે પહોંચી જવું, પણ ના… આ મન માંકડું તોજેટલું દબાવો એટલું સ્પ્રિંગની માફક વધુ ઉછળે. ત્રીજી દીવાલે લખ્યું હતું, 'જે પોતાને ક્યાં જવું છે એ જાણે છે, એને આખી દુનિયા રસ્તો આપવા ખસી જતી હોય છે!…' શિવાની મનમાં જ બોલી ઊઠી; 'તદ્દન જુઠ્ઠી વાત, મને રસ્તો ખબર છે અને એ નૈતિકતાને રસ્તે આગળ વધું પણ છું. પણ આખી દુનિયાની વાત તો બાજુએ મૂકો. અરે ! એક માણસ પણ ખસીને રસ્તો આપવા તૈયાર નથી ! અરે ! એક પણ સારો માણસ જો મને પણ મળતો હોય.. કે જે મારો રસ્તો સરળ કરી આપે… 'પણ' એક અપવાદરૂપ, અવિનાશ અફાટ રણમાં મીઠી વીરડી સમાન ખરો ! કદાચ એ ન હોત તો…' અને એ સાથે એણે ચાલ પણ ઝડપી કરી. રસ્તે આવતી દીવાલો ઉપર લખાયેલ 'સત્યમેવ જયતે', 'કર્મણ્યે વાઽધિકારસ્તે… મા ફલેષુ કદાચન' જેવી અનેક સૂક્તિ, શ્લોક આંખ સામે પસાર થતાં ગયાં. આ શાળામાં નવી નવી આવી હતી ત્યારે પૂરેપૂરી સેવાનો ભેખ ધારણ કરીને આવી હતી. અને એટલે જ

પોતાના જ પૈસે પાકો રંગ અને પીંછી બજારમાંથી લાવીને બાળકો પાસે આવી સુંદર ઉક્તિ, શ્લોકો અને ચિત્રો એણે દોરાવ્યાં હતાં અને આખી શાળાની, આચાર્યની વાલીઓની તેમ જટ્રસ્ટીઓની વાહ વાહ અને પ્રશંસાની અધિકારી બની હતી.

પણ આજે વીસ વર્ષ બાદ સમય એને સાથ આપવા તૈયાર નથી. સુવિચારો તેમ જ નૈતિક મૂલ્યોના રંગો પણ જાણે ફીકા પડવા માંડયા હતા. વિચારમાંને વિચારમાં ધડામ કરી ઑફિસનું બારણું ખોલી એ અંદર પહોંચી ગઈ પણ અંદર આચાર્ય મિ. ભૈરવ ગુપ્તા, ઍડ્હોક ટીચર મિસ રોઝીને કંઈક ભેટ જેવું લાલ રૅપરમાં વીંટાળેલું હજી આપી જ રહ્યા હતા. ત્યાં આમ એની એન્ટ્રીએ બંનેને છોભીલાં પાડી દીધાં. મિસ રોઝીએ ઝડપથી એ ભેટ પોતાનાં દુપટ્ટામાં સંતાડી અને ઝડપથી ત્યાંથી સરકી ગઈ અને એ સાથે  જ મિ. ભૈરવે ખરેખરું ભૈરવરૂપ ધારણ કર્યું. 'મિસિસ મહેતા ! આમ બારણે ટકોરા માર્યા વિના અંદર ધસી આવો છો. વિધાઉટ માય પરમિશન ? ધનીરામ... ધનીરામ... એ પણ ક્યાં મરી ગયો ? આવવા દે એને ડયૂટિ એટલે શું ? એ મારે, એને પણ સમજાવવું પડશે ? લાંબી છુટ્ટી ઉપર ઉતારી દઈશ... અને એમ પણ એની ઉંમર પણ થઈ છે... મિસિસ શિવાની ! મને લાગે છે કે હવે તમારે પણ લાંબી છુટ્ટી ઉપર ઊતરી જવું જોઈએ.'

'પણ સર, આમ ધનીરામનો ગુસસો મારા ઉપર શા માટે કાઢો છો ? ઑફિસનું બારણું ખુલ્લું હોય, તો પછી ટકોરા મારવાનો સવાલ જ ક્યાં પેદા થાય છે? મારી જગ્યાએ કોઈ બીજી વ્યક્તિ પણ મારી જેમ જ અંદર આવી જાત !'

'મિસિસ મહેતા, વાતને આડે પાટે ન ચડાવો. મેં તમને તાબડતોડ અહીં એટલા માટે બોલાવ્યાં છે કારણ કે તમારી વિરુદ્ધ અનેક વાલી તેમ જ વિદ્યાર્થીઓના ફોન આવી રહ્યા છે. રોજ જુદી જુદી ફરીયાદ સાંભળી હવે એ બાબતે તમારો ખુલાસો લેવો બહુ જરૂરી બને છે. આજે સાંજે ટ્રસ્ટી મંડળે આ બાબતે એક મીટિંગ રાખી છે અને એમાં તમારે હાજર રહેવું પડશે.'

પણ સર, તમને મારા પતિ અશ્વિનની માંદગી વિશે તો...'

અને ત્યાં જ મિ. ગુપ્તા તાડુકીને બોલ્યા : 'મિસિસ મહેતા, નોકરી એટલે નોકરી, પગાર લો છો તો એ પ્રમાણેનું વળતર પણ આપવું જ પડે. નહિતર ધનીરામની જેમ... અને હા, તમારો તો અત્યારે દસમા ધોરણમાં તાસ છે; પછી અહીંયાં આવવાની શી જરૂર હતી ?'

સર એ તો... ધનીરામે કહ્યું કે 'તાબડતોબ આચાર્યશ્રી બોલાવે છે. એટલે... આમ તો પહેલો તાસ... ફ્રી જ હતો પણ અહીં આવતાં સુધીમાં બીજો તાસ શરૂ થઈ ગયો... તો હું શું કરું ?'

'આચાર્યની ઑફિસમાં ડોકિયાં કરવાની બધાંને ટેવ પડી ગઈ છે નહીં ?'

'સર આપ નામ દઈને વાત કરો તો મને ગમશે... બાકી આમ... મોઘમ વાતો.. તો... નર્મદના કહેવા મુજબ 'મોઘમ વાતો હંમેશા કાયરો કરતાં હોય છે. જ્યારે નીડર માણસો હંમેશા અણીશુદ્ધ, નામસહિત તેમ જ તર્કશુદ્ધ વાતો જ કરતાં હોય છે.'

'મિસિસ મહેતા, તમારો મુખ્ય વિષય ગુજરાતી છે એ મને ખબર છે, પણ હું વિદ્યાર્થી નથી. નર્મદને પચાવનાર એક આચાર્ય છું સમજ્યાં ? નર્મદના સત્યના પ્રયોગો મેં કૈં કેટલી વાર વાંચ્યા છે એની આ નવલકથા મેં મારી સ્કૂલ લાઈબ્રેરીમાં બેસીને વાંચી હતી. છત્તીસગઢની અમારી લાઈબ્રેરી જેટલી સમૃદ્ધ એટલું અમારું જ્ઞાન પણ સમૃદ્ધ છે સમજ્યાં ? જલદી પહોંચો; વર્ગખંડમાંથી બાળકોનો બરાડવાનો અવાજ આવે છે. અને હા સાંજે બરાબર છ કલાકે અહીં જ મીટિંગ છે. સવેળા પહોંચી જજો. નહિતર વધારાનો બીજો એક ગુનો પણ નોંધાશે, 'સમજ્યાં ?'

ઑફિસની બહાર નીકળી ત્યારે ઉપર વાદળો ગોરંભાયાં હતાં પણ વરસતાં નહોતાં... બરાબર એના જીવનની જેમ જ... ઘણી વાર થતું કે આ વાદળો અનરાધાર વરસી પડે અને એ જળપ્રવાહમાં દૂરદૂર વહી જાઉં...બધાંથી ખૂબ દૂર... અરે ! ખુદ મારાથી પણ દૂર... "ગુડ મૉર્નિંગ ટીચર!" એક બાળકે મીઠો ટહૂકો કર્યો ત્યારે ખબર પડી કે એ ધોરણ દસના વર્ગ પાસે આવી પહોંચી છે અને વર્ગની બહાર લગભગ વીસ બાળકો અંગૂઠા પકડી વાંકા વળેલાં છે. અરે ! એ તો ઠીક, પણ વાંકા વળીને કંઈક લખતાં પણ હતાં. "આવી બેહૂદી સજા કોણે કરી છે ?"

'ટીચર, પહેલા તાસમાં મિસ રોઝીનો તાસ હતો. એમણે મને પચાસ વાર કવિતા લખવા આપી હતી અને અમે એ એક દિવસમાં લખી ન શક્યાં એટલે અમને વાંકા વળીને કવિતા લખવાની સજા થઈ છે.'

'પછી તમને પાછાં વર્ગમાં બેસાડયાં નથી ?'

'ના ટીચર ! કારણ કે સજા કરીને મિસ રોઝી તો આચાર્યની ઑફિસમાં ગયાં હતાં અને પછી ભૂલી જ ગયાં કે એમણે સજા કરી હતી.'

●

અનુક્રમણિકા

**03**

# અવિનાશની ચિંતા

શિવાનીની આંખો બે ઘડી છલકાઈ ગઈ... એણે છોકરાંઓને પાણી પીને પછી શાંતીથી વર્ગમાં બેસવા સૂચના આપી, એ વિચારી રહી, બાળકોને સજા કરી પોતે મજા મણવા આચાર્યની એ. સી. ઑફિસમાં બેસી રહે છે અને મને પ્રશ્ન પુછાય છે કે તમે ચાલુ તાસે કેમ આવ્યાં ? જો કે એમણે જ મને તાબડતોબ બોલાવી હતી. ખેર ! એ બધું તો ઠીક, પણ આમ આ ‘ભાર વગરનું ભણતર’ની બાંગ પોકારનારાઓ શિક્ષણવિદ, શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષણમાં ફેરફાર કરીને શિક્ષણને ક્યાં લઈ જઈ રહ્યાં છે ? જ્ઞાન–વિજ્ઞાન ભાષાનાં ભારેખમ પુસ્તકો, અભ્યાસક્રમો અને અગણિત પરીક્ષાઓની ગળકાપ હરીફાઈ આજના આ કુમળા છાત્રોનાં હૃદય ઉપર માત્ર સ્પર્ધાનો ‘સ’ અને ટકાવારીનો ‘ટ’ જ ચીતરી ચીતરીને નૈતિક મૂલ્યો, ઉચ્ચ સંસ્કાર, શિસ્ત, વિનમ્રતા, લોકશાહીના પાઠો તેમ જ માનવતાના પાઠોનો છેદ ઉડાડી રહ્યા છે એનું શું ? પશ્ચિમનું આંધળું અનુકરણ અને તે પણ શિક્ષણમાં ? પશ્ચિમના દેશોનું વાતાવરણ, સમાજ, જીવનપદ્ધતિ અલગ છે અને આપણી અલગ ત્યાં સેમેસ્ટર પદ્ધતિ ? ઠીક છે પદ્ધતિ સારી છે પણ ત્યાંની માફક વર્ગમાં માત્ર વીસ બાળકોને જ બેસાડોને ? ત્યાંની જેમ એક એક બાળકે યોગ્ય સાધનો, પ્રયોગખંડો, યોગ્ય વાતાવરણ, યોગ્ય શિક્ષકો, યોગ્ય વર્ગખંડો, યોગ્ય રમતનાં મેદાનો, યોગ્ય પોષણ અને યોગ્ય માવજત મળશે તો જ કોઈ પણ સ્કિલ, પદ્ધતિ કે પ્રયોગ સફળ થશે. બાકી આમ વર્ગખંડોમાં એંશી, નેવું બાળકો ઘેંટા–બકરાની જેમ, તગડી રકમ લઈને ભરી દેવાથી શાળાનાં મહારથીઓની જવાબદારી પતી જતી નથી...

એ બધું ઠીક પણ... એ.સી. સ્કૂલો, લાખો રૂપિયા ફી લેનારી સ્કૂલો, વધુમાં વધુ લેસન તેમ જ પરીક્ષા લેનારી સ્કૂલો ઉત્તમ સ્કૂલોના ખિતાબ મેળવે ? અને એ જ સંચાલકો જ સમાજમાં પુજાય... પુછાય... અને બીજી બાજુ મફત શિક્ષણ આપનારી, નૈતિક મૂલ્યો જાળવનારી શાળાઓ કે જ્યાં માનવતાનું જ્ઞાન પ્રથમ હરોળમાં રહે છે, એક માનવીને પ્રથમ માનવીની રીતે જોવાય છે, પ્રથમ હરોળનો માનવી બનાવવાની જહેમત ઉઠાવાય છે એવી શાળાઓને તાળાં લાગી રહ્યા છે ! જ્યારે બાળકનો વાલી જ સારાસાર નથી પારખી શકતો ત્યાં શિક્ષણની હાટડી ચલાવનારાઓ તો ફાવવાના જ ને ? પછી તો બાકીના સાતે તાસ તો ઘંટ એના હૃદય ઉપર હથોડા મારતો રહ્યો.

સવા બારે શાળા છૂટયા બાદ અવિનાશ શેરીના નાકે ઊભો રહી ગયો. એણે શિવાનીનું સ્કૂટર ઊભું રખાવ્યું. શિવાનીનાં આંખોમાં અનેક પ્રશ્નો એણે ડોકાતાં જોયા હતા. દરેક તાસે એણે શિવાનીનો સંપર્ક કરવા કોશિશ કરી હતી પણ શિવાની હાથ આવી નહોતી. એને ખબર હતી કે શિવાની અંદરોઅંદર પડી ભાંગી છે. જરાક જો કોઈ એના ખભે પ્રેમાળ હાથ મૂકશે તો અંદર ગોરંભાયેલાં વાદળો સહસ્ત્ર ધારે વરસી પડશે... એણે તો હાથ લંબાવ્યો પણ હતો. પણ શિવાની જેનું નામ. એને માપવી એટલે દરિયાને માપવો !!

હાથ તો ખભે મૂકવો હતો પણ શિવાનીના સ્કૂટર ઉપર હાથ મૂકી ચિંતા વ્યક્ત કરતાં અવિનાશે પુછયું : ‘આજે પ્રથમ તાસમાં ઑફિસમાં બોલાવી હતી એવી મને ખબર પડી ત્યારથી મને તારી ચિંતા રહ્યા કરી કે ક્યારે તું મળે અને તને પૂછું કે આચાર્યની ઑફિસનું તેડું કેમ આવ્યું હતું ? સ્ટાફમાં પણ સતત ગુસપુસ થતી રહી... પેલી મિસ રોઝી અને મિ. રાજન પણ, ખાનગીમાં કંઈક મસલત કરી રહ્યાં હતાં. હું જેવો નજીક ગયો કે એમણે વાત બંધ કરી દીધી. કંઈક ભારે ષડ્યંત્ર રચી રહ્યાં છે. આ ટ્રસ્ટી તેમ જ એનો દીકરો એમાં સાથ આપી રહ્યાં છે. મિસ રોઝી તેમ જ પેલો મિ. ગુપ્તા... પોતાની લંપટતા ઢાંકવા... બધાં કુકર્મીઓએ હાથ મિલાવી લીધા છે. રાજકારણીઓની જેમ સાઠગાંઠ તેમ જ તડજોડ કરવાનો વેપલો હવે શિક્ષણમાં પણ પ્રવેશી ગયો છે ! અને એમાં તારા જેવી સિદ્ધાંતવાદી નિર્દોષ શિક્ષિકાઓનો બલિ ચડતો આવ્યો છે... પણ તું ગભરાશઈ નહીં, હું હર સંગ્રામમાં તારી સાથે છું !’

એકી સાથે અવિરત બોલી અવિનાશ હાંફી ગયો એટલે શિવાની બોલી ‘અવિનાશ તારી ચિંતા અને મારા તારફની નિર્દોષ લાગણીને સમજી શકું છું અને એ માટે તારી ૠણી પણ રહીશ, પણ દરેકે પોતાની લડાઇ જાતે જ લડવાની હોય છે અને કદાચ આ ગોરંભાયેલી લડાઈ આજે સાંજે મીટિંગમાં પૂરા જોશમાં વરસવાની છે ! સાંજે ટ્રસ્ટી મંડળની સામે મારે આરોપી બની ઊભા રહેવાનું છે. મને ખબર છે એ પોકળ માંધાતાઓ જૂઠી કેસ ફાઈલ મારી સામે ખોલવાના છે. મને સંકજામાં લેવાના આ પેંતરા છે. પણ એઓને ખબર નથી કે, અસત્યની પરિપાટી પર લડાયેલ કોઈપણ યુદ્ધ સફળ થતું નથી. જીત તો હંમેશા સત્યની જ થવાની છે અને હું સત્યને પક્ષે ચાલતી આવી છું છેલ્લાં વીસ વર્ષથી– અને એના પુરાવા છે મારાં તૈયાર અગણિત છાત્રો. અવિનાશ ! એમ પણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ !!’

‘પણ શિવાની, મારું માનવું છે કે આજે સાંજે હું પણ તારી સાથે મીટિંગમાં હાજર રહું જેથી તને થોડો સધિયારો રહે... હૂંફ રહે’...

‘અવિનાશ ! તારો ખૂબ ખૂબ આભાર.. પણ તું મારી સાથે હાજર રહેવાની વાત ભૂલી જા. એમ પણ જન્મી છું ત્યારથી જ એકલી છું અને એકલતા એ મારા જીવનનો સ્થાયી ભાવ બની ગયો છે. તું હંમેશા મારો પથદર્શક તેમ જ ગાઢ મિત્ર છે અને રહેશે.’

અવિનાશે શિવાની સાથે આંખમાં આંખ પરોવીને વાત કરવા જતાં શિવાનીએ આંખો નીચે ઢાળી દીધી. ‘શું હું માત્ર તારો દોસ્ત જ બની રહીશ કે પછી...’

વાતને અધવચ્ચે જ કાપી નાંખતાં જરા ઉગ્ર અને તીક્ષ્ણ અવાજે શિવાની બોલી : ‘અવિનાશ ! તને ખબર છે, કૃષ્ણ અને દ્રૌપદીની મિત્રતા લાંબી કેમ ટકી રહી હતી ? કારણ કે એ બન્નેને સાચી મિત્રતાની વ્યાખ્યા ખબર હતી અને એ સખ્યભાવ તારે કેળવવો રહ્યો. એમ પણ મને માનવજાત પર ઘણો ઓછો વિશ્વાસ અને જો તું પણ એ વિશ્વાસ ખોઈ દે તો... થોડો ઘણો ભરોસો... વિશ્વાસ... તારા થકી ધબકે છે અને હું ઈચ્છું કે એ ભરોસો તું તારા તરફથી ક્યારેય ઓછો ન થવા દેશે. મિત્રતાની સીમારેખા તું ક્યાં નથી જાણતો ? સૌથી વધુ પરમ પવિત્ર સંબંધ એટલે સાચી મિત્રતાનો સંબંધ, નિઃસ્વાર્થ, નિર્મળ અને પવિત્ર મિત્રતાની ગરિમા જો તું સાચવશે તો આપણી દોસ્તીના શ્વાસ લાંબા ચાલશે નહિતર...’ આટલું બોલી એણે પૂરપાટ સ્કૂટર દોડાવી દીધું.

•

અનુક્રમણિકા

04

# અશ્વિનની તોડફોડ

ઘરે પહોંચતાં જ અશ્વીનનો બરાડો સંભળાયો; 'આવી ગયાં સત્યનિષ્ઠ શિક્ષિકા, પરગજુ સમાજસેવિકા, સંગીતકાર તેમ જ બિચારાં અશ્વીનની એક માત્ર પત્ની ? સ્વાગત છે! વ્હીલચૅર ઉપર પૂંઠ ફેરવીને બેઠેલો અશ્વીન અને એની બાજુમાં પડેલો ચાનો કપ ને નાસ્તો કે જે સવારે એની બાજુમાં મૂકીને ગઈ હતી તે હજી એમ જ પડેલાં હતાં. અશ્વીને એને હાથ સુધ્ધાં નહોતો લગાડ્યો કે શું ?

'અરે ! મૂંગા ઢોર પણ આવા નાસ્તાને હાથ ન લગાડે... પણ હા ! હું ભૂલ્યો, કદાચ મારી ગણતરી પણ હવે અપંગ ખાંડાં ઢોરોમાં થવા લાગી છે. એટલે મી. અશ્વીન, હવે તમે તમારી સારસ્વત ધર્મપત્ની પાસે કોઈ પણ વધારાની સેવા તો શું, નાની–મોટી કાળજીની પણ અપેક્ષા નહીં રાખશો !!' અને એ સાથે જ એણે એની અંદરનો લાવા પોતાના નિર્બળ પગ વડે નીચે મુકેલાં ચાનાં– કપ રકાબી ઉપર વહેવડાવી દીધો. ટેબલ ઉપર મૂકેલા નાસ્તા ઉપર હાથ વડે પ્રહાર કરી જાણે શિવાની ઉપર પ્રહાર કરતો હોય એમ એની મનોવેદના અને જીવન તરફનો અભાવ, નકાર અને ઉદ્વેગ ઠાલવી વ્હીલચૅર ઝડપથી હાંકતો બીજા રૂમમાં ચાલી જઈ બારણું બંધ કરી દીધું...

શિવાની એનો અભાવ, ઉદ્વેગ મનોવેદના ક્યાં, કેવી રીતે અને કોની સામે ઠાલવે? કારણ કે એવું કોઈ બારણું એની સામે નથી કે જ્યાં જઈને એ ટકોરા મારી શકે... ઊભરો ઠાલવી શકે ! એ જાણતી હતી કે કદાચ અશ્વીનની જગ્યાએ એ પોતે વ્હીલચૅરમાં હોય તો આનાં કરતાં પણ અનેકગણું ઉદ્ધત, ખરાબ અને નિમ્ન કક્ષાનું વર્તન એ કરે જ એમાં કોઈને શંકાને સ્થાન નહોતું.

એમ પણ અશ્વીનને થયેલ પક્ષાઘાતના હુમલા બાદ એની માનસિક તેમ જ શારીરિક ક્ષમતા ધીરે ધીરે ઘટી રહી હતી અને એ કારણે જ શિવાની હંમેશાં સ્કૂલમાં ચાલતાં દ્વંદ્વ યદ્ધોથી અશ્વીનને દૂર જ રાખતી હતી. પણ... શિવાની...? શિવાનીએ તો ઘણાં બધાં મોરચે એક સાથે લડવાનું એનું શું ?

શિવાનીની સામે સ્કૂલનો મોરચો, ઘરનો મોરચો, સમાજનો મોરચો, નિર્દોષ બાળકોની પીડાનો મોરચો અને ખુદ પોતાની અંદર ચાલતાં દ્વંદ્વ યુદ્ધનો મોરચો... એ સઘળાં ચારે બાજુથી ક્યાંય સુધી ડરાવી રહ્યાં. ઝડપથી અશ્વીને કરેલી તોડફોડ સાફ કરતી રહી અને એ સાથે અંદરના મોરચાને સાફ કરવાનો પ્રયત્ન કરતી રહી...

અશ્વીન ! બારણું ખોલ, તારે માટે ગરમાગરમ ભજિયાં તેમ જ શિરો બનાવ્યો છે. સાથે તળેલા પાપડ અને અદરકવાળી ચા મૂકીને લાવી છું. પ્લીઝ ! અશ્વીન, સવારે સ્કૂલે જવાની ઉતાવળમાં ચા–નાસ્તો કદાચ બરાબર ન બનાવી શકી, પણ જો, અત્યારે તો તને ભાવતી પ્રિય વાનગી બનાવી છે. સૉરી અશ્વીન... હું તને સમજી શકું છું... આટલી વાર માફ કરી દે... પ્લીઝ... જો તારા સિવાય એમ પણ મારું છે જ કોણ ? જો તું ન હોય તો પછી અંધકાર સિવાય બીજું કશું જ હાથમાં બચતું નથી... તું એનાથી ક્યાં અજાણ છે ?' બસ, આ છેલ્લા વાક્યની ધારી અસર થઈ અને બારણું ખૂલી ગયું. વાનગીની ટ્રે બાજુ ઉપર મૂકી શિવાની અશ્વીનના નબળા પગ ઉપર લગભગ ફસડાઈ જેવી પડી અને એ સાથે જ બધાં પાળા તોડીને એનું ભીતર ઉલેચાઈ ગયું.

'શિવાની, હવે પછી આવું ક્યારેય બોલીશ નહીં કે તું એકલી છે.' અશ્વીનની વાત અધવચ્ચે જ અટકાવતાં શિવાની બોલી ઉઠી : 'અશ્વીન ! સાત ફેરા ફર્યા પછી આપણે તારામારાનો હિસાબ ન રાખતાં માત્ર આપણાપણાંને ઉજાગર કરીએ તો જ જીવન સરળ રહેશે એવું મારું માનવું ખોટું તો નથી જ, ખરું ને ?'

'શિવાની ! આઈ એમ સૉરી... કદાચ મારું મન... મારા શરીરને કારણે સારાસારનો ભેદ પારખવામાં... અને આવેગો ઉપર કાબૂ રાખવામાં નિષ્ફળ થતું જાય છે. તું મને જેટલો સાચવે છે એટલો તો કદાચ...'

'નહીં અશ્વીન, કોઈ કોઈને સાચવતું હોતું જ નથી; દરેક ક્રિયા કે વૃત્તિ સમય સંજોગોને આધીન સાપેક્ષ હોય છે. હું તો માત્ર મારો ધર્મ જ બજાવું છું... અને હા... આજે મારા ગયા પછી તને શિખવાડેલ પગની કસરત કરી હતી કે પછી...!'

સાંજે ટ્રસ્ટી મંડળની કૉર્ટમાં હાજર રહેવાનું હતું એટલે સતત ઘરમાં આંટાફેરા ચાલુ રહ્યા. અશ્વીનને વાત કરીને એનું પ્રેશર વધારવાનું એને ઠીક ન લાગ્યું. અગાઉ પણ સ્કૂલ

પૉલિટિક્સને કારણે જ અશ્વીને ઘણું સફર કર્યું હતું અને એ દબાણ હેઠળ જ હાઈ બ્લડ પ્રેશર અને પૅરાલિસિસનો હુમલો... એ કાળા ભુતકાળનો ઓછાયો એણે નજર સમક્ષથી હટાવવા ઘણી કોશિશ કરી પણ અંદર વલોવાતું યુદ્ધ... ભુતકાળ... ટ્રસ્ટી મંડળ અને આચાર્યની ધમકી અને આ બધાં અનિષ્ટની પેલે પાર એનું વજૂદ – એનું અસ્તિત્વ... એનું શિક્ષકત્વ જરા પણ હીણાં પડે કે ઝૂકે એમ નહોતાં. લડાઈ તો હવે શરૂ થઈ છે, 'સત્–અસત્'ની લડાઈ અને એ લડાઈમાં પાછા ન પડવાના સંકલ્પ સાથે એણે પગમાં ચંપલ પહેર્યાં અને અશ્વીનને કહ્યું, 'હું બજારમાં જાઉં છું અને ત્યાંથી મારી મિત્રને ત્યાં થઈને આવું છું... તારે માટે બજારથી કંઈ લાવવાનું હોય તો કહે અને હા, હમણાં તને કસરત કરાવવા એક ડૉક્ટર, મિ. કેતન આવશે. ફિઝિયોથેરાપિસ્ટ છે. હજી સવારે જ મેં નક્કી કર્યું છે. આપણી શાળાના વાલી જ છે, નજીક જ રહે છે. હજી હમણાં જ એમણે પ્રૅક્ટિસ શરૂ કરી છે. કામની શોધમાં છે એટલે વાજબી ભાવે કામ પાર પાડશે... એટલે ડૉક્ટરની ફી વીશે વિચારી વિચારીને ફરી ટેન્શન ન વધારીશ સમજ્યો ?'

અશ્વીનને દવા તેમ જ દૂધ આપીને એ રણભૂમિ તરફ પગ ઉપાડે છે. હવે તો યુદ્ધ એ જ કલ્યાણ... કર્મણ્યે વાઙધિકારસ્તે... મા ફલેષુ કદાચન... રહી રહીને એની અંદર કૃષ્ણ તેમ જ અર્જુન બંને એકી સાથે પ્રવેશી ચૂક્યા હતા. એક શ્વાસ અર્જુનની જેમ ઢીલો પડે કે તરત બીજો શ્વાસ કૃષ્ણ બની... 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ !' પોકારી, સારથિપણું ઉજાગર કરવાની કોશિશ કરી રહ્યો હતો.

•

અનુક્રમણિકા

**05**

# ગોળમેજી પરિષદ

ગોળમેજી પરિષદ ભરાઈ ગઈ હતી. શિવાની પ્રવેશી ત્યારે યુદ્ધનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. કોણ સૌથી મોટો વિલન એ હવે યુદ્ધ બાદ નક્કી કરવાનું હતું. કોણ ક્યાંથી કેવાં કેવાં તીર ફેંકશે એ નક્કી કરવું જરા કઠિન હતું. કારણ કે મિ. ગુપ્તાએ કોને કોને કેવી કેવી કાનભંભેરણી કરી હશે એના ઉપર જ યુદ્ધનાં શસ્ત્રોનો મારો થવાનો હતો, પણ શિવાનીને હવે ઢાલની પણ જરૂર રહી નહોતી; કારણ કે અગાઉ અનેકાનેક શસ્ત્રોનો મારો સહન કરી કરીને એનો આત્મા જ ખુદ ઢાલ સમાન થઈ ગયો હતો.

'હા, તો મિ. ગુપ્તા, તમે જે કંઈ કહેવા માંગતા હોય, તે કહો પછી અમે અમારી વાત રજૂ કરીશું.' મિ. ગુપ્તા તો ખૂબ જ લાંબી ચાર્જશીટ તૈયાર કરીને લાવ્યા હતા અને તે પણ લેખિતમાં. એમણે વાંચન શરૂ કર્યું : ''મિસિસ શિવાની મહેતા બાળકોને બરાબર ભણાવી શકતાં નથી અને શિસ્ત જાળવી શકતાં નથી. એઓ સમયસર વર્ગમાં પહોંચતાં નથી અને સમયસર અભ્યાસક્રમ પૂરો કરી શકતાં નથી. એઓ બાળકોને પોતાનાં ઘરે ટ્યૂશન ઉપર આવવા માટે બળજબરી કરે છે અને જે એમનાં ઘરે ટ્યુશન જતાં નથી એમને પરીક્ષામાં નાપાસ કરવા, ઉપરાંત ઇન્ટર્નલ માર્ક્સ ઓછા આપવા, એમને વારેવારે સજા કરવી, એમનાં વાલીને વારંવાર બોલાવવા તેમ જ એમની સાથે ઉદ્ધત વર્તન કરે છે. અને જે બાળકો એમને ત્યાં ટ્યૂશન જાય છે એમને એઓ પરીક્ષાનું આખેઆખું પેપર અગાઉથી આપી દે છે જેથી એમનું ટ્યૂશન લેનાર વિદ્યાર્થીઓ એકથી દસમાં નંબર મેળવે છે અને એમને દરેક બાબતની છૂટ પણ મળે છે. પરીક્ષા દરમિયાન એમનાં ટ્યૂશનિયાં બાળકોને જવાબપત્ર લખાવી દે છે અને બાકીનાં બાળકોને પૂરાં શિસ્ત સાથે પેપર લખવાનો આગ્રહ કરે છે. આ બધાં અનૈતિક કાર્યોને કારણે બાળમાનસ ઉપર ખરાબ અસર પડે છે અને બાળકો 'યથા રાજા તથા પ્રજા'ની માફક શિક્ષક જેવું કરે તેવું કરતાં શીખે – એ ઉપરાંત સમાજમાં આપણી શાળાનું નામ ખરાબ થાય એ પણ કેમ ચાલે? આજે એક શિક્ષક બગડે, કાલે બીજા પણ એનું જોઈને બગડે; માટે આવા શિક્ષકોને તો ઉગતાં જ ડામવાં રહ્યાં, નહિતર પછી એનું ફળ સ્કૂલે ભોગવવું રહ્યું. સ્કૂલની ઇમેજ ખરાબ થાય એ કેમ ચાલે ? ટ્રસ્ટીમંડળ મારા મૂકેલા આરોપનો

જવાબ માંગે તેમ જ લેખિતમાં જ ખુલાસો માંગી યોગ્ય સજા પણ કરે, જેથી બધાંને ખોટું કરતા ભય લાગે. ખોટું કરતાં અટકે તે નફામાં રહે.''

બીજા કોઈ ટ્રસ્ટી શસ્ત્ર ઉગામે એ પહેલાં મુખ્ય ટ્રસ્ટી રામાનંદજીએ જ શરૂઆત કરી 'વાત આગળ ન વધારતાં મારું એવું માનવું છે કે આપણે મિસિસ શિવાની મહેતાને પણ એમના ઉપર મુકાયેલ આરોપ અંગે સફાઈ પેશ કરવાની તક આપવી જોઈએ, કારણ કે મારું એવું માનવું છે કે મિસિસ શિવાની એક જવાબદાર, કર્મનિષ્ઠ શિક્ષિકા છે અને શાળા સ્થપાઈ ત્યારથી અહીં કાર્યરત છે અને જો હું ભૂલ ન કરતો હોઉં તો વિદ્યાર્થીઓ પણ એમનો આદર કરે છે.'

મિ. ગુપ્તા વચ્ચેથી જ વાત અટકાવતાં બોલી ઉઠ્યા : 'સર, આપને કોઈકે જૂઠી બાતમી આપી લાગે છે.'

'મિ. ગુપ્તા, તમે હજી બે વર્ષથી આચાર્યપદે આવ્યા છો અને હું આવી અનેક શાળાઓ વર્ષોથી ચલાવું છું. આ શાળાનો જન્મદાતા હું છું એટલે કયું અંગ બીમાર છે અને કયું અંગ કેવી ગતિ કરે છે એનાથી હું હરક્ષણે વાકેફ રહું છું. તમે હવે મિસિસ શિવાનીને બોલવાની તક આપશો તો વધારે યોગ્ય લેખાશે સમજ્યા ?' કડક વાક્ય પ્રહારથી ડઘાઈ ગયેલ મિ. ગુપ્તા ચૂપ થઈ ગયા.

શિવાનીએ ઉભા થઈને નમસ્કાર કર્યા અને પોતાની વાત મુદ્દાસર રજૂ કરતાં કહ્યું : 'હું મારા ઉપરના દરેક આરોપને બેબુનિયાદ ઠેરવું છું. મારી નિર્દોષતા હું પુરવાર કરી શકું એમ છું, કારણ કે મારું પ્રતિબિંબ હર ક્ષણે મારા છાત્રોના હૃદયમાં પડે છે અને એકએક વિદ્યાર્થીના હૃદયમાં મારી જે છબી છે તે બિલકુલ નિર્મળ, સ્વચ્છ છે. તમે હમણાં જ કોઈ પણ ધોરણનાં કોઈ પણ બાળક કે વાલીને બોલાવી કોઈ પણ પ્રકારની ઉલટ તપાસ કરી શકો છો, પણ એ પ્રશ્નો મારી સામે જ પુછાય કારણ કે અહીં ઘણા સવાલોના જવાબોને આપની સમક્ષ ટ્વીસ્ટ કરીને પહોંચાડાતાં હોય છે. મારે મારા આરોપ અંગે કશું વધારે કહેવાનું નથી. પણ હું ઈચ્છું છું કે મારા ઉપર મુકાયેલ આરોપ કેટલા ટકા સાચા છે, તે પહેલાં તપાસ કરવામાં આવે અને આરોપ મૂકનાર વ્યક્તિ પણ કેટલા ટકા સાચી છે, તે પણ પહેલાં ચકાસવામાં આવે; કારણ કે ઘણી વાર 'વાડ જ ચીભડાં ગળે' કે પછી 'આંધળે બહેરું કુટાય', દ્વેષયુક્ત, એક તરફી રજુ થયેલ આરોપ ઘણી વાર સમગ્ર સંસ્થા તેમ જ વ્યક્તિના અસ્તિત્વને હલાવી

નાખવા પૂરતાં હોય એમ પણ બને અને અગાઉ એમ બન્યું પણ છે ! અહીં અનેક શક્યતાઓ ગંભીરરૂપે પડેલી છે. 'મોટાંને સહુ માન' એ ઉક્તિના નેજા હેઠળ બીજાંને નાનાં કે હલકાં ચીતરવાં એ ક્યાંનો ન્યાય ? "પ્રજાના ગુણદોષ જોતાં પહેલાં રાજાનાં ગુણદોષ પણ જોવાવા જ જોઈએ કારણ કે, યથા રાજા તથા પ્રજા" વાળી કહેવત કદાચ મિ. ગુપ્તાએ કંઠસ્થ કરવા જેવી છે. મારે નહીં !'

'અશિસ્ત મારાં લોહીમાં નથી. મારે પોતાને ભલે બાળક નથી, પણ છેલ્લાં વીસ વર્ષથી આ પવિત્ર વ્યવસાયને મેં સેવાના ભેખરૂપે ધારણ કર્યા છે. એટલે શાળાની સ્થાપના, એનો તેમ જ બાળકોનો વિકાસ એ મારા હૃદયનો ખોરાક બની ચૂક્યો છે. મિ. ગુપ્તા જો એક પણ આરોપ પુરાવા સહિત પુરવાર કરી શકશે તો તે દિવસે હું સામે ચાલીને રાજીનામું આપી દઈશ અને મને મળેલ વીસ વર્ષનો પગાર પણ વ્યાજસહિત શાળાનાં તેમ જ ગરીબ બાળકોના વિકાસ માટે પરત કરીશ અને અંતે, આપ સૌને મારી નમ્ર અરજ છે કે મારા ઉપર આરોપ મૂકનાર મિ. ગુપ્તાની નૈતિકતા તેમ જ કાર્યપ્રણાલી ઉપર નજર રાખવામાં આવે કારણ કે, એમણે કહેલી દરેક કહેવતો મને તો લાગુ નથી પડતી, પણ એમને તો બરાબર સોએ સો ટકા લાગુ પડે જ છે. "એક શાળાનાં ધણી થવું સહેલું છે પણ મિ. ગુપ્તા, બાળકોના પિંડના, ફૂલોની માવજતનાં માળી બનવું ઘણું કપરું કામ છે અને મિ. ગુપ્તા, ફૂલોનાં માળી કઈ રીતે બની શકાય એને માટે કોઈ ટ્રેનિંગ શાળા હજી સુધી ખુલ્લી મુકાઈ નથી !"

•

અનુક્રમણિકા

**06**

## રંજનબા અને આશ્રમ

'ખેર ! હું ઘણું બોલી, પણ એમાં પૂરેપૂરું સત્ય છે. હું હંમેશાં સત્ય વચ્ચે રહી છું અને રહીશ. આ આરોપને હું હંમેશાં સાથે જ રાખીશ, એટલા માટે નહીં કે એ સાચા છે, એટલા માટે કે એ મિ. ગુપ્તા એ આરોપ કઈ રીતે પુરવાર કરે છે ? અને તે પણ સંપૂર્ણ સત્યનો સહારો લઈને ! દસ વર્ષ પહેલાં હું એક બાજી આ જ શાળામાં હારી હતી. અને એ પણ ખોટી રીતે, પણ આ બાજી હું ક્યારેય નહીં હારું કારણ કે, સત્ય મારે પક્ષે છે. જો કે ત્યારે પણ અમે સાચાં જ હતાં.'

ઑફિસમાં નીરવ શાંતિ પથરાઈ જાય છે. કેટલાક ટ્રસ્ટીઓ તો ઉભા થઈને બહાર નીકળી જાય છે. કેટલાકનાં મુખ પર ગુસ્સાનો તેમ જ આશ્ચર્યનો ભાવ ઉભરી આવે છે. મિ. રામાનંદજી શિવાની તરફ જોઈને ફક્ત એટલું જ બોલ્યા : 'મિસિસ શિવાની, તમારી વાતો ઉપર અમે ધ્યાન આપીશું અને મિ. ગુપ્તા, તમે પુરાવા સાથે વાત કરશો કે મીટિંગ બોલાવશો તો સર્વને ગમશે બાકી આમ સમય વેડફવાનો કોઈ અર્થ નથી. મિસિસ શિવાની, તમે જઈ શકો છો. કદાચ હું તમને ફરીથી મળવા બોલાવીશ તો તમારે આવવું પડશે અને મિ. ગુપ્તા, તમે મને એકાંતમાં મળશો ? મારે તમારી સાથે થોડી ચર્ચા અને ખુલાસા પણ કરવાનાં છે.'

એ આખી રાત એને માળી બનવાનું કાર્ય કેટલું અઘરું છે એનાં વિચારો જ આવતા રહ્યા અને ઊંઘમાં જ જાણે 'બા' પાસે પહોંચી ગઈ હોય એમ એ ભૂતકાળ તરફ પહોંચી હિલોળવા લાગી જાય છે બાને ખોળે !

'વધુમાં વધુ ફૂલછોડ ઉગાડનાર શિવાની મહેતાને બાગકામનું પ્રથમ ઇનામ મળે છે. શિવાનીની આ માવજત અને મહેનત માટે જોરદાર તાળીઓ પડવી જ જોઈએ.' નાનકડી શિવાની એના બે મીડલાં હલાવતી હલાવતી દોડતી કૂદતી ઇનામ લેવા દોડે છે. તમામ ગુરુજીઓએ એના માથે પ્રેમથી હાથ ફેરવીને અભિનંદન પાઠવ્યાં હતાં અને એ એક એક ગુરુજીને વાંકી વળી વળીને આશીર્વાદ લેતી રહી. આ જ દિવસની તો એ રાહ જોઈને બેઠી હતી.

ભર ચોમાસે પલળી પલળીને એણે રંગબેરંગી ગુલાબની કલમ બનાવી હતી. કેટલીક ગુલાબની કલમ, મોગરા, જુઈ, ચમેલી તેમ જ ચંપાની કલમ તો એ આશ્રમની આજુબાજુના બંગલાઓમાં જઈને એમના માલિકને વિનંતી કરી કરીને લાવી હતી. ગૃહમાતા રંજનબા એની મહેનત જોઈને કેટલાં ખુશ થઈ ગયાં હતાં. એક દિવસ તો બધી છાત્રાઓની વચ્ચેથી ચાલુ સભામાં જ પાસે બોલાવીને માથે હાથ ફેરવતાં મોટેથી બોલ્યાં હતાં : 'વહાલી દીકરીઓ, આજે મારે શિવાની દીકરી માટે બે શબ્દો કહેવા છે કારણ કે, હું ચોમાસું બેઠું ત્યારથી જોઉં છું કે શિવાની દીકરી પોતાને મળેલ રમવાના કે આરામ કરવાના સમયમાં આરામ ન કરતાં કાદવ કે વરસાદનો વિચાર કર્યા વગર સતત પૂરા ખંતથી બાગકામ સંભાળે છે અને રોજ જ નવાં નવાં ફૂલો તેમ જ ફળોનાં વૃક્ષો ઉછેરવાનું કામ કરે છે. પચાસ ટકા ફૂલોનાં છોડ ઉપર તો ફૂલો લાગવાં પણ માંડ્યાં છે. ઉજ્જડ થયેલો બાગ એણે કેટલો સરસ મહેકાવી દીધો છે. એને ફાળવેલ કાર્ય એણે કેટલાં ખંત તેમ જ ધીરથી કર્યું છે અને એ માટે હું એને અનેકાનેક અભિનંદન પાઠવું છું. તમે પણ તમને ફાળવેલ કાર્ય આટલી જ ચીવટાઈથી કરશો તો વર્ષાન્તે અપાતાં ઇનામનાં હકદાર અને સર્વનાં પ્રેમનાં હકદાર પણ બની શકશો.' કેટલું વહાલ વરસાવ્યું હતું રંજનબાએ તે દિવસે ! પછી તો વર્ષાન્તે મળેલ પ્રથમ ઇનામ અને તરત બધાં જ ઊભાં થઈને સ્પેશ્યલ બાગ નિહાળવાં ગયાં હતાં તે નફામાં. એ રાત્રે રંજનબાએ એને એની સાથે સુવડાવી હતી એમની પથારીમાં સાવ અડોઅડ, સગી મા બનીને.

શિવાની, મેં તને જે રસ્તો બતાવ્યો છે એ રસ્તે તું બરાબર ચાલે છે અને એટલે જ તને દરેક કાર્યમાં સફળતા મળે છે. જો દીકરી, જીવનમાં આગળ જતાં ઘણા પડકારો આવશે, મુશ્કેલીઓ આવશે, હાર–જીત આવશે અને પોતીકાં પણ પરાયાં બનશે. પણ 'સત્ અને અસત્'ના માર્ગમાંથી જ્યારે એક રસ્તો પસંદ કરવાનો આવે ત્યારે ભલે સંઘર્ષ કરવો પડે તું સત્યનો રસ્તો જ પસંદ કરજે. છેલ્લા છ મહિનાથી બાગમાં મહેનત કરતી હતી. તને ફાળવેલ કાર્યમાં તું સફળ બની અને લક્ષ્ય સુધી પહોંચી શકી એનો આનંદ સૌથી વધુ કદાચ મને થયો છે કારણ કે, તું મારાં હૃદયથી ખૂબ નજીક છે. પણ હજી તારે દરેક ક્ષેત્રમાં કુશળ બનવાનું છે. હું તો તને આંગળી પકડી ને આશ્રમના દ્વાર સુધી દોરી શકીશ પણ એ પછીનું વિકટ અને વિરાટ આકાશમાં તારે તારી જાતે ઊડવાનું છે અને આશ્રમ બહારનું જીવન જ કદાચ... અને બા થોડાં ગળગળા થઈ ગયાં હતાં.

શિવાની દોડતી લોટામાં પાણી લઈને આવી અને બાને પાણી પિવડાવતાં બોલી : 'રંજનબા હું તમને ફક્ત બા કહું તો ?... તમે...' અને એ સાથે જ બાએ શિવાનીને ગળે લગાવી દીધી. 'શિવાની આજથી તું તેમ જ આશ્રમની દરેક દીકરીઓ મને ફક્ત 'બા' કહીને જ બોલાવશો તો મને સૌથી વધારે આનંદ થશે. 'બા' શબ્દમાં જેટલી મધુરપ છે એટલી મધુરપ બીજા કશામાં નથી. શિવાની મને ફરીથી 'બા' કહીને બોલાવને..'

શિવાનીએ 'બા'નો મધુર ઉચ્ચાર શું કર્યો, 'બા' ની અંદર પડેલ માતૃત્વ ઘોડાપૂરની જેમ બહાર આવી શિવાનીને પલાળી રહ્યું. જાણે વર્ષોની ઢબુરાયેલી માતૃત્વની ઝંખના કે પછી કોઈ અગોચર એવું રહસ્ય; પણ શિવાનીને તો જાણે 'બા' મળી જ ગઈ અને 'બા'ને દીકરી !!

થોડી વાર શાંતિ પ્રસરી રહી. પછી બા બોલ્યાં : શિવાની તને આશ્રમમાં કોઈ તકલીફ તો નથીને બેટી ?'

'ના, બા. જે આશ્રમનાં ગૃહમાતા તમે હો ત્યાં પછી અમને તકલીફ ક્યાંથી હોય ભલાં ?'

'પણ શિવાની, તારે કંઈક જોઈતું હોય, તારે કંઈક કહેવુંહોય, તો તું મને કહી શકે છે. બેટા... એક મિત્ર બીજા મિત્રને કહે એ રીતે તું તારા હૃદયની વાત પણ મને કહી શકે છે હોં !'

'બા, મારે એક પ્રશ્ન પૂછવો છે, પૂછું ?' પૂછ બેટી.. આજે તારે જે પૂછવું હોય તે પૂંછ..'

'બા, હું આ આશ્રમમાં કઈ રીતે આવી ? એટલે કે મને અહીં કોણ મૂકી ગયું હતું? મારાં મા–બાપ કોણ છે ? શું એમને આમ મને અહીં છોડીને જતાં જરા પણ...' અને એ સાથે એણે બાના ખોળામાં માથું મૂકી દીધું અને બા ક્યાંય સુધી એના માથે હાથ ફેરવતાં રહ્યાં... અને વિચારતાં રહ્યાં કે હવે આ છોકરીને શું જવાબ આપવો ?

આ જ પ્રશ્ન બા રોજ જ આશ્રમની દરેક દીકરીઓની આંખમાં વાંચતાં હતાં અને પોતાની નજરને નીચી ઢાળી દેતાં હતાં.

આશ્રમની દરેક દીકરીને પોતાનાં ભૂતકાળ અને ભાવિ વચ્ચે હરક્ષણે ભીંસાતી બાએ જોઈ છે અને એટલે જ એમનું ભાવિ ઉજ્જ્વળ બનાવવા તનતોડ મહેનત કરે છે. ઉચ્ચમાં ઉચ્ચ સંસ્કાર, સખત પરિશ્રમનો મહિમા, ઉચ્ચ ધ્યેય, નૈતિક મૂલ્યોનો સારાસાર, આવનારા પડકારો સામે દીકરીઓ ટકી રહે એવો નિરંતર પ્રયત્ન બા કરતાં જ રહે છે. વિદ્વાન વક્તાનાં પ્રવચનો, સારાં પુસ્તકોનું વાંચન, સારાં કાર્યો, સારાં સ્થળોની મુલાકાતે સુધ્ધાં બા જાતે જ લઈ જતાં.

•

અનુક્રમણિકા

# મારું વજૂદ શું છે ?

વહેલી સવારમાં આશ્રમની સફાઈ, દરેક ઓરડા, સભાગૃહ, વરંડા, બાગ–બગીચા, જાજરૂ પણ દીકરીઓ જાતે સાફ કરી, નાહીધોઈને પ્રાર્થનાગૃહમાં હાજર થઈ જતી; ત્યાંથી લઈને સાંજની સભામાં સારા વિચારો, ચર્ચાસભા અને પ્રાર્થના પછી ભોજન સુધી બા હંમેશાં સાથે જ રહીને પ્રોત્સાહન આપતાં. દરેક કામની ફેરબદલી પણ થતી અને બપોરે શિક્ષણકાર્ય પણ ચાલતું. એકથી સાત ધોરણ સુધીની શાળા આશ્રમમાં જ ચાલતી પણ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કૉલેજ સુધીનું શિક્ષણ મેળવવા દીકરીઓને આશ્રમ બહાર મોકલવી પડતી હતી.

માળી બનવાનું કામ કેટલું અઘરું છે એ વાત શિવાનીના આ એક પ્રશ્ને એમને સમજાયું. ‘શિવાની બેટા, આ પ્રશ્ન માત્ર તારી એકલીનો જ પ્રશ્ન થોડો છે. અહીં રહેનાર દરેક દીકરીઓનો આ પ્રશ્ન છે. દરેક દીકરીઓને એના પ્રશ્નનો જવાબ અમે સમય આવ્યે ચોક્કસ આપીએ છીએ; તને પણ તારા પ્રશ્નનો જવાબ આપીશ, પણ સમય આવશે ત્યારે... અને હા ! મારા પ્રેમમાં કોઈ કમી છે બેટા ? મેં તો તમારાં મા–બાપ બનવાની પૂરેપૂરી કોશિશ કરી છે પણ કદાચ કોઈ કમી...’ અને એ સાથે જ શિવાની બોલી : ‘ના બા’ તમે તો અમારાં મા–બાપ કરતાંય વધુ... બા ! ઈશ્વર છે કે નહીં એ તો મને ખબર નથી પણ તમે અમારાં તારણહાર, ઈશ્વર, દેવાધિદેવ જરૂર છો, બાકી આમ અમારાં જેવાં અનાથને વળી...’ અને

બાએ ઉગ્ર થઈ કહ્યું : ‘ખબરદાર,’ હવે પછી અનાથ જેવા શબ્દનું પ્રયોજન કર્યું છે તો... ઉપરવાળો નાથ બેઠો છે... પરમાત્મા સ્વરૂપે... એ જ તો સૌનો નાથ... સૌ એના થકી સનાથ, સમજી !!’

મારો, તારો, સહુનો નાથ ઉપરવાળો હજાર હાથ વાળો... એની લીલા અપરંપાર બેટા ! ચાલ, હવે સૂઈ જા. કાલે સવારે વહેલા ઊઠીને પેલા તારા નવા રોપેલ ગુલાબના છોડ ઉપરની કળીઓ ખીલવાની છે તે જોવા પણ આપણે જવાનું છે, ખબર છેને ? કાલે પેલા સાહિત્યકાર આવવાના છે એમને માટે તારે તાજાં ફૂલોનો હાર બનાવવાનો છે એ યાદ છેને ?’ શિવાનીના પ્રશ્ન સામે નવી નવી વાતો મૂકીને એના મનને બીજે વાળીને એના ઊંઘી ગયા બાદ

બા પોતે પોતાની જાતને એક પ્રશ્ન પૂછી ઊઠે છે... 'મારું વજૂદ શું છે ? મારાં મા–બાપ કોણ હતાં ?

મારું ભાવિ કેવુંક હશે ? શું સત્યનો સામનો કરી શકાશે કે પછી ?! શું શિવાનીને સત્ય કહી શકાશે કે પછી ?! આવનારા સમયની આંધી એની આંખ સામે તરવરી રહી અને રાત આગળ વધતી રહી એક નવી સવારને પોંખવા ! જોકે કાળના ગર્ભમાં શં રહ્યું છે, એ કોને ખબર ?

♦♦♦

શિવાની શાળામાં દાખલ થઈ ત્યારે વરસાદ ઝરમર વરસી રહ્યો હતો. મોડાં પડવાની બીકે રિક્ષાઓની હણહણાટી, મારુતિવાન તેમ જ વાલીઓ ખુદ બાળકોને મૂકવા માટે ઝડપથી પ્રવેશી રહ્યાં હતાં. દરવાજા ઉપર ધમાચકડી મચી હતી. પ્રાથમિકના અને માધ્યમિકના ચાર – પાંચ રિક્ષાવાળાઓ માહોંમાહે બાખડી રહ્યા હતા. ઘેટાં – બકરાંની જેમ લદાયેલ રિક્ષાઓને જોઈને કોઈના પેટનું પાણી સુધ્ધાં હાલતું નહોતું.

બરાબર પાંચ વર્ષ પહેલાં રિક્ષાવાળા માટે થોડા નિયમો ટ્રસ્ટીમંડળ પાસે શિવાનીએ બનાવડાવ્યા હતા. નિયત કરેલાં વિદ્યાર્થી જ રિક્ષામાં આરામથી બેસી શકે ને એ રીતે જ સલામત પહોંચાડવાં, મેદાનમાં નિયત કરેલ જગ્યાએ જ રિક્ષા ઉભી રાખવાની જેવા નિયમો બનાવડાવવામાં એણે અગ્રેસરનો ભાગ ભજવેલો. પણ આચાર્ય બદલાયા, ટ્રસ્ટી બદલાયા, સમય બદલાયો, મોંઘવારી વધી અને એની સાથે માનસ પણ બદલાયાં. જોકે વિષમ પરિસ્થિતિમાં પણ ઉત્તમ રસ્તાઓ કાઢી શકાતા હોય છે, પણ અહીં તો ઉપરથી નીચે સુધી જેણે પોલાણ ઊભું કરી પોતાના જ રોટલા શેકવા હોય ત્યાં સાચ–કાચને કોણ સ્થાન આપવાનું ? અને એવાના રસ્તામાં આડા આવનારની દશા કેવી થાય છે એ શિવાની સિવાય વધુ સારી રીતે કોણ સમજી શકે એમ છે ?

સહેજ આગળ વધી ત્યાં એક નાનું છાત્ર રડી રહ્યું હતું. એના સ્કૂટરની બ્રેક તરત જ લાગી ગઈ. સ્કૂટર પાર્ક કરી એણે બાળકની આંખો લૂછીને રડવાનું કારણ પૂછ્યું તો ખબર પડી કે રિક્ષામાંથી બહાર લટકાવેલાં દફ્તરના ઝમેલામાંથી એનું દફ્તર ક્યાંક પડી ગયું હતું અને હવે દફ્તર વિના વર્ગમાં કઈ રીતે જવાય ? એ બધાંની ઉપરનો, મહત્વનો અને ગંભીર

પ્રશ્ન તો એ હતો કે દસ–દસ વિષયોની લેસનની નોટબુકો એમાં હતી અને એ જો પાછી ન મળે તો દસ–દસ વાર માર ખાવાનો તો પાક્કો જ; એ ઉપરાંત નવેસરથી વર્ગકામ, ઘરકામ કરતાં મોઢે ફીણ ફીણ આવી જાય એ બીકે એ બાળક લાખ સમજાવવા છતાં રડ્યે જ જતું હતું.

પહેલાં તો રિક્ષાવાળા ઉપર જ બધો પુણ્યપ્રકોપ ખાલવીને શિવાની થોડી હલકી થઈ. પછી થોડી શાંત થઈને બાળક પાસે ઘરનો ફોન નંબર પૂછી એની મમ્મીને જલ્દી શાળામાં પહોંચવાની સૂચના આપી.

રિક્ષાવાળો બચાવ કરતાં કહે છે કે ‘ટીચર, હું દફ્તર ચોપડાના પૈસા આપી દઈશ તમે ફિકર શું કામ કરો છો ? શિવાની રિક્ષાવાળો કંઈક વધુ બોલવા જાય એ પહેલાં જ બોલી ઊઠે છે : ‘તમે આ બાળકના મુખ ઉપર હાસ્ય લાવી શકશો? તમે બધી જ નોટનું તમામ લેસન કરી શકશો ? માની લો તમારાં જ બાળક સાથે આવી ઘટના બને અને તમારું બાળક આમ જ ચોધાર આંસુએ રડે તો તમે શું કરશો ? ભાઈ, આમ દરેક વાતને પૈસાથી જોડી નથી શકાતી અને તમે એ પણ કેમ ભૂલી જાવ છો કે વાલીઓએ તમને એમનાં નાજુક ફૂલો એકમાત્ર તમારે વિશ્વાસે તમને સોંપેલા છે... જીવતાં નાનકડા શ્વાસો સાથે તમારો પનારો પડેલો છે એને આમ ક્રૂરતાથી કે બેફિકરાઈથી હેન્ડલ ન થાય ભાઈ... જેમ કાચનાં વાસણ ઉપર લેબલ લાગેલું હોય છે : ‘હેન્ડલ વિથ કેર’ બસ એમ જ, ખૂબ સાચવીને, હૃદયસરસાં રાખીને ઉછેરવાં પડે છે આ ફૂલોને !’

•

અનુક્રમણિકા

**08**

# દફ્તર ન મળે તો ?

મમ્મી જ્યાં સુધી પહોંચી નહીં ત્યાં સુધી એ બાળકને એણે પોતાનાં પર્સમાંથી ચૉકલેટ કાઢીને તેમ જ પોતાના નાસ્તામાંથી વેફર ખવડાવી, પાણી પાયું અને પોતાની નોટબુકનાં રફ પાનાંમાંથી નાની નાની હોડી બનાવી વહેતાં પાણીનાં ખાબોચિયાંમાં તરતી મૂકવા બાળકને આપી જેથી એ બાળક એનું દફ્તર ભૂલી જાય.

સેકન્ડ બેલ પ્રાર્થનાનો થયો. પ્રાથમિક વિભાગની પ્રાર્થના તો શરૂ પણ થઈ ગઈ હતી. સામેના બીજા મકાનમાં માધ્યમિક વિભાગમાં પણ હાર્મોનિયમ તબલાના સૂર વહેતા થઈ ગયા હતા. સૂર થોડા બેસૂરા થયા પછી વિદ્યાર્થિનીના કંઠે ‘એક જ દે ચિનગારી’ પ્રાર્થના શરૂ થઈ, પણ પ્રાર્થના છેલ્લે સુધી સૂરમાં ન ગવાઈ... શિવાનીનું મન આક્રોશ કરી ઉઠ્યું... આજે હું નથી તો શું થયું, વિદ્યાર્થિનીઓએ મારા વગર પણ ગાતાં શીખવું પડશે. “શિક્ષકો આંગળી પકડીને બાળકોને શાળાનાં દ્વાર સુધી લઈ જઈ શકશે એ પછીનું આકાશ તો એમણે એમની પોતાની જાતે જ પોતાની પાંખે જ ઉડવાનું છે. જાતના સારથિ જાતે જ થવું પડશે, એકલાં ઊડવું પડશે અને એકલાં જ વિકાસના રથને ખેંચવો પડશે !”

હાંફતી–દોડતી મમ્મી દરવાજામાં પ્રવેશી, બાળક દોડતું મમ્મીને વળગી પડ્યું. શિવાનીએ બાળક તેમ જ મમ્મીને રિક્ષાવાળા સાથે એની રિક્ષામાં બેસાડી દીધાં અને જે રસ્તેથી રિક્ષા આવી હતી એ તમામ રસ્તે દફ્તર શોધવાની સૂચના આપી ઝડપભેર પગ ઉપાડ્યા ત્યાં જ પેલું નિર્દોષ બાળક બોલી ઉઠ્યું : ‘થૅન્ક યૂ ટીચર’ અને મમ્મી પણ બોલી ઉઠી : “મૅમ થૅન્ક યૂ વેરી મચ.. આજે તમે ન હોત તો!” શિવાનીએ બાળકનું નામ અને વર્ગ જાણી લીધાં અને ધરપત પણ આપી જ દીધી કે જેથી બાળક ઘરે જઈને પણ રડે નહીં. એણે બાળકના માથે હાથ ફેરવતાં કહ્યું : “જો બેટા ! તારા તમામ ટીચરોને હું આ વાત કરીશ એટલે જો તારું દફ્તર ન મળે તો પણ ગભરાયા વિના કાલથી નવું નવું દફ્તર લઈને સ્કૂલે આવજે. અને હા, તારું આગલું લેસન હું ટીચર પાસે માફ કરાવીશ. હવે તો ખુશ ને ? ચલ જરા સ્માઇલ કરો બચ્ચા !” બાળક હસી પડ્યું... અને એ સાથે જાણે સ્કૂલનું સમગ્ર વાતાવરણ અને પેલો ઝરમરતો વરસાદ સુધ્ધાં હસી પડ્યાં.

માધ્યમિક વિભાગ તરફ સ્કૂટર એણે હંકાર્યું, પણ એક નવા જ યુદ્ધનાં રણકાર સાથે. કારણ કે પ્રાર્થનામાં એનો અવાજ ન સાંભળતાં મિ. ગુપ્તા સ્ટાફરૂમ સુધી ધસી જ આવ્યા હશે, ‘કેમ મોડાં પડ્યાં ?’ એવાં ધારદાર શસ્ત્ર ઉગામવાની તૈયારી સાથે !

“મિસિસ શિવાની, તમારી પાસે ઘડિયાળ છે ? કે પછી ઘડિયાળમાં જોતાં આવડતું નથી ? કે પછી શિક્ષણ કાર્યને પાર્ટટાઈમ બિઝનેસ સમજો છો ?” મિ. ગુપ્તાએ કોપાયમાન થઈને ઉગ્રતાથી વાક્બાણો છોડ્યાં.

શિવાની હજી એમને જવાબરૂપે સૉરી કહેવા મોં ખોલવા જ જાય છે ત્યાં એમણે બીજો ધડાકો કર્યો : ‘મિસિસ શિવાની, હાજરી પત્રકમાં સહી કરવાની ભૂલ ના કરશો, તમારી બેદરકારી રૂપે આજે કિરકોલ – આઈ મીન કૅઝ્યુઅલ રજા મુકાઈ ગઈ છે. આજે તમે ઘરે પાછાં જશો તો આવતીકાલથી તમે શાળાએ સમયસર હાજર રહી શકશો. જો તમે જ મોડાં આવશો તો તમે બાળકને કઈ રીતે શિસ્ત સમજાવી શકશો ? મિસિસ શિવાની, ગૉળની વધુ માત્રા શરીર માટે હાનિકારક છે એ સમજાવતાં પહેલાં, સમજાવનારે ખુદ ગૉળ ખાવાનું બંધ કરવું પડે છે, સમજ્યાં ?’

“પણ સર... હું તો પેલા રડતા બાળકને...’ વાત ફરીથી અધવચ્ચે જ કાપી નાખતાં મિ. ગુપ્તા તાડૂક્યા : ‘શિવાની મહેતા, યુ મે ગો નાઉ... નો આર્ગ્યૂમેન્ટ્સ ઍન્ડ નો મોર ડિસ્કશન !’

શિવાનીએ વિચાર્યું : ‘પથ્થર ઉપર પાણી... અરે ! ઊંધા માટલા પર પાણી નાંખીને વાતનું વતેસર કરવાની જરૂર નથી... સત્યને કદી ઝાંખપ લાગવાની નથી. આજે નહીં તો કાલે સત્ય બહાર આવશે જ આવશે !’ ઝડપભેર પ્રાથમિક વિભાગમાં જઈને પેલા છાત્રના વર્ગશિક્ષકને મળીને દફ્તર ખોવાયાની વાત અને એની તરફ સહાનુભૂતિ રાખવાની યાચના કરી શિવાની સ્કૂટરને કિક મારી મૂકે છે... કેટલા દિવસથી મંદિર પણ જવાયું નહોતું. આખો શ્રાવણ એમ જ પસાર થઈ ગયો એટલે શ્રાવણના છેલ્લા દિવસે કદાચ મહાદેવની જ ઇચ્છા હશે એટલે મિ. ગુપ્તાએ મારી સી. એલ. મૂકી હશે એવી હકારાત્મકતા કેળવીને સ્કૂટર સીધું મહાદેવના મંદિર પાસે અટકાવ્યું.

મંદિરની બહારના બગીચામાં સરસ મજાનાં ગુલાબ, મોગરા, ચમેલી અને જાસૂદના દડા ડોલી રહ્યાં હતાં. શિવાનીને ફરી પોતે તૈયાર કરેલ અને પાછળ છોડી આવેલ પોતાના આશ્રમનો બાગ યાદ આવી ગયો. આશ્રમ અને બાગ અને એથી વિશેષ વ્હાલી રંજનબાને છોડતી વેળા કેટલું રડી હતી એ... અરે ! એની સાથે આખો આશ્રમ જાણે રડી ઉઠ્યો હતો. ખુદ એણે તૈયાર કરેલ આખો બાગ પણ જાણે મૂક આક્રંદ કરી રહ્યો હોય અને કહી રહ્યો હોય કે શિવાની અમને છોડીને ક્યાં ચાલી ? હવે વહેલી સવારે ઊઠીને વ્હાલનો હાથ અમારી ઉપર કોણ પસારશે, કોણ ખાતર–પાણી સીંચશે અને કોણ કલાકો સુધી પાસે બેસીને પ્રેમની વાતો કરશે ?... ઓ...હ ! વ્હાલી શિવાની, તું અમને છોડીને ન જા... અમે તો તારા વિયોગમાં ફરી ક્યારેય નહીં ખીલી શકીશું !!"

આશ્રમ છોડતી વેળાએ પણ આગલા દિવસે બાને લઈને બાગમાં ગઈ હતી અને બાના તેમ જ બાગના ખોળે માથું મૂકીને પુષ્કળ રડી હતી. બાએ શિવાનીનું સિંચન કરેલું અને શિવાનીએ બાગનું સિંચન કરેલું. સિંચનની પરંપરાના અમૂલ્ય વારસાને પ્રકૃતિ પણ જાણે સલામ ભરી રહી હતી ! કલાકો સુધી એ બાના ખોળે માથું મૂકીને પડી રહી હતી. ભીતરનો ડૂમો પૂરેપૂરો ઠલવાયા પછી શિવાનીને થોડી શાંતિ થઈ હતી.

•

અનુક્રમણિકા

**09**

# સ્ત્રી અને અગ્નિપરીક્ષા

બા પણ રડી રહ્યાં હતાં, પણ અશ્રુને એણે પાળ તોડવાની મનાઈ ફરમાવી હતી. શિવાનીની વિદાય વેળા સુધી પૂરેપૂરી મક્કમતા રાખવાની હતી એટલે એણે એમના હૃદયાવેગો ઉપર ભારેખમ પથ્થર મૂકી તમામ સ્પંદનોને દબાવીને જડ બનાવી દીધાં હતાં. એમ પણ એક પછી એક દીકરી આશ્રમમાંથી સારા ઘરે વિદાય લઈ રહી હતી. યુવાન દીકરીઓ પરણીને અને નાનકડી દીકરીઓને નિઃસંતાન દંપતિઓ ગોદ લઈને ખુશી ખુશી વિદાય થતાં હતાં. એક એક દીકરીની વિદાય વેળાએ કલેજું ફાટી પડતું હતું. કારણ કે આ દીકરીઓની વેદનામાં એના જીવનની વેદના પણ સમાંતરે વણાયેલી હતી. વેદનાના પ્રકાર કદાચ જરાતરા અલગ, પણ વેદનાનું મૂળ તો બધાંનું સરખું જ હતું. કોણ ક્યાંથી આવ્યું અને ક્યાં જશે ? એ જેમ નક્કી નહીં તેમ બધાનાં ભૂત–ભાવિ, વર્તમાન પણ જરાય સ્થિર નહીં ! જીવનમાં પરિવર્તન એ કુદરતનો ક્રમ ખરો પણ આવું ગુમનામ પરિવર્તન અમારે જ લલાટે શા માટે લખાયું હશે ?!

કદાચ બા અને શિવાનીની વેદના બાગમાં એક સરખી મૌન બનીને વહેતી રહી. લાંબા સમય બાદ બા બોલ્યાં : ‘શિવાની, તું નસીબદાર છે કે તને અશ્વીન જેવો પતિ જીવનસાથી રૂપે પ્રાપ્ત થયો છે. શિક્ષક છે. ઉપરથી ગામમાં જમીન છે. સરસ્વતી અને લક્ષ્મી બન્ને એને વરેલી છે. ઉપરથી મારી આ લક્ષ્મી–સરસ્વતી એને મળવાની એટલે એનું તો જીવન ધન્ય થઈ જવાનું અને સાથે તારું પણ... ખરું ને બેટા ?’

‘બા, નસીબ કેવું છે ? એ તો ભાવિ જ નક્કી કરશે પણ અત્યારે મને મારો વર્તમાન છોડવાનું સૌથી વધારે દુઃખ છે.... તેનું શું ? બા, આવો સમય ફરી આવશે ખરો ?!’

‘શિવાની, કપરામાં કપરા સમય સામે લડવાની શક્તિ ઈશ્વરે સ્ત્રીઓને આપી છે. કારણ કે ઈશ્વરને પણ ખાતરી છે કે સ્ત્રીઓની સહનશીલતા અને ઔદાર્યને કારણે જ સંસારનું ગાડું સુપેરે ચાલે છે. મને પણ મારી શિવાનીની શક્તિમાં અને સહનશીલતા પર વિશ્વાસ છે !! મારી શિવાની જીવનની દરેક પરીક્ષામાં સફળ નીવડશે અને ધારેલાં લક્ષ્યો સુધી પહોંચી શકશે.’

'બા, ઈશ્વરે બધી અપેક્ષાઓ માત્ર સ્ત્રી પાસે જ શા માટે રાખી હશે ? તમામ કસોટી, તમામ અગ્નિપરીક્ષા તેમ જ તમામ જવાબદારીનો ભાર સ્ત્રી ઉપર જ શા માટે ?

શિવાનીના સવાલોની વણઝાર વધી જાય તે પહેલાં જ બા બોલ્યાં : 'શિવાની ઘણા બધા પ્રશ્નો એવા છે કે જેના જવાબો ખુદ સીતા, દ્રૌપદી, કુંતી, રુક્મિણ કે પછી મોટાં મોટાં ઉપનિષદકારો કે વિદ્વાનોને પણ મળી શક્યા નથી તો પછી મને કે તને તો મળવાના જ ક્યાંથી ? પણ હા, મારી એક શિખામણ ગાંઠે બાંધી રાખજે કે જ્યારે પ્રશ્નો ઊભા થાય ત્યારે ધીરજ રાખવી તેમ જ ઠાવકાઈ રાખવી ખૂબ જરૂરી બને છે, સમય સાથે દરેક પ્રશ્નોનો ઉકેલ આવે જ છે અને સત્યનો હંમેશાં વિજય થવાનો જ છે એવું વિચારીને ચાલવું, જેથી ખરાબ સમય ઝડપથી પસાર થઈ જશે... સમજી ?

શિવાની, જતાં પહેલાં તારે કંઈક જોઈતું હોય તો બોલ... કંઈક ખૂટતું હોય, કંઈક લેવું હોય... તો બોલ !'

'બા, મારે જે જોઈએ છે તે તમે આપી શકશો ?' 'હા, બેટા !'

બાને ક્યાં ખબર હતી કે એમનાથી જે આપી શકાય એમ નથી તે જ શિવાની ફરી માગવાની છે !

'બા, મારાં મા–બાપ કોણ છે ? હું આ આશ્રમમાં ક્યાંથી આવી અને કેવી રીતે આવી ?' શિવાનીના આ પ્રશ્નો સાંભળીને રંજનબાનું હૈયું ઘડીભર ભરાઈ આવ્યું. પહેલે તબક્કે તો એમ પણ થયું કે લાવ, દીકરી હંમેશને માટે જઈ રહી છે ત્યારે એની ભીતર લાગેલી આગને શાંત કરીને, પછી જ વિદાય આપું, પણ આ ક્ષણિક ઉભરો શાંત થતાં એમને આશ્રમના નિયમો યાદ આવ્યા અને અગાઉ થયેલ આવી જ ભૂલનું પરિણામ કેટલું ખરાબ આવ્યું હતું. એ યાદ આવતાં એ બોલી ઉઠ્યાં : 'જો બેટા ! મેં તને અગાઉ પણ કહ્યું હતું કે તારા અમુક પ્રશ્નોના જવાબ સમય આવ્યે હું તને, તું જ્યાં હશે ત્યાં આપવા માટે આવીશ.' બેટા, તું મારું આટલું બધું માન જાળવે છે, આટલો બધો પ્રેમ કરે છે, તને મારામાં ખૂબ જ વિશ્વાસ પણ છે તો આટલી હૈયાધરપત રાખીને શાંતિથી વિદાય થા કે, હું જ તારી માતા અને હું જ તારો પિતા ! તું મને જ્યારે પણ યાદ કરશે ત્યારે હું દોડતી આવીશ, તારાં દરેક સુખ–દુ:ખમાં તુ મને યાદ જરુર કરજે. હું તારી પાસે જ છું, એવો અહેસાસ તને જરૂર થશે. અને

હા ! બાને મળવા પણ આવતી રહેજે અને નિયમિત પત્ર અને ફોન કરવાનું ભૂલતી નહીં, સમજી ?'

'હા, બા... હું તમને નીયમિત મળવા આવીશ, નીયમિત પત્ર લખીશ... તમે જ મારા એક માત્ર...' અને બન્નેની આંખોમાં શ્રાવણ ભાદરવો સમગ્ર પાળા તોડીને વરસી રહ્યાં...

ભીતરે નાદ ઉઠ્યો... 'બા... બા...' અને એની સાથે શિવાની ચોંકી ઉઠે છે. બહાર એક બાળકી ઘંટારવ કરી રહી હતી. મંદિર બહાર બાગને બાંકડે ક્યારની બેઠી છે. ને ઝરમર ઝરમર ભૂતકાળ વચ્ચે ઝરમર ઝરમર વરસાદે એને વર્તમાનમાં આવવા પ્રેરી... પૂજારી શિવાનીને ઓળખી ગયા... 'અરે ! શિવાનીબહેન, આજે સ્કૂલે નથી ગયાં ?'

'ના પૂજારીજી... આજે બસ મંદિરે બેસવાનો ઉપક્રમ ઘડ્યોછે. કેટલી શાંતિ છે અહીંયાં ! જરાક વારમાં મન શાંત થઈ જાય છે...'

'પણ તમે તો ક્યારના બાગમાં જ બેઠાં છો. દર્શન કરવા જવાનાં કે નહીં?' આમ બોલતાં બોલતાં પૂજારી મંદિરના ગર્ભગૃહમાં જાય છે અને શિવાની ફરી ભૂતકાળનાં ગર્ભગૃહમાં પ્રવેશી જાય છે. ઉપરની ઝરમર તો શાંત થઈ જાય છે. પણ અંદરની ઝરમર તો અટકવાનું નામ નથી લેતી !

અશ્વિનની માંદગીને કારણે શિવાનીથી બાને મળવા આશ્રમ જવાતું નહોતું... પણ જ્યારે અશ્વિનને હૉસ્પીટલ દાખલ કરેલો ત્યારે બા દોડતાં આવેલાં. વિના બુકિંગે ટ્રેનમાં અથડાતાં કુટાતાં બિચારાં આવી ચડેલાં... કેટલાં નબળાં પડી ગયાં હતાં... અને છતાં એક સગી માની માફક આવતાંની સાથે શિવાનીને ભેટીને રડી પડ્યાં હતાં... કેટલો બધો નાસ્તો પોતાના હાથે બનાવીને લાવ્યાં હતાં... બન્ને માટે કપડાં અને આશ્રમમાં બનતી ચીજ–વસ્તુ પણ લેતાં આવેલાં. આટલી ઉંમરે પણ ચાર થેલાનું વજન ઊંચકીને આવ્યાં હતાં અને આવતાંની સાથે હાંફવા મંડી પડ્યાં હતાં.

•

અનુક્રમણિકા

## 10

# એક જ લહ્ર્યા

'બા તમારે આટલું વજન ઊંચકીને આ ઉંમરે આમ વગર બુકિંગે દોડી આવવાની શી જરૂર ? કશે પડ્યાં આખડ્યાં તો તમારું કોણ ?'

'અરે ! શિવાની, તમે માંદા–સાજા હોય અને હું દોડતી નહીં આવું તો તમારી કાળજી કરનારું પણ અહીંયાં છે કોણ ? તું તારું દીકરીપણું નિભાવે તો મને પણ મારું મા–પણું નિભાવવા દેને બેટા !!'

એ વાતને પણ કૈં કેટલાં વર્ષ થવાં આવ્યાં... બાની તબીયત હવે સારી રહેતી નથી અને પત્ર પણ હવે આશ્રમની દીકરીઓ પાસે લખાવે છે. એવો એમનો છેલ્લો પત્ર વાંચી હૈયું ભરાઈ આવેલું, પણ... આશ્રમ જવાનું પાછળ ઠેલાતું જ રહ્યું... અશ્વિનની માંદગી... એનો બગડતો જતો સ્વભાવ... એનું ચીડિયાપણું... ઉપરથી સ્કૂલમાં ચાલતા બખેડા અને આ દોડધામમાં ક્યારેક ક્યારેક અંદરથી આવતું તોફાન!

અંદરનું હોય કે બહારનું; બધાં જ તોફાન એણે એકલીએ જ પાર પાડવાનાં છે. ડૉક્ટરે તો ચોખ્ખું જ કહેલું કે અશ્વિનને કોઈ પણ પ્રકારનું ટેન્શન આપવું નહીં. કારણ કે જે કંઈ થયું છે તે હાઈ બ્લડ પ્રેશરની બીમારીને કારણે જ થયું છે અને એમ પણ એનો ઘરમાં બેસી બેસીને, ન વિચારવાનું વિચારી વિચારીને, ગુસ્સો વધી રહ્યો છે.

હું મારા પોતાનાં દ્વંદ્વ યુદ્ધ સામે લડું કે પછી અન્યના ! દૂર દૂર સુધી અફાટ રણમાં ભટકતી હોય તેમ ક્યાં સુધી ભટકતી રહી એની અંદર વિસ્તરેલા લૂ ઝરતાં રણમાં અને ત્યાં જ – 'બા... બા... તું ક્યાં છે ?' એમ બરાડતી એક નાનકડી દીકરી ત્યાંથી પસાર થઈ અને એ સાથે જ એ ત્યાંથી ઉભી થઈ ગઈ... અંદરનું બધું જ તોફાન ખંખેરીને એ ગર્ભગૃહ તરફ આગળ વધી. પેલી દીકરીને હવે એની બા મળી ગઈ હતી અને એ એની બાની આંગળી પકડીને હસતી હસતી ઘર તરફ જઈ રહી હતી. 'કાશ, મારા હાથને પણ બાની આંગળીનો ટેકો આજીવન મળ્યો હોત... અને એ સાથે એને બાનો અવાજ સંભળાયો...

'શિવાની, તું જ્યારે પણ મને યાદ કરશે ત્યારે ત્યારે હું તારી આસપાસ... તારી સાવ નજીક હોઈશ... થોડી ક્ષણ માટે આંખ બંધ કરજે. હું તને તારાં એ અંધારામાં અજવાસ બનીને મળીશ; એક નવી દિશાનો... હૂંફનો પ્રેમનો અજવાસ...!'

શિવાનીએ ક્ષણિક આંખ બંધ શું કરી... બા બરાબર એ જ પ્રેમાળ હાસ્ય સાથે આવી પહોંચ્યાં અને બોલ્યાં : 'શિવાની દર્શન કરીને જલદી ઘરે જા બેટા. આજે સમય મળ્યો છે તો અશ્વિનનું ચેક–અપ કરાવી આવ... એને કશેક ફેરવી લાવ...'

'પણ બા... વહેલી ઘરે જઈશ તો એને અનેક પ્રકારની ન કરવા સરખી શંકાઓ થશે એનું શું ?'

'શિવાની, તેં કપરામાં કપરા સમયે પણ નવી દિશાઓ શોધી છે... રસ્તાઓને સરળ બનાવ્યા છે, રણમાં મૃગજળ દોડાવ્યાં છે; તો આ તો તારે માટે સાવ નાનકડી વાત છે... જા બેટા... અશ્વિનને તારી જરૂર છે...'

અને એ સાથે જ એણે આંખ ખોલી; ગર્ભગૃહમાં શિવ–પાર્વતી... કૃષ્ણ–રાધા... રામ–સીતા...ની છબીઓ જાણે આશીર્વાદ પાઠવતી હોય એવું એને લાગ્યું... માથું નમાવતી વેળાએ જાણે બા ફરી બોલી ઉઠ્યાં : 'બેટા શિવાની ! પાર્વતી, સીતા, રાધા, રુક્મિણી... મંદિરની બધી જ દેવીઓ પણ અગ્નિપરીક્ષા આપીને પછી જ આ સ્થાને બિરાજી છે બેટા ! અગ્નિપરીક્ષામાંથી અણિશુદ્ધ પાર પડે એવા મારા તને આશીર્વાદ છે. એણે આંખ ઉઘાડીને ચકળવકળ ક્યાંય સુધી જોયા કર્યું. દરેક દેવીઓમાં જાણે 'બા' જ આશીર્વાદ આપતાં ઉભાં હોય એવું એને લાગ્યું ! હૃદય શાંત થઈ ગયું ! એક નવીન શક્તિસ્રોત ભીતરે પ્રગટ થયો હોય એમ એ મક્કમતાથી ડગ ભરતી ઘર ભણી પ્રયાણ આદરે છે.

ઘરે પહોંચી ત્યારે ગંગુબાઈ દીવાનખંડમાં કચરો કાઢી રહી હતી અને અંદરના રૂમમાં અશ્વિન બારી પકડીને ઉભા થવાની કોશિશ કરી રહ્યો હતો. સ્હેજ એની વ્હીલચૅર ખસી જતાં અશ્વિન પડી જવાની તૈયારીમાં જ હતો અને શિવાનીએ દોડીને એના બન્ને હાથ વડે મજબૂતાઈથી પકડીને ફરી વ્હીલચૅરમાં બેસાડી દીધો.

બન્નેના શ્વાસ જોરશોરમાં ધડકી રહ્યા હતા અને એ સાથે જ શિવાનીની આંખમાંથી શ્રાવણ ભાદરવો છલકાઈ ઉઠ્યો. એ અશ્વિનના પગ આગળ ફસડાઈ પડી એણે અશ્વિનના ખોળે માથું ઢાળી દીધું. ક્યાં સુધી શાંતિનું સામ્રાજ્ય છવાયેલું રહ્યું.

થોડી વારે અશ્વિને પૂછયું : 'સ્કૂલમાં રજા પડી ગઈ કે શું ?'

'ના અશ્વિન, મને ખબર હતી કે તારી વ્હીલચૅર આજે તારો સાથ છોડી દેવાની છે એટલે તારો હાથ પકડવા વહેલી આવી ગઈ !!' 'સાચી વાત છે ! શિવાની જેવી, હાથ પકડનારી હોય એને ભલા વ્હીલચૅરનું શું કામ, ખરું ને ?!'

'અશ્વિન તને આટલો વિશ્વાસ છે જ તો પછી પ્રયત્ન કરતો જ રહેજે... જેમ બને તેમ જલદી આ ખુરશી તારે છોડવાની છે ! હું તને આ ખુરશીમાં આ રીતે નથી કલ્પી શકતી...

મારો અશ્વીન તો ખૂબ જલદી ઘોડા દોડાવશે... ખૂબ જલદી એના લક્ષ્યનું આકાશ આંબશે... અને એ લક્ષ્ય પાર પાડવામાં હું હંમેશાં તારી સાથે છું !

ચાલ અશ્વિન, આજે વહેલી આવી છું. મારે તને શહેરમાં આવેલા મુંબઈના મોટામાં મોટા સર્જન પાસે લઈ જવો છે.'

'પણ શિવાની, એમની એપૉઇન્ટમેન્ટ લીધી છે તેં ?'

'અશ્વિન, એ માત્ર એક દિવસ માટે જ આવ્યા છે... પણ એ ખૂબ જ દયાળુ માણસ છે એવું મેં સાંભળ્યું છે.. મને વિશ્વાસ છે કે મારી મક્કમતા અને શ્રદ્ધા એમને પિગળાવવા માટે પૂરતી છે. ચાલ, જતાં પહેલાં તને જમાડી લઉં...' અને એમ કહી શિવાની રસોડા તરફ પ્રયાણ કરે છે.

ગંગુબાઈ શિવાનીને જોઈ ચમક્યાં. 'અરે ! શેઠાણીજી, ક્યારે આવ્યાં ? મેં તો તમને જોયા જ નહોતાં !'

'ગંગુબાઈ, મને શેઠાણીજી કહેવાની મેં તમને ના કહી છે... મને માત્ર બહેન કહેશો તો ચાલશે અને બીજી વાત એ કે, તમે દીવાનખંડના સોફા પાછળ કચરો કાઢતાં હતાં ત્યારે હું ચોર પગલે અશ્વિનનાં ઓરડામાં ચાલી ગઈ હતી. હવે ધ્યાન રાખજો; કદાચ મારી જગ્યાએ કોઈ બીજું પણ આ રીતે, ઘરમાં દાખલ થઈ જશે અને તમને બન્નેને ઉલ્લુ બનાવીને ઘર સાફ કરી જશે અને પછી તમારે ક્યારેય ઘર સાફ કરવાનું રહેશે જ નહીં ! બરાબર ને?!'

•

અનુક્રમણિકા

**11**

# શિવાનીનો આક્રોશ

"સૉરી... બહેનબા... સૉરી... શેઠાણીજી..."

"સારું... સારું... હવે... અંગ્રેજી આવડી ગયું તમને ! ગંગુબા... પેલા સરનામે જઈને તમારા પતિની ટ્રીટમેન્ટ ચાલુ કરી દીધી કે પછી ?"

"બહેનબા... તમારી હિંમતને કારણે હું જીતી જઈશ... બહેનબા... તમે કહો છો બરાબર એમ જ કરું છું હું... તમે દારૂના પૈસા આપવાની ના કહી હતી એટલે મેં દારૂના પૈસા આપવા બંધ કરી દીધા છે... બદલામાં જુઓ બહેન..." બરડા ઉપરથી સાડીનો પાલવ હટાવી એણે લાલ લાલ સોળ બતાવ્યા... શિવાનીના મોંમાંથી સિસકારો નીકળી ગયો. પેલા ગંગુબાઇના બરડે લાલ લાલ સોળ એની આંખમાં ઊભરાઈ આવ્યાં.

તીવ્ર રોષનો વિસ્ફોટ એનું ભીતર ફાડીને આંખમાં ઊભરાઈ ઊઠયો ! એ બરાડી, "ચાલ, ગંગુબાઈ હું તારી સાથે તારા ઘરે આવું છું, એ નરાધમને મારે જોવો છે. પેટે પાટા બાંધીને ત્રણ ત્રણ છોકરાં તેમ જ ચોથા ધણીને પોષતી, ઉપરથી દારૂ પિવડાવતી અને એનાથી વધુ દયનીય કે રાત પડે ને માર ખાતી... એવી તને ધન્ય છે, ગંગુબાઈ તને ધન્ય છે ! પણ મેં આપેલી રકમ... દવાખાનું... ટ્રીટમેન્ટ..."

"બહેનબા... ત્રણે દીકરાની શપથ આપી છે... ઉપરથી એની આઈ શપથ પણ દીધી છે, એટલે હવે આજે દવાખાને આવવા તૈયાર થયો છે..."

"ખેર ! ગંગુબાઈ આજે ટ્રીટમેન્ટ લેવા ન આવે તો મને કહેજે, હું સાંજે તારે ઘરે આવીશ... દારૂ તો એણે છોડયે જ છૂટકો છે... ગંગુબાઈ આ કેન્દ્રમાંથી ભલભલા દારૂ છોડીને જ બહાર નીકળે છે. બસ આમાં તું મક્કમ રહેજે... અને એ પણ ન ભૂલતી કે તારે ત્રણ છોકરાં પણ ઉછેરવાના છે... અને હા... જરૂર પડે તો હું તારી સાથે છું !"

"બહેનબા, તમારો વિશ્વાસ અને મક્કમતાને કારણે તમે તમારી બાજી પણ જલદી જીતી જશો અને તમારા વિશ્વાસે હું પણ જીતી જઈશ... બહેન... હું તો કદાચ જીતું કે હારું પણ... તમે જલદી જલદી તમારી બાજી જીતી જાઓ, એવી હું ઉપરવાળાને રોજ પ્રાર્થના કરું છું... ગણપતિબાપાની મેં બાધા પણ રાખી છે... ભાઈ ચાલતા થઈ જશે, ત્યારે હું ગણપતિબાપાની મૂર્તિ માંડવાની છું... બાપાની પધરામણી મારી ઝૂપડીમાં કરવાની છું... બાપા કરે ને ભાઈ જલદી સારા થઈ જાય... હે દેવા ! તું મારી બહેનબાની કસોટી લેવાનું બંધ કર... દેવા... હે દેવા... હે દેવા..." બોલતી... બોલતી ગંગુબાઈ... 'મી આતી', કરતીક ને, બીજા ઘરે વાસણ–કપડાં કરવા નીકળી જાય છે.

"મારાં કરતાં તો ગંગુબાઈની અગ્નિપરીક્ષા વધારે કઠણ છે..." અશ્વિનને જમાડતાં જમાડતાં શિવાની ગંગુબાઈની કરમ કઠણાઈ વિશે વિચારી વિચારીને એની પોતાની કરમકઠણાઈને હળવી કરતી રહી અને અશ્વિન શિવાનીની મક્કમતા, પ્રેમ, વિશ્વાસ અને ધીરજ જોઈને મનમાં ને મનમાં વિચારી રહ્યો કે, "હવે તો યુદ્ધ એ જ કલ્યાણ !" હવે આ લડાઈમાંથી મારે પાર ઊતર્યે જ છૂટકો... કારણ કે જયાં સુધી હું પાર ન ઊતરીશ, ત્યાં સુધી શિવાનીએ પણ હર ક્ષણે સળગ્યા જ કરવાનું છે અને હું, હવે લાંબો સમય શિવાનીને સળગવા નહીં જ દઉં !"

હૉસ્પિટલમાં લાંબી લાઇન જોઇને અશ્વિન બોલ્યો : "શિવાની આપણો પત્તો નહીં લાગે... ચાલ ઘરે પાછાં જઈએ."

"ના અશ્વિન, તારી તપાસ કરાવ્યા વિના હું અહીંથી હટવાની નથી." શિવાનીના દૃઢ વિશ્વાસ સામે અશ્વિનને ચૂપ રહેવામાં જ મજા છે એમ લાગ્યું.

ત્રણ કલાક થવા આવ્યા, આખરે શિવાની કંટાળી અને ઊભી થઈને હજી અંદર જવા પ્રયત્ન જ કર્યો ત્યાં પટાવાળાએ રોકી. શિવાનીએ એનો હાથ પકડી નીચે કર્યો અને બોલી : "હું હમણાં જ અંદર જઈશ..."

"પણ બહેન, ડૉકટરે સવારથી કશું ખાધું–પીધું નથી... હમણાં જરા નાસ્તો કરવા બેઠા છે ત્યાં વળી તમે અંદર જશો તો મોટા ડૉકટર મને ખીજવાશે... અને મારી નોકરી તો ગઈ જ સમજો બહેન ! મારી વાત સમજો પ્લીઝ..."

અને એની વાત પૂરી થાય તે પહેલાં જ શિવાની ડૉકટર સામે હાથ જોડીને એકીશ્વાસે બોલી ઊઠી :“હું એક શિક્ષિકા છું, મારું આગળ–પાછળ કોઈ નથી, સિવાય મારા પતિ... આજની તક ગુમાવવી મને પાલવે એમ નથી અને આ રીતે વ્હીલચૅરમાં લાંબો સમય અશ્વિન પસાર કરે... યુવાનીની અમૂલ્ય ક્ષણો... એનાં સપનાં... એનું જીવન... આમ મારી નજર સામે વેડફાતું રહે અને હું હાથ પર હાથ જોડી સાપેક્ષભાવે જોયાં કરું... કયાં સુધી ? ડૉકટર, કયાં સુધી... વિજ્ઞાન... તબીબવિજ્ઞાન આટલું બધું આગળ વધ્યું છે... એમ બણગાં ફૂંકનારા ડૉકટરો શું એક માણસને હરતો–ફરતો–ચાલતો ન કરી શકે ?!”

સડસડાટ ધસી આવનાર અને ધડાધડ આક્રોશ ઠાલવનાર શિક્ષિકાને આ રીતે વ્યથા ઠાલવતી જોઈને ડૉકટરોની આખી ટીમ અવાચક બની ગઈ. શિવાનીને પ્રેમથી ખુરશી ઉપર બેસાડતાં એક ડૉકટરે પહેલાં શાંતિથી પાણી પીવા અને પછી પોતાની આપવીતી જણાવવા વિનંતી કરી.

મારે મુંબઈથી આવેલા ડૉકટર નાયકને મળી મારા પતિની સારવાર કરાવવી છે, મારે એમની સલાહ લેવી છે અને એટલું બોલતાં જ ડૉકટર નાયક શિવાની તરફ જોતાં બોલ્યા : “મિસિસ શિક્ષિકાબહેન, તમે તમારા પતિને અંદર લઈ આવો. હું મારાં આરામના સમયમાંથી થોડો સમય તમારે માટે ફાળવીશ, કારણ કે હું પણ આજે અહીં સુધી પહોંચ્યો એની પાછળ પણ મારા ગુરુજનોનો જ સિંહફાળો રહ્યો છે !”

“પણ ડૉકટર ! તમે તો હજી જમ્યા પણ નથી અને આમ...” એક નર્સે હજી વાત શરૂ કરી ત્યાં ડૉકટર નાયકે એની વાતને વચ્ચેથી કાપતાં કહ્યું : “સિસ્ટર, કયારેક કોઈ ધર્મને આપણાં પેટ કરતાં પણ વધુ અગ્રિમ સ્થાને સ્થાપવામાં આપણી સાથે સાથે સમગ્ર સમાજનું પણ કલ્યાણ થતું હોય છે, અને જયારે ધર્મ સચવાશે ત્યારે જ આપોઆપ સમાજ પણ સચવાશે. ફરજથી વધારે મોટો ધર્મ બીજો કયો હોઈ શકે ? અને હા, સિસ્ટર... આ બહેનની મીઠી વાણીથી મારું પેટ એમ પણ ભરાઈ ગયું છે... મિસિસ શિક્ષિકાબહેન...”

•

અનુક્રમણિકા

12

# પ્રાર્થના સભા

“સૉરી ડૉક્ટર, મારું નામ શિવાની મહેતા છે... હું અને મારા પતિ શિક્ષક છીએ,”

‘ઇટ્સ ઑલ રાઇટ, હવે તમે ઝડપથી તમારા પતિદેવને અંદર લઈ આવો... મારા બીજાં પેશન્ટ એમની ધીરજ ગુમાવી દે તે પહેલાં હું તમારી આજ્ઞાનું પાલન કરી લઉં.”

ડૉક્ટરે અશ્વિનને બરાબર તપાસીને જરૂરી દવા, જરૂરી કસરત તેમ જ ફરી ક્યારે એ આવનાર છે તે પણ શિવાનીને જણાવી દીધું... શિવાનીની આંખોમાં કૃતકૃત્યાના ભાવો આંસુ રૂપે છલકાઈ જાય છે. પર્સ ઉઘાડી ડૉક્ટરની ફીનું કવર ડૉક્ટર સામે ધરે છે. એણે ડૉક્ટરનો આભાર કઈ રીતે વ્યક્ત કરવો એ સમજાતું નથી. જ્યારે ધસી આવી હતી ત્યારે કૈં કેટલું બોલી જનાર શિવાની જતી વેળાએ જાણે આભારની લાગણીનાં બોજ હેઠળ દબાતી તેમ જ લજવાતી હોય એમ... અશ્રુભરી આંખે ડૉક્ટરને... જોઈ રહે છે... એની તંદ્રાને તોડતાં ડૉક્ટર નાયકનો પ્રેમાળ હાથ શિવાનીના ખભે અડે છે... અને ડૉક્ટર બોલે છે : ‘શિવાનીબહેન, સાચા શિક્ષકોનો તો સમાજ હંમેશનો ઋણી છે... હતો અને રહેશે... આ કવર સાચવીને મૂકી દો... માર્કેટમાં દવા ખૂબ મોંઘી મળે છે... અને હા... થોડું ઋણ ઉતારવાનો અવસર આપ્યો તે બદલ આભાર... મિ. અશ્વિન, તમારી પાસે શિવાનીબહેન જેવી મજબૂત લાકડી છે... તમારે હવે ઝડપથી વ્હીલચૅર છોડવાની છે... બરાબરને ? ટેઇક કેર ઍન્ડ બેસ્ટ લક... મિ. અશ્વિન...”

શિવાની હજી વ્હીલચૅરને ફેરવવા મથે જ છે ત્યાં ડૉક્ટર ફરી બોલી ઊઠે છે : ‘મિ. અશ્વિન... દવા પણ ત્યારે જ કામ કરે છે જ્યારે માનવીનું મન... રોગીનું મન... સારા થવા માટે સક્રિય બને... મરણિયું બને... મિ. અશ્વિન, આફ્ટર ઑલ યૂ આર ઓલ્સો અ ટીચર... દુનિયા આખીને ભણાવનાર તમને, ભલા... હું ભણાવનાર કોણ ?’

આખે રસ્તે શિવાની અને અશ્વિન વિચારતાં રહ્યાં કે ‘દુનિયામાં સારાં માણસો પણ છે... અને કદાચ એવાં થોડાં માણસો થકી જ આ દુનિયા ચાલી રહી છે !’

'શિવાની, તેં એવો તે શો જાદુ કર્યો ડૉક્ટરે એમના લંચ સમયમાંથી સમય કાઢીને મને તપાસ્યો અને ઉપરથી પૈસા પણ ના લીધા ?'

'અશ્વિન... જયારે માણસની અંદરની તાકાત કામે લાગે છે ત્યારે ભલભલા વિકટ રસ્તાઓ પણ આસાન, સરળ બની માર્ગ આપે છે અને અશ્વિન, આજે તો પાછો શિવાનીમાં રહેલો શિવ જાગ્રત થયો હતો અને એનાં તાંડવ હેઠળ તો... નવાં સર્જન થયે જ છૂટકૉ... ખરુંને અશ્વિન ?'

'શિવાની, તારી અંદરનો શિવ જાગૃત થાય છે ત્યારે મને કેમ ડર લાગે છે? મને કેમ થાય છે કે કંઈક ખોટું, કંઈક ખરાબ થવાનું છે ?'

'અશ્વિન, તું મારી સાથે છે ત્યાં સુધી કશુંય ખોટું થવાનું નથી... અશ્વિન ડૉક્ટરે શું કહ્યું છે ? ખબર છે ને તને, કે દવા પણ ત્યારે જ કારગત નીવડે છે જયારે રોગી મનથી સબળ બને... જો તારે હવે ડૉક્ટરના કહ્યા પ્રમાણે એક પણ ખરાબ વિચારને મનમાં આવવા દેવો નહીં. બી પૉઝિટિવ... તારી આ લાકડી પર વિશ્વાસ છેને ?' એટલું બોલીને શિવાનીએ રસોડા તરફ પ્રયાણ કર્યું.

'એક સાથે કૈં કેટલા પ્રલયનો સામનો શિવાની કરી રહી છે... શિવાની તારા મુખ ઉપર ભલે હાસ્ય રાખીને ફરે છે પણ અંદરનો લાવા તને કેટલો પ્રજાળે છે એ મને ખબર છે... તું મહોરું પહેરીને મારી સામે આવે અને મને ખબર ના પડે ? તમામ અધૂરી છોડેલી લડાઈ... અધૂરી છોડેલી જવાબદારી હસતે મોઢે વહન કરવાનું તો કૉઈ તારી પાસેથી શીખે ! તારો રસ્તો સરળ કરવા પણ હવે ઝડપથી સારો થયે જ છૂટકૉ... હા શિવાની... હું સારો થઈશ... સારો થઈશ... તારે માટે... શિવાનીને માટે પણ સારો થઈશ... ચાલતો થઈશ... દોડતો થઈશ...'

બીજે દિવસે સવારે શાળાનાં ગેટમાં જ અવિનાશ એને થોભાવે છે. 'શિવાની કેમ કંઈ બોલતી નથી ? રિસેસમાં પણ ચા–નાસ્તો કરવા આવતી નથી ? તું કયાં ખોવાઈ ગઈ છે?'

'અવિનાશ, હું હવે લાઇબ્રેરીમાં બેસીને 'કર્મનો સિદ્ધાંત' નામનું પુસ્તક વાંચી રહી છું અને એ પતે એટલે ઉપનિષદ્ વાંચવા વિચાર્યું છે.' શિવાની આટલું બોલીને સ્કૂટર ચાલું કરે છે ત્યાં અવિનાશ ફરી રોકવાનો પ્રયત્ન કરતાં પૂછે છે : 'પેલી મીટિંગમાં પછી શું થયું ? અને હા કાલે તો તું સવારે આવી હતી; પછી તારી સી. એલ. શા માટે ગણી હતી ?'

'અવિનાશ, મારા ઉપર મુકાયેલ આરોપના મેં મિ. ગુપ્તા પાસે પુરાવા માગ્યા છે અને એ એક પણ પુરાવા આપવા માટે સમર્થ નથી જ, એ મને ખબર છે. અને કાલે એક વિદ્યાર્થીનું દફતર રિક્ષામાંથી પડી ગયું હતું એની બબાલમાં થોડું મોડું થતાં મારી સી. એલ. રજા ગણી... ખેર એ બહાને મને આરામ મળી ગયો... અવિનાશ તારું વાચન કેમ ચાલે છે? કંઈ નવું વાંચ્યું કે પછી... ?' અને ત્યાં જ ઘંટ રણકયો. બન્નેએ ઝડપથી સ્કુટર હંકારી મૂકયાં.

'હવે તો દરેક ઓરડામાં કૅમેરા મુકાઈ ગયા છે એટલે દરેકે દરેક વાતની સાબિતી મિ. ગુપ્તાને મળશે અને સાથે સાથે કામચોર લોકોને પણ કામ કરવું પડશે તે નફામાં; ખરુંને રોનક ?' મિ. રાજન જાણી જોઈને શિવાનીને સંભળાવતો હોય એમ મોટેથી બરાડા પાડીને બોલતો હતો. શિવાની સમજી ગઈ કે આ કૅમેરા કોને માટે લગાવ્યા છે. જો કે, અવિનાશથી રહેવાયું નહીં, એ તાડૂકી ઊઠયો : 'રાજન, એ તો એવું છે કે, આ કૅમેરા પણ એવા હોય છે કે, એણે જેની તસવીર પાડવી હોય એની જ તસવીર પાડે અને જેની ન પાડવી હોય ત્યાં એ આપોઆપ બંધ થઈ જતા હોય છે. આપણા પ્રિન્સિપાલે ખૂબ જ આધુનિક કૅમેરા લગાવ્યા છે. જોઈએ, હવે કૅમેરા વર્ક યુકત શિક્ષણ કેટલું સત્ત્વશીલ અને ન્યાયી નીકળે છે ? અરે હા, રાજન હવે તારાથી ટ્યૂશન માટે બરાડા નહીં પડાશે, કારણ કે અવાજ પણ રેકૉર્ડ થવાનો છે. હોં ! અને ગપ્પાંબાજી, તે પણ વિષયવસ્તુમાં ! ના બાબા ના... એ તો જરાય ચાલશે નહીં... ખરુંને રોનક ?'

રોનકની તો રોનક જ ઊતરી ગઈ. એક તરફ ટ્રસ્ટીનો દીકરો, એક તરફ અવિનાશ અને શિવાની તો ત્રીજી તરફ સ્ટાફરૂમમાં મુકાયેલા કૅમેરા !

'રોનક પાસે રોનકની અપેક્ષા રાખવી વધારે પડતી છે, ખરુંને ?' એમ બોલી સિનિયર શિક્ષક રમેશભાઈ ખડખડાટ હસી પડયા અને એ સાથે સ્ટાફરૂમમાં બેઠેલાં સર્વે શિક્ષકો હસી પડયાં... અને ત્યાં જ મિ. ગુપ્તા દાખલ થતાં જ... ધૂંઆપૂંઆ થઈને બોલ્યા :

‘શેનું હસવું આવી રહ્યું છે ? શિવાનીબહેન ! પ્રાર્થનાની તૈયારી કરવાની નથી તે આમ ખડખડાટ...’

‘સર હજી સેકન્ડ બેલ થયો નથી અને બાળકો પણ હજી આવ્યાં નથી.’

‘નથી આવ્યાં તો માઈક ચાલુ કરીને બોલવો... બાળક સાથે તમારે પણ બાળકવેડા કરવાના...’

‘પણ હજી સેકન્ડ બેલ થવાનો વાર છે !’ અવિનાશથી ન રહેવાતાં વચ્ચે જ બોલી ઊઠ્યો...

‘બરાબર પાંચ મિનિટ ને દશ સેકન્ડની વાર છે...’

‘અવિનાશ, મારે તમારી સલાહની જરૂર નથી; સ્કૂલ કેમ ચલાવવી એ મને આવડે છે અને બીજું કે, હું તમારી સાથે વાત કરતો નથી... માટે તમારે વચ્ચે બોલવાની જરૂર નથી...’

‘પણ આમ સ્ટાફમાં કોઈને પણ અન્યાય થશે તો કોઈકે તો બોલાવું જ પડશેને ? આમ, રોનકની જેમ હાજીહા કરતાં રહીશું તો આજે બહેન શિવાનીને સપડાવવા જાળ નાખી છે, કાલે તમે બીજાંને હેરાન કરશો... વર્ષોથી બહેન શિવાની પ્રાર્થના કરાવતા આવ્યાં છે.’

‘અગાઉ એક પણ આચાર્યે એમની નિષ્ઠામાં શંકા નથી કરી અને જો તમને શંકા હોય, તો પ્રાર્થનાસભાની જવાબદારી અન્યને કેમ સોંપી દેતા નથી ?’ અવિનાશ પૂરી ઉગ્રતાથી એકી શ્વાસે બોલી ગયો અને ત્યાં સેકન્ડ બેલ થતાં જ બાળકો પ્રાર્થના માટે દોડી આવ્યાં અને શિવાની પ્રાર્થનારસમાં પોતાને વહાવી રહી...

•

અનુક્રમણિકા

13

# આવ રે વરસાદ...

પ્રાર્થના પૂરી કરી શિવાની વર્ગ ભણી જવાની તૈયારી કરે છે ત્યાં પેલાં કાલે, દફતર ખોવાયેલ બાળક અને તેની મમ્મી અને રિક્ષાવાળો દોડતાં આવે છે અને શિવાનીનો આભાર માનતાં કહે છે : 'ટીચર, કાલે તમે મારા બાળકને સાચવી લીધું અને ફોન કરી મને બોલાવી તો દફતર પણ મળી ગયું અને અમે મોટા સંકટમાંથી ઊગરી ગયાં, નહિતર મારું બાળક કઈ રીતે આટલું બધું લેસન કરી શકતે ? આજે આણે જ જીદ કરી કે મમ્મી, આપણે પેલાં ટીચરને થૅન્ક યૂ કહેવાં જવાનાં... થૅન્ક યૂ મૅમ... પેલું બાળક કાલુ કાલુ બોલી ઊઠે છે... સ્ટાફમાં બેઠેલાં શિક્ષકો અને આચાર્ય ગુપ્તા તો આ વાત સાંભળીને અવાક્ જ થઈ ગયાં...

'આચાર્ય સાહેબ, કાલે તમારા આ ટીચરે અમને ખૂબ જ મદદ કરી હતી...' આચાર્ય તો બોલે તો પણ શું બોલે ?

એણે જ તો ગઈકાલે વગર વિચાર્યે શિવાનીની સી. એલ. મૂકી હતી ! 'જોયું સાહેબ, આમ કારણ જાણ્યા વિના કોઈ શિક્ષકની સી. એલ. મૂકી ના દેવાય–બહેન શિવાનીના સુંદર કામને ધન્યતા તો નહીં બક્ષી; પણ સી. એલ. બક્ષતા આચાર્ય તો આખા શહેરમાં એક માત્ર તમે જ છો...' એમ કહેતાંક ને અવિનાશે વર્ગ તરફ પ્રયાણ આદર્યું... જાણીજોઈને બીજાં બે–ચાર, તમાશો જોતાં શિક્ષકો પણ આચાર્ય તરફ તીક્ષ્ણ નજર નાખતાં ત્યાંથી બહાર નીકળી ગયા. જાણે કે, આચાર્યના વ્યકિતત્વનો પૂરોપૂરો બહિષ્કાર... બીજું કૈં નહીં...

એક સિનિયર શિક્ષિકા ખૂણામાં બેસીને કયારનાં તમાશો જોઈ રહ્યાં હતાં... આમ તો એઓ ઘણા દિવસથી બધું ધ્યાનથી અવલોકન કરી રહ્યાં હતાં. એઓ બોલી ઊઠયાં : 'જેમની ઉપર કૅમેરા ગોઠાવવાના છે ત્યાં કૅમેરા ગોઠવાતા નથી અને બીજા ઉપર ધ્યાન રખાય છે. એ તો ઠીક મારા ભાઈ, પણ જે ચોર હોય તેને જ, ફકત પોલીસનો ડર લાગે, બાકી તો...!'

'કેમ દેવયાનીબહેન, તમે કોને સંબોધીને કહી રહ્યાં છો ?' 'કૈં નહીં મિ. ગુપ્તા, આજકાલ આ સ્કૂલમાં બધાં જ શિક્ષિકો ભીંતો સાથે વાત કરતાં શીખી ગયાં છે અને કદાચ હવે પછી કૅમેરા સાથે પણ !' ફ્રી તાસમાં સ્ટાફ રૂમમાં બેઠેલાં ચાર–પાંચ શિક્ષકો જોરથી હસી પડે છે અને મિ. ગુપ્તા મનમાં જ કંઈક બબડતાં બબડતાં ત્યાંથી બહાર નીકળી જાય છે. બહાર ઝરમર ઝરમર વરસાદ તમામ વાદળોને હટાવીને પોતાનો રસ્તો કરીને ધરતીને પલાળી ધન્યતા અનુભવી રહ્યો હોય એમ લાગી રહ્યું હતું. કૈંક એવાં જ વાદળો ધીરે ધીરે જીવનમાંથી હટતાં જશે અને એના જીવનમાં પણ ભીનાં ભીનાં સુખનો વરસાદ વરસશે...

આમ લીલી–સૂકી તો જીવનનો ક્રમ છે જ એ મને કયાં ખબર નથી...? આવશે લીલો પ્રદેશ... હરિયાળી... પણ જરૂરથી આવશે... ઉપરવાળો પણ કયારેક તો પરીક્ષા લઈને કંટાળશેને ?

વર્ગખંડમાંથી પણ વરસાદથી ઝરમર ઝરમર જોઈ શકાતી હતી... મીઠા મધુ ને મીઠા મેહૂલા રે લોલ... કવિતા હજી ગઈકાલે જ પૂર્ણ કરી હતી અને હવે આજે વર્ષાૅઋતુ નિબંધ લખાવવાનો હતો... પણ વરસાદમાં ભીંજાયા વિના વર્ષાૅઋતુ નિબંધ કઈ રીતે લખાવવો ? 'ચાલો, સૌથી પહેલાં આપણે રફ નોટબુકમાંથી એક પાનું ફાડીશું અને હોડી બનાવીશું. કયું બચ્ચાંલોક ! આપકો નાવ બનાની આતી હૈ ન?' જયારે શિવાની કંઈક નવું કરવાની હોય ત્યારે બાળકો સાથે હિન્દી કે અંગ્રેજી ભાષામાં નાટકીય સંવાદરૂપે ચર્ચા કરતી અને બાળકો પણ હિન્દી... અંગેજીમાં જ જવાબ આપતાં.

'હાઁ ટીચર, આપકે બચ્ચે નાવ બનાયેંગે...'

'તો જલદી કરો,'

ઔર ધીરે ધીરે બહાર જા કે પહેલે બરસાત ઔર ફિર નાવ કૈસે ચલતી હૈ ઉસકા અનુભવ કરેંગે, કયા બચ્ચા લોક બારિશ ઔર નાવ દોંનો કો આત્મસાત્ કર સકેંગે ?'

'હાઁ...' બાળકો જોરથી ખુશ થઈને બરાડી ઊઠયાં.

જન્મોથી કેદમાં પુરાઈને પોતાનું અસ્તિત્વ ભૂલી ચૂકેલાં કોઈ પંખીની જેમ બાળકો પોતેપોતાની હોડી લઈને શિવાનીએ ગવડાવેલ 'આવ રે વરસાદ... ઢેબરિયો પરસાદ... ઊની ઊની રોટલી ને કારેલાંનું શાક...' ગાતાં ગાતાં કતાબંધ બહાર નીકળીને પરસાળની કિનારીએ ગોઠવાઈ જાય છે અને પોતપોતની હોડી પાણીમાં તરતી મૂકીને કોની હોડી સામી પરસાળમાં પહેલી પહોંચે, કોની હોડી ઊંધી વળી જાય એ જોતાં જોતાં ચિચિયારી અને આનંદથી ખિલખિલ થતાં ગુંજી ઊઠે છે... બાજુના વર્ગમાં ગણિતનો તાસ ચાલતો હતો અને બીજી તરફ ઇતિહાસનો. શિવાનીનાં બાળકોનું હોડીપણું એટલું વિસ્તર્યું કે આજુ–બાજુના તમામ વર્ગખંડનાં બાળકોએ નોટબુકોમાંથી એકએક પાનું ફાડી છાનીમાની હોડી બનાવવાની શરૂ કરી દીધી. એક પણ બાળકને હવે ગણિત, ઇતિહાસ, ભૂગોળ, સંસ્કૃતમાં રસ પડે પણ કયાંથી ? કારણ કે બહાર પરસાળમાં હોડીઓની રેસ અને આનંદ કિલ્લોલની છોળ ઊછળી રહી હતી. એક વિદ્યાર્થી શીવાની પાસે આવીને બોલ્યો : 'ટીચર મેં બે હોડી બનાવી હતી. એક મારે માટે અને એક તમારે માટે. ટીચર ચાલો, આપણે બંને સાથે બસીને હોડી હોડી રમીએ અને જોઈએ કે કોની હોડી પહેલી પહોંચે.'

શિવાની એકદમ ભાવવિભોર બની ગઈ ઝડપથી પેલા વિદ્યાર્થીનો હાથ પકડીને પરસાળને નાકે પહોંચી ગઈ અને હોડી તરતી મૂકી, ભગવાનને પ્રાર્થના કરવા લાગી કે 'હે પ્રભુ ! મારી હોડી ડુબાડીને પણ આ બચ્ચાની હોડીને તરતી રાખજે... એને જલદી સામે પાર લગાવજે. કારણ કે મેં તો ઘણી મજલ કાપી નાખી છે, જ્યારે આ બાળકે તો હજી ઘણી લાંબી મજલ કાપવાની છે !' એ કયાં સુધી હોડી તેમ જ બાળકના હસતા ચહેરાને અવલોકતી રહી... એ મનમાં ને મનમાં જ વિચારીતી રહી... એક દિવસ હું પણ આવા જ એક દીકરાની મા બનીશ અને એ બાળક મને એની પોતાની હોડીમાં બેસાડી દૂર સુદૂર દેશ–પરદેશ... મારી મનગમતી દુનિયાની સફર કરાવશે. હું અશ્વિન અને એ નાનકડો પ્રાણ... અમારી આહ્લાદક દુનિયા. એક કલરવતી દુનિયા અને ત્યાં જ પેલો વિદ્યાર્થી તાળી પાડતો શિવાનીના ખભે હાથ મૂકીને બરાડે છે : 'ટીચર તમાંરા ડબ્બા ગુલ... યૂ આર ફેઈલ... તમે નાપાસ... હે... હે... હે... હે...' ટીચરની હોડી ઊંધી વળી ગઈ' અને બીજાં બચ્ચાલોક પણ તાળી પાડવા માંડયાં... 'ટીચરની હોડી ડૂબી ગઈ... ટીચરની હોડી ડૂબી ગઈ...' અને શિવાની એકદમ ચોંકીને પોતાની ડૂબેલી હોડીને કારણે બચ્ચાંલોકની હસતી દુનિયા નિહાળીને પોતે પણ તાળી પાડવાં માંડે છે... આ શોરબકોરને કારણે બીજા વર્ગમાં ચહલપહલ મચી જાય છે. મિ. રોનકમાં થોડી હિંમત આવે છે એ પણ બારણાંમાં આવીને તાળી પાડે છે. અંદર

બેઠેલાં બાળકો તાળી પાડીને પોતાની છુપાવેલી હોડી રોનક સરને બતાવે છે અને રોનક સર પીગળી જાય છે. હારબંધ બહાર આવો, આ તાસની છેલ્લી પાંચ મિનિટ હોડી તરાવી શકો છો. અને એ સાથે જ એ પરસાળના દસેદસ વર્ગ પોતપોતાની પરસાળમાં હોડી તરાવવા લાગી જાય છે.

એક રમણીય, અદભુત અને નિર્દોષતાસભર વાતાવરણમાં જાણે ઉપરવાળો ખિલખિલ હસતો હસતો તાળી પાડતો – રિમઝિમ રિમઝિમ વરસી રહ્યો હતો... પિંજરાનું બારણું ખૂલતાં પંખી સ્વૈરવિહાર કરે એમ બધાં જ બાળકો પોતપોતાનાં આકાશમાં ઊડવાં માંડયાં... અને ત્યાં જ શિવાનીએ કહ્યું : ‘આવતી કાલે તમારે બધાંએ વર્ષાઋતુ નિબંધ ગૃહકાર્ય રૂપે લખીને લાવવો પડશે. આજે જે નજરોનજર નિહાળ્યું છે તે પણ લખવું પડશે. બિલકુલ મૌલિક લખાણ ! કોઈએ ગાઈડમાંથી નિબંધ ટપકાવવાનો નથી એ યાદ રાખજો !’

અને એ સાથે આચાર્ય ગુપ્તા પોતાની લાકડી હલાવતાં, ‘આ પરસાળામાં આ બધું શું ચાલી રહ્યું છે ? બધાં શિક્ષકો તેમ જ બાળકો બહાર કેમ છે ? કેમ કોઈએ ભણાવવાનું નથી ? હમણાં જ મેં સી. સી. કૅમેરામાં જોયું કે વર્ગખંડો ખાલી છે અને બહારથી અવાજ આવે છે એટલે દોડતો આવ્યો છું. ’

વિદ્યાર્થીઓ આચાર્યનો ગુસ્સો જોઈને પોતપોતાની હોડી છોડીને ઝડપથી વર્ગખંડના સુનકારને આત્મસાત્ કરતાં પોતાની કલરવની દુનિયાને ઝૂરતાં જાણે કે કોઈ બાળકનાં મા–બાપ અચાનક અકસ્માત મૃત્યૃ પામે અને બાળક અનાથ થઈ જાય એમ સાવ નોંધરાપણું, અનાથપણું મહેસૂસ કરતાં મોઢા ઉપર આંગળી મૂકી ગુપચુપ બેસી જાય છે. કારણ કે આચાર્યનો હંમેશાંનો હુકમ હતો કે ‘બાળકોએ જયારે પણ કંઈ કામ નહીં હોય તયારે મોઢા ઉપર આંગળી મૂકીને જ બેસવું, કારણ કે શિસ્ત શાળા માટે ખૂબ જરૂરી છે.’ આચાર્યના ગુસ્સાથી બચવાનો એક ઉપાય ગણો તો તેમ અને પ્રથમ શરત ગણો તો તેમ.

પછી આખો દિવસ ઇન્વેસ્ટિગેશનમાં જ પસાર થયો. જો કે બીજા શિક્ષકો શિવાનીના બચાવમાં કંઈ કહે તે પહેલાં શિવાનીએ જ કબૂલી લીધું કે ‘શિક્ષણના એક ભાગરૂપે જે નિબંધ બાળકોએ વર્ષોવર્ષ લખવાનો છે એ વિષયનો સાક્ષાત્કાર જયાં સુધી બાળકો પોતાની જાતે ન કરી શકે અને વરસાદમાં ભીંજાયા વિના અનુભતિ વિના બાળક પાસે

વર્ષાઋતુ નિબંધ કઈ રીતે લખાવી શકાય ! અને એ સાક્ષાત્કાર કરાવવા બદલ મને જે સજા કરવા ઇચ્છતા હો... તો, એ સજા મને માન્ય છે. પણ હા... હું જરાય ક્યાંય પણ ખોટી નથી... અને આગળ ઉપર પણ હું આ જ રીતે મારું શિક્ષણ કાર્ય કરાવીશ... ભલે એ કોઈને પસંદ પડે કે ન પડે.'

'મિસિસ શિવાની, તમે આ સારું નથી જ કર્યું. કેટલા બધા આરોપ તમારા માથા ઉપર ઝઝૂમે છે એમાં આ એકનો વધારો... અને હા ! હવે તો મારે પુરાવા શોધવા પણ ક્યાંય જવું નહીં પડે કારણ કે, તમારાં દરેક કાર્યો મારા કૅમેરામાં કેદ છે. પુરાવા તો હવે મારા ખિસ્સામાં છે ટ્રસ્ટીમંડળને તમે હવે વધારે બેવકૂફ નહીં બનાવી શકો સમજ્યાં ?'

માંડ હમણાં હમણાં જ શુદ્ધ ગુજરાતી બોલતાં થયેલ મિ. ગુપ્તા જ્યારે આચાર્ય તરીકે નિમણૂક પામ્યા હતા, ત્યારે બે ત્રણ ભાષાનું એકી સાથે પ્રયોજન કરતા તેમ જ તદ્દન અસંદિગ્ધ વાતો કરતા.

જેણે ત્રણચાર શહેરનાં પાણી પીધાં છે, એવા મિ. ગુપ્તાનો ભૂતકાળ કેવો હશે ? મિ. ગુપ્તાનો ભૂતકાળ વહેલી તકે જાણવાની ગાંઠ વાળીને શીવાની સ્ટાફરૂમ તરફ પ્રયાણ કરે છે.

•

અનુક્રમણિકા

14

# વહુ તરીકેની ભૂમિકા

રિસેસમાં ધનીરામ હસતો હસતો નોટિસ લઈને પધારે છે. ધનીરામનું હસવાનું પણ હંમેશાં સકારણ જ હોય એમ બધાં જ જાણે, પણ બને ત્યાં સુધી કોઈ એને વતાવે નહીં; પણ કયારેક કયારેક અવિનાશ એને મોટો ભાઈ બનાવીને ઑફિસની ગુપ્ત વાતો જાણી લેવાનું કામ સુપેરે પાર પાડે.

‘કેમ ધનીરામ, આજે કંઈ ખૂબ ખુશ દેખાય છે ? લાગે છે કે તેં કોઈ કામ પાર પાડયું છે... અરે ! તારા જેવો અનુભવી પટાવાળો મિ. ગુપ્તાને ન મળ્યો હોત તો શાળાનો કારભાર ચલાવવો... તદ્દન અશકય બની રહેત !’

બસ પછી તો પૂછવું જ શું ? ‘અરે ! મેં તો કહી જ દીધું કે પ્રિન્સિપાલ સાહેબ, આમ સામેવાળી સ્કુલમાં કૅમેરા તેમ જ એ.સી. લગાવી લગાવીને છોકરાં પાસે ફી વધારો માગે એટલે આપણે પણ એની નકલ કરવા જઈશું, તો બાવાનાં બેઉ બગડશે... મારા અનુભવ પ્રમાણે મેં ચેતવી દીધા પણ માને એ બીજા. આપણી શાળાને પણ સેન્ટ્રલી એ.સી. કરવાનાં અને બાળકોની ફી ચાર ગણી વધારવાનાં સપનાં જુએ છે અને એની કાલે સંયુકત મીટિંગ છે. લ્યો, ત્યારે આ રહી નોટિસબુક. કાલે શાળા સમય બાદ ટ્રસ્ટીમંડળ તેમ જ સ્ટાફની મીટિંગ છે... તમે બધાં પણ જરા વિચારીને આવજો...! ધનીરામે તો કહેવા જેવું બધું જ કહી દીધું છે. હવે તમારો વારો છે... મીટિંગમાં હાજીહા કરવાથી કોઈ ફાયદો નથી સમજયાં ?’

ધનીરામ એકી શ્વાસે ઘણું બધું બોલ્યો; પણ આજે થોડુંક બાળકો તરફી બોલ્યો... ખુદ ધનીરામના દીકરાના દીકરા તેમ જ એના કુંટુંબનાં અનેક બાળકો પણ આ શાળામાં જ ભણતાં હતાં. જો ફી વધારે તો આ ગરીબ બાળકોનું તેમ જ ગરીબ વાલીઓનું શું ?

હંમેશા મિ. ગુપ્તાની ચમચાગીરી કરતો ધનીરામ પોતાન પગ તળે રેલો આવતાં કેવો હલી ગયો છે એ જોતાં શિવાનીને એકાદ ક્ષણ પૂરતો આનંદ થયો પણ પછી દુઃખ થયું

એને. પેલાં ગરીબ બાળકો કે જેને પૂરતું ખાવા–પીવાનું મળતું નથી એ વિદ્યાર્થીઓ કઈ રીતે ફી ભરવાનાં અને કઈ રીતે ભણવાનાં ? ‘આમ, કેટલીક શાળાઓ પણ પેલી હાય ફાય રિચ શાળાઓની જેમ રાતોરાત ફી વધારો કરવાનો પ્રયત્ન કરે તો પેલાં ગરીબ બાળકો કયાં ભણવા જશે ? શિક્ષણ ખાતું અને એના માંધાતા, શિક્ષણનો વેપાર કરનારાં ટ્રસ્ટીમંડળો અને આચાર્યો... એક સાથે હાથ ઊંચા કરી લે એ કેમ ચાલે ? જે શિક્ષણના પાયા ઉપર સમાજની તંદુરસ્ત ઇમારત ચણવાની છે, એ શિક્ષણ ખાતાનું સત્વ જ આમ ઓછું થઈ જાય તે કેમ ચાલે ? બિલાડીના ટોપ જેમ ગલીગલીએ ઊગી નીકળી છે શાળાઓ. નથી એ શાળા પાસે રમતનું મેદાન, નથી પ્રયોગશાળા, નથી આધુનિક સાધનો, નથી આદર્શવાદી શિક્ષકો કે નથી કોઈ ઉચિત માપદંડો... શિક્ષણને રાતોરાત ગ્રાન્ટેડમાંથી નૉન–ગ્રાન્ટેડ કે પછી શિક્ષણનો આડેધડ વેપાર માત્ર ! ?’

સાંજે ઘરે પહોંચી ત્યારે અશ્વિન બારીની જાળી પકડીને ઊભા થવાનો પ્રયત્ન કરતો હતો. શિવાની ઘરની બહારની બારીમાંથી કયાં સુધી એનો પ્રયત્ન જોતી રહી. પછી ચોર પગલે એની પાછળ જઈને ઊભી રહી જાય છે. સ્વપ્રયત્ને અશ્વિન બરાબર ઉચ્ચાર કરતો થયો હતો અને હવે સ્વપ્રયત્ને જ ઊભા થવાની કોશિશ કરે છે. જેટલી સેવા એણે એની કરવી જોઈએ એટલી સેવા એ કરી શકતી નથી એનો એને ભરોભાર રંજ હતો. પણ એક સાથે ઘણી લડાઈ લડવામાં, ઘણે મોરચે લડવામાં એ હવે હાંફી રહી હતી. આજે એમ પણ સવારથી ચક્કર આવી રહ્યાં હતાં અને એમાં પાછી આ નવી ઉપાધિ મીટિંગની, આવતી કાલની મીટિંગ પણ રામ જાણે કયારે પતશે અને રામજાણે શું પરિણામ આવશે ?

વર્તમાન તો અંધકારમય છે જ અને આ ભાવિ પણ ધૂંધળું થવા લાગ્યું હોય એમ એને લાગી રહ્યું હતું... કયારેક એને થઈ આવતું હતું કે આ નોકરી છોડીને કોઈ બીજી નોકરી કરું, પણ ‘સત્ અને અસત્’ની લડાઈ ભલા કયા ક્ષેત્રમાં નથી ? શિવાની ભાગે તો પણ કયાં ભાગે ? ફરી ફરીને જીવનમાં મૂલ્યોનું વર્તુળ પાપી પેટ પાસે આવીને અટકી જતું હતું. મૂલ્યોની ચીકણી પરિપાટી સાથે જોડાયેલાં જીવનનાં ઉતાર – ચઢાવ અને એ બધાંની સામે સતત મોરચા માડતાં જવામાં હવે, કયારેક કયારેક શિવાનીને પોતાના હોવાપણા સામે પણ શંકા કુશંકા થાય છે. કયારેક તો શ્વાસને રીતસરના વેંઢારવા પડે છે, એમ લાગ્યા કરે અને એ રીતે કયાં સુધી ગુમનામ સફરમાં ઘસડાયા કરવાનું ? કયાં સુધી કેમ ? કેમ કોના માટે ? એવા

અનેક પ્રશ્નનો એને અંદર ને અંદર દઝાડયા કરે. અને એના ઉપર કયારેક અશ્વિન તો કયારેક અવિનાશ સાંત્વનાનો લેપ લગાડીને શાંત કર્યા કરે બાકી તો શિવાની કયારનીય લડાઈ હારી ચૂકી હોત !

અશ્વિનને જાળી પકડીને ઊભા થવામાં મદદનો હાથ લંબાવ્યો અને અશ્વિનને ઊભો કર્યો. 'અરે ! શિવાની, તું કયારે આવી ?'

'બસ... મારા અશ્વિને હાથ લંબાવ્યો અને હું હાજર. બસ, હવે આજે આટલું બસ.. હોમવર્ક પૂરું. ચાલ હવે બેસી જા ને આરામ કર... હવે જલદી ચાલતો થઈ જઈશ એવું લાગી રહ્યું છે.'

અશ્વિને ખિસ્સામાંથી પત્ર કાઢીને શિવાનીને આપતાં કહ્યું : 'શીવાની, બાપુજીને લઈને બા અહીં રહેવા આવી રહ્યાં છે. બાપુજીનું ચેકઅપ કરાવવાનું છે. ગામના ડૉકટરે શહેરમાં લઈ જઈ સારવાર કરવા કહ્યું છે એટલે એ લોકો.. અહીં... આવવા માંગે છે...'

'અશ્વિન, એમ અચકાતો અચકાતો શા માટે બોલે છે...? હું તો વૅકેશનમાં ગઈ હતી ત્યારે જ એમને સારવાર માટે શહેરમાં આવવાનું કહી આવી હતી. પણ ત્યારે એઓ કેશવભાઈને ત્યાં અમદાવાદ જવાનું કહેતાં હતાં કારણ કે, ગામથી અમદાવાદ નજીક પડે, ખેતીવાડી તેમ જ ગામ–ઘર પણ સચવાતાં રહે એવી એમની ગણતરી હતી.'

'અશ્વિન, એમ પણ એઓ અહીં આવશે તો તને કંપની રહેશે. તારી સારવારમાં રાહત રહેશે અને બાપુજીનું ચેકઅપ પણ કરાવી શકાશે.'

'પણ શિવાની તારી નોકરી... બાંધી આવક... તારી દોડધામ.. મારી સારવાર અને ઉપરથી આમ એ લોકો... નક્કી મોટાંભાભીએ અમદાવાદ રહેવાની ના કહી હશે એટલે જ બા બાપુજીને લઈને અહીંયા આમ...'

'અશ્વિન, મને ઘણાં સમય બાદ બા–બાપુજીની સેવા કરવાનો મોકો મળ્યો છે અને એ હું ગુમાવવા માંગતી નથી. કદાચ હું નસીબદાર છું અશ્વિન... મા–બાપ માટેનો મારો ઝુરાપો કદાચ એ રીતે પણ શાંત થાય તો એમાં ખોટું શું છે ?'

'પણ શિવાની... આજ સુધી જે કુટુંબે તને વહુ તરીકેનો દરજ્જો આપ્યો નથી, કે નથી એમણે તારી સાથે લગ્ન કર્યા બાદ મને સ્વીકાર્યો; નથી મને પૂર્વજોની મિલકતમાંથી કોઈ ભાગ આપ્યો, એને તું આ રીતે સપ્રેમ આવકારે...'

શિવાની ઊભી થઈને અશ્વિનના મોં ઉપર હાથ મૂકી દેતાં બોલે છે : 'અશ્વિન, અનુભવમાંથી જ માણસ શીખતો હોય છે... કદાચ સુધાભાભી તેમ જ કેશવભાઈની વર્તણૂકથી કે પછી એમના મનમાં શંકા–કુશંકા અને નફરતની આગ લગાડનારે જ એમને છેહ દીધો હશે એથી, પણ એ જે હોય તે; આપણે તો આપણાં માબાપ છે અને મા–બાપની સેવા કરવી એ આપણી પ્રથમ ફરજ, પરમ ધર્મ છે. મને તો બા–બાપુ આવવાના એનો અદકેરો આનંદ છે.'

'શિવાની, આમ જીવતેજીવત એક જ દીકરાને બધી મિલકત આપી દઈને હાથકાંડાં કાપી દેવા જેવું ઉતાવળું પગલું ભરવું અને હવે આ ઘેર પેલે ઘેર ચલકચલાણી... જેવું. કદાચ સારવારના પૈસા પણ પાસે હશે કે કેમ.. ભગવાન જાણે!! સુધાભાભીના કડપ નીચે કેશવભાઈ કચડાતા રહે છે અને બા–બાપુજી પણ. અરે ! એમનો એવો તે શો ડર કે તને સ્વીકારવા પણ તૈયાર નહોતાં થયાં ! તારો ગુનો તો માત્ર એટલો જ હતો ને કે તું આશ્રમમાં... અનાથ...' અશ્વિન આટલું બોલતાં બોલતાં હાંફી ગયો... અને બીજી તરફ શિવાનીની અંદરનું શૂળ ફરી પાછું એને ડંખી રહ્યું... 'હું કોણ છું ?...' વજૂદ માટેની ઝંખના એની આંખમાંથી ખારપ બનીને વહેવા માંડી અને અશ્વિને શિવાનીને પોતાનાં હૈયાસરસી ચાંપી... સૉરી... કહેવા જતો હતો ત્યાં જ શિવાની બોલી : 'અશ્વિન કયારેક અંદરની ભરતી આ રીતે સર્વે કાંઠા તોડીને બહાર વહી જાય એ પણ જરૂરી છે. કદાચ એ રીતે જ માણસ ભીતરથી હળવો થઈ શકે !' જો કે, મારા અગ્નિ કરતાં તો તારો અગ્નિ શાંત કરવો વધારે જરૂરી છે. મારી જેમ તું પણ કયારેક ડૂમાઓના પાળા તોડીને વહી નીકળ... બન્ને પોતાપોતાની ભરતીને સમેટતાં કયાંય સુધી હાથમાં હાથ નાંખીને બેસી રહ્યાં.

અનુક્રમણિકા

## 15

# પ્રેમમાં માફી નહીં

એ આખી રાત શિવાની વિચારતી રહી કે, નિયતિના બંધનમાંથી કોઈ છટકી શકતું નથી ભલભલા સત્તાધારીઓને પણ, ખેરખાંઓને પણ નિયતિ ઝુકાવે છે. અશ્વિનની માંદગી બાદ વૅકેશનમાં શિવાની  બા–બાપુજીને મળવા ઊભી ઊભી ગામ ગઈ હતી. જો કે, અશ્વિને તો ના જ કહી હતી કે, ‘‘શિવાની મૃગજળ પાછળ દોડવું રહેવા દે... તું ગમે તે કરીશ... તું બા–બાપુજીનો પ્રેમ નહીં જીતી શકે એઓ તને નહીં જ સ્વીકારે...’’ અને શિવાની અશ્વિનની ઉપરવટ જઈને અશ્વિન માટે એક રસોઈ કરી આપી જાય એવી બહેનની સગવડ કરીને બા–બાપુજી માટે ધોતી, પહેરણ, કફની, સાડી, ચણિયા, બામની બાટલી, પેઇનકિલર, નાસ્તા, ફળફળાદિ, ધાર્મિક પુસ્તકો, બાપુજીનાં અઢી નંબરના ચશ્માં, બાની તપખીર, બાપુજી માટે ભારેમાંની સોપારી, કલકત્તી પાન, સૂકી ચા, સારામાંના સાબુ, શૅમ્પુ, મીઠાઈ... કૈં કેટલું... જેટલું ઊંચકી શકાય એટલું ભરી ભરીને ગામ પહોંચી હતી. પણ અશ્વિનની વાત સાવ સાચી પુરવાર થઈ હતી... અશ્વિનની માંદગીનો આરોપ શિવાનીને માથે નાખતાં બા બોલ્યા હતાં : ‘તારા પગલે મારો દીકરો ન ઘરનો કે ન ઘાટનો રહ્યો... તારે લીધે જ નોકરી વગરનો થયો... તારે લીધે જ માંદગીમાં પટકાયો... ભાડાંની એક રૂમમાં સબડે છે મારો લાડલો. અરે ! કેટલાં જતનથી ઉછેરેલો... કૉલેજ કરવા શહેર શું ગયો... તું તો એને આખેઆખો ગળી ગઈ... અરે ! ડાકણની ચુંગાલમાં ફસાયો હોત તો દોરાધાગા કરાવીને પણ એને મુક્ત કરાવ્યો હોત ! પણ તું તો ડાકણથીય વધારે ભયંકર ‘‘પિશાચણી’’ નીકળી ! રામ જાણે તારામાં એવું તે શું ભાળી ગયો ? અરે ! જેનાં મા–બાપ કોણ છે ? કેવાં છે ? જેના ચારિત્ર્ય અને સંસ્કાર સામે અનેક પ્રશ્નો હોય એવી કુલટાને કોઈ ધર્મપત્નીનું સ્થાન આપે ? ઠીક છે ભૈ ! થોડી ઘણી મજા મસ્તી કરી લીધી... પણ આમ જીવનબાગની માધુરી થોડી બનાવાય ? તું એમ માને છે કે, આમ થોડી ચીજ–વસ્તુ લઈને જઈશ એટલે બા–બાપુજી સ્વીકારી લેશે... જો તું એવા ભ્રમમાં રહેતી હોય તો તું ભીંત ભૂલે છે. અમારી તો માત્ર એક જ વહુ છે અને તે અમારી મોટીવહુ... સુધાવહુ... કે જે અમદાવાદ રહે છે. આ મારા દીકરાના પૈસે ખરીદેલ સામાન અહીં મૂકી દે અને ચાલતી પકડ... ત્યાં મારો દીકરો વ્હીલચૅરમાં બેસીને રામ જાણે કોને ભરોસે ખાશે... પીશે... ઊઠશે બેસશે ? પતિને વ્હીલચૅરમાં કાયમ માટે બેસાડીને મૅડમ કયાંનાં ક્યાં રખડતાં

હશે ! અરે, ગામ આવવાનું તો એક બહાનું માત્ર; બાકી કયાંનાં ક્યાં રખડતાં હશે બહેનબા!?'

'શિવાની તું ગામથી પાછી ફરી છે ત્યારથી તારા મોં ઉપરનું નૂર ઊડી ગયું છે. તું સાવ ગુમસૂમ બની ગઈ છે. દરેક સવાલનો જવાબ માત્ર હા કે નામાં આપતી થઈ છે. શિવાની, નક્કી બા–બાપુજીએ ના કહેવા જેવું પણ ઘણું બધું કહીને તને નિરાશ કરી લાગે છે.' અને એ જ અઠવાડિયે શિવાની શાળા છૂટયા બાદ એક નાનકડો ફ્લૅટ શોધીને જ જંપે છે. અવિનાશે ફ્લૅટ શોધવામાં અને હપ્તેથી ખરીદવામાં ઘણી મદદ કરી. બિલ્ડર અવિનાશનો ઓળખીતો નીકળ્યો. ઉપરથી એ બિલ્ડરનો દીકરો પણ શાળામાં ભણે એટલે વિશ્વાસ નામની ક્રેડિટ ઉપર સરળ હપ્તે ફ્લૅટ લેવાયો. હપ્તો સીધો શિવાનીના પગારમાંથી જ કપાતો રહે અને એ બધાની પૂરેપૂરી ખાતરી તેમ જ જામીનગીરી પણ અવિનાશે જ આપી.

રોજ શાળા છૂટયા બાદ શિવાની ઘરે મોડી આવતી હતી, પણ અશ્વિન એને પૂછીને શંકાના વાદળો ઊભા કરવા માંગતો નહોતો. અંદરખાને ઉચાટ, ખળભળાટ, શંકા, અવિશ્વાસ અને ઉગ્રતા ઊકળતી રહેતી પણ એણે નક્કી કર્યું હતું કે, જ્યાં સુધી શિવાની મોડી આવવાનું કારણ ના કહે ત્યાં સુધી સામેથી કોઇ પણ જાતની પૂછપરછ કરવી નહીં.

શિવાનીનો પણ જીવ બળતો હતો કે અશ્વિન મારાં મોડાં આવવાનું કારણ પૂછતો નથી... ન કરે નારાયણ ને અંદર સંઘરેલો ડૂમો એનાં શરીરને–મનને કોઈ હાનિ તો નહીં પહોંચાડે ને ? એ ડર એને હંમેશા રહેતો, પણ મિશન એટલે મિશન.

ફ્લૅટની ચાવી બિલ્ડરે સોંપી દીધી એટલે અવિનાશની સાથે જઈને થોડી સાફસફાઈ કરી આવી. તમામ કાગળો અને ચાવી ઝૂલાવતી ઝૂલાવતી આજે જરી વધારે મોડું થયું છે, એ બીકે ફફડતી ફફડતી ઘરે પહોંચી તો ઘરનો દરવાજો પોતાની ચાવીએ ઉઘાડતાં જ સામેથી ફૂલદાનીનો પ્રહાર એના કાન પાસેથી પસાર થઈને સામેની બારીએ અથડાય છે. ઘરમાં પુસ્તકો, ચા–નાસ્તાનાં વાસણો, પાણીના બાટલા તેમજ નાની મોટી અનેક વસ્તુઓ

વેરણછેરણ પડી હતી. ક્યારેય ન સાંભળેલા એવાં કટુવચનોનો પ્રહાર અશ્વિન કરતો જ રહ્યો... અરે ! અંતે તો એણે એમ પણ જણાવી દીધું કે : ‘મારા જેવા અપંગ પતિ સાથે ન રહેવાતું હોય તો ઘર છોડીને જઈ શકે છે. કોઈ નવો શોધી લીધો હોય તો એની સાથે જા... આમ ચોરીછૂપી બહાર ભટકવા કરતાં એની સાથે સંસાર માંડી લે... હું ગામ જતો રહીશ... મારાં બા–બાપુ હજી જીવતાં છે... તારી જેમ કાંઈ હું અનાથ નથી સમજી ?’

શિવાનીને રાતભર થયાં કર્યું કે, મૌન તોડીને, બધું જ વહેવા દઉં... સાથે સાથે હું પણ વહી જાઉં... પણ આમ અડધેથી મિશન છોડવું નથી.. અરે, આટલું થોભી તો હવે પાંચ કલાકમાં તો રાત પૂરી અને સવારનો સૂર્યોદય નવી રોશની સાથે અમારા જીવનને ઉજાળશે. હું અને અશ્વિન બસ, અશ્વિન અને હું.. સ્વાભાવિક છે... આમ ખુરશીમાં બેસીને એકલતા વેંઢારવી મુશ્કેલ. કદાચ એની જગ્યાએ હું હોઉં તો હું પણ આમ જ વર્તું... આમ જ કરું !

મળસકે દૂધવાળાએ બારણું ખખડાવ્યું ને શિવાનીએ તાજા દૂધની ચા તેમજ નાસ્તો તૈયાર કરી... અશ્વિનને ધીમે રહી જગાડતાં, કાનમાં કહ્યું : ‘‘અશ્વિન, હેપ્પી બર્થ ડે... અશ્વિન, તારા અને મારા જીવનનો સૌથી અગત્યનો, ખુશીનો અને ઉજ્જ્વળ દિવસ એટલે તારો જન્મદિવસ... મુબારકબાદી સાથે અનેકગણી શુભેચ્છા અને સાથે સૉરી... તેમજ આ રહી તારા માટે લીધેલ એક ગિફ્ટ...’’ ફ્લૅટની ચાવી અશ્વિનને આપતાં શિવાની પૂરેપૂરી ગદ્‌ગદ્ થઈ ઊઠી... ‘અશ્વિન, આજે આપણે આપણા પોતાના ઘરમાં પ્રવેશ કરીશું... હું તને કશું આપી શકી નથી... બસ આટલી આ ભેટ સ્વીકાર... આજથી આપણે આપણાં પોતાનાં ઘરમાં રહીશું.’

‘શિવાની, આપણો પોતાનો ફ્લૅટ એટલે... હું સમજ્યો નહીં ?’

‘અશ્વિન, ગામ ગઈ હતી ત્યારે બાએ કહ્યું હતું કે, મારો દીકરો ભાડાંનાં ઘરમાં સબડે છે... અને તે પણ તારે લીધે... ભલું થાજો બાનું કે બાએ મને યાદ કરાવ્યું કે, યુવાનીમાં પોતાનું ઘર વસાવી લેવું જોઈએ અને એ દોડધામમાં જ હું રોજ સાંજે ઘરે મોડી આવતી

હતી. મારા પગારમાંથી હપ્તા કપાતા રહેશે એટલે વધારે ભારણ નહીં આવે... જરાક હાથ ખેંચાયેલો રહેશે એટલું જ.'

'શિવાની જયારે સુધાભાભીએ બંગલો લીધો, ત્યારે બાપુજી પાસે પુરા પૈસા એમણે જમીન વેચીને લીધેલા અને મેં લગ્ન બાદ ફ્લૅટ લેવા માટે મદદ માંગી હતી ત્યારે તું અમારાં કહેવામાં નથી. તું તારી મનમાની કરે છે... તારી પસંદ કરેલી છોકરીને ઘરમાં બેસાડે છે; પછી હવે અમારી પાસે શેની અપેક્ષા રાખે છે? તારી જિંદગી તારી રીતે જીવવા માંગે છે તો જીવ... સમાજમાં અમારી ઇજ્જતના ધજાગરા ઉડાડ્યા છે. કેટલાં મોટાં ઘરમાંથી માંગાં આવતાં હતાં. કરિયાવર વાંકડો મળતો હતો... પણ ના... જોયો મોટો સુધારાવાદી... શહેરમાં ભણવા મોકલ્યો તે આ દિવસે જોવાનો વખત આવ્યો... તું જાણે ને તારું ધ્યેય જાણે, અમે તો તારાં નામનું નાહી જ નાખ્યું છે સમજયો ? ભણાવી આપ્યો એટલું બસ. હવે જાતે ઘર–બાર વસાવો.'

'પણ મોટા ભાઈને બંગલા માટે...'

'કારણ કે ભાઈ અમારાં કહ્યામાં છે. ઇજ્જતદાર ઘરની દીકરી સાથે ઘર–સંસાર માંડેલો છે, તારી જેમ રસ્તે રઝળતી છોકરીને ઊંચકીને સીધી ઘરમાં નથી ઘાલી સમજ્યો ?'

'શિવાની, રંજનાબાને તો એમ હતું કે ગામમાં ઘર–જમીન છે, છોકરો શિક્ષક છે, મારી શિવાની રાજ કરશે રાજ; પણ રંજનબાનો એ વિશ્વાસ મારાથી પૂરો ન કરી શકાયો... શિવાની, મેં રંજનબાના તેમ જ તારો, એમ બંનેનો વિશ્વાસ તોડયો છે. શિવાની, હું સારો પતિ ન બની શકયો... હું તને કોઈ પણ પ્રકારનું સુખ ન આપી શકયો... શિવાની મને માફ કર... શિવાની, કાલે રાતે પણ ન કહેવાનાં વેણ મેં તને કહ્યાં હતાં અને તું ચૂપચાપ સાંભળતી રહી... સહન કરતી રહી... અને મેં કરેલી તોડફોડની કચ્ચરોને એક એક કરીને સમેટતી રહી. જીવનની બીજી બધી કચ્ચરોની જેમ જ !' શિવાની, ક્યાં સુધી તું વીંધાતી રહેશે, ઉઝેડાઇને સોરાતી રહેશે... અને હું આમ વ્હીલચૅરમાં બેસીને તને સતત પીડાતી, કચરાતી... દોડતી.... હાંફતી જોયા કરીશ ? શિવાની પ્લીઝ મને માફ કર...'

'અશ્વિન પ્રેમમાં માફી નહીં... પ્રેમમાં તો માત્ર ને માત્ર પ્રેમ... વિશ્વાસ... અને એકબીજાનો સંપૂર્ણતઃ સ્વીકાર અને તે પણ એનાં તમામે તમામ ગુણ–દોષો સાથેનો સ્વીકાર. એમ તો મારો પણ વાંક હતો; મારે તને કહી દેવું જોઈતું હતું કે હું ફ્લૅટ શોધવા રોજ જાઉં છું માટે મોડું થાય છે. પણ ના, તારી બર્થડે પર સરપ્રાઇઝ.... અને તે પણ ફ્લૅટની ચાવીરૂપે... પછી તો પૂછવું જ શું? અને એમ પણ તું કેટલાં વર્ષથી ઝંખતો હતો બસ એક પોતીકું ઘર ! માટે... ચાલ અશ્વિન, જવાનાં. નવા ઘરમાં બધાં જ ગમા–અણગમા, અભાવો, દોષો અને મુશ્કેલીઓને આ ઘરમાં બંધ કરીને આપણા નવા ઘરમાં જવાનાં... તારી બર્થ ડે કેક નવા ઘરમાં તારી રાહ જુએ છે.

●

અનુક્રમણિકા

**16**

# ઓકહોક એટલે શોષણ ?

તે દિવસે સવારે જ્યારે શિવાની અશ્વિનને લઈને નવા ફ્લૅટ પર પહોંચી ત્યારે અશ્વિનના ખાસ ખાસ મિત્રો અને અવિનાશ ત્યાં કેક સજાવીને પહેલેથી જ હાજર હતા. અશ્વિને જેવો ઘરમાં પ્રવેશ કર્યો કે મિત્રો ઝૂમી ઊઠયા... 'હેપ્પી બર્થ ડે... ટુ અશ્વિન... નવું ઘર અને જન્મદિવસ બન્ને મુબારક હો...' કેટલો ખુશ હતો અશ્વિન એ દિવસે... સ્ટાફમાંથી આવેલા શિક્ષકો કે જે એના ખાસ મિત્રો હતા... એ બધાંની સાથે આખો દિવસ પાનાં રમ્યો... ચેસ રમ્યો... અંતાક્ષરી રમ્યો અને એ રમત દરમિયાન આજે પહેલીવાર શિવાનીએ અશ્વિનને ખુશખુશાલ જોયો; જાણે કૉલેજકાળનો એનો પ્રેમી.. એનો દેસ્ત અશ્વિન... જિંદગીની સુગંધથી ભરેલો ભરેલો... ઊછળતો... કૂદતો... નવા નવા કવિઓની કવિતા બોલતો... ક્યારેક પોતાની કવિતા, લેખો વાંચતો ને વંચાવતો... જીવનનો મહિમા સમજાવતો.. શિક્ષકત્વ એટલે શું એ સમજાવી... સમાજ–સુધારણા, શિક્ષણ–સુધારણાનું પ્રવચન આપતો અને શિવાનીને જીવનસાથી બનાવીને હંમેશા પોતાનાં હૃદયમાં વસાવવા ઇચ્છતા અશ્વિનને આજે જાણે ફરી પોતાની જ રચેલી કબરમાંથી બહાર નીકળીને જિંદગીની સુગંધને નવેસરથી બાથ ભરતો જોઈને શિવાનીને પરમ તૃપ્તિ મળી ગઈ હતી. જાણે જીવન સાર્થક થઈ ગયું હોય એટલા તૃપ્તિના ઓડકાર એને આવી ગયા હતા તે દિવસે. જીવનનું કોઈક મહાન મિશન પૂરું કર્યાનો અહેસાસ એણે તે દિવસે માણેલો અને અવિનાશનો ખાસ આભાર પણ એણે બધાંની સામે જ માનેલો.

બા–બાપુજી રહેવાં આવવાનાં એ એને માટે ધન્ય ઘડી હતી. પછી વર્તમાનમાં જીવવાને બદલે ભૂતકાળમાં કેમ સરી જવાય છે ? ફ્લૅટ ખરીદવાનું એક મિશન પૂરું કરતાં કરતાં હાંફી રહી છે ત્યાં બા–બાપુજી આવવાનાં એટલે હવે અશ્વિન અને બાપુજી એમ બે સારવારના ખર્ચા, ફ્લૅટના હપ્તા, મોંઘવારી અને ઉપરથી સ્કૂલમાં ચાલતી ચાર્જશીટ. કેટકેટલી સમસ્યાઓનાં માથોડાંપુર પૂરમાં તરીને સામે કાંઠે જવાનું હતું અને તે પણ વિના તરાપે ને વિના પતવારે.

બા–બાપુજી પ્રત્યે ભારોભાર કડવાહટ લઈને જીવતો અશ્વિન બા–બાપુજીના આવ્યાં પછી કદાચ એમની તરફનો અભિગમ બદલી થોડો ખુશ રહેશે બસ, એટલું જ સાંત્વન શિવાનીને હાલ પૂરતું આશ્વાસનસ્રોત બની રેશમની જેમ પંપાળી રહ્યું. કદાચ તોફાન પહેલાંનું રેશમી સ્વપ્ન માત્ર ! બીજું કંઈ નહીં ! કે પછી ?

આજે સવારથી ટ્રસ્ટીઓની ગાડીઓની અવરજવર વધી ગઈ હતી. ઇજનેર, ઇન્ટીરિયર ડેકૉરેટરનો કાફલો પણ શાળાનું અંદર–બહાર માપન કરી રહ્યા હતા. આમ તો વર્ષો પહેલાં વિશાળ રમતનું મેદાન હતું ત્યાં આડેધડ નવાં વર્ગખંડોની ભરમાર ઊભી કરી કરીને મેદાનને લગભગ અડધું જ કરી નાંખ્યું હતું. સર્વાંગી વિકાસ સમું રમતનું મેદાન હવે ખુદ માંદલું થઈ ગયું હોય એવું લાગતું હતું. બીજી બાજુનાં મેદાનમાં કૉમર્સ કૉલેજ, લૉ કૉલેજ, પી.ટી.સી., કમ્પ્યૂટર કૉલેજ ચાલુ કરીને હવે ટ્રસ્ટીમંડળ ધીરે ધીરે એકમાંથી ચાર–ચાર વિદેશી ગાડીઓમાં ફરવા માંડયા હતાં. પહેલાં એક જ ટ્રસ્ટીની હાક હતી પણ હવે શિક્ષણ, શિક્ષણ નહીં વ્યાપાર બની જતાં નવા નવા રોકાણકારો પોતાનું રોકાણ કરી નવી નવી કૉલેજો, ઊભી કરી નાણાં ઉત્પાદન કરવાનું કામ કરી રહ્યા હતા અને સાથે પાર્ટટાઇમ પોતાની જોહુકમી, બડાશ, સાહેબગીરી તેમ જ માઇક તથા મંચ પરની વાહવાહ ભેગી કરવા પોતાનો સંપૂર્ણ ફાળો આપી રહ્યા હતા. અને એથી જ શિક્ષણ, શિક્ષણ ન રહેતાં પૂર્ણ સમયનો રાજકારણનો અખાડો બની શિવાની જેવી શિક્ષકાને હંફાવી રહ્યો હતો.

પાંચ હજારનાં કાગળ પર સહી કરી બે હજાર રૂપરડી આપીને એડ્‌હોક શિક્ષકોનું આર્થિક, માનસિક તેમજ શારીરિક શોષણ થવાં માંડયું છે અને એમાં ને એમાં પેલી સાવ ગરીબ નેહાનો તો બધી બાજુથી કસ કાઢી રહ્યાં હતાં એ લોકો. આવતે વર્ષથી પૂરો પગાર આપીશું, 'આવતે વર્ષથી તમને કાયમી કરીશું', નો કોણીએ ગોળ ચોપડી ચોપડીને નેહા પાસે ઓવરટાઈમ કરાવવાનું, ટ્રસ્ટીનાં છોકરાંના છોકરાંને ટ્યૂશન કરાવવાનું વધારાનું કામ કરાવી રહ્યા હતા. સાવકી માને પનારે પડેલી, ઘરમાં પણ અનેક રીતે શોષિત નેહા જાય તો પણ ક્યાં જાય ? ઉધર કૂઆ ઔર ઇધર ખાઈ... જાયે તો જાયે કહાઁ ?!

નેહા એમ.એ., બી.એડ્. છે, છતાં ઍડ્હોક અને આજકાલની આવેલી રોઝી મિ. ગુપ્તા ઉપર પ્રેમની ભૂરકી છાંટીને પરમેનન્ટ થઈ ગઈ. નથી એની પાસે ક્લાસ કંટ્રોલ, નથી એની પાસે અનુભવ, નથી એની પાસે વિષયવસ્તુનું ઊંડાણ અને ડિગ્રી પણ માત્ર બી.એ., બી.એડ્.ની ! પણ હા, ભૂરકી નાંખવાની કળામાં ખૂબ માહિર! જ્યારે નેહા એમાં ઝીરો. વસુધા પણ વર્ષોથી શોષણની ફરિયાદ કરે પણ જ્યારે મીટિંગમાં બોલવાનું હોય કે માથું ઊંચકવાનું હોય ત્યારે મોં સંતાડે. શિવાની પાસે બંને ફરિયાદ લઈને આવે, પણ ખરા ટાણે પાણીમાં બેસી જાય અને શિવાની કે જે એ બંને માટે ન્યાયનો ઝંડો લઈને ચાલે, પણ એ બન્નેની પીછેહટને કારણે ટ્રસ્ટીઓની આંખમાં કણાની જેમ ખૂંચે. એક તો હજી પોતાની ચાર્જશીટનો ભાર ઓછો થયો નથી ઉપરથી અશ્વિનને કરેલ અન્યાયનો ડંખ તો હજી સાવ લીલો જ છે અને ત્યાં વળી નેહા અને વસુધાનું વારંવાર પાણીમાં બેસી જવું શિવાનીને અનેકગણું કઠતું હતું. અને એટલે જ નેહા એક વાર રડતી રડતી આવી હતી ત્યારે એણે સાફ કહી દીધું હતું કે, : 'નેહા પ્લીઝ... તારી લડાઈ હવે તારે જાતે જ લડવી પડશે' કારણ કે, તું ક્યારે પાણીમાં બેસી પડે એ નક્કી હોતું નથી અને એથી, તારા જેવી બીકણ છોકરી માટે ન્યાયનો ઝંડો લઈને હું ક્યાં સુધી આગળવધું ? અને એમ પણ જ્યાં સુધી તને અંદરથી એમ નહીં થાય કે મારે મારું શોષણ થવા દેવું નથી ત્યાં સુધી તને તારા શોષણમાંથી કોઈ ઉગારી શકશે નહીં. જાતનો ઉદ્ધાર જાત વડે જ થઈ શકે. બીજાં તો માત્ર બાહ્ય ટેકો કરી શકે બીજું કંઈ નહીં, સમજી ?!'

વસુધા તેમજ નેહા શાળામાં આવ્યા બાદ કઈ રીતે વર્ગખંડમાં ઊભા રહેવું, બેસવું, ચાલવું, બાળકો સાથેના વાણી–વર્તન, ઉપરી અધિકારીઓ સાથે કઈ રીતે વર્તન કરવું, વિષયવસ્તુનો કમાન્ડ કઈ રીતે વધારવો, સભા સંચાલન તેમજ અન્ય પ્રવૃત્તિ, પ્રોજેક્ટ–વર્ક, સાંસ્કૃતિક પ્રવૃત્તિ તેમજ વાલીઓ સાથે કેમ વર્તવું જેવી અનેકવિધ ટ્રેનિંગ ખૂબ જ પ્રેમથી જાણે એમની મોટી બહેન હોય એ રીતે એ આપતી રહેતી. શિવાનીબહેન પાસે ટ્રેનિંગ લેવામાં એ બંને ગર્વ અનુભવતાં અને શિવાનીબહેન જેવું જ ગરિમાપૂર્ણ વ્યક્તિત્વ ધરાવતાં શિક્ષક બનવાનાં સ્વપ્ન પણ એ બન્ને જોતાં રહેતાં. ઘરનાં સુખ–દુઃખ પણ અને શોષણ વિશે પણ ક્યારેક ઉચાટ વ્યક્ત કરી શિવાની પાસે પ્રેમ અને હૂંફ મેળવી પોતાની જાતને નવેસરથી આગળ વધવા માટે ચાર્જ કરી લેતાં. પણ શિવાની ક્યારેક વિચારતી રહેતી કે પોતે ચાર્જ થવા ક્યાં જાય ? પોતે રિલેક્સ થવા ક્યાં જાય ? એક બાનો સહારો હતો, પણ આજ–કાલ એ

પણ નાની મોટી માંદગીમાં સપડાતાં રહે છે એટલે રહેવા આવી શકતાં નથી. બસ છેલ્લે એક પત્ર આવ્યો હતો અને એમની માંદગીની વાત લખી હતી... આજે ફરી અંદરથી થઈ આવ્યું કે, હું કેટલી નગુણી છું; બાની માંદગી વિશે જાણ્યું છતાં એમની ખબર લેવા સુધ્ધાં ના ગઈ. અરે! અશ્વિનની માંદગી વખતે બા કેવાં દોડતાં આવ્યાં હતાં ! શિવાની... શિવાની... આમ એક પછી એક સમસ્યા.. એક પછી એક મિશન પૂરાં કરવામાં બાને મળવાં ન જવાય એ ક્યાંનો ન્યાય? 'શિવાની, તું આમ મૂળને ભૂલીને પાંદડે પાંદડે જવામાં ક્યાંક મૂળસોતી ઊખડી ન પડે એનું ધ્યાન રાખજે ! જોકે, વજૂદથી ઊખડી જવાનું દર્દ તારાથી વધુ કોણ જાણે ?

ગાંધી વિચારસરણી અને ચોક્કસ સિદ્ધાંતોવાળું જીવન જીવેલી શિવાની આ શહેરમાં આવીને માણસો તેમજ સત્-અસત્‌ની ભીડમાં ખોવાતી જતી હતી. ભમ્મરિયા કૂવામાંથી બચવાનો મરણિયો પ્રયાસ કરી રહી હતી. પણ અંદર રહેલા મગરમચ્છો એના પગ ઊંડે ને ઊંડે ખેંચી રહ્યા હતા.

●

અનુક્રમણિકા

17

# ફી વધારો

રિસેસનો ઘંટ રણક્યો ને શિવાની તંદ્રામાંથી જાગી. સામે પડેલી ચા ઉપર મલાઈનો પોપડો બાઝી ગયો હતો... બિલકુલ એના જીવન જેવો જ ! ચાની ઉપર તો એક જ પોપડો, પણ શિવાનીનાં જીવન ઉપર તો અનેક પોપડાની વણઝાર. ભૂતકાળનો પોપડો, વર્તમાનનો પોપડો, સમસ્યાઓનો પોપડો, વજૂદનો પોપડો અને અશ્વિનની માંદગીનો પોપડો ધીમે ધીમે એને અંદરથી કોરી રહ્યા હતા.

‘શાળાનું મકાન નવા ક્લેવર ધારણ કરવાનું છે, એની તડામાર તૈયારી અને સંયુક્ત મીટિંગના ભાગરૂપે આપ સર્વેને અહીં બોલાવ્યા છે. આપ સર્વેનાં મંતવ્યો તેમ જ સૂચનો શાળાનાં વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે, માટે તમારાં મનમાં જે જે ઉત્તમ વિચારો, મંતવ્યો અને અભિપ્રાયો હોય તે વારાફરતી જણાવવા વિનંતી છે.’ મિ. ગુપ્તાની આટલી રજૂઆત બાદ એક પણ શિક્ષક કે કૉલેજનાં લેક્ચરર્સ પૈકી કોઈ કશો જ અભિપ્રાય આપવા માટે ઊભા થયા નહીં. કારણ કે, કેટલાંક એવું વિચારતાં હતાં કે અમે તો સલામત છીએ, અમારે શું ? કેટલાંક એવું વિચારતાં હતાં કે જેટલી ચર્ચા વધારે કરીશું, એટલું અહીંયાં વધારે બેસવું પડશે અને ઘરે મોડાં પહોંચાશે, એના કરતાં મૌન ધારણ કરી ‘તમે કહો તે ખરું’ એ વાત પર મહોર મારી દેવી અને ઝટપટ ઘરે પહોંચીને ટ્યૂશન શરૂ કરી દેવાં.

એટલામાં મિ. ગુપ્તા બોલ્યા : ‘તમારું મૌન સૂચવે છે કે, ટ્રસ્ટીમંડળના ફેરફારો તમને મંજૂર છે અને હવે વાલી પાસે આવાતા મહિનેથી ફી વધારો લેવાનો શરૂ કરવો.’

આચાર્ય મિ. ગુપ્તાની વાતને વચ્ચેથી કાપતાં અવિનાશે ઊભા થઈને કહ્યું : ‘કેટલો ફી વધારો લેવાનો એ તમે જણાવ્યું નથી, તેમ જ તમે આ મીટિંગમાં વાલીઓને પણ હાજર રાખ્યા નથી, એનું કારણ શું ? આફ્ટર ઑલ, જે કંઈ પરિણામ ભોગવવાનું આવશે તે વાલીઓને જ સ્પર્શવાનું છે !’

શિવાની તરત જ ઊભી થઈ અને વાતને અનુમોદન આપતાં કહ્યું : ‘અવિનાશભાઈની વાતમાં મારો ટેકો છે, ફી વધારાના મામલે વાલીઓને નજરઅંદાજ ન કરી શકાય. અંગ્રેજી માધ્યમના વર્ગોનો ફી વધારો કદાચ વાલીઓને પોષાશે, પણ ગુજરાતી માધ્યમનાં નિમ્ન સ્તરનાં ગરીબ બાળકોનાં વાલી માંડે બે ટંકનું પેટિયું રળે છે તે ફી વધારો કઈ રીતે આપશે ? કંઈ પણ બદલાવ આમ રાતોરાત મહંમદ તઘલખની જેમ ન કરી શકાય. પહેલાં એનાં આઘાત–પ્રત્યાઘાત, પરિણામ વિશે વિચારી પછી સર્વેનો વિશ્વાસ સંપાદન કરવો રહ્યો અને સાથે એ પણ ન ભૂલવું જોઈએ કે, શિક્ષણકાર્ય એ માત્ર નફા–ખોટનાં ધારાધોરણે ચાલતો વેપાર નથી. શિક્ષણ એ સાત્વિક પરમધર્મ છે અને એનું પાયાનું લક્ષ્ય, સર્વ જન હિતાય જ હોવું જોઈએ. નાનામાં નાના માણસનું કલ્યાણ થાય એ પણ શિક્ષણ સંસ્થાઓએ જ જોવું રહ્યું. આ દેશની તાસીર, આ દેશની પરંપરા અને ધર્મ પણ હંમેશાં એ જ વાત કહેતો આવ્યો છે કે, માનવકલ્યાણ તેમ જ સમાજના ઉત્કર્ષમાં જ શિક્ષણસંસ્થાઓએ કાર્ય કરવું. કારણ કે, બાળહૃદયના સંવર્ધન સાથે એને સીધો સંબંધ છે અને એ જ બાળકોએ આવતી કાલના આ દેશનો સુપેરે ભાર વહન કરવાનો છે.’

ત્યાં જ મિ. રાજને ઊભા થઈને પૂરી ઉગ્રતાથી જણાવ્યું : ‘‘શું માનવકલ્યાણનો ઠેકો ફક્ત આપણી સ્કૂલે જ લેવાનો છે કે પછી બીજી સ્કૂલે પણ માનવકલ્યાણ કરવાનું છે ? સામેની શાળામાં એ.સી. તેમજ આધુનિક સુવિધા વધારીને અનેકગણો ફી વધારો લેવા માંડયા છે. શિવાનીબહેન, આ કંઈ આશ્રમશાળા નથી અને નથી આ ગામડું, આ તો અવિરત વિકાસ પામતું મેટ્રો સિટી છે. અહીં તો જેટલી ફી વધારે એટલી શાળા વધુ ઉત્તમ, જેટલી જોહુકમી વધારે એટલી શાળા ઉત્તમ અને એટલી એની વાહ વાહ વધુ. સમજ્યા ?’’

અવિનાશથી ન રહેવાયું, એણે સામે દલીલ કરતાં કહ્યું : ‘‘રાજનભાઈ, શહેરના બધી જ શાળા એ.સી.ના નામે કે સુવિધાના નામે ફી વધારો શરૂ કરશે તો સામાન્ય માણસનો મરો તો ચોક્કસ જ છે અને આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે, શાળાના મુખ્ય ટ્રસ્ટી, પાયોનિયર શ્રી અભિરામજીએ પોતાની જમીન અને આ મકાનો અર્પણ કરતી વખતે કેટલાંક નીતિ–નિયમો બનાવ્યા છે તેમ જ શરતો પણ મૂકેલી છે અને એ શરતો કદાચ તમને ખબર

લાગતી નથી, એટલે પહેલાં એ મુખ્ય ટ્રસ્ટીની શરતો શાંતિથી વાંચો અને પછી માનવકલ્યાણની છણાવટ કરવા ઊભા થાઓ, તો મને ગમશે.''

અવિનાશના આ ધડાકા પછી ટ્રસ્ટીમંડળમાં ગુસપુસ શરૂ થઈ ગઈ. શિક્ષકો તેમ જ લેક્ચરરો વચ્ચે પણ ઊગ્ર વિચારોની આપ–લે શરૂ થઈ ગઈ. ઍડ્હોક શિક્ષકો તેમજ લેક્ચરરો પણ બબડવા માંડ્યા કે ફી વધારો દર વર્ષે કરે છે, પણ અમને પાંચ હજારની જગ્યાએ માત્ર 2,000 રૂપિયા પગાર પકડાવીને સૌથી વધારે કામકાજ કરાવે છે. અરે ! એક મજૂરિયાને પણ બોલવાની છૂટ, બીડી ફૂંકવાની કે આરામ કરવાની છૂટ. જ્યારે અમને તો રિસેસમાં પણ ઑફિસમાં બોલાવી બોલાવીને નવા નવાં કામો પકડાવ્યાં કરે છે. અમારી મજબૂરીનો લાભ લે છે અને બોલવા જો જઈએ તો કહે છે : ''કાલથી બીજી સ્કૂલ શોધી લેજો.'' અરે ! આ તે કંઈ રીત છે ? પગાર કરતાં વધુ કામ કરીએ તો પણ દશા તો મજૂર કરતાં પણ ખરાબ... અરે ! સરકારે જ નૉન–ગ્રાન્ટેડની છૂટ આપીને શિક્ષણનું વેપારીકરણ કરી નાંખ્યું છે... વાડ જ ચીભડાં ગળે પછી ફરિયાદ પણ કોને કરવી ?'

અવિનાશે ઍડ્હોક શિક્ષકોને પોતાના પક્ષે લઈ લીધા... ધીરે ધીરે ઉગ્રતા વધતી જતી જોઈને મીટિંગ ફરી પાછી કરીશું, ત્યાં સુધીમાં બધાં વિચારીને આવે અને વાલીના પ્રતિનિધિને પણ હાજર રાખવાની શરત સાથે બધાંને ઘરે જવાની અનુમતિ મળી અને સૌ ઝડપથી વિખેરાયાં.

•

અનુક્રમણિકા

**18**

# બાનો પત્ર

શિવાની ઘરે પહોંચી. અશ્વિન ‘કર્મનો સિદ્ધાંત’ નામનું પુસ્તક વાંચી રહ્યો હતો. અશ્વિન આ પુસ્તકનાં વાંચન બાદ થોડો શાંત થઈ ગયો હતો. ધીરે ધીરે અંદરનો ઉચાટ ઓછો થવા માંડયો હતો. ‘શિવાની લે, આશ્રમમાંથી તારે નામે પત્ર આવ્યો છે.’ શિવાની લગભગ ઊછળી પડી. અરે વાહ ! આશ્રમથી પત્ર. નક્કી બાનો જ હશે. બંધ કવરને ઉઘાડતાં એ બોલી : ‘અશ્વિન તારે ખોલીને વાંચવો જોઈએને, આમ બંધ કવર શા માટે મૂકી રાખ્યું ?’

‘કારણ કે ઉપર તારું નામ છે અને શિષ્ટાચાર શું કહે છે.... ?’

‘અશ્વિન, આપણી વચ્ચે શિષ્ટાચાર ક્યાંથી આવ્યો ?’

‘શિવાની, આ પત્ર હું તારા જેવી જ એક દીકરી પાસે લખાવડાવું છું.’ પત્રને મથાળે વિશેષ નોંધ મુકાવ્યા બાદ બાએ પત્રની શરુઆત કરાવી હતી.

‘પ્રિય શિવાની, તેમ જ પ્રિય ભાઈ અશ્વિન,

આશ્રમથી બાની શુભેચ્છા તેમ જ સદાનાં આશીર્વાદ. ભાઈ અશ્વિનને હવે સારું હશે અને ઈશ્વરકૃપાથી જલદી સંપૂર્ણ સાજો પણ થશે જ. શિવાનીની નોકરી બરાબર ચાલતી હશે.

આજકાલ સ્વાસ્થ્ય થોડું નરમ–ગરમ રહે છે, પણ દીકરીઓના પ્રેમ અને હૂંફને કારણે ફરી બેઠી થઈ જાઉં છું. આશ્રમમાં તને બધાં જ યાદ કરે છે. ખાસ તેં સીંચેલા દરેકેદરેક ફૂલ–છોડ તને ખૂબ જ યાદ કરે છે. તારા જેવું બાગકામ કોઈ કરી શકતું નથી.

મારી માંદગીના સમાચાર જાણીને દોડી આવવાની જરૂર નથી. પાનખર ઋતુ તરફ પ્રયાણ કર્યું છે, એટલે નાની–મોટી માંદગી સ્વાભાવિક છે.

ખાસ તો મારે તને એ જણાવવાનું કે, મારાં કરતાં ભાઈ અશ્વિનને તારી જરૂર વધારે છે. એની વિશેષ કાળજી લેવી એ તારો પરમ ધર્મ બને છે. જો કે, મને મારા કરતાં પણ તારામાં વધારે વિશ્વાસ છે, એટલે તું તારાં દરેક અભિયાનમાં જરૂરથી પાર પડશે જ. પરમકૃપાળુ ઈશ્વર તને શક્તિ અર્પે અને દરેક કામમાં સફળ બનાવે. પરમ સાત્વિક વ્યવસાયમાં સેવા આપી રહી છે, એમાં પણ તું પાર પડે એવી પ્રભુપ્રાર્થના. શરીરની સાથે સાથે મનને પણ આરામ આપજે. સારાં પુસ્તકોનું સેવન કરવાનું છોડીશ નહીં.

વધું શું લખાવું ? તારી પાસે આવીને રહેવાનું ઘણું મન થાય, પણ આશ્રમની માયા પણ છૂટતી નથી. ક્યારેક આવી ચડીશ તને અને ભાઈ અશ્વિનને મળવા. બસ, હવે રજા લઈશ, શુભેચ્છા અને આશીર્વાદ.

લિ. તારી બાનાં આશિષ

પત્ર વાંચીને શિવાની સોફામાં ફસડાઈ ગઈ. એને એની જાત પ્રત્યે ધિક્કાર થઈ આવ્યો. બાની માંદગીના સમાચાર જાણ્યા પછી પણ એ બાને મળવા ન જઈ શકી, એમાં એની તીવ્ર ઈચ્છાનો અભાવ કે પછી આળસ કે પછી બેદરકારી... જે હોય તે; શિવાની, તેં આ સારું નથી કર્યું... જેણે એને નવું જીવતદાન આપ્યું, દીકરીની જેમ સાચવી, ઉચ્ચ અભ્યાસ કરાવવા પોતાના સોનાનાં દાગીના સુધ્ધાં વેચેલાં એવાં બાની માંદગીમાં એ હાજર ન રહી શકી... બાની ઉદાત્ત ભાવના તો જુઓ... રખેને અશ્વિનની સેવામાં કોઈ ખલેલ પડે એ હિસાબે સામેથી પત્ર લખીને પોતે હવે સારાં થઈ ગયાં છે, એવો પત્ર લખાવીને આશ્રમે ન આવવાની સૂચના પણ આપી દીધી.

એક સામટી આટલી બધી દીકરીઓની બા કંઈ એમને એમ થોડી બનાય છે ? કંઈ કેટલી દીકરીઓ પરણીને બીજે સ્થાયી થઈ છે, શું બા બધાંને જ પત્ર લખતાં હશે,

બધાંને જ યાદ કરતાં હશે, બધાંને જ ઘરે રહેવાં જતાં હશે કે પછી મારે માટે જ વિશેષ લાગણી હશે ? કંઈ કેટલાય વિચારોએ શિવાની ઘેરાઈ ગઈ.

પાનખરની વાત બાએ લખી છે, શા માટે બાએ પાનખર શબ્દ વાપર્યો હશે? બા એકે શબ્દ વિચાર્યા વગર વાપરતાં નથી. મારે જેમ બને તેમ જલદી આશ્રમ જવું જ પડશે... કદાચ બા પણ અંદરથી તો એવું જ ઈચ્છતા હશે કે હું એમને મળવા જાઉં, પણ અશ્વિનની માંદગીને કારણે એ મને ત્યાં બોલાવતાં અચકાય છે અને હવે અહીં આવવું અને તે પણ માંદગી લઈને એમને ઉચિત ન લાગતું હશે. બાકી હવે નિર્ણય મારે જ કરવાનો કે, મારે શું કરવું ?.. અને ત્યાં અશ્વિન બોલ્યો : 'શિવાની, તું જેમ બને તેમ જલદી બાને મળવા જઈ આવ... બાને તારી જરૂર હશે... અને તારે પણ જરા રિલેક્સ થવાની જરૂર છે... થાક તારા મુખ ઉપર અડિંગો જમાવીને બેસી ગયો છે અને એને તું હવે વધારે વખત સંતાડી શકે એમ નથી. બા પાસે જવાથી થાક પણ દૂર થશે અને થોડો આરામ પણ મળશે સમજી?'

'પણ અશ્વિન, તને આ રીતે છોડીને જવું, કે પછી સાથે લઈને જવું પણ શક્ય નથી...'

'શિવાની, કદાચ મારી હાલત તો હંમેશા આવી જ રહેશે; તો તું બહાર જવાનું ક્યાં સુધી પાછળ ઠેલતી રહેશે ? તારે પણ તારા સંબંધો, તારાં કામકાજ, તારાં અભિયાનો માટે બહાર જવું પડશે. આમ, મારા માટે જેલ જેવું જીવન જીવવાનું, ભલા એ તે ક્યાંનો ન્યાય?

બા–બાપુજી અહીં રહેવા આવે છે પછી તું આશ્રમ જઈ જ આવ, તું મારી ફીકર ક્યાં સુધી કરવાની ? મને ક્યારેક તો મારી નિયતિ પર છોડી દે !'

'અશ્વિન, મારી નિયતિ તું છે અને તારા થકી જ મારો ભાગ્યોદય થયો છે. હવે જ્યારે તને મારી જરૂર છે ત્યારે તને આમ સાંજ પહેલાં જ અસ્તાચળે ઢળવા છોડી દઉં એ

શક્ય નથી... અશ્વિન તું ફરી પૂર્વમાં સ્થાપિત થશે... હું તને પૂરેપૂરાં માન-સન્માન સાથે સ્થાપિત કરાવીશ, અને એ જ મારો તને કૉલ છે... શિવાની મહેતાનો કૉલ.....'

'શિવાની, આમ ભૂતકાળ વારંવાર ઉખેડવાનું અને દાઝવાનું છોડી દે, કારણ કે, હવે વર્તમાનમાં પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે. ભૂતકાળની લડતમાં આપણે બે સાથે હતાં અને હવે તારે એકલીએ લડવાનું છે. અને હવે મારી પરિસ્થિતિ જોતાં મને લાગી રહ્યું છે કે, એ લડત હવે આપણે હારીએ કે જીતીએ એનાં પરિણામથી મારું જીવન બદલાવાનું નથી. આ ખુરશી જ કદાચ મારી નિયતિ છે, એટલે હવે સ્કૂલની ખુરશીને મેં સ્વપ્નમાં પણ આકારવાની બંધ કરી દીધી છે.'

'અશ્વિન, નિયતિને એની ચાલ ચાલવા દે અને મને મારી. હું પણ જોઉં છું, એ મને ક્યાં સુધી હરાવે છે !'

અશ્વિનને ભૂતકાળ ઉખેડી શિવાનીને વધુ દુ:ખી કરવા જેવું લાગ્યું, એટલે એણે શિવાનીને વાત બદલાતાં યાદ દેવડાવ્યું : 'શિવાની, આવતીકાલથી પેલાં નાપાસ થયેલાં બાળકો તેમ જ  છેવાડાની ચાલમાં રહેતાં મજૂરોનાં બાળક ભણવા આવવાનાં છે, તે તો તને યાદ છેને ? શિવાની, બા-બાપુજી, હું અને આ બાળકો, તું કેવી રીતે સમય ફાળવશે ?'

'અશ્વિન તું છે ને, પછી મને શેની ફિકર ? તને યાદ છે ને, આજે પેલાં ફિઝિયોથૅરાપિસ્ટ તને કસરત કરાવવા આવવાના છે ? મારા કામ યાદ રાખવામાં તારાં કામ ના ભૂલીશ.'

•

અનુક્રમણિકા

## 19

# ટ્યૂશન વિના મૂલ્યે

'અશ્વિન, ગયે વર્ષે પેલા બે ટ્રસ્ટીનાં અત્યંત નબળાં બાળકો ભણવાં આવતાં હતાં તને યાદ છે ને ? એ બાળકો પ્રથમ નંબરે પાસ થયાં અને એટલે આ વર્ષે પણ પાછાં હું જ એમને ટ્યૂશન આપું એવું એ લોકો ઈચ્છે છે' અને એ વાત હજી પૂરી થાય એ પહેલાં ડોરબેલ રણકે છે. શિવાની બારણું ખોલે છે ત્યાં સામે પેલા ટ્રસ્ટી જ ઊભા હતા. સુધારકભાઈ અને એમનાં પત્ની એમનાં બન્ને બાળકોને લઈને અંદર પ્રવેશે છે.

બન્ને બાળકો શિવાની તેમ જ અશ્વિન સરને પગે લાગે છે. મીઠાઈ તેમ જ એક કવર શિવાની તરફ લંબાવીને સુધાકરભાઈ બોલ્યા, 'બહેન, તમારે પ્રતાપે બન્ને દીકરા પ્રથમ નંબરે આવ્યા, તેમ જ ધીરગંભીર પણ બન્યા, નહિતર આખો દિવસ મારામારી સિવાય એમને કશું આવડતું જ નહોતું.'

આ બન્નેને સુધારવામાં અમે કાંઈ બાકી રાખ્યું નહોતું. બાળકોએ ઢોર માર ખાધો છે. સારામાં સારા ટ્યૂશનટીચરો ઘરે ભણાવવા રાખ્યા હતા... અરે એમનાથી નહીં સુધર્યા તો હોસ્ટેલમાં પણ મૂકી જોયા હતા... પણ હોસ્ટેલમાંથી પણ એમનાં તોફાનોને કારણે પાછાં આવ્યાં હતાં. એ તો અવિનાશ સરે એક વાર કહ્યું હતું કે, શિવાની ટીચર પાસે મૂકી જુઓ. એમનાં હાથ નીચે રહેશે તો ભણશે પણ અને એક સારા માણસ પણ બનશે. શિવાની બહેન, તમારો તો હું કઈ રીતે આભાર માનું? બહેન, તમે પેલે વર્ષે એક પણ રૂપિયો સ્વીકાર્યો નહોતો... બસ, એમ જ કહેતાં રહેલાં કે, પછી બધી ફી સાથે જ લઈશ... હવે આ રકમ અમે અમારી મરજીથી રાજીખુશી આપીએ છીએ એટલે ના કહેશો નહીં.'

શિવાનીએ મીઠાઈનું બૉક્સ ખોલીને રોહનને આપ્યું અને કહ્યું : 'રોહન, સોહન, તમને બન્નેને અભિનંદન. લે બધાંને મોં મીઠું કરાવ.'

મોં મીઠું થયા બાદ શિવાનીએ મીઠાઈનું બૉક્સ અને પેલું કવર પાછું આપતા કહ્યું, 'સુધાકરભાઈ આ કવરમાંના રૂપિયા કોઈ ગરીબ બાળકને ભણાવવામાં વાપરજો. હું અહીં એવાં ગરીબ તેમ જ અભ્યાસમાં અત્યંત નબળાં બાળકોને જ ભણાવું છું અને તે પણ વિના મૂલ્યે. અભાવગ્રસ્ત તેમ જ ગરીબ બાળકોનું સંવર્ધન કરીને થોડુંક પુણ્ય કમાઉં છું, બીજું કંઈ નહીં.

ગત વર્ષે તમારી વિનંતીને કારણે તમારાં બાળકો મેં સ્પેશિયલ કેસ તરીકે ભણાવ્યાં હતાં. હવે રોહન–સોહન ખૂબ જ ગંભીર તેમ જ ભણવા પ્રત્યે સભાન થઈ ગયા છે. એટલે હવે એમને મારા કોચિંગની જરૂર નથી. આ વર્ષે તમે એમને બીજે ટ્યૂશન અપાવશો, તો પણ ચાલશે.' અને એ સાથે ટ્રસ્ટી સુધાકરભાઈ અને એમનાં પત્ની લગભગ કરગરતાં કરગરતાં બોલી ઊઠયાં : 'નહીં શિવાનીબહેન, હવે આમારા રોહન, સોહન બીજે ક્યાંય નહીં જાય.' રોહન, સોહન પણ ઊભા થઈને શિવાની પાસે આવી  બોલ્યા : 'ટીચર, ભણીશું તો અમે તમારી પાસે જ... સમય નહિ હોય તો માત્ર શનિ, રવિ ભણવા આવીશું. પણ ભણીશું તો અમે તમારી પાસે જ. ટીચર આ વર્ષે દસમું ધોરણ, બોર્ડની પરીક્ષા. તમારા વિના, તમારા કોચિંગ વિના, માર્ગદર્શન વિના તો અમે રખડી જઈશું... ટીચર પ્લીઝ.... અને આમ અધવચ્ચે....'

'સુધાકરભાઈ, રોહન–સોહન પ્રત્યે મને પણ એક લગાવ થઈ ગયો છે... એટલે ના કહેવું મારે માટે પણ મુશ્કેલ છે, પણ મારી એક શરત છે. હવે પછી તમે ક્યારેય મને ફી આપવા આવશો નહીં; કારણ કે હું વિના મૂલ્યે ગરીબ બાળકોને ભણાવવાનું કામ કરું છું.. અને મારા એ સેવાકાર્યમાં તમે બાધક નહીં બનશો.'

સુધાકરભાઈ આવ્યા હતા, એના કરતાં અનેકગણી ધન્યતાની લાગણી અનુભવી રહ્યા. હજી હમણાં છેલ્લાં બે–ત્રણ વર્ષથી જ નવી કૉલેજમાં રોકાણ કરીને ટ્રસ્ટી તરીકે સ્થાપિત થયેલ સુધાકરભાઈને અશ્વિન વિશે જાણવાની મનોવૃત્તિ થઈ આવી પણ મન ઉપર કાબૂ રાખ્યો. પણ ઊઠતી વેળા પૂછી ઊઠયા : 'શિવાનીબહેન મિ. ગુપ્તા, તમારા નવા આચાર્ય, કેવા છે ?  તમારી સાથે કંઈક વધારે પડતું...'

અને ત્યાં જ શિવાનીએ વાત અધવચ્ચેથી કાપતાં કહ્યું : 'સુધાકરભાઈ, આપણે તો આચાર્ય ગમે તે હોય, આપણે ક્યાં આચાર્ય સાથે કામ પાર પાડવાનું છે ? આપણે તો બાળકો સાથે જ કામ પાર પાડવાનું છે. બાળકો સત્ત્વશાળી બને અને જીવનનાં નૈતિક મૂલ્યો તેમ જ શિક્ષણ અને સંસ્કારનું મહત્ત્વ જાણે. અને એ રીતે વર્તે એટલે આપણું જીવન ધન્ય. એક શિક્ષકને બીજું શું જોઈએ ?'

સુધાકરભાઈ સમજી ગયા કે, શિવાની બહેન અંગત જીવનની કે અન્યની ચર્ચા નીકળે એ ગમતુ નથી. સુધાકરભાઈની વિદાય બાદ અશ્વિનથી રહેવાયું નહીં. એટલે તરત જ બોલી ઊઠ્યો : 'શિવાની નવા આચાર્ય મિ. ગુપ્તાનો વ્યવહાર તારી સાથે બરાબર તો છે ને ? તારી સાથે મારા ભૂતકાળને કારણે કંઈ તોડ–જોડ, કંઈક દુર્વ્યવહાર જેવું !'

શિવાનીએ ઝડપથી વાતો દોર પોતાના હાથમાં લેતાં કહ્યું : 'અશ્વિન, આચાર્ય ગમે તે આવે ને ગમે તે જાય, ટ્રસ્ટી પણ આવે ને જાય, વિદ્યાર્થી પણ આવે ને જાય; તારી આ શિવાનીને તો માત્ર રસ છે શિક્ષણમાં અને જ્યાં સુધી શિક્ષણની આંગળી પકડી ચાલું છું ત્યાં સુધી મારી સાથે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારનો દુર્વ્યવહાર કરી શકશે નહીં. અશ્વિન, આ વ્યવસાયનું જમા પાસું જ એ છે કે, એમાં ભારોભાર ઉદાત્તતા, સત્ત્વશીલતા તેમજ નૈતિક મૂલ્યોની નૈતિક ખુમારી રહેલી છે. બસ સવાલ એક જ છે કે, શિક્ષક કેટલો નૈતિક, કેટલો ઉમદા અને કેટલો સત્ત્વશીલ... અને હું શિવાની મહેતા એવા એક પણ ઉમદા મૂલ્યને કોરાણે મૂકીને જીવી શકું એમ નથી. એટલે મને પૂરો વિશ્વાસ છે કે, અશ્વિન મહેતાનાં ધર્મપત્ની શિવાની મહેતાનો કોઈ વાળ પણ વાંકો કરી શકશે નહીં, સમજ્યા મિ. અશ્વિન મહેતા!'

'શિવાની, તારો આ ભારોભાર આત્મવિશ્વાસ જ મારા ભયનું કારણ બને છે. રખેને ક્યારેક તારો એ આત્મવિશ્વાસ તને છેતરી જાય અને તું એ ક્ષણે નિર્બળ બની જાય ! શિવાની, હું તને નિર્બળ બનતી જોઈ શકું એમ નથી, કારણ કે, એક ઘરમાં બબ્બે નિર્બળ ભેગાં થશે ત્યારે આ ઘર કદાચ... અંદરથી....'

'અશ્વિન, જેમ તું મને નિર્બળ થતી ન જોઈ શકે, એમ હું પણ તને નિર્બળ થતો ન જોઈ શકીશ... એટલે એવી ક્ષણનો સામનો કરવાની હિંમત તારે ભેગી કરવી જ રહી. મારે માટે પણ અને ખુદ તારે માટે પણ એટલે કે, આપણે માટે.. સમજ્યો ?'

'અશ્વિન, કાલે મળસકે ચાર વાગ્યે ઊઠવું પડશે. તું જરા પાંચની જગ્યાએ ચાર વાગે ઍલાર્મ વાગે એટલું કર અને હા, બા–બાપુજીને ખાવામાં શું ભાવે છે એ પણ કહે, એટલે એ પ્રમાણેની તૈયારી કરીને જ પથારી ભેગી થાઉં.'

'અશ્વિન, હું સ્કૂલેથી છૂટયા બાદ સીધી બા–બાપુજીને લેવા સ્ટેશન જઈશ એટલે આવતાં મોડું થશે. ગંગુબાઈને કાલથી બે વાર આવવા માટે મનાવવાં પડશે અને એમને ન ફાવે તો બીજી બાઈને કાલથી થોડું કામ આપવું પડશે. ગંગુબાઈ પણ માંદીસાજી રહે છે. ઉપરથી દારૂડિયો પતિ, છોકરાંઓની જવાબદારી, બિચારી ક્યાં ક્યાં જવાની અને શું શું કરવાની?

•

અનુક્રમણિકા

## 20

# રાજના સારની સોટી

અશ્વિન ક્યાં સુધી વિચારતો રહ્યો... ગંગુબાઈની વ્યથા અને શિવાનીની વ્યથાનો માત્ર પ્રકાર જ અલગ છે, બાકી વ્યથાનો બોજ તો બન્નેને સરખો છે અને છતાં હસતાં હસતાં બંને સ્ત્રી પોતપોતાનો ધરમ બજાવ્યે જાય છે. ન કશી ફરિયાદ કે, ન કશી અકળામણ... હંમેશા બીજાનું જ વિચારતી શિવાની ક્યારેય પોતાના વિશે વિચારતી હશે ખરી ? ક્યારેક એને એના જીવનનો બોજ લાગતો હશે ખરો ? અને લાગતો હશે તો એ એને કેવી રીતે હળવો કરતી હશે ? ક્યાં જઈને હળવો કરતી હશે ? કોણ હળવો કરવામાં મદદ કરતું હશે? જે કામ મારે વેંઢારવાનાં છે તે તમામે તમામ કામ શિવાનીએ કરવાનાં અને તે પણ હસતાં હસતાં. જે બા–બાપુજીએ શિવાનીને વહુ તરીકે સ્વીકારી નથી એ જ શિવાની મળસકે ઊઠીને એમનું ભાવતું ભોજન કરીને સ્કૂલે જવાની. એ જ શિવાની વહુ સાસુ–સસરાને લેવા સ્ટેશને જવાની. એ જ એમને હૉસ્પિટલ લઈને દોડશે. એ જ તમામ દવા – દારૂના ખર્ચા કાઢશે અને અંતે એના હાથમાં શું આવશે ? આ બધાંનો જવાબદાર કદાચ હું જ છું. મારે બા–બાપુજીને ફોન કરીને કહી દેવાનું હતું કે, શિવાની પાસે બિલકુલ સમય નથી. એને નોકરી ઉપરાંત મારી જવાબદારી. અરે ! કોઈ પણ બહાનાં હેઠળ એમને અહીં આવતાં રોકવાનાં હતાં.

અમદાવાદવાળો ભાઈ બા–બાપુજી પાસે પૈસા પડાવી બંગલો બનાવીને બેઠો છે. કેવડો મોટો ઈન્કમટેક્સ ઑફિસર; પણ બાયડી આગળ સાવ મિયાંની મીંદડી. ચારે બાજુની કમાણી છે પણ લાચાર – બાપની દવાદારૂના ખર્ચા કે, સારવારની વાતે છેલ્લી પાટલીએ બેસી જવાનું ! એ તો હું જ મૂરખ કે જે એક ફોન ઘુમાવીને ના પણ ન કહી શક્યો. હવે જે સહન કરવાનું આવશે તે શિવાનીએ... અને મારે. બસ, સાક્ષી ભાવે જોયા જ કરવાનું. એણે જોરથી, વ્હીલચૅરમાં પોતાનો પગ પછાડવાની કોશિશ કરી... પણ કેમ જાણે આજે પેલા સાજા પગે પણ સાથ ન આપ્યો. એણે પોતાના એક તરફના સાજા હાથે વ્હીલચૅર ઘુમાવવાની કોશિશ કરી અને એ સાથે જ એની આંખોમાંથી ખારાશનો ડૂમો બહાર વહેવા લાગ્યો. અશ્વિને બરાડવું હતું. મોટે મોટેથી રડવું હતું. હાથપગ પછાડવા હતા. માથું ભીંતમાં ઠોકવું હતું. ઊભા

થઈને દૂર દૂર દિશાવિહીન સડકો ઉપર વિના કોઈ ધ્યેય પૂરવાટ દોડવું હતું. દૂરદૂર ક્ષિતિજ સુધી વિસ્તરવું હતું. શિવાનીને પોતાની પાંખે બેસાડીને દુનિયાનું તમામે તમામ અઢળક સુખ – અઢળક ઐશ્વર્ય આપવું હતું. અને એક 'મા' કહીને સાદ કરે એવો રેશમ પિંડ આપવો હતો...

મા... મા... માના કલરવથી ગૂંજતો એક આખેઆખો સભર સમયખંડ એણે શિવાનીને નામે લખવો હતો. કંઈ કેટલું... અઢળક... અઢળક સુખ... પરમ સુખ... શિવાનીને નામે કરવું હતું. પણ કાળના ખપ્પરમાં હોમાયેલ એનાં અસ્તિત્વને કઈ રીતે બહાર કાઢવું ?

બારીની બહારની દુનિયા હવે જંપવા આવી હતી. રોડ ઉપરનાં વાહનોની અવરજવર ઓછી થઈ ગઈ હતી. સામેનાં ઘરોની લાઈટ પણ બંધ થવા માંડી હતી. રાતના અગિયારના ટકોરા ઘડિયાળે રણકાવ્યા. હજી શિવાની રસોડામાંથી બહાર નીકળી શકી નહોતી. આવતીકાલની તૈયારી; ઉપરથી બા–બાપુજી પ્રથમ વાર આવી રહ્યાં છે. એટલે એમને માટે બાસુંદી બાળવામાં ખાસ્સો સમય પસાર થઈ ગયો. બાસુંદીની સાથે સાથે બે ત્રણ દિવસનાં શાકભાજી સમારીને તૈયાર કરી દીધાં. વધારાનો સામાન કે જે એણે લાવીને રાખ્યો હતો. એ બધો જ યોગ્ય ડબ્બામાં ખાલવીને તૈયાર કરી દીધો, કે જેથી રોજ રસોઈ કરવામાં તકલીફ ન પડે. એક ગૃહિણીને કેટલી બધી નાની નાની વાતોનો ખ્યાલ રાખવો પડતો હોય છે. અને એમાંય નોકરી કરતી સ્ત્રીઓને માથે તો અનેકગણો ભાર વધી જતો હતો. શિવાની વિચારી રહી... કે અગર આ ઘરમાં એકાદ બાળક હોત તો.. બીજી કેટલી બધી જવાબદારીઓનો વધારો થયો હોત.. કદાચ ઉપરવાળાને આ બધી જ પરિસ્થિતિનો ખ્યાલ હશે જ, નહિતર આમ કલરવ વિનાની દુનિયા. જો કે, દુનિયામાં મારા કરતાંય બદતર જીવન જીવતી, વજૂદ માટે – અસ્તિત્વ માટે તરફડતી કંઈ કેટલી બહેનો હશે. અને એ સાથે જ ગંગુબાઈ... નેહા, વસુધા, બા, જેવાંના અનેક ચહેરાઓ આંખ સામે તરવરી રહ્યા અને ધીમે ધીમે એ ચહેરાઓમાં જ શિવાનીનો ચહેરો સમાતો ગયો, એકરસ થતો ગયો અને બીજી તરફ રાતના કાળા ચહેરામાં એ તમામ ચહેરાઓ વિલીન થઈ ગયા એક કાળી પછેડી ઓઢીને.

♦♦♦

શાળામાં પ્રવેશતાં જ શિવાની ચોંકી. આચાર્યની ઑફિસમાંથી મોટે મોટેથી બરાડા પાડવાના અવાજ આવી રહ્યા હતા. સો–બસો વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓનું ટોળું ઑફિસને ઘેરો લગાવી આક્રમક મૂડમાં હો – હો – હો – કરી રહ્યું હતું. એક વાલીને પૂછતાં ખબર પડી કે, મિ. રાજન નામના કોઈ સરે કાલે એક વિદ્યાર્થીને પુષ્કળ માર માર્યો હતો. શરીર ઉપર એમની સોટીના અનેક સોળ પડી ગયા હતા. વાલીએ પોલીસ કેસ કર્યો હતો. અને આ વાત બહાર આવતાં જે જે વિદ્યાર્થી ભૂતકાળમાં મિ. રાજન સરની સોટીનો ભોગ બન્યા હતા તે બધા જ એકત્ર થઈને સંઘભાવના ઉજાગર કરી રહ્યા હતા.

સંઘભાવના હેઠળ ખરું ચિત્ર બહાર પણ આવ્યું કે, રાજન સરની સોટીનો અનેક બાળકો પહેલાં પણ ભોગ બન્યાં હતાં. અને એમાં તો કેટલાંક નિર્દોષ બાળકો પણ ટ્યૂશન પૉલિટિક્સને કારણે અડફેટમાં આવી ગયાં હતાં. રાજન સર ટ્રસ્ટીના દીકરા ઉપરાંત પહોંચેલ માણસની છાપ ધરાવતા હોય એટલે આજ સુધી એક પણ ગભરુ વાલી ખૂલીને બહાર પડતા નહોતા. રખેને પોતાના છોકરાને પરીક્ષામાં નાપાસ કર્યો કે પછી બીજી રીતે શાળામાં હેરાન કર્યો તો શું થાય ! પણ આ વખતે તો આ વાલીએ દરેક વાલીને એસ.એમ.એસ. કરીને જેજે વાલીઓનાં બાળકો અત્યાચારનો ભોગ બન્યાં હોય, જેમને જેમને રાજન સર સામે કોઈપણ ફરિયાદ હોય એમને શાળામાં આવવા માટે વિનંતી કરી હતી. જાગૃત વાલીએ સતત અન્ય વાલીઓને જાગૃત કરીને જેહાદ જગાવી હતી. પ્રેસ ફોટોગ્રાફરને પણ કોઈ વાલીએ જાણ કરી હતી, એટલે એમની પણ આખી ફોજ રિપોર્ટર સહિત હાજર હતી.

ધડાધડ ટ્રસ્ટી મંડળની ગાડીઓ પણ ચિચિયારી નાંખતી હાજર થવા માંડી હતી. એ પછી પોલીસવાન પણ આવી લાગી. બાળકોને મૂકવા આવતી રીક્ષા, વાન તેમ જ બસમાંથી ઊતરતાં બાળકો પણ વર્ગખંડમાં જવાને બદલે હો… હો… હો… કરીને પેલાં ટોળાં તરફ દોડવાં લાગ્યાં. દરેક બાળકને એક જ કુતૂહલ હતું કે, સાહેબની ઑફિસ બહાર ટોળું કેમ છે ? શાળામાં શું થયું છે ? પોલીસવાન બહાર કેમ આવી છે ?

આજ સુધી લાદેલું શિસ્ત સમગ્ર પાળા તોડીને તોફાનમાં પરિણમી ચૂક્યું હતું. જેમ જેમ રાજન સરની જોહુકમીની વાત ફેલાતી ગઈ, તેમ તેમ જેને જેને એમનો અત્યાચાર

ખમવો પડયો હતો, તે તે વિદ્યાર્થીઓ આનંદવિભોર બની હો હલ્લો મચાવી રહ્યાં હતાં. વિદ્યાર્થીને છોડવા આવેલાં વાલીઓ પણ ઉશ્કેરાયાં હતાં.

●

અનુક્રમણિકા

**21**

# ટ્રસ્ટીનો દીકરો મિ. રાજન

એક તરફ મિ. ગુપ્તા માઇકમાંથી બરાડી રહ્યા હતા : ‘દરેક બાળક પોતપોતાનાં વર્ગમાં ચાલ્યું જાય, નહિતર દરેક બાળકને સજા કરવામાં આવશે.’ માઇક ઉપરનાં આવા વિધાને ફરી હો. હો. હો. કરી મૂકી. એક વાલી બરાડ્યા – ‘એક રાક્ષસ ઓછો છે તે બીજો રાક્ષસ મૅનેજમેન્ટે લાવીને માથાં ઉપર માર્યો છે.’ અને એ સાથે જ આચાર્ય પણ બાળકોને સોટી લઈને મારે છે એ વાત બહાર આવી. સ્ટાફમાં પણ, રાજન સર તેમ જ ગુપ્તા સરના જન્માક્ષર ધીરે ધીરે ખૂલવા લાગ્યા હતા. સામેની બાજુ પર કૉલેજ કૅમ્પસ ઉપર પણ વાત પ્રસરી ગઈ કે, પોલીસવાન આવી છે અને કંઈક ન બનવા જેવું બન્યું છે અને એ સાથે જ કૉલેજના છોકરાઓ કે જે આ જ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા અને એઓ પણ અત્યાચારના ભોગ બન્યા હતા તેઓ પણ દોડતાં આવી પહોંચે છે...

‘તાનાશાહી નહીં.. ચલેગી... નહીં ચલેગી...!’ જેવા નારા પણ જોર જોરથી ગુંજવા લાગ્યા... એક વિદ્યાર્થીએ આચાર્યની ઑફિસ તરફ એક પથ્થર ફેંક્યો... અને એ સાથે જ કેટલાંક તોફાની બાળકોએ પણ નાના–મોટા પથ્થરો ફેંકવાનું શરૂ કરી દીધું. કેટલાંકે તો બારી–બારણાંની તોડફોડ શરૂ કરી દીધી અને ત્યાં જ એક ટ્રસ્ટીએ પોલીસને ટિઅર ગૅસ છોડીને કે પછી લાઠીચાર્જ કરીને પણ મોટાં છોકરાઓને ભગાડવાની સલાહ આપી.

ટિઅર ગૅસ છૂટતાં જ ધમાચકડી મચી ગઈ. સમગ્ર વિસ્તારમાં... આખી બજારમાં ખબર પડી ગઈ. વાલીઓ દોડતાં પોતપોતાનાં છોકરાંઓને લેવા ધસી આવ્યાં અને એમાં પેલાં પ્રાથમિક વિભાગનાં ભૂલકાં દોડવાં જતાં એકાદ બે મોટાં છોકરાંઓના પગ નીચે અડફટમાં આવી ગયાં. કૅમેરાની ફ્લેશગન અને દોડધામ વચ્ચે ઠેઠ બપોરે પરિસ્થિતિ થાળે પડી.

ઈજાગ્રસ્ત નાનાં નાનાં છ–સાત બાળકોને સારવાર માટે સિવિલ હૉસ્પિટલમાં ખસેડાયાં. ત્યાં બાળકો તેમ જ વાલીઓના ઈન્ટર્વ્યૂ લેવાયા. શિક્ષણકાર્ય બંધ રહ્યું. શિક્ષકોને તેમ જ સિસ્ટર કન્સર્ન્ડ કૉલેજના લેક્ચરરોને પૂછતાછ દરમિયાન શું જવાબ આપવા એની ટ્રેનિંગ સુધ્ધાં આપવામાં આવી. તાબડતોબ ટ્રસ્ટી, શિક્ષકો તેમ જ વાલીની સંયુક્ત મીટિંગ ભરવામાં આવી. અને એ મીટિંગમાં પણ હો. હા. તેમ જ વાલીઓના એકધારા આક્ષેપોને

બિલકુલ મૌન રહીને સાંભળવા પડ્યા. એટલી સંવેદનશીલ તેમ જ લાંછનરૂપ ઘટના બની હતી કે એક પણ શબ્દ આમતેમ બોલી દેવાય તો એનો પડઘો શાળાને માટે તેમ જ શિક્ષણ જગત માટે દૂરગામી ખરાબ અસર છોડી જાય એ વાત નક્કી હતી. વાલીઓનો તેમ જ વીદ્યાર્થીઓનો ભરોસો અકબંધ રાખવો હોય તો મિ. ગુપ્તા તેમ જ મિ. રાજને માફી લખી આપવી જરૂરી હતી. કારણ કે, વાલીઓના આક્રોશ સામે એ જ હથિયાર કારગત નીવડે એમ હતું. બંધ બારણે ટ્રસ્ટીઓએ મિ. રાજન તેમ જ મિ. ગુપ્તા પાસે માફીનામું લખાવ્યું.

મિ. રાજન ટ્રસ્ટીનો દીકરો હોવાથી એની સાથે સાથે આચાર્ય ગુપ્તાનાં કરતૂતો પર પણ પડદો પડી ગયો, નહિતર જો આ બન્નેની જગ્યાએ કોઈ સામાન્ય શિક્ષકથી આવી ભૂલ થઈ હોત, તો એને તો નોકરી કરવી પણ ભારે પડી ગઈ હોત! સ્કૂલમાં શિક્ષકોએ કઈ બાબતોનું ધ્યાન રાખવું એનું લાંબુ લિસ્ટ નોટિસરૂપે ફેરવવામાં આવ્યું. બાળકોને કઈ કઈ શિક્ષા કરવી નહીં, એની નીચે ખાસ અંડરલાઇન લાલ બૉલપેનથી કરવામાં આવી હતી. પટાવાળા ધનીરામના મુખ પર આનંદ છવાયેલો દેખાતો હતો. શાળાના તમામ વિલનોના મુખ ઉપર કાલિમા પ્રસરી ગઈ હતી. અવિનાશે નોટિસ વાંચ્યા બાદ નીચે તા.ક. કરીને લખ્યું–' ઉપરોકત ઘડેલા નિયમોનું ધ્યાન શાળામાં માત્ર બે જ વ્યક્તિઓએ રાખવાનું છે કારણ કે, બાકીના બધાં તો નિયમોનું પાલન કરતાં જ આવ્યાં છે !'

સહી કરાવીને નોટિસનું કાગળ ઑફિસમાં ગયું ત્યારે મિ. ગુપ્તા રાતાચોળ થઈ ગયા. એણે ધનીરામને પૂછયું : 'કોણે આવી ગુસ્તાખી કરી છે ?'

ધનીરામ તોછડાઈથી બોલ્યો : 'સાહેબ, નોટિસ ફેરવવાનાં કામ સિવાય, કોણે શુ કર્યું, કોણે શું લખ્યું, એવી નક્કામી બાબતો તરફ ધ્યાન આપવાનું કામ મારી ફરજમાં નથી આવતું.

તમે કેમેરા મૂકેલા છે તેમાં જોઈ લેજો !

જાસૂસી કરવાનું કામ મારું નથી ! સર, એમાં તો ફકત તમારી જ માસ્ટરી છે. ખરુંને ?!' ભવાં ઉપર ચડાવીને ખોંખારો ખાતો ખાતો એ બહાર આવ્યો. ઘડિયાળ તરફ જોયું અને તરત જ છુટ્ટીનો છેલ્લો લાંબો ઘંટ ટન્ ન્ ન્ ન્ ન્ ટન્ કરતો રણકાવી દીધો.

શીવાની લગભગ દોડતી ગ્રાઉન્ડ તરફ ભાગી. બાર ત્રીસની જગ્યાએ સ્કૂલ આજે મોડી છૂટી હતી. સાસુ–સસરાને લેવા સ્ટેશને પહોંચવાનું હતું. સ્કૂટરમાં કિક મારતી હતી ત્યાં જ અવિનાશ દોડતો આવ્યો. એના મુખ ઉપર અવર્ણનીય આનંદ છવાયેલો હતો. એ બાલ્યો : 'શિવાની તું કહેતી હતી ને કે કર્મ કોઈને છોડતું નથી, જો પેલા બે શેતાનોને એનાં કર્મની સજા આજે મળી ગઈને ?'

શિવાની ધીમે રહીને બોલી : 'પણ અવિનાશ, એ બન્ને શેતાનને કર્મની સજા આપવવામાં કુદરત એ ભૂલી ગઈ કે બીજી બાજુ થોડાંક નિર્દોષ બાળકો પણ વિના કોઈ કારણ એનાં ભોગ બનશે, કચડાશે, માર ખાશે. પાડાને વાંકે પખાલીને ડામ ? અવિનાશ, જે થયું તે બરાબર નથી થયું !... આવી ઘટનાઓ જ શિક્ષણનાં નૈતિક મૂલ્યો ઉપરની આસ્થાને લાંછન લગાવે છે.

જે બાળકોની પીઠ ઉપર સોળ પડયા હશે એ બાળકની સાથે સાથે એમનાં મા–બાપની પીઠ ઉપર પણ સોળ ઊભરાયા હશે, આજે જે બાળક કચડાયાં છે એ બાળકોનાં મા–બાપની મનોવેદનાનું શું ? જગતમાં જો શિક્ષણ અને શિક્ષક ઉપરનો વિશ્વાસ ડગમગી જશે, તો સમાજ પછી કોની ઉપર વિશ્વાસ કરશે ! 'એક એ જ તો નૈતિકતા અને વિશ્વાસનાં દપર્ણ સમાન છે !'

'શિવાની, બીજાનાં સુખમાં સુખી થનારી તું હવે તારી નાની સરખી ખુશી પણ એન્જૉય કરવા સમર્થ નથી રહી... અને એનું કારણ તને ખબર છે ?... એનું કારણ એક જ કે તું આખા જગતનાં સુખદુઃખને બાથમાં ભરી ભરીને સાવ ખાલીખમ થઈ ગઈ છે. કદાચ હવે તો તને કશું જ સ્પર્શતું નથી. કૉલેજમાં હતી ત્યારે જે શિવાની મેં જોઈ હતી... એ શિવાની ફરી કયારે જોવા મળશે ? ખેર ! છોડ એ વાતો. અશ્વિનની તબિયત કેવી છે ? ટ્રીટમેન્ટ બાદ તો હવે થોડું ચાલતો થયો હશે ?'

શિવાનીએ અવિનાશના સવાલોના જવાબ ટૂંકમાં પતાવ્યા અને સ્કૂટર સડસડાટ સ્ટેશન તરફ દોડવી મૂકયું. બપોરે વાહનોની અવરજવર ઓછી હતી. એટલે શિવાનીનું સ્કૂટર ફુલ સ્પીડે દોડી રહ્યું હતું... અને સાથે સાથે એનું મન પણ ગતિ પકડી રહ્યું હતું.

અનુક્રમણિકા

## 22

# પસંદગી ઉતારી

અશ્વિન અને અવિનાશ વચ્ચે જ્યારે પસંદગી કરવાની ક્ષણ આવી હતી ત્યારે એણે અશ્વિન ઉપર પસંદગી ઉતારી હતી. અને અવિનાશ માત્ર એક સારો મિત્ર. કૉલેજના એ દિવસો કેટલા આનંદદાયી હતા. રંજનાબાએ ટ્રસ્ટીની વિરુદ્ધ જઈને પોતાનો સોનાનો દાગીનો વેચીને પણ આશ્રમના નિયમ મુજબ સારું માંગુ આવ્યું હતું છતાં પરણાવી ન દેતાં પોતાના હિસાબે અને જોખમે શિવાનીની ઈચ્છા મુજબ, કૉલેજના પગથિયાં દેખાડયાં હતાં અને એમનો એ વિશ્વાસ એણે અકબંધ રાખવા સતત ફર્સ્ટક્લાસમાં બી.એ. સુધીનું શિક્ષણ લીધું પછી જ લગ્ન કર્યાં. કૉલેજમાં તો સાત મિત્રોની ટોળી હતી અને એ દરેક મિત્રોને પોતાની એક ઓળખ હતી. એમને પોતાના આગવા વિચારો હતા અને એ સાતમાંથી ચાર મિત્રો અશ્વિન, અવિનાશ, રિક્તા તેમજ શિવાની તો હંમેશા સાથે ને સાથે જ રહેતાં. તમામ સ્પર્ધાઓમાં સાથે, લાઇબ્રેરીમાં સાથે તેમ જ પુસ્તકોની કલાકોનાં કલાકોની ચર્ચામાં પણ સાથે જ. ગંભીર મુદ્દાઓની ચર્ચામાં શિવાની તેમ જ અશ્વિન એક પક્ષે અને રિક્તા તેમ જ અવિનાશ બીજે પક્ષે...

અવિનાશ અને રિક્તા કૈંક અંશે પૈસાદાર કુટુંબમાંથી આવતાં હતાં જ્યારે અશ્વિન અને શિવાનીમાં અશ્વિન મધ્યમવર્ગીય પરિવારમાંથી અને શિવાની તો બે જ કપડાંમાં આખું વર્ષ પસાર કરતી, લાઇબ્રેરીમાંથી પુસ્તકો મેળવીને વાંચતી એક આશ્રમ કન્યા. લગભગ બે વર્ષ સુધી કોઈને ખબર નહોતી કે, શિવાની એક અનાથ આશ્રમ કન્યા છે. ઠેઠ કૉલેજના ત્રીજા વર્ષમાં જ્યારે એવું નક્કી કરવામાં આવ્યું કે, આ દિવાળી વૅકેશનમાં દરેક જણાએ ભેગાં મળીને દરેક વ્યક્તિને ઘરે એક દિવસ માટે જઈને પણ રહેવું. સાત મિત્રોની ટોળકી હતી, તેમાં દિવ્યા અને રત્ના તો વૅકેશનમાં લાબી ટૂર ઉપર જવાનાં હતાં. પણ આકાશ અને આ ચાર મિત્રોએ તો એકબીજાનાં ઘર તેમજ ગામ અને વડીલોને મળી વૅકેશન–અર્થસભર બનાવવું. દરેક જણે પોતપોતાનાં સરનામાં એકબીજાને લખાવ્યાં. છેલ્લે શિવાનીનો વારો આવ્યો ત્યારે સરનામાંરૂપે માત્ર આંખમાંથી અશ્રુધારા વહી રહી.

દરેક જણા એકબીજા સામે ક્યાંય સુધી જોઈ રહ્યાં. શિવાનીને ભૂલમાં કોઈએ કહ્યું તો નથીને ? અંતે સ્વસ્થ થતાં શિવાની બોલી, ‘હું આપ સર્વેને મારાં ગામ – ઘર સ્વજનને તમારી સાથે મેળવી શકું એમ નથી.’

‘શિવાની, જોઈએ તો અમે તારા ઘરે જમીશું નહીં. બધાંને મળીને નીકળી જઈશું શિવાની પ્લીઝ... એવું શું કરે છે ? તને કોઈ પ્રૉબ્લેમ છે ?’

રિક્તા થોડી ડરતી ડરતી બોલી ‘એવું તો નથી ને કે, તારે કોઈ સ્ટેપ મધર હોય... ને એટલે તું...’

અને એ સાથે જ શિવાની બોલી ઊઠી : ‘રિક્તા સ્ટેપ મધરનું સુખ પણ નસીબમાં હોવું જોઈએને ? અનાથને વળી મધર કેવી અને વળી ફાધરકેવા ? ગામ કેવું ? ઘર કેવું ? સ્વજન કેવું ? અનાથને પલ્લે ગુમનામી સિવાય બીજું કશું આવતું નથી હોતું. દિશાવિહીન, નામવિહીન, ઓળખવિહીન જીવન લખાવીને અમે આવીએ છીએ. જેને મા જેવી મા જન્મતાંની સાથે તરછોડી દે એવી વ્યક્તિને વળી ઓળખ કેવી ?

હા ! આશ્રમની ગૃહમાતા રંજનબા મારી જન્મદાયી મા ભલે નથી, પણ મને સગી દીકરીથી પણ વધારે ચાહે છે. ધનિકો તેમ જ સરકારની આછીપાતળી કૃપાદષ્ટિથી ચાલતા અમારા આશ્રમની પહેલી આ એક ઐતિહાસિક ઘટના છે કે, જ્યાં ગૃહમાતા પોતાને ખર્ચે મારા જેવી એક અનાથ છોકરીને શહેર સુધી કૉલેજ કરવા મોકલે છે અને તે પણ પોતાના દાગીના વેચીને !’

તમામ મિત્રો થોડીવાર સુધી મંત્રમુગ્ધ બનીને શિવાનીની કહાણી સાંભળી રહ્યાં. રિક્તા, દિવ્યા તેમ જ રત્ના તો સાવ છોભીલાં પડી ગયાં. કારણ કે, છેલ્લાં ત્રણ વર્ષથી એઓ શિવાનીને કંજૂસ, મણિબહેન, વેદિયણ તેમ જ સાવ અડિયલ જેવાં અનેકાનેક અભદ્ર કહી શકાય એવાં ઉપનામોથી નવાજી હતી અને સામે છેડે એક શિવાની હતી કે, જેણે ક્યારેય

સામે નારાજગી વ્યક્ત કરી નહોતી. હંમેશાં શાલીન, ઠાવકી તેમ જ ધીરગંભીર છતાં હસતી રહેતી શિવાની આજે દરેકની નજરમાં અનેકગણી ઊંચાઈ પ્રાપ્ત કરી ચૂકી હતી. શિવાની જાણે હિમાલયની ટોચ અને એ બધાં મિત્રો જાણે ખીણમાં ગબડતા પથ્થરો !! દરેકે દરેક મિત્રને પોતે કહેલાં કટુ તેમ જ અભદ્ર વચનો યાદ આવી ગયાં. અવિનાશે પણ કહ્યું હતું કે, 'શિવાની, હવે તું તારો યુનિફૉર્મ ક્યારે બદલવાની ? યુનિફૉર્મ પહેરનારા વિદ્યાર્થીઓ પણ 'વિધાઉટ ડે' ના દિવસે સરસ રંગીન કપડાં પહેરે છે. જ્યારે તું તો ખાદીનાં પંજાબી ડ્રેસ અને તે પણ શુભ્ર સફેદ. જાણે કોઈનાં બેસણામાં બેસવાં ન જતી હોય ! યાર ! ક્યારેક તો તું રત્ના, દિવ્યા જેવાં મૉડર્ન કપડાં પહેરીને આવ ! આમ સાવ મણિબહેન જેવું ડ્રેસિંગ' અને ત્યાં જ અશ્વિન બોલ્યો હતો : 'અવિનાશ વ્યક્તિના પહેરવેશ ઉપર જવાં કરતાં વ્યક્તિના વ્યક્તિત્વ, કે તેની વિચારધારા, તેની માન્યતા અને તેનાં કર્મથી એને ઓળખવી, પરખવી કે દોસ્તી કરવી એમાં જ શાણપણ છે અને એમાં જ કસોટી પણ છે.'

એ વૅકેશનમાં પછી કોઈ કોઈના ઘરે ગયું નહીં. આખું વૅકેશન દરેકનું ઉચાટમાં જ પસાર થઈ ગયું. આ વર્ષે દિવાળીકાર્ડની આપ–લે સુધ્ધાં ના થઈ. દરેકે શિવાનીને શું શું ન કહેવા જેવું પણ કહ્યું હતું, તે યાદ કરીને જ વિતાવ્યું. અને ઊઘડતી કૉલેજે શિવાનીની માફી માંગવાની તૈયારી સાથે દરેક જણ પહેલે દિવસે આવી પહોંચ્યા.

પહેલે દિવસે કૉલેજમાં બધાં હાજર થયાં પણ શિવાની આવી નહતી. પહેલો તાસ, બીજો તાસ... લગભગ સાંજ સુધી શિવાનીની રાહ જોઈને બધાં બેસી રહ્યાં. ઠેઠ સાંજે કૉલેજના બાગમાં બેસીને બધાં એક જ વાત કરતાં રહ્યાં, 'શિવાની કેમ આવી નથી ? શિવાની સાથે ઈશ્વરે સારું નથી કર્યું. આપણે શિવાનીને ન કહેવા જેવું ઘણું કહ્યું છે જે બરાબર નહોતું. શિવાની સરનામું પણ ક્યાં આપીને ગઈ છે કે એને આવતીકાલે ન આવે તો શોધવા જઈ શકાય કે, પછી માફી માંગવા પણ જઈ શકાય !'

'હું હંમેશા એટલે જ કહેતો હતો કે, બોલવાં પહેલાં સો વાર વિચારવું.' અશ્વિન વારેવારે ઉપરોક્ત વાક્ય બોલી બોલીને લગભગ અર્ધપાગલ જેવો થઈ ગયો હતો.

'જે થયું કે કર્યું તે સારું નથી થયું. અજાણ્યે પણ આપણે કેટલીવાર એનું દિલ દુભવ્યુંહશે એ તો રામ જ જાણે ! જોકે, શિવાની મોટા હૃદયની છે. એ આપણને માફ જરૂર કરશે.' રત્ના રડમસ ચહેરે બોલતી રહી, 'શિવાનીએ કંઈ કેટલી  વાર વાંચવા માટે પુસ્તકો માંગ્યા હતાં અને મેં હંમેશા જુદે જુદે બહાને એને પુસ્તકો આપવાનું ટાળ્યું હતું. અને એટલે બિચારી લાઇબ્રેરીમાં બેસી બેસીને બીજાની નોટ–ચોપડી કે લાઇબ્રેરીનાં પુસ્તકોમાંથી ઉતારા કર્યે રાખતી હતી.' આટલા અભાવ વચ્ચે પણ સૌથી વધુ ગુણ મેળવીને ક્લાસમાં ફર્સ્ટ આવતી હતી. કાલે જેવી આવશે તેવી મારી પાસેનાં તમામ પુસ્તકો હું એને વાંચવા આપી દઈશ. હું તો ન ભણીશ તો પણ ચાલશે. પણ બિચારી શિવાનીને તો ભણ્યે જ છૂટકો છે !'

દિવ્યાથી ન રહેવાયું. એણે પણ એનો ગુનો મિત્રો સામે વર્ણવતા કહેવા માંડ્યું : 'હું હંમેશાં નવાં નવાં કપડાં પહેરીને આવતી અને વારંવાર શિવાનીને એની કિંમત તેમ જ ડિઝાઈનરની મોંઘીદાટ સિલાઈ વગેરેની બડાશ હાંક્યા કરતી; પણ મેં ત્યારે કેમ ન વિચાર્યું કે, શિવાની કેમ એકનાં એક જ કપડાં ધોઈને વારાફરતી પહેરી લાવે છે ? મારાં ડિઝાઇનર કપડાં કરતાં પણ એની સફેદ ખાદીનાં ડ્રેસ એના વ્યક્તિત્વને કેટલાં ઊભારતાં હતાં ! મારાં કરતાં પણ સાદાં વસ્ત્રોમાં એ વધુ સુંદર અને નમણી લાગતી હતી ! આ વર્ષે ટૂર પર જવાની મેં પપ્પાને ના કહી. બદલામાં ચાર નવા ડ્રેસ લીધા છે અને એ ડ્રેસ હું કાલે જ્યારે એ આવશે ત્યારે ભેટ આપવાની છું.'

'એ ખૂબ સ્વમાની અને ધીરગંભીર છે. દિવ્યા તું એવું કંઈ જ ના કરતી કે, જેથી શિવાની આપણાથી દૂર થઈ જાય. બસ, ભગવાન કરે ને એ કાલે કૉલેજ આવે એનું આ વર્ષ એને માટે ખૂબ જ કીંમતી છે એણે આવવું જ રહ્યું '

•

અનુક્રમણિકા

## 23

# પ્રથમ ઈનામ

બીજે દિવસે દશ વાગ્યામાં જ આખી ટોળકી કૉલેજના ગેટ ઉપર આવીને શિવાનીની રાહ જોવાં લાગી, બધાંને ખબર હતી કે શિવાની અગિયાર વાગ્યા પહેલાં આવવાની જ નથી, પણ રાત આખી ચિંતામાં જ પસાર કરી હોય, એટલે એ ચિંતા સ્વાભાવિક છે કે સમય કરતાં વહેલાં જ કૉલેજ પહોંચાડી દે.

બરાબર અગિયારને ટકોરે જે બસ આવી એમાંથી શિવાની ઊતરી અને સસ્મિત હેપ્પીન્યૂ યર.... સાલમુબારક કરતી દરકે મિત્રને પ્રેમથી મળી એનું સ્મિત, એની ઠાવકાઈ, એની રૂઆબદાર ચાલ, જાણે કશું જ બન્યું નથી. જાણે એક નવી જ શિવાની. પહેલાં કરતાં અનેકગણી ઊંચાઈ પ્રાપ્ત કરીને આવેલી સૌની મીઠડી શિવાની એ આખો દિવસ હવે પછી શું શું કરવાનું છે ? કેટલું વાંચવાનું છે ? કયા સાહિત્યકારને મળવા જવાનું છે ? કોનાં વક્તવ્યો ગોઠવવા માટે પ્રોફેસર દર્શન મહેતાને મળવા જવાનું છે ? ભાવિ પ્રોજેક્ટ, ભાવિ પરીક્ષા, તેમ જ ભાવિના કૈં કેટલાં ઉત્તમ ચિત્રો એણે ટોળકીની આંખોમાં આંજીને બધાંની તો જાણે બોલતી જ બંધ કરી દીધી. શિવાનીની વાતોમાં પૂછવાનું પણ ભૂલાઈ ગયું કે, તું કાલે કેમ નહોતી આવી ? અને કોઈ એની માફી પણ ન માંગી શક્યું. કારણ કે, શિવાની જેનું નામ! કોઈને નીચાં કે ઓછાં ચીતરીને કે પછી બીજાંની લીટી ટૂંકી કરીને પોતાની લીટી મોટી કરનારાંમાંની એક એ નહોતી, એ તો જાતમહેનતે બધાંને સાથે રાખીને ઊજળી થનારાંઓમાંની એક હતી !

કૉલેજમાં દાખલ થતાં જ પ્રોફેસર દર્શન મહેતા સામે મળ્યા. એમણે આખી ટોળકીને ઊભી રાખી અને કહ્યું, ‘ચાલો, બધાં શિવાનીને શુભેચ્છા આપો, દિવાળી પહેલાં એણે લખેલ નિબંધને ઑલ ઓવર ગુજરાત નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું છે અને આજે સાંજે કૉન્ફરન્સ હૉલમાં પ્રિન્સિપાલ સાહેબે એક શુભેચ્છા સમારોહનું આયોજન કર્યું છે,’ અને એ સાથે જ કૉલેજની પરસાળમાં અભિનંદનનું વાવાઝોડું ફૂંકાયું. શિવાની આખો દિવસ ફક્ત અભિનંદન વચ્ચે જ ઘેરાયેલી રહી. સમગ્ર પ્રોફેસરગણે પણ શિવાનીને સ્ટાફરૂમમાં બોલાવીને અભિનંદન આપ્યાં.

નાની–મોટી સિદ્ધિઓ તો મેળવતી રહેતી હતી, પણ ઑલ ઓવર ગુજરાત નિબંધ સ્પર્ધાએ એને રાતોરાત એક નવી ઓળખ અપાવી દીધી હતી. હવે દરેક સાહિત્યિક પ્રોગ્રામોમાં શિવાની જ અગ્રસ્થાને રહેતી. નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ક્વિઝ, સુડોકુ, વાદસભા, સભા સંચાલન અને સુમધુર ગળાને કારણે ગીત–સંગીતના પ્રોગ્રામોમાં પણ શિવાની અગ્રેસર રહેવા લાગી.

શિવાનીને યાદ આવ્યું કે, એક વકતૃત્વ સ્પર્ધામાં પોતે બોલતી વેળા એક ક્ષણિક વાર માટે બ્લૅન્ક થઈ ગઈ હતી. એ કોઈક મુદ્દો ભૂલી ગઈ હતી. અશ્વિન પણ ખૂબ સારો વક્તા હતો.

શિવાની પછી અશ્વિન સ્ટેજ ઉપર બોલવા ઊભો થયો, પણ માત્ર બે મિનિટના વક્તવ્ય બાદ જાણે, બધું જ ભૂલી ગયો હયો, એમ ‘આઈ એમ સૉરી’ કહીને સ્ટેજ ઉપરથી ઊતરી ગયો હતો. શિવાનીને વાત સમજમાં આવી ગઈ હતી કે, શિવાનીને જીતાડવા ખાતર જ અશ્વિન પોતાનું વક્તવ્ય ભૂલી ગયો છે અને એવું કહીને સ્ટેજ ઉપરથી ઊતરી આવ્યો છે. જોકે અશ્વિનની તૈયારી તો શિવાની કરતાં અનેકગણી ચડિયાતી હતી.

જ્યારે પરિણામ જાહેર કરવામાં આવ્યું ત્યારે શિવાનીને ફાળે પ્રથમ ઇનામ જાહેર થયું. શિવાનીએ ટ્રૉફી લેતાં પહેલાં માઇક પાસે જઈને અશ્વિનને સ્ટેજ ઉપર બોલાવ્યો અને ટ્રૉફી અશ્વિનના હાથમાં મૂકાવતાં એ બોલી : ‘મિત્રો, જે ઘટના આપણે ફિલ્મોમાં જોઈએ છીએ, એ ઘટના રિઅલ લાઈફમાં ઘટતી જ હોય છે. જેમ કે, એવી જ એક ઉદાત્ત ઘટના આજે ઘટી છે !’ આખી સભા સ્તબ્ધ હતી, બધાં જ વિચારી રહ્યાં હતાં કે આ શું થવા જઈ રહ્યું છે ? શિવાની કેમ ટ્રૉફી અશ્વિનને અપાવી રહી છે ?’

‘હા મિત્રો ! મને જિતાડવા માટે આજે મારા મિત્ર અશ્વિને પોતાનું વક્તવ્ય કે જે મારા કરતાં પણ અનેકગણું ચડિયાતું હતું. તે ટૂંકાવીને જાણે મુદ્દા ભૂલી ગયો હોય એવો ઢોંગ કરીને ક્વિટ કર્યું છે. મને ખબર છે કે, એ મને હારતી જોવા કે પછી મારું પ્રથમ સ્થાન એને

મળે એમ ઈચ્છતો નથી મિત્રો ! આવા મિત્રો... પણ કળિયુગમાં બહુ ઓછા જોવા મળે છે ને આ ઓછા ઉદાત્ત મિત્રોમાંનો એક ઉદાત્ત મિત્ર મને મળ્યો છે. કદાચ મારા જેટલી ખુશનસીબ બીજી કોઈ ન હોઈ શકે. મારી જ્યૂરિને વિનંતી છે કે મારા મિત્ર અશ્વિન એનું વક્તવ્ય અહીંથી ફરી રજૂ કરે અને આ ટ્રૉફી પણ એને જ મળે એવી આપ સર્વેને વિનંતી છે.'

આટલું સાંભળ્યા બાદ નિર્ણાયકોએ ઊભા થઈને તાળીઓ પાડવી શરૂ કરી હતી અને એ સાથે કૉલેજના તમામ સ્ટૂડન્ટ પણ ઊભા થઈને ક્યાંય સુધી શિવાની તેમ જ અશ્વિન માટે તાળીઓનો વરસાદ વરસાવતાં રહ્યાં. અશ્વિને ફરી એનું ધારદાર સુંદર વક્તવ્ય રજુ કર્યું અને નિર્ણાયકોએ શિવાનીને હાથે અશ્વિનને ટ્રૉફી અપાવી હતી જે ઐતિહાસિક સાચી દોસ્તીની પળોને કંઈ કેટલા કૅમેરાએ કેદ કરી હતી. અને એ કેદ થયેલી પળનો ફોટો આજે પણ શિવાનીના દીવાનખંડની શોભા બનીને લટકી રહ્યો છે એ એને યાદ  આવ્યું.

અવિનાશે બીજા દિવસે એક પાર્ટીનું આયોજન કર્યું હતું. આખી ટોળકીને એ કૉલેજની બહાર આવેલી હૉટલમાં શિવાનીની ઉદાત્તતાને સરાહવા માટે લઈ જાય છે. અવિનાશે હૉટેલમાં ઊભા થઈને કહ્યું : 'મિત્રો ! આજની આ પાર્ટી મારા તરફથી ખાસ એટલા માટે રાખવામાં આવી છે કે શિવાની, કે જે મારી ખાસ મિત્ર છે, એ પોતે પોતાની ટ્રૉફી જતી કરીને અશ્વિનને જિતાડે છે. જોકે ટ્રૉફી તો શિવાનીની જ હતી. કેટલી ઉદાત્ત છે એની ભાવના ! 'ગિવ એ બિગ હૅન્ડ ફૉર શિવાની.'

તાળીઓના ગડગડાટ વચ્ચે અશ્વિન અને શિવાનીની આંખો આજે પહેલી વાર મિત્રતાની ઉપર જઈને કંઈક એવી રીતે મળી કે, જેમાં એક સાત્ત્વિક નિર્મળ પ્રેમનું સંગીત તરવરતું હોય, તાળીઓના ગડગડાટ પણ જાણે સિતારના સૂર છેડી રહ્યો હોય, બન્નેની આંખો ભેગી મળીને જાણે એક દિવ્ય સ્વપ્ન કંડારી રહી હોય, એમના અગોચર ભાવિનું કે પછી...

અવિનાશની તીક્ષ્ણ નજરે એટલું તો નોંધ્યું જ કે, શિવાની અને અશ્વિન મિત્રતાથી અધિક ઉપરવટ જઈને કોઈ એક મુકામ નક્કી કરી રહ્યાં છે કે, જે મુકામ અવિનાશ પોતે શિવાની સાથે મનોમન ઈચ્છી રહ્યો હતો અને એમાં એક મોટું ગાબડું પડતું જોઈ, એ સમસમી

ઊઠ્યો હતો. ભીતરથી એક ખેંચાણ, એક એવો સાદ એને પણ ઊઠી રહ્યો હતો કે, શિવાની પાસે કંઈક એવું છે કે, જે મિત્રતાથી પણ ઉપરનું છે અને એ એને જ મળવું જોઈએ; નહીં કે, અશ્વિનને અને એ મેળવવા માટે હવે એણે ઉતાવળ કરવી રહી, નહીંતર અશ્વિન આજે એક ટ્રૉફી લઈ ગયો, કાલે કદાચ બીજી બધી ઉપલબ્ધિ....

●

અનુક્રમણિકા

## 24

# બાર સાંધો ને તેર તૂટે

એક દિવસ અશ્વિન કૉલેજ આવ્યો નહોતો અને શિવાની લાઇબ્રેરીમાં બેસીને પરીક્ષાની તૈયારી કરી રહી હતી. છેલ્લાં વર્ષનાં છેલ્લા દિવસો એટલે શિવાની લગભગ લાઇબ્રેરીમાં જ બેસીને સંદર્ભ પુસ્તકો ઉથલાવતી રહેતી હતી. અવિનાશ એને શોધતો લાઇબ્રેરીમાં પહોંચ્યોઅને શિવાની પાસે બેઠક જમાવી ક્યાંય સુધી એણે વાંચવાનો ઢોંગ ચાલુ રાખ્યો. પછી કંટાળ્યો કારણ કે, લાઇબ્રેરીમાં તો વાતો કરવાની સખત મનાઈ હતી. એણે શિવાનીને કહ્યું : 'શિવાની, ક્યારની જરા ઊંઘ જેવી આવે છે. ચાલ, જરા કેન્ટીનમાં ચા પીને પછી વાંચીએ. શિવાનીએ પહેલાં ના કહી પણ અવિનાશની જીદ સામે એ ઝૂકી ગઈ.

કેન્ટીનમાં ચાનો ઑર્ડર આપીને અવિનાશે વાતની શરૂઆત કરતાં સીધું જ પૂછી લીધું : 'શિવાની ભાવિ અંગે તેં શું વિચાર્યું છે ?'

શિવાની, બોલી : 'અવિનાશ, હું ભાવિ વિશે વધારે વિચારતી જ નથી, હું તો ફક્ત વર્તમાનમાં જ જીવું છું. એમ પણ ભાવિ ક્યાં આપણા હાથમાં જ છે ભલા !'

'શિવાની, એ રીતે નહીં પણ ભાવિ પાર્ટનર અંગે વિચારવું અને એ રીતે પ્લાનિંગ કરવું એ પણ તો જરૂરી છેને ? અને આ જ સમય તો છે કે, જ્યારે આપણે સારો પાર્ટનર શોધી સભર બનીએ. પરીક્ષા પછી તો બધાં ક્યાંનાં ક્યાં હોઈશું કોને ખબર !'

'અવિનાશ, સભર બનવાનું સ્વપ્ન મારી જેવી છોકરી નહીં જોઈ શકે. સપનાં જોવાનો, સભર બનવાનો અધિકાર કે ઈચ્છા કદાચ.....'

અવિનાશે શિવાનીનાં હાથ ઉપર પોતાનો હાથ મૂકી દઈને પૂરા પ્રેમથી કહ્યું : 'શિવાની, હું તને પૂરા માનસમ્માન સાથે સભર બનાવવા માંગુ છું. તને તારા તમામ અધિકાર

તેમજ તારી તમામ અપૂર્ણ ઇચ્છાઓને પૂરી કરવા માટે તત્પર છું. ઉત્સુક છું. શિવાની બસ, તું તારો હાથ.. મને સોંપી તો જો, હું તને એક ઉત્કૃષ્ટ જીવન આપી શકું એમ છું. હું તને તારા તમામ અભાવ સાથે સ્વીકારવા તૈયાર છું. હું તારે માટે તમામ લડત લડવા પણ તૈયાર છું. બસ મને એક મોકો તો આપીને જો.'

'અવિનાશ, તું મને જે આપવાં ઈચ્છે છે તે એક પુસ્તક આપવા જેટલો કે, કોઈ બીજી નાની–મોટી ચીજવસ્તુની મદદ કરવા જેટલો સહેલો ઉપક્રમ નથી. હું જે કાદવમાં ખૂંપેલી છું... એમાંથી બહાર નીકળવાનું કામ ખૂબ કપરૂં છે. કદાચ મને એમાંથી બહાર કાઢનાર પોતે પણ આ કાદવમાં ખૂંપી જાય એમ પણ બને. કોઈ અનામીને નામ આપવાનું કામ તું ધારે એટલું સહેલું નથી. જો અવિનાશ, તારે માટે તો દિવ્યા, રત્ના જેવી અનેક છોકરીઓ છે કે જે તારે યોગ્ય છે, તારે સમકક્ષ છે. તારા જ સમાજની છે. મારે તો નથી સમાજ, નથી કુટુંબ, નથી છત્ર, નથી નામ અને એવાં ગુમનામ વ્યક્તિત્વની પાછળ દોડવું એટલે મૃગજળ પાછળ દોડવા બરાબર છે. હા... અવિનાશ, આપણે હંમેશાં એક સારાં મિત્ર રહ્યાં છીએ અને રહીશું. બસ... એનાથી વધારે આપવાનું મારું ગજું નથી. અવિનાશ, તું મને માફ કર...' શિવાની આટલું બોલીને.... ચા પીધા વિના જ બસ પકડી લે છે....

બીજે દિવસે શિવાની કૉલેજ આવી પણ એનાં મુખ પર જરા પણ ગ્લાનિ કે વિષાદનો ભાવ નહોતો. સ્થિતપ્રજ્ઞ, ધીરગંભીર અને છતાં હંમેશા એ જ મોહક સ્મિત સાથે એણે અવિનાશને બોલાવ્યો.

'શું છે અવિનાશ, તેં પછી કાલે રાત્રે પેલી કાવ્યમીમાંસા પૂરી કરી કે નહીં? અને યાદ છે ને વંચાઈ જાય એટલે તારું કાવ્યામીમાંસાનું પુસ્તક તારે મને વાંચવા આપવાનું છે ? બસ, બરાબર આ જ રીતે સસ્મિત એ આખી ટોળકીમાં પોતાની સુંગધ મહેકાવતી રહી. કદાચ આ સુગંધનાં જ તો બધાં દીવાના બન્યાં હતાં...

સમગ્ર કૉલેજ શિવાનીને મિત્ર બનાવવા તલપાપડ હતી. દરેક શિવાનીને ઝંખતા હતાં. શિવાની સાથે વાતો કરવા તરસતાં. પણ શિવાની માત્ર એકને જ તરસતી. અને એ

હતો... અશ્વિન. એમ તો અશ્વિનની તરસ પણ શિવાની જ હતી, પણ હજી એ તરસને કિનારે પોતાની પ્રેમની નાવને લાંગરી શકવા સમર્થ ક્યાં હતો ?

♦♦♦

શિવાનીનું સ્કૂટર સાવ ખખડી ગયું હતું. નવું લેવા વિચારતી હતી. પણ ફ્લૅટના હપ્તા, મોંઘવારી, અશ્વિનની દવાનો ખર્ચ, બાર સાંધે ને તેર તૂટે જેવો ઘાટ હતો. સ્ટેશન જતાં સુધીમાં ત્રણ વાર સ્કૂટર બંધ પડી ગયું. સ્કૂટરને કિક મારી મારીને પૂરી બેહાલ થઈ ચૂકી હતી. શરીર તૂટું તૂટું થતું હતું અને શાળામાં બનેલી ઘટનાને કારણે મન પણ ત્રસ્ત થઈ ચૂક્યું હતું. ત્રીજી વાર કિક લગાવતી વેળા તો જરા ચક્કર જેવું પણ આવી ગયું, એને શંકા પણ થઈ આવી કે સ્ટેશન સુધી હેમખેમ પહોંચી શકાશે કે પછી ક્યાંક રસ્તામાં જ...! સ્ટેશને મોડી પહોંચશે તો સાસુ–સસરા કે જે પહેલીવાર એના ઘરે આવી રહ્યાં છે એ શું સમજશે ? એ તો એમ જ સમજશે કે પારકી તે પારકી જ રહેવાની; ઉપરથી આશ્રમવાળી. અનાથ. એની પાસે વળી શી અપેક્ષા રાખવાની ?

જોકે, અશ્વિને તો સવારે પણ કહ્યું હતું કે 'સ્કૂલેથી થાકી–પાકી સીધી ઘરે જ આવજે. એમને સ્ટેશને લેવા જવાની કોઈ જરૂર નથી. એમ પણ આપણાં ઘરનું નવું સરનામું ગામથી આવેલાં મનોજભાઈ સાથે મોકલી જ આપ્યું છે, એટલે રિક્ષા કરીને આવી રહેશે.'

'અશ્વિન, બા–બાપુજી પહેલીવાર આપણાં ઘરે આવે છે. સ્ટેશને જઈને રિક્ષામાં બેસાડી ઘર સુધી એમને લઈ આવવાં એ આપણી ફરજ છે. અને હા, તું ચિંતા નહીં કર. સ્ટેશન સુધી જવામાં મને કંઈ વાર લાગવાની નથી અને રહી થાકની વાત, એ તો બા–બાપુજીના ચરણસ્પર્શ કરતામાં જ ઊતરી જશે.

અને બરાબર સ્ટેશન પહોંચતા જ જે દૃશ્ય જોયું એ જોઈને ફફડી ઊઠી.

અનુક્રમણિકા

25

# બા–બાપુજીનું આગમન

રિક્ષા સ્ટૅન્ડ ઉપર સાસુજી કંઈક બબડી રહ્યાં હતાં અને સસરાજી રિક્ષાવાળા સાથે ભાવતાલની કચકચ કરી રહ્યાં હતાં.

‘અરે ! અમદાવાદ, વડોદરા, મુંબઈ બધે જ મીટર ડાઉન કરાવીને અમે મીટરનાં હિસાબે જ રિક્ષાભાડું ચૂકવીએ છીએ. આમ તું સીધા પચાસ રૂપિયા ભાડું બોલી દે તે કેમ ચાલે ? મનમાં આવે તેમ બોલે છે ! આગલો તો વળી સાઠ રૂપિયા કહેતો હતો. સુરતમાં કંઈ કાયદા–કાનૂન જેવું છે ખરું ?’

સાસુજી વળી બીજું જ બબડ–બબડ કરતાં હતાં. ‘તમારી વહુએ વ્યવસ્થા કરવી જોઈએને ? ખબર છે કે, આપણે પહેલી વાર આવીએ છીએ. તો એની ફરજ બને છે કે, સ્ટેશને લેવા જવું. પણ ના. એ તો એની કમાણી પર ઘર ચલાવતી હશે, એટલે એનું જ રાજ હશે. બિચારા અશ્વિનનું શું થતું હશે ?!’

ક્યારની પાછળ ઊભી રહી તાલ જોતી શિવાનીને મનમાં સહેજ ગુસ્સો પણ આવ્યો અને સાથે અશ્વિને સવારે કરેલી વાત પણ યાદ આવી કે, તારે સ્ટેશને જવાની જરૂર નથી. પણ પછી સ્વસ્થ થતાં વિચાર્યું કે ઉંમરલાયક, વયસ્ક વ્યક્તિ; ઉપરથી નવું શહેર, દીકરા પાસે રાખેલી અપેક્ષા, શરીરની નિર્બળતા, કેટલા બધા કપરા સંયોગો એક સાથે કામ કરતાં હશે. આ ઉંમરે કદાચ વ્યક્તિ આવી જ થઈ જતી હશે. પણ સામે છેડે. મારી રંજનબાની પણ ઉંમર થઈ છે. અને છતાં એમનાં વાણી–વ્યવહાર વર્તન. કેટલો ફેર હોય છે વ્યક્તિએ વ્યક્તિએ !

અને એ સાથે જ એણે સાસુમાના ચરણસ્પર્શ કર્યા. પછી સસરાજીના ચરણસ્પર્શ કર્યા. સાસુજીએ મોં ફેરવી લીધું, પણ સસરાજીએ આશીર્વાદ દેતા કહ્યું : ‘દીર્ઘાયુ ભવ!’ એને જરાક વાર માટે થઈ આવ્યું કે, આ આશીર્વાદ છે કે પછી.....!’

શિવાનીએ રિક્ષાભાડું નક્કી કરી ભાડું ચૂકવી દીધું, પછી રીક્ષાવાળાને સરનામું બરાબર સમજાવી સ્કૂટર રીક્ષાની આગળ દોડાવી મૂક્યું. રસાલો ઘરે પહોંચ્યો ત્યારે ઘડિયાળમાં બરાબર બે વાગ્યા હતા. રસોઈ ગરમ કરી અશ્વિન તેમ જ બા–બાપુજીને જમાડતાં બરાબર ત્રણ વાગ્યા. અશ્વિને ઘણી વાર ઈશારો કર્યો કે તું પણ સાથે જમવા બેસી જા, પણ શિવાની વડીલને જમાડ્યા પહેલાં ભલા ક્યાંથી જમે ? સસરાજીએ શિવાનીની રસોઈ વખાણી, પણ સાસુજી તો મૌન ધારણ કરીને બેઠાં હતાં. 'બા તમને આ ભાવશે... બા તમને બાસુંદી ભાવશે...'

પણ બા પીગળ્યાં નહીં. બાને તો એમ પણ સુરત આવવું જ નહોતું, એ તો બાપુજીનું ચેકઅપ કરાવવા પૂરતાં જ અહીંયા આવ્યાં હતાં.

જો કે, અશ્વિનના મગજમાંથી હજી પણ બા–બાપુજીએ કરેલ વેરોવંચો – મારુંતારું કરવાની રીતિ – નીતિ ભુલાઈ નહોતી. મોટાભાઈને બંગલો લેવા પૈસા આપ્યા અને મને માત્ર મેં મારી મરજીથી લગ્ન કર્યાં એટલા થકી મિલકતમાંથી ભાગ ન આપવાનો નિર્ણય લઈને ધુત્કારી કાઢ્યો અને એ પછી ક્યારેય પાછું વળીને જોવા પણ ન આવ્યાં કે અશ્વિન જીવે છે કે પછી.....?!

મોટાભાઈએ મિલકત – પૈસા – દર – દાગીના બધું જ પડાવી લીધું. અને હવે જ્યારે બા–બાપુજીની સેવા કરવાનો સમય આવ્યો ત્યારે સંબંધ કાપી નાંખ્યો. મોટાં ભાભીનાં વખાણ કરતી થાકતી નહોતી એવી બા, હવે શિવાનીના શરણે આવી છે છતાં એની અકડ તો જુઓ ! અશ્વિન બા–બાપુજીના આવ્યા બાદ ખુશ થવાને બદલે ગમગીનીમાં સરી પડ્યો અને એના મનોભાવ એની આંખોમાં અને વર્તનમાં શિવાની જોઈ રહી હતી. બા–બાપુજી પૂછે તેનો માત્ર 'હા કે ના'માં જ જવાબ આપતો, સહેજ પણ ઉમળકો ન બતાવતો અશ્વિન શું વિચારી રહ્યો છે એ શિવાની પારખી ગઈ હતી.

રાત્રે સૂતી વેળા શિવાનીએ જ વાતની શરૂઆત કરતાં કહ્યું : 'બા–બાપુજી આવ્યાં છે એટલે ઘર કેટલું ભરેલું ભરેલું લાગે છે. હવે તમારે પણ સરસ કંપની ગામ – ઘરની વાતો થશે અને.....'

વાતને અડધેથી જ કાપતાં અશ્વિને રોકી રાખેલો ડૂમો બહાર આવી ગયો 'મારે એવી સ્વાર્થી કંપનીની કોઈ જરૂર નથી. હું એકલે હાથે પણ મારી એકલતા વેંઢારી શકું એમ છું. મોટાભાઈએ ધક્કો માર્યો એટલે અશ્વિન યાદ આવ્યો. પણ એ પહેલાં અશ્વિન ક્યાં હતો ? મિલકતમાં ભાગ આપતી વેળા, દાગીનાના ભાગ વેળા અશ્વિન ન દેખાયો. હવે બધી બાજુથી ઘેરાયાં એટલે અશ્વિન યાદ આવ્યો. પેલી માવતર – કમાવતર વાળી કહેવત પણ એમણે તો ખોટી પાડી. શિવાની, તારે પણ ખોટી દોડધામ કરવાની કે ખર્ચા કરવાની કોઈ જરૂરત નથી. વડીલ વડીલપણું ભૂલી જાય તો સંતાનો ક્યાં સુધી સહન કરતાં રહેવાના ?'

'અશ્વિન, ઉંમરલાયક માણસોનાં મનમાં ઘણાં ભય, ઘણા સારા નરસા વિચારો, સંબંધો સામેના પ્રશ્નો, નાદુરસ્ત સ્વાસ્થ્ય, તન–મનની નિર્બળતા, એક સાથે કામ કરતાં હોય છે અને એ સમયે એમને જરૂર હોય છે પ્રેમની, હૂંફની, આસ્થાની, પોતીકાંપણાંની સુગંધની, વિશ્વાસની અને સલામતીની અને એ બધું જ બા–બાપુજીને માત્ર ને માત્ર આપણે જ એટલે કે એમનું પોતીકું લોહી જ આપી શકે. અને અશ્વિન એ વિશ્વાસે, એઓ, અહીં પ્રથમ તારી પાસે અને બીજા ક્રમે મારી પાસે આવ્યાં છે. મારી પાસેની અપેક્ષા ન ફળે તો સહન કરી લેશે પણ તારા તરફની થોડી પણ બેરૂખી કે ગેરવર્તન એઓ સહન ન કરી શકશે. માટે કાલે સવારથી તારે તારાં વર્તનમાં પોતીકાંપણાંનો સ્પર્શ આપવો પડશે.....'

'શિવાની, મારું વર્તન તો કદાચ હું બદલી શકીશ, પણ તારી સામે જો જરા જેટલું ખરાબ વર્તન કરશે તો હું....'

'તો હું ચલાવી લઈશ !... શિવાનીનું હૃદય ઘણું મોટું છે. અશ્વિન, પ્રેમની સામે તો પહાડ પણ ઝૂકી જતા હોય છે, પથ્થરો પીગળી જતા હોય છે, તો આ તો માવતર છે. અશ્વિન, કાલે બપોરે બા–બાપુજીને હૉસ્પિટલ લઈને જઈશ. મેં એપૉઇન્ટમેન્ટ પણ લઈ લીધી છે. બસ અશ્વિન, ભગવાન કરે ને બાપુજી અહીં રહીને બિલકુલ સાજા નરવા થઈ જાય. અને બાનાં ઘૂંટણ ઉપર પણ હું કાલથી માલીશ અને શેક કરવાનું ચાલુ કરીશ. બિચારાં ચાલતી વેળાં કેવાં ખોડંગાતાં હોય છે.....'

અશ્વિન બોલે તો પણ શું બોલે ? શિવાનીનું પ્લાનિંગ... પછી પૂછવું જ શું ?!

26

# આવતરનો પ્રેમ

શિવાની બીજા દિવસની તો શાળામાં રજા મૂકીને જ આવી હતી. લગભગ અડધો દિવસ તો હૉસ્પિટલમાં જ પૂરો થયો. હૉસ્પિટલમાં મોડું થશે તો બા–બાપુજીને ભૂખ લાગશે, એમ વિચારી એણે નાસ્તા–પાણી પણ સાથે જ લીધાં હતાં. બ્લડ, યૂરિન, એક્સ–રે, સોનોગ્રાફી, કાર્ડિયોલૉજિ જેવા વિભાગોમાં લાંબી લાઈન હતી, એટલે બધું પતાવીને ઘરે આવતાં આવતાં બે વાગી ગયા.

બે વાગ્યે ઘરે પહોંચ્યાં ત્યારે અશ્વિન જમીને પરવારી ગયો હતો અને ગંગુબાઈ રસોડાની સફાઈમાં લાગ્યા હતાં. બા–બાપુજીને જોતાં જ એણે ગંગુબાઈને પાણી લાવવા બૂમ પાડી. ‘બાપુજી, બહુ વાર લાગી, તમને તો વહેલા જમવાની ટેવ છે, એટલે મને ક્યારની તમારી ફિકર હતી.’

‘અશ્વિન બેટા, આજે હું શિવાનીથી ખરેખર ખૂબ જ પ્રસન્ન છું. મને બરાબર અગિયાર વાગ્યે જમવાનું જોઈએ, એ શિવાની જાણતી હતી એટલે એણે ઘરેથી લીધેલાં થેપલાં–શાક–મુરબ્બો–દહીં ખાવાની મજા પડી ગઈ. એણે મળસ્કે ઊઠીને આખી રસોઈ ક્યારે તૈયાર કરી તે અમને તો ખબર પણ નહીં પડી. ‘અશ્વિન માટે પણ રસોઈ તૈયાર કરી ઢાંકીને આવી છું, બાપુજી ચિંતા કરશો નહીં’ એમ કહેતા જ મને ઠંડક વળી ગઈ.

ખરેખર શિવાની દીકરા માટે આજે મને ગૌરવની લાગણી થઈ આવી છે. કેટલા મોરચે લડે છે એકલે હાથે અને છતાં હંમેશા પ્રસન્ન.... હંમેશ બીજા માટે કંઈક કરી ફીટવા તૈયાર...’

શિવાની આ વાતચીત દરમિયાન બા–બાપુજીની થાળી તૈયાર કરી બહાર લઈ આવી. ટી.વી. ચાલુ કરી સોફા ઉપર બેસી આરામથી જમવા માટે બા–બાપુજીને જણાવી

ફટાફટ ટિપૉઈ ઉપર થાળી તેમ જ પાણી અને બાપુજીની દવા સુધ્ધાં હાજર કરતાં એ બોલી, ‘બાપુજી, જમ્યા બાદ આજે આ દવા તમારે લેવાની છે અને બા માટે પણ શક્તિની તેમ જ ઘૂંટણના દુઃખાવાની દવા લઈ રાખી છે, જે આજથી લેવાની છે અને મને પૉઇન્ટ દબાવતાં પણ આવડે છે જે હું રાતે સૂતા પહેલાં માલિશની સાથે સાથે દબાવી આપીશ. જેથી તમને બંનેને થોડા દિવસમાં જ દરેક પ્રકારના શરીરના દુઃખાવામાં રાહત થઈ જશે.’

‘શિવાની બેટા, જા પહેલાં તારી થાળી લઈ આવ, આજે આપણે સાથે બેસીને ખાઈશું.’

‘નહીં બાપુજી, હું તમને ગરમ કરીને પીરસીશ... અને પછી ખાઈશ...’

‘નહીં શિવાની, તેં નાસ્તો પણ નથી કર્યો... અને આ મારો હુકમ છે. તું નહીં આવે તો હું પણ આ બેઠો.’ શિવાની બાપુજીની જીદ સામે હારી ગઈ.

અશ્વિન તેમ જ ગંગુબાઈની આંખમાં હર્ષના બે મોતી ચમકી ઊઠયાં. ગંગુબાઈ તરત જ શિવાની માટે ભરેલું ભાણું લઈ હાજર થઈ ગઈ. શિવાનીની આંખમાં ઝળઝળિયાં ડોકાયાં. એ હર્ષવિભોર બની ગઈ, પણ ત્યાં જ બાપુજીએ શિવાની તરફ હાથ લંબાવી એક કવર એના હાથમાં મૂકતાં બોલ્યાં : ‘શિવાની લે.. ફૂલ નહીં તો ફૂલની પાંખડી... જે તને તું પહેલીવાર ગામ મળવા આવી ત્યારે આપવાનું હતું, તે તારું શુકનનું કવર આજે આશીર્વાદરૂપે આપું છું !’ શિવાની તો ઊભા થઈને બંનેના આશીર્વાદ મેળવીને ધન્ય બની ગઈ.

સાંજની રસોઈ અને આવતી કાલે મળસકે શું રાંધવું ? અને એની તૈયારી કરવામાં રાતના આઠ ક્યારે વાગ્યા તે ખબર પણ ન પડી.. આજે તો રજા લીધી, પણ પોતાના માટે તો એણે જરા જેટલો પણ સમય ફાળવ્યો નહોતો. રાતે આઠ વાગ્યે બધાંને જમાડી કરી એ સીધી બા–બાપુજીના પગે માલિશ કરી હાથપગનાં પોઇન્ટ દબાવવા બેઠી. માલિશ કરતી વેળા બાપુજી સાથે મનભરીને વાતો કરી. બા સાથે પણ વાતો કરવા પ્રયત્ન કર્યો, પણ બા પીગળ્યાં નહીં. પણ એમના મૌનમાં તેમ જ મુખ ઉપરની પ્રશંસા એમની આંખમાં ડોકાતી

શિવાની જોઈ શકી હતી. એના પ્રયત્નો ધીરે ધીરે રંગ લાવી રહ્યા હતા, એની એને ખુશી હતી. એ સૂવા પહોંચી ત્યારે રાત્રિના દસ વાગી ગયા હતા. અશ્વિન એની રાહ જોઈને જ બેઠો હતો. શિવાનીના પ્રવેશતાં જ એ બોલ્યો, 'હવે અશ્વિનને સેકન્ડ સિટિઝન બનાવી દેવાનો ઇરાદો હોય, તો અગાઉથી જણાવી દેજો.'

'માવતરનો પ્રેમ મેળવવા માટે તો હું કંઈ પણ કરવા તૈયાર છું, અને એમ કરવાં જતાં એના લાડલાને કદાચ ભૂલી પણ જવાય, સમજ્યા મિ. અશ્વિન મહેતા !'

'ઓહો ! હવે તો શિવાની મહેતાના ભાવ વધી ગયા ખરું ને ?'

'વધ્યા તો ખરા, પણ અશ્વિન મહેતા જેટલા તો કદાચ... ક્યારેય નહીં વધે, એટલે નિશ્ચિત રહીને મને સેવા કરવાનો મોકો આપવો, સમજ્યા ? અને હવે સેકન્ડ સિટિઝન તમારો વારો, લાવો તમારા પગનું માલિશ કરવાનું બાકી છે, કાલે પણ રહી ગયું હતું.' એમ કહેતાંમાં તો એણે માલિશની બૉટલ ખોલી માલિશ ચાલુ પણ કરી દીધું.

'શિવાની તું સતત બેત્રણ દિવસથી દોડધામ કરે છે, આજે મારું માલિશ કરવાનું રહેવા દે અને જલદી સૂઈ જા. આટલી બધી દોડધામ કરવામાં ક્યાંક તારી તબિયત લથડી જશે તો ઘરનું આખું તંત્ર ખોરવાઈ જશે.'

'અશ્વિન, પોતાનાંની સેવા કરવાનો થાક વળી કેવો ? અશ્વિન, આજે બા–બાપુજીનાં પગે માલિશ કરતી વેળા એમની આંખોમાંથી નીતરતો પ્રેમ મેં અનુભવ્યો અને હું જાણે અચાનક જ અનાથમાંથી સનાથ થઈ ઊઠી. 'બા ભલે આજે કંઈ બોલ્યા નથી, પણ તું જોજે; એક દિવસ એ મને એના ગળે લગાવશે અને એ દિવસ કદાચ મારો સૌથી વધુ સમૃધ્ધ દિવસ હશે અને હું દુનિયાની સૌથી વધુ ધનિકસ્ત્રી !'

'શિવાની, હું તો ખુરશીમાં બેસીને માત્ર એક જ પ્રાર્થના કરું છું કે, શિવાનીને દુનિયાની તમામેતમામ ખુશી મળો.'

'તારી પ્રાર્થના ફળી રહી હોય એમ મને લાગી રહ્યું છે. અશ્વિન, હવે મેં કરેલી પ્રાર્થના પણ થોડા સમયમાં ફળશે એવી મને ખાતરી છે.

અશ્વિન, આજે તો પેલાં બાળકોની માત્ર ઓળખવિધિ કરીને જ મેં ઘરે મોકલી આપ્યાં, પણ પછી ક્યાંય સુધી જીવ કોચવાયા કર્યો. થોડુંક એમને ભણાવ્યું હતો તો સારું થાત.'

'શિવાની આજે બા–બાપુજીની સરભરા કરવામાં તારી પાસે સમય જ ક્યાં બચ્યો કે, તું એમને ભણાવી શકે ? વસવસો કરવો રહેવા દે હવે. કાલે ગંગુબાઈનાં બાળકો પણ આવવાનાં છે; એ બધાંને સાથે જ ભણાવવાનું શરૂ કરજે અને હા, હું પણ ખુરશી પર બેસીને ગણિત–વિજ્ઞાન કરાવીશ, તું ખાલી ચાર ભાષા અને સમજાવિદ્યા કરાવજે. મારો પણ સમય આ રીતે પસાર થશે અને તને થોડી મદદ પણ થશે.'

સવારે 4.00 વાગ્યે ઊઠવાનો એલાર્મ સેટ કરી સૂવા કોશિશ કરી પણ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના ત્રિવેણી સંગમે એને ઊંઘવા ન જ દીધી. ચાર વાગ્યે એલાર્મ વાગે એ પહેલાં જ ઊઠીને એણે નાહીધોઈને રસોઈ માંડી પણ દીધી.

•

અનુક્રમણિકા

## 27

# અખબારોએ શું છાપ્યું ?

કાલે સ્કૂલમાં બનેલી ઘટના અંગે અખબારોએ શું શું છાપ્યું એ વાંચવા એ ઉત્સુક હતી. છ વાગ્યે પરસાળમાં અખબાર ફેંકાયાં. એ દોડી. અને અખબાર ખોલી જોવા લાગી. સ્કૂલના ફોટા સાથે પ્રિન્સિપાલ, તેમ જ મિ. રાજન અને શાળામાં ઘટેલી તમામ ઘટના અંગે સવિસ્તાર છપાયું હતું. જે જે બાળકો મિ. રાજન તેમ જ મિ. ગુપ્તાની આકરી સજાનો ભોગ બન્યાં હતાં એ બાળકો તેમ જ વાલીઓનાં નિવેદન ફોટો સાથે છપાયાં હતાં. દોડધામમાં કચડાયેલાં નાનાં ભૂલકાં તેમ જ તેમનાં વાલીઓનાં નિવેદનો પણ છપાયાં હતાં. શાળામાંથી છૂટયા બાદ હૉસ્પિટલ જતી આવીશ. ભલે આ બાળકો મારા વર્ગનાં નથી પણ એક શિક્ષક તરીકે મારે તો જવું જ રહ્યું.

એણે અશ્વિનને ઊઠાડ્યો. વ્હીલચૅર ઉપર બેસાડી નિત્યકર્મ કરાવી છાપાં વાંચવા આપ્યાં અને ટિપૉય ઉપર એનાં ચા–દૂધ, નાસ્તો, પાણી તેમ જ દવા હાજર કર્યાં. ત્યાં જ ઘડિયાળમાં સાત વાગ્યાનો ડંકો વાગી ઊઠયો. સાત–વીસે મોડામાં મોડું પહોંચવાનું. એટલે અશ્વિનને બા–બાપુજીને જમાડવાની જવાબદારી સોંપી એણે ઉંબર બહાર જવા પગ ઉપાડયો.

‘સાચવીને જજે બેટા !’ પાછળથી અવાજ આવ્યો અને એણે પાછળ જોયું. બાપુજી ઊઠીને બારણાં સુધી આવી પહોંચ્યા હતાં.

‘ગુડ મૉર્નિંગ બાપુજી. બાપુજી, હું સ્કૂલે જાઉં છું. રસોઈ તેમ જ ગરમ નાસ્તો ડાઇનીંગ ટૅબલ ઉપર રાખ્યો છે તમે અને બા શાંતિથી જમજો.’

આખે રસ્તે બાપુજીએ આપેલી ભાવભીની વિદાયના વાત્સલ્યસભર શબ્દો :‘સાચવીને જજે બેટા!’ અથડાયા કર્યા. ઘણા મહિનાઓ પછી જાણે કોઈ પોતીકું કહી શકાય એવી વ્યક્તિમળી એનાં અદકેરા આનંદ સાથે રસ્તો ક્યાં કપાઈ ગયો અને સ્કૂલમાં પ્રવેશી ચૂકી હતી એનો ખ્યાલ પણ ન રહ્યો. પણ ત્યાં જ તૂટેલું પાર્કિંગ અને વર્ગખંડની બારીના

તૂટેલા કાચ તરફ નજર પડતાં જ એ ફરી વાસ્તવિક ભોંય ઉપર આવી ગઈ. શિક્ષક સામે કે અન્ય સામે ગમે તેટલો વાંધો હોય, પણ જે શાળામાંથી છાત્રોને શિક્ષણ મળે એ શાળાની માલ–મિલકતને આ રીતે નુકસાન તો ન જ પહોંચાડી શકાય. સ્કૂટર પાર્ક કરી સહેજ આગળ વધી ત્યાં સામેની કૉલેજના સ્ટૂડન્ટ્સ એકબીજાંને તાળી આપીને હસતાં હતાં.

'જોયું, એક પથ્થર મેં પેલી બારી ઉપર માર્યો અને ધડામ દઈને બારીનો કચ્ચરઘાણ નીકળી ગયો અને બીજાને પણ પ્રેરણા મળી તે નફામાં !' ત્યાં બીજો તરત જ ગૌરવ લેતો હોય તેમ બોલ્યો : 'તારામાંથી પ્રેરણા મેં લીધી પછી તો પૂછવું જ શું...?' આખી ટોળકી મોટે મોટેથી હસી ઊઠી અને એ સાથે જ શિવાનીએ એનો પુણ્યપ્રકોપ ઠાલવી દીધો.

'કૉલેજમાં ગયા એટલે પાંખ આવી ગઈ ? પુષ્કર, તું તો આ જ શાળાનો વિદ્યાર્થી અને નરેશ તું પણ, આ આશિષ, જોગલેકર, રેશમવાળા, ગાંધી... તમે બધા જ તો આ શાળાના મકાનમાં ભણેલા. આ મકાનની છાયામાં બેસીને જ્ઞાન મેળવેલું. ધોરણ બાર સુધીનું શિક્ષણ તમને આ શાળાએ આપેલું અને જેણે તમને જ્ઞાન–વિજ્ઞાન ઉપરાંત તમારું બાળપણ સઁવાર્યું, એ જ શાળાનાં મકાનને નુકસાન પહોંચડાતાં તમને જરાય સંકોચ ન થયો ? નક્કી અમારાં શિક્ષણમાં જ કંઈક ખામી અથવા તો અમારાં શિક્ષકત્વમાં જ ખામી, નહીંતર બાળકો પોતાની જ શાળા ઉપર પથ્થર કઈ રીતે ઉગામે ?'

નરેશ હાથ જોડતો બોલી ઊઠ્યો : 'ટીચર, અમારો વાંધો રાજન સર સામે છે. ટીચર, તમને ખબર નથી એમણે અમને વિના કારણે પણ કેટલીવાર માર્યા છે અને તે પણ સોટીએ સોટીએ ! ટીચર, અમારું માથું પણ ભીંતમાં પછાડ્યું છે. કલાકોનો કલાકો વાંકા પણ વાળ્યાં છે. ટીચર, આચાર્યને ફરિયાદ કરી તો આચાર્ય ગુપ્તાએ પણ અમને જ કસૂરવાર ગણીને અમને ઑફિસમાં પુષ્કળ માર્યા હતા.' ધીરગંભીર અને હંમેશનો ઠાવકો બિમલ ગાંધી પણ સાવ નજીક આવીને કાનમાં બોલતો હોય એમ બોલ્યો : 'ટીચર, અમે તમને ક્યારેય કહ્યું નહોતું, પણ આજે કહીએ છીએ કે અમારાં અંગ્રેજી માધ્યમનાં છોકરાંઓ ઉપર તો રામ જાણે એમને શો વાંધો હશે તે નાની નાની ભૂલમાં પણ અસહ્ય એવી સજા અને રોજનો પચાસ સો રૂપિયા દંડ રાજન સર ઉઘરાવતા હતા અને આચાર્યને એ વાત કરી તો કહે 'રાજન,

ઉઘરાવ... ઉઘરાવ... એ બધાં અંગ્રેજની ઓલાદોનાં બાપાઓ પાસે ખૂબ પૈસા છે ! ટ્યૂશનમાં પેસૌ ખર્ચે છે તો થોડા સ્કૂલ પાછળ પણ ખર્ચે.' ટીચર, અમે તો એ બંનેને સહન કરી લીધા પણ, હવે અમારા જૂનિયરોને એવો અન્યાય થાય તે કેમ સહન થાય? અન્યાય સામે લડવાનું, છેલ્લી ક્ષણ સુધી લડત આપવાનું તો તમે જ શીખવ્યું હતું અને હવે તમે જ અમારો વાંક કાઢો છો ?'

'સત્ય માટે છેલ્લી ક્ષણ સુધી લડવાની વાત મેં જ તમને શીખવાડેલી, પણ સત્ય માટેની લડત માટેનો રસ્તો, સાધન શુદ્ધિની વાત પણ મેં તમને શીખવી હતી તે કેમ ભૂલી ગયાં ? પ્રેમથી, વાટાઘાટથી પણ જો રસ્તો નીકળી શકતો હોય તો પથ્થર શા માટે ઉઠાવવો ? અને રહી અન્યાયની વાત, તો તમે અન્યાયની એ વાત મને કેમ જણાવી નહોતી ?'

'ટીચર... કારણ કે, ત્યારે.... તમે તેમ જ અશ્વિન સર પણ મુસીબતમાં હતાં. ... અને પછી અશ્વિન સરે અચાનક રાજીનામું આપ્યું.... અને એમની માંદગી... ટીચર, અમે તમને તમારા એ કપરા કાળમાં અમારી વેદના વર્ણવીને તમારી પીડામાં વધારો કરવા માંગતા નહોતા. બાકી અમને તો ખાતરી હતી કે, તમે જ આમાંથી કોઈક રસ્તો કાઢી શકશો. ટીચર, વી આર વેરી સૉરી, અમને માફ કરી દો. અમારી ભૂલ અમે કબૂલીએ છીએ. ટીચર પ્લીઝ !'

'ઓ.. કે. ઓ.. કે. ઈટ્સ ઑલ રાઈટ, તમને એક શરતે માફ કરું છું કે, મને જ્યારે તમારી જરૂર પડશે ત્યારે બોલાવીશ. આવશોને ?'

'એની ટાઇમ ટીચર, એની ટાઇમ. અવર પ્લેઝર, ટીચર !'

ટીચર  હવે અશ્વિન સરને કેમ છે ? અમે એમને મળવા તમારા ઘરે આવી શકીએ ?'

'ઓહ, સ્યૉર. તમે ગમે ત્યારે મારા ઘરે આવી શકો છો.' શાળાનો ઘંટ રણક્યો અને શિવાની સ્ટાફરૂમ તરફ દોડી.

'કેટલાં મોટાં થઈ ગયાં છે, આ ગઈકાલના મારા નાનાં ટાબરિયાં જેને હું ભણાવતી હતી, તે આજે મને ભણાવે છે !! પણ શિવાની મહેતા, શિક્ષણ અને શિક્ષક બન્નેમાં ક્યાંક ને ક્યાંક તો કચાશ રહી જ ગઈ છે, નહિતર આવી ઘટના તે કંઈ ઘટતી હશે ?'

'ઇતની શક્તિ હમેં દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના...' પ્રાર્થના ગાવાની શરૂઆત કરી, પણ મનનો વિશ્વાસ ડગમગી રહ્યો હતો તેનું શું ? વિદ્યાર્થીઓનાં બદલાતાં જતાં વિચારો, વલણો અને વાણીવર્તન તરફ બરાબર ધ્યાન ન અપાયું તો કદાચ આગળ જતાં આ જ બાળકો વિદ્રોહી બની જાય તો નવાઈ નહીં. શિક્ષક પાસે તો સર્વાંગી વિકાસનું ભાથું છે, જ્ઞાનરૂપી જ્યોતિ છે, પ્રેમરૂપી વિશ્વાસની ટેકણલાકડી છે, જ્ઞાન–વિજ્ઞાન વિકાસની કેડી છે. દીર્ઘ સૂક્ષ્મ દૃષ્ટિ છે પછી એણે સોટીનો સહારો શા માટે લેવો જોઈએ ?! વિદ્યાર્થી કોઈ સજા પામેલા મુજરિમ કે કેદી થોડા છે ? એ તો આવતીકાલની વિકાસની દિશાનાં મુક્ત વિહરતાં પંખી છે. બસ, શિક્ષકે તો જ્ઞાનની, સારા કામની, સત્યાસત્યની આવનારા અવનવા પડકારોની તેમ જ સંવેદનશીલ સુમાનવ બનવાની એરણે ચડાવી, કંડારી, ઘાટ આપી, આકારી અને વિચારતાં કરીને મુક્તગગનમાં પોતાની પાંખે ને આંખે ઊડતાં કરવાનાં છે, લક્ષ્યને પાર પાડતાં કરવાનાં છે અને એમ કરવામાં સોટી કે પછી દંડ વચ્ચે ક્યાં આવે છે ? મીણ સરીખા, કુમળા છોડને તો જેમ વાળો તેમ વળે... એને તો જરૂર છે પ્રેમની, હૂંફની, વિશ્વાસની, ધરપતની અને એક સાચા માળીની... પણ મિ. રાજન જેવા માળીઓનો ફાલ વધતો જશે... અને ઉપર મિ. ગુપ્તાના જેવા છાવરનારા ખોટી વાતને પોસનારા પણ ફૂલતા ફાલતા રહેશે તો આવતીકાલે ઊગનારો ફળફૂલોનો બગીચો કેવો હશે તે તો ભગવાન જ જાણે. આ બધું કોઈ ને કોઈ રીતે અટકાવવું જ રહ્યું. બગાડ અને તે પણ શિક્ષણમાં...કેવી રીતે ચલાવી શકાય ?

•

અનુક્રમણિકા

## 28

# ટ્રસ્ટી મંડળની મીટિંગ

પ્રથમ તાસમાં ગુજરાતી ભણાવતા....

'રસહીન ધરા થઈ છે, દયાહીન થયો નૃપ,
નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી.'

'ગ્રામમાતા' કવિતા આજના સંદર્ભમાં પણ હજી એટલી જ સાપેક્ષ છે. ખાટલે જ મોટી ખોડ, માળીની દાનતમાં જ ખોટ; પછી બાળકોને પણ શું કહેવું ? કવિતા ભણાવતાં ભણાવતાં શિવાનીની આંખમાંથી એકી સાથે કરુણા, આર્દ્રતા તેમ જ પ્રકોપ સતત નીતરતાં રહ્યાં. ક્યારે ઘંટ વાગ્યો, તાસ બદલાયો તે પણ ખબર ન પડી. બહાર અવિનાશ ક્યારનો ઊભો રહીને શિવાનીની અસ્ખલિત વાક્ધારાને સાંભળતો રહ્યો. શિવાની કેટલું સરસ રસદર્શન કરાવે છે અને આખા વર્ગનાં બાળકો પણ કેટલાં ભાવવિભોર થઈને એકચિત્તે, નિષ્પલક બનીને સાંભળી રહ્યાં છે અંતે એણે ઉપસંહાર કરતાં કહ્યું : 'બાળકો, જ્યારે પણ કોઈ ઘટના બને છે, ત્યારે એનાં મૂળ સુધી પહોંચી પછી જ આપણે આપણો મત બાંધવો જોઈએ. બીજાનાં કહેવાથી કે ઉપરછલ્લા જોવાથી ક્યારેય સાચ–કાચ પારખી શકતાં નથી હોતાં. કોઈ સિસ્ટમ બગડે છે, કોઈ મશીન કે માનવ ખોટકાય છે તો કેમ ખોટકાયું છે એની તલસ્પર્શી તપાસ થવી જ જોઈએ. મૂળ સુધી જવું જ જોઈએ. જ્યારે વ્યકિત બધી જ કુંઠિત ગ્રંથિઓથી મુક્ત થઈને પોતાના મનથી, હૃદયથી વિચારે છે કે માવજત કરે છે, ત્યારે જ એનાં સુફળ પ્રાપ્ત થતાં હોય છે. જરા જેટલો સ્વાર્થ કે ખોટી ગ્રંથિ માણસને માણસમાંથી દાનવ બનાવવા પૂરતી થઈ પડે છે.'

રાજાએ જરા જેટલી દાનત શું બગાડી કે, ગરીબ ખેડૂતની શેરડીમાંથી રસ નીકળવો જ બંધ થઈ ગયો ! આ એક નાનકડું ઉદાહરણ જ આપણી કેટલી બધી નવી દિશાઓ ખોલી આપે છે. માત્ર દુષ્કૃત્ય જ નહીં, દુર્વિચાર પણ બીજાના તેમ જ પોતાના જીવનને પાયમાલ કરવાપૂરતું બની રહે છે.

આ વર્ગમાં બીજો તાસ અવિનાશનો હતો. શિવાનીની વાક્ધારા પરથી પામી ગયો હતો કે શાળામાં બનેલી દુર્ઘટનાએ શિવાનીને સૌથી વધુ હચમચાવી નાંખી છે.

દરેકે દરેક સૂક્ષ્મમાં સૂક્ષ્મ ઘટના પણ શિવાનીને સ્પર્શે છે, કદાચ એક સાચા શિક્ષકનાં આ જ લક્ષણો હોઈ શકે. આવા અનેક વિચારો બહાર ઊભાં ઊભાં અવિનાશને આવતા રહ્યા. એને શિવાની માટે અનેકગણું માન વધી ગયું હતું. શિવાનીના કેટલા બધા રંગો છે ! કદાચ શિવાનીને ઓળખવામાં તો એક જન્મારોય ઓછો પડે. કઈ મિટ્ટીમાંથી ઈશ્વરે એને ઘડી હશે ?

બાળકો સાથે બાળક બનતી, વૃદ્ધો સાથે હૂંફાળું વર્તન કરતી અને સમવયસ્ક સાથે મિત્રતા પણ નિભાવી જાણતી. માનવીનું મન માપતાં પણ એને જેટલું આવડે એટલું કદાચ કોઈને ના આવડે.

એટલામાં જ ધનીરામ નોટિસ લઈને આવ્યો. વર્ગની બહાર નીકળતાં જ શિવાનીને અવિનાશ તેમ જ ધનીરામનો ભેટો થયો. 'શિવાની, આજે શાળા છૂટયા બાદ મીટિંગ છે, એટલે બીજા બે–ત્રણ કલાકનું આંધણ પાકું. રિસેસમાં અશ્વિનને ફોન કરીને જણાવી દેજે, નહિતર ચિંતા કરશે.'

રિસેસ પછી તો ટ્રસ્ટીમંડળની ગાડીઓની ચિચિયારી સંભળાવા લાગી. સાત–આઠ કૉલેજના આચાર્ય તેમ જ ટ્રસ્ટીઓ તેમ જ સિસ્ટર કન્સર્ન્ડ, શાળાઓના આચાર્ય તેમ જ ટ્રસ્ટીઓ પણ આવવા શરૂ થઈ ગયા હતા. છેલ્લા તાસ બાદ મિ. ગુપ્તાએ માઈક પરથી દરેકને સભાખંડમાં આવવાની જાહેરાત કરવા માંડી. નોટિસ ફરી હતી છતાં એકની એક જાહેરાત એણે દશ વાર કર્યે રાખી. પોતાનું હોવાપણું, પોતાની હાજરી અને 'હું કંઈક છું' નો ઘમંડ માઇક ઉપર પણ છલકાઈ આવતો હતો.

સ્ટેજ ઉપર ટ્રસ્ટી મંડળની હરોળ અને નીચે ખુરશી ઉપર શિક્ષકો તેમ જ કૉલેજના પ્રોફેસરોથી સભાખંડ ભરાઈ ગયો હતો. ટ્રસ્ટના પ્રમુખે ગઈ કાલે બનેલી દુર્ઘટના અંગે ખેદ વ્યક્ત કર્યો. સભાખંડમાં શિક્ષકો ધીમે ધીમે અંદરોઅંદર ચર્ચા કરી રહ્યા હતા.

એટલામાં બીજા ટ્રસ્ટી ઊભા થઈને કહેવા  લાગ્યા : ‘શિક્ષકોએ બાળકોને કોઈપણ પ્રકારની શારીરિક શિક્ષા કરવી જોઈએ નહીં, તેમજ એવું કડક શિસ્ત કે દમન પણ કરવું નહીં. શિક્ષા કરનાર કે પછી વિદ્યાર્થી સાથે ગેરવર્તન કરનારને આપણે હવે પછી ચલાવીશું નહીં.’

એક શિક્ષક પાછળથી જરા મોટા વૉલ્યુમે બોલ્યો : ‘પછીની વાત પછી, હમણાં જેણે શિક્ષા કરી છે, એને કેમ છાવરવામાં આવે છે ?  શું એ ટ્રસ્ટીનો દીકરો છે તે માટે ? અને સાથે મિ. ગુપ્તા પણ સંડોવાયા છે માટે ? આમ મોઘમ શા માટે બોલો છો ? નામ દઈને વાત કરો. જે શિક્ષક ખોટું કરે છે એને યોગ્ય સજા કરો. બીજા બધા નિરપરાધી શિક્ષકોને બાનમાં લેવાથી શું વળવાનું છે ?

‘બરાબર છે...  બરાબર છે... જેનો અપરાધ હોય એને ઊભા કરીને કેમ કહેવાતું નથી ?’ ધીરે ધીરે વાતનું વતેસર થવા માંડયું. મિ. ગુપ્તાએ ફરી માઈક હાથમાં લઈ લીધું અને ઉગ્ર તેમ જ તોછડી ભાષામાં બરાડવું શરૂ કરી દીધું. ‘આમ પાછળથી કોણ બોલે છે ? ટ્રસ્ટી જ્યારે કંઈક કહેતા હોય ત્યારે આમ અંદરોઅંદર વાત કરવું શું શિક્ષકોને શોભે છે ખરું ? તમને જો સભામાં કેમ બેસવું એ શીખવવું પડતું હોય તો પછી તમે વિદ્યાર્થીને શું શીખવવાના ?’ પાછળથી એક પટાવાળો બોલ્યો : ‘આચાર્યને જ પહેલાં ટ્રેનિંગ આપવા જેવી છે’, અને એ સાંભળતાં જ પાછલી હરોળમાં બેઠેલા શિક્ષકો તેમ જ પ્રોફેસરો હસી પડયાં. મિ. ગુપ્તા જે કંઈ બોલવા જતા હતા એની વિરુદ્ધ એવાં કટાક્ષયુક્ત વાક્બાણો છૂટતાં હતાં કે અંતે ટ્રસ્ટી રામાનંદજીએ માઈક હાથમાં લીધું, એથી સહુ શાંત થઈ ગયાં. રામાનંદજીની એક તટસ્થ તેમજ વિશ્વાસપાત્ર ટ્રસ્ટી તરીકેની આખા સ્ટફામાં છાપ હતી. સહુ એમને માનથી જોતાં અને માન પણ આપતાં.

રામાનંદજીએ ઊભા થઈને કહ્યું : ‘સારસ્વત મિત્રો, હું અહીંથી ભાષણ આપવાનો નથી, પણ હું અહીંથી તમારો આભાર માનવા ઊભો થયો છું. ગઈ કાલના બનાવ વખતે તમે સહુએ સાથે મળીને જે રીતે પરિસ્થિતિ સંભાળી લીધી અને આજે  પણ  બાળકોને સંભાળી લીધાં એ બદલ હું આપ સર્વેનો આભાર માનું છું. કોઈપણ શાળા કે કૉલેજ એના શિક્ષકો તેમ જ પ્રોફેસરોની મહેનત, લગન, વિદ્વતા તેમજ કટિબદ્ધતા ઉપર જ વિકાસ કરતી હોય છે.

એક માત્ર ટ્રસ્ટી કે આચાર્ય દ્વારા શાળા, કૉલેજ સુપેરે ચાલી શકે નહીં. એના વિકાસ માટે તો તમારા જેવા સહકાર્યકરોની જરૂર હંમેશા રહેવાની જ છે. હું શાળાની શિસ્ત તેમજ વિકાસ માટે શું શુ કરી શકાય એ અંગે આપનાં લેખિત સૂચન ચાહું છું. તમારા સૂચનો ખાનગી રાખવામાં આવશે.

તમારાં અભિપ્રાયો, સૂચનો, ઉપાયો અને માર્ગદર્શન વડે જ સંસ્થા વિકાસ કરી શકે એમ છે. માટે હું તમારાં સૂચનો અને અભિપ્રાયોની રાહ જોઈશ, પછી જ કેટલાક ફેરફારો કરીશ.'

રામાનંદજીની ઠાવકી તેમ જ વિકાસશીલ વાતોને બધાંએ તાળીઓથી વધાવી લીધી. પછી તો કૉલેજના ટ્રસ્ટીઓ પણ લાંબું લાંબું બોલ્યા. એક વાગ્યાની શરૂ થયેલ મીટિંગ છેક પોણા ત્રણ વાગ્યે પતી અને એ સાથે જ શિવાનીએ સ્કૂટર ઘર તરફ હંકારી મૂક્યું.

•

અનુક્રમણિકા

29

# હર્ષનાં આંસુ

ઘરે પહોંચતા પહેલાં રસ્તામાં આવતી બજારમાંથી થોડો ઘરનો રોજબરોજનો સામાન લઈને પહોંચી ત્યારે ત્રણ વાગી ગયા હતા. અશ્વિન અને બાપુજી તો કાગના ડોળે રાહ જોઈને બેઠા હતા. બાપુજી ઘરમાં આંટા મારીને થાક્યા હતા. ‘શિવાની બિચારી ભૂખી – તરસી નોકરી કરે, ઘર સાચવે આપણને સાચવે… અશ્વિન, ખરેખર તારી પસંદગી અમે પસંદ કરેલ વહુ કરતાં અનેકગણી સારી છે. આટલી સમજુ, ઠાવકી તેમ જ સાફદિલ અને પરગજુ છોકરી તો દીવો લઈને શોધવા નીકળીએ તો પણ ક્યાં મળવાની હતી ? બાપુજીનું વાક્ય પૂરું થયું ને શિવાની ઘરમાં દાખલ થઈ. બાપુજી હરખભેર બોલ્યા : ‘બેટા સો વર્ષની થવાની.. હું હમણાં તારીજ ચિંતા કરતો હતો.’ બાપુજીએ શિવાનીના હાથમાંથી વજનદાર થેલા લેવા હાથ લંબાવ્યો પણ શિવાની બોલી, ‘બાપુજી, મને તો આદત છે, વજન ઊંચકવાની, એટલે તમે ફિકર શા માટે કરો છો ?’

‘પણ બેટા તું ભૂખી – તરસી આમ…’

‘બાપુજી… હું મારી મરજીથી શિક્ષણનાં પરમ વ્યવસાયમાં ગઈ છું એટલે એનો વળી થાક કેવો ?’

‘શિવાની, બાપુજી તારી ચિંતા કરી ક્યારના આંટાફેરા લગાવતા હતા !’ અશ્વિને આટલું કહી શિવાનીના મુખ ઉપર ફરી વળેલ પરમ આનંદની લાલિમા નિહાળ્યા કરી. એને ખબર હતી કે, બા–બાપુજીના તેમ જ માનવમાત્રના પ્રેમની ઝંખના, શિવાનીને હંમેશા રહી છે અને પ્રેમપ્રાપ્તિ માટે તો એ ગમે તેટલી કુરબાની માટે તૈયાર હોય છે. બા અંદરના રૂમમાંથી બહાર આવ્યાં નહીં, પણ જાગતાં જ પલંગ ઉપર સૂતાં સૂતાં વાત સાંભળે છે એવી શિવાનીને ખાતરી હતી.

એ તરત જ બા પાસે પહોંચી ગઈ અને બા તરફ એક પૅકેટ ધરતાં બોલી : 'બા રસ્તે એક સાડીનાં શો રૂમમાં તમારે લાયક સરસ સાડીઓ મળી ગઈ એકદમ સોફ્ટ મટીરિયલ્સની અને તમને ગમતા રંગો તેમ જ ઝીણી ડિઝાઇનની અને હા, સાથે ચીકનનાં બ્લાઉઝ પીસ પણ લેતી આવી. સરસ મૅચિંગ મળી ગયું.' બા પરાણે બેઠાં થયાં અને પરાણે જ લેતાં હોય એમ ત્રુટક ત્રુટક બોલ્યાં : 'શી જરૂર હતી એની, મારી પાસે તો ઘણી સાડી છે.'

'તે હશે બા, પણ આ તો મારા પ્રેમના પ્રતીકરૂપ છે. લ્યો બા, તમે ખોલીને તો જુઓ. તમને નહીં ગમશે તો બદલવાની શરતે જ લાવી છું. એટલે તમે પ્લીઝ જરા જોઈ લો તો સારું.'

બાએ પૅકેટ ખોલ્યું ત્યારે બાપુજી અશ્વિનની વ્હીલચૅર ખેંચી અંદર પ્રવેશ્યા. રૂમ આખો પ્રસન્નતાથી સભર બની ગયો હતો. બાનો ચહેરો સાડીની ક્વૉલિટી અને રંગ જોઈને પ્રસન્ન થઈ ઊઠ્યો હતો.

એ જોઈ શિવાની બોલી ઊઠી, 'બા, સાડી ન ગમી હોય તો પણ કાંઈ નહીં, આપણે સાંજે સાથે જઈને બદલાવી આવીશું.' બા પહેલીવાર પ્રેમથી બોલ્યાં : 'ના, શિવાની એની જરૂર નથી. તારી પસંદગી ઘણી સરસ છે.'

'કેમ શિવાની, બાને જ ભેટ આપવાની? બાપુજીને નથી આપવાની ?'

'નહીં બાપુજી..., એવું નથી'. એણે એના હાથમાંની બીજી થેલીમાંથી બે પ્યૉર સિલ્કની કફની અને પાયજામાની જોડી કાઢીને બાપુજીને આપી.

'અરે શિવાની, હું તો મજાક કરું છું. મારી પાસે તો ઘણી કફનીઓ છે. બેટા નાહક શા માટે ખર્ચો કર્યો? આ કફની તો ઘણી મોંઘી લાગે છે.'

'બાપુજી, ભેટમાં વળી મોંઘું શું ને સસ્તું શું ?'

અને હા અશ્વિન, 'આ શર્ટ અને પૅન્ટ તારે માટે.' અશ્વિન તો થોડી વાર શિવાની તરફ જોઈ રહ્યો.

'અરે ! આમ મને શું જોયા કરે છે ? પૅકેટ ખોલીને કલર કૉમ્બિનેશન ગમ્યાં કે નહીં તે કહેને !' ખોળામાં મૂકેલાં પૅકેટ તરફ, તો ઘડીકમાં શિવાની તરફ જોતાં રહેલા અશ્વિનની આંખોમાં ચમકેલી નિઃસહાયતા જોઈ શિવાની ગભરાઈ ઊઠી. એને તરત જ ખ્યાલ આવી ગયો. એ ખિસિયાણી પડી ગઈ 'સૉરી, સૉરી, અશ્વિન આઇ એમ સૉરી. પ્લીઝ, મને માફ કરી દે.' એમ કહીને એ અશ્વિનના પગ આગળ રડતી રડતી ફસડાઈ પડી. એણે વહેતી અશ્રુધારાએ જ પૅકેટ ખોલીને અશ્વિનને શર્ટ–પેન્ટના રંગ બતાવ્યા.

અશ્વિનના હાથ પૅકેટ ખોલવા જેટલા પણ સક્ષમ બન્યા નહોતા એ વાતે શિવાનીનું હૃદય ભરાઈ આવ્યું હતું અને શિવાનીના રુદનને જોઈ અશ્વિન પણ હચમચી ગયો હતો. બાપુજીએ વાતાવરણની ગંભીરતાને ઠાવકાઈથી હળવી કરતાં કહ્યું : 'શિવાની બેટા, નિરાશ શા માટે થાય છે ? તારી મહેનત અને લગન જ એક દિવસ અશ્વિનને ચાલતો તેમ જ દોડતો કરશે' અને એ સાથે જ પહેલી વાર બા દિલ ખોલીને બોલ્યાં : 'શિવાની, આટલો પ્રેમ તો મને ક્યારેય કોઈએ આપ્યો નથી. જેને પોતાનાં માનેલાં તે પણ સ્વાર્થનાં જ સગાં નીકળ્યાં અને તેં તો નિસ્વાર્થ પ્રેમ અને લાગણીનો કળશ ઢોળ્યો છે.

સાંભળો છો અશ્વિનના બાપુ... પેલું મારું કવર લાવો અને દાગીનો પણ લાવો. આમ પ્રેમ કરવાનો ઠેકો માત્ર શિવાનીનો જ નથી, અમે પણ પ્રેમની ભાષા જાણીએ છીએ....'

બાપુજી પોતાની બૅગમાંથી દાગીનાની પોટલી અને કવર લઈને આવ્યા. બાએ શિવાનીને પોતાની પાસે બેસાડી અને પોટલી ખોલીને બે કંગન અને હાર કાઢીને શિવાનીને આપતાં બોલ્યાં : 'લે શિવાની, આ મારી સાસુએ આપેલાં ખાનદાની ઍન્ટિક્ કંગન અને મારી બાએ મને લગ્નમાં પહેરાવેલ હાંસડી છે, જેના ઉપર હવે તારો અધિકાર છે.

મોટી વહુ જે હક્ક કરીને જોહુકમીથી સોનું લઈ ગઈ એનાથી ઊલટું આજે તું એવો જ બલકે એનાથી વધુ કીમતી ખાનદાની દાગીનો પ્રેમથી જીતી લઈ જાય છે અને એ તને

આપતાં હું તારાથી પણ વધારે ખુશ છું. કારણ કે, એ દાગીનો એક લાયક વહુના હાથમાં જાય છે.’ શિવાનીએ ઊભા થઈને બા તેમ જ બાપુજીના પગ પકડી લીધા. આંખમાંથી હર્ષનાં આંસુ વહી રહ્યાં. બાએ પોતાના હાથે કંગન અને હાંસડી શિવાનીને પહેરાવ્યાં. ‘શિવાની બેટા, મારાં કરતાં પણ આ દાગીના તારા શરીરે વધારે શોભે છે.’

‘પણ બા, આટલા બધા દાગીના હું કેવી રીતે સાચવીશ? એનાં કરતાં તો તમે જ...’ બાએ વચ્ચેથી જ વાત કાપતાં કહ્યું : ‘મારા અશ્વિનને આટલો સરસ સાચવનાર શિવાની હવે બધું જ સાચવવા સક્ષમ છે.. ચાલ અશ્વિન, તારા મોબાઈલમાં શિવાનીનો ફોટો પાડ જોઉં ! અને પછી અમારાં ત્રણનો પણ પાડ. પેલા મોટાને પછી ફોટો રવાના કરવાના છે.’

●

અનુક્રમણિકા

# 30

# જૈવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ

જે ગામનો ધણી બરાબર ન હોય એ ગામ ખેદાનમેદાન થઈ જાય. એમ જે શાળાનો ધણી બરાબર ન હોય એ શાળા પણ કુરૂક્ષેત્રનું મેદાન બની જાય એમાં નવાઈ પણ શી ?

પાયોનિયર ટ્રસ્ટીઓ તો સેવાના ભેખધારી હતા, પણ આજના કેટલાક સ્વાર્થી ટ્રસ્ટીઓએ તો વિકાસને નામે રીતસરની લૂંટ મચાવી છે. પોતપોતાના રોટલા શેકવામાં વાલી–વિદ્યાર્થી બન્ને ભીંસાઈ રહ્યા છે એ જોનાર શું કોઈ નથી ? આખી રાત સ્કૂલમાં બનતી ઘટનાઓ, કાવાદાવાઓ, પોકળ મીટિંગો અને ઉપરીઓનાં વાહિયાત સૂચનો તેમ જ ભાષણો એક પછી એક આંખ સામે તાદૃશ થતાં રહ્યાં. નીંદરરાણી બિચારાં ફરકે તો પણ કેવી રીતે ? મોબાઇલ બરાબર સાડાચાર વાગ્યે રણકી ઊઠ્યો. ઈશ્વરને હાથ જોડી એક નવા દિવસને પોંખવા એણે પથારી છોડી.

અશ્વિને પણ આખી રાત પડખાં જ ફેરવ્યાં હતાં. ‘મારે ચોવીસ કલાકનો આરામ ને શિવાનીને ચોવીસ કલાકનો થાક !’ એવું વિચારી વિચારીને એ થાકી ગયો હતો.

‘શિવાની, મને પણ વ્હીલચૅર ઉપર બેસાડી દે અને ચૅર રસોડામાં લઈ લે જોઉં !

‘પણ અશ્વિન, તું આટલો વહેલો ઊઠીને શું કરવાનો ?તું આરમ કર ને!’

‘મારે આખી જિંદગી આરામ જ છેને.... ભલે તને કામમાં મદદ ન કરી શકું, પણ ચૅરમાં બેઠાં બેઠાં તારી સાથે વાત કરીને તને કંપની તો આપી શકુંને ! એમ પણ હવે તારી સાથે વાત કરવાની પણ મારે તક શોધવી પડે છે.’ અશ્વિનના મોબાઇલમાં ધીમા સ્વરે ભજનો મૂકી નાઈટ સૂટના ખિસ્સામાં ફોન મૂકી અને વ્હીલચૅર ઉપર ગોઠવ્યો.

'અશ્વિન, પહેલાં કરતાં તો તારો આ એક હાથ અને પગ બન્ને સરસ કામ કરતાં થયા છે અને આ બીજો હાથ પણ પહેલાં કરતાં થોડો વળતો થયો, નહીં ?' 'હા ! કેમ નહીં ! શિવાની ટીચરે આપેલી એક્સરસાઇઝ તેમ જ ઘરકામ હું બરાબર કરું છું, એટલે હવે શિવાની ટીચરનો વિદ્યાર્થી ધાર્યા કરતાં જલદી સારો થઈ જવાનો છે.'

શિવાની પોતાની ખુશી રોકી ના શકી, એણે આખી વ્હીલચૅર સહિત અશ્વિનને બાથમાં ભરી લીધો. 'ઓહ ! અશ્વિન, યૂ આર માય ગુડ ઍન્ડ એફિશિયન્ટ સ્ટૂડન્ડ... આઇ એમ પ્રાઉડ ઑફ યૂ !'

વ્હીલચૅર લઈને કિચનમાં પ્રવેશી તો ત્યાં બા–બાપુજી બન્ને હાજર હતાં. બાપુજી ચા બનાવી રહ્યા હતા અને બા ભાખરીનો લોટ બાંધી રહ્યા હતાં. 'ગુડ મૉર્નિંગ બેટા, ચા તૈયાર છે.'

શિવાની એકદમ ભોંઠી પડી ગઈ... 'અરે... અરે... બાપુજી ! તમે શા માટે ચા બનાવી ? મને ઉઠાડવી હતીને... સૉરી સૉરી... બા હું કાલથી ત્રણ વાગ્યે જ ઊઠી જઈશ અને તમારી ચા મૂકી દઈશ અને સાથે ગરમ નાસ્તો પણ. તમે શા માટે વહેલાં ઊઠીને તકલીફ લીધી ?'

'બસ બેટા... બસ... અમે તો ગામડાંના માણસ અને એમ પણ આ ઉંમરે ઊંઘ ઓછી અને કામ કરીએ તો જાત પણ ચાલતી રહે એટલે બેટા ! કાલથી તું મોડી ઊઠજે અને તૈયાર થઈને ચા–નાસ્તો કરી સીધી સ્કૂલે જજે.....'

'પણ બાપુજી...'

'પણ બણ કંઈ નહીં. કાલથી નહીં, આજથી જ તમામ રસોઈ હું બનાવીશ. ચાલ શિવાની, તું અને અશ્વિન ગરમ ગરમ મસાલા ભાખરી અને ચાનો નાસ્તો કરી લો.' કાલ સુધી જે બા વાત પણ કરવા તૈયાર ન હતાં, તે બાએ આજે રસોડુ સંભાળી લીધું હતું.

શિવાનીએ આકાશ તરફ દૃષ્ટિ કરી, ઉપરવાળાને 'થેન્ક યૂ' કહી વ્હીલચૅર બાથરૂમ તરફ લીધી.

'બા હું અશ્વિનને બ્રશ વગેરે કરાવીને હાજર થાઉં છું.' ફરી અશ્વિનને લઈ રસોડામાં પ્રવેશી ત્યારે બાએ શિવાનીનું ટિફીન બૉક્સ પણ તૈયાર કરીને ટૅબલ પર મૂકી દીધું હતું. શિવાની એ જોઈને સાવ ભાવવિભોર થઈને બોલી ઊઠી : 'બા, સેવા તો મારે કરવાની છે, ત્યારે તમે આમ વહેલાં ઊઠીને કામકાજ કરો એ બહુ સારું ન કહેવાય.'

'શિવાની, મારા દીકરાને મારા હાથની રસોઈ ખવડાવવા દેને....'

'હા શિવાની, બા બહુ સરસ રસોઈ બનાવે છે... તું ચાખશે ત્યારે તને ખબર પડશે....'આજનાં જેવું પ્રભાત હંમેશાં ઊગે એવી પ્રાર્થના કરી શિવાની બીજાં કામ આટોપીને સ્કૂલ તરફ રવાના થઈ ત્યારે બાપુજીએ ઉંબર ઉપર ઊભા રહીને શિવાનીને વૉટરબૅગ તેમજ ટિફિન હાથમાં આપતાં કહ્યું : 'સાચવીને જજે બેટા અને અહીંની ફિકર ના કરીશ !'

રોમેરોમમાં ખુશીનું લખલખું પસાર થઈ ગયું. આખે રસ્તે સ્કૂટર તેમ જ એનું તન–મન હૃદય અધ્ધર હવામાં ઊડતાં રહ્યાં... જિંદગીનો એક તરફનો ગઢ... એટલે કે પરિવારનો ગઢ તો એણે જીતી લીધો હતો. હવે બીજા ગઢ જીતવા માટે એને પ્રોત્સાહન મળી ગયું હતું. પોતીકાંનો સાથ મળે પછી અન્ય ગઢ જીતવા સહેલા છે. 'હે શિવાની, તેરી તો ચલ પડી!' ખુશ થાય ત્યારે ફિલ્મી સ્ટાઇલે વિચારો પણ એને ઘેરી રહે અને એ જાણે ફિલ્મી નાયિકા !!

શાળામાં પ્રવેશતાં જ ગઈ કાલે જે કૉલેજના છોકરા એને મળેલા તે જ છોકરા એને ઘેરી વળ્યા : 'શિવાની ટીચર, તમે અમને ઘરે મળવાનો સમય આપો, અમારે કેટલીક ખાનગી વાતો કરવાની છે, અને એ વાતો અહીં થઈ શકે એમ નથી.'

'એકાદ–બે વાત હોય તો અહીં કહી દો, ગ્રાઉન્ડ ઉપર કૅમેરા નથી લાગ્યા.'

'ટીચર, લેકિન હવાઓં કો ભી કાન હોતે હૈં,' બિલકુલ લાલુપ્રસાદ સ્ટાઈલમાં વિકી શર્મા હિન્દીમાં બોલ્યો અને બધાં જ જોરમાં હસી પડયાં, અને એ સાંભળી

આજુબાજુનાં બાળકો પણ દોડી આવ્યાં. શિવાનીએ તરત જ સ્થિતિ સંભાળતાં કહ્યું : 'આજે સાંજે સાત વાગ્યે આવજો, હું ઘરે જ હોઈશ. તમને ફાવશેને? પણ હા, ટ્યૂશન પર ગુલ્લી મારવાની નથી સમજ્યાને ?'

'યસ ટીચર' કહેતાં બાળકો વિખેરાયાં... અને ઘંટ પણ રણક્યો.

સ્ટાફરૂમમાં પ્રવેશતા મિ. ગુપ્તા તાડૂક્યા... 'કેમ, નીચે મેદાનમાં ઊભાં રહીને છોકરાઓને ભડકાવવાનું કામ કરો છો કે પછી મારી વિરુદ્ધ કંઈ કાવતરું કરી રહ્યાં છો ?'

'મિ. ગુપ્તા, જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ... તમને હંમેશાં કાવતરાંમાં જ રસ રહ્યો છે અને કાવતરાં જ કરતાં આવ્યા છો, એટલે અન્ય શિક્ષકો પણ કાવતરાં કરતાં હોય એવું જ તમને હંમેશાં લાગ્યા કરે... બાકી... એવો કોઈ કાયદો નથી ઘડાયો કે શિક્ષકે મેદાનમાં બાળકો સાથે ચર્ચા ન કરવી.'

અવિનાશ જરા મોટેથી બોલ્યો : 'મને હવે એવું લાગી રહ્યું છે કે, મેદાન, પાણીની પરબ, તેમજ ગાર્ડન સુધ્ધાંમાં કેમેરા લગાવવા જોઈએ નહીં ? તમને શું લાગે છે મિ. ગુપ્તા?' આ પ્રશ્ન સાંભળીને કેટલાક ટીચરો હસી પડયા અને એ સાથે મિ.ગુપ્તાનો ગુસ્સો ઓર વધી ગયો. 'આખો સ્ટાફ મિ. ગુપ્તા... મિ. ગુપ્તા કહીને શા માટે બોલાવે છે ?... મારી પોસ્ટ.. મારી પ્રતિભા... પ્રમાણે પ્રિન્સિપાલ કહીને અથવા આચાર્ય ગુપ્તા એમ કહીને બોલાવતાં શું થાય છે?'

અવિનાશે શિવાની તરફ જોયું, પણ કશું બોલ્યો નહીં... મિ. અનિવાશ હું તમને કહું છું... કેમ, સંભળાતું નથી ?'

'ઓહ ! મિ. ગુપ્તા, હવે સંભળાયું.'

'પહેલાં નહોતું સંભળાયું, કારણ કે, તમે મોઘમ બોલ્યા હતા, હવે તમે મારું નામ દઈને બોલ્યા અને રહી પોસ્ટ તેમ જ પ્રતિભાની વાત. તો મિ. ગુપ્તા, તમારી પહેલાં જે

પ્રિન્સિપાલસાહેબ હતા, એને અમે પ્રિન્સિપાલ મહેતાસાહેબ એમ કહીને માનાર્થે બોલાવતા હતા. કારણ કે, એમણે માન ઊપજે એવાં કાર્યો, એવા સંબંધો તેમ જ એવાં ઉમદા કાર્યો શિક્ષણ તેમ જ શાળા માટે કર્યાં હતાં... ઓછા પૈસે પણ શાળાને ખરા અર્થમાં શાળા તરીકે સાચવી  તેમ જ સર્વાંગી વિકાસ તરફ લઈ ગયા હતા. ખુદ એઓ પણ નાનામાં નાના બાળકથી લઈ સેવકગણ કે શિક્ષક સુધ્ધાંને માનાર્થે બોલાવતા, વિશ્વાસ મૂકતા, પ્રેમ તેમ જ હૂંફ આપતા અને સમગ્ર શાળાના વાલી, વિદ્યાર્થી તેમ જ શિક્ષકને પ્રેમની કડીથી બાંધીને રાખતા હતા. ઘર કરતાં શાળામાં વધારે કલાક ગાળવાનું અમે પસંદ કરતા. વાલી પણ વિદ્યાર્થીને આચાર્યના ભરોસે નિરાંતે મૂકીને જતાં હતાં. ખુદ અમે પણ પ્રેમ અને ઉત્સાહથી અમારી શાળા... અમારા સર... અમારાં બાળકો... એવા ભાવ સાથે કામ કરતાં હતાં. પણ, તમારા આવ્યા પછી તો તમે શાળાને કૉર્પોરેટ જગતમાં જ ફેરવી નાંખી. શાળા ક્યાં નફો કરે અને કેવી રીતે શાળાની તિજોરી છલકાય અને વાલી–વિદ્યાર્થી અને શિક્ષક કેવી રીતે તમારા સકંજામાં આવે અને તમે એનો યેનકેન પ્રકારેણ વધુમાં વધુ ઉપયોગ કરી શકો એ જ તમારું એક માત્ર અને અંતિમ ધ્યેય રહ્યું છે... અને આવા કુવ્યવહાર બાદ તમે એવી ઈચ્છા રાખો કે તમારી પ્રજા તમને માન આપે !! મિ. ગુપ્તા, પ્રજાને વશમાં કરવા કે પ્રજાનો પ્રેમ જીતવા પહેલાં રાજાએ વિશ્વાસપાત્ર, ધીરગંભીર તેમ જ ઉદાત્ત વિચારવાળું સુવર્તન કરવું પડે.’

●

અનુક્રમણિકા

## 31

# શિવાનીનો મેમો

વાત નાની અમસ્તી, પણ રજનું ગજ કરતાં તો કોઈ મિ. ગુપ્તા પાસે શીખે. ધુંઆપુંઆ થયેલ મિ. ગુપ્તાએ ઑફિસમાં જઈને તરત શિવાનીની વિરુદ્ધ એક મેમો તૈયાર કર્યો, અને એ મેમોનો લેખિત જવાબ શિવાનીએ બે દિવસમાં આપવા તાકીદ કરી. અગાઉ પણ એમણે વિના કારણ પણ ખોટાં કારણ ઊભાં કરીને શિવાનીને, અવિનાશને તેમ જ અન્ય સિનિયર શિક્ષકોને મેમો આપ્યા હતા. કોઈ એના ખોટાં કામમાં સાથ ન આપે અથવા કોઈ એની ખોટી જોહુકમી ચલાવી ન લે તો એ તરત જ મેમો આપી દે, અને એટલે ઘણા શિક્ષકો એની પીઠ પાછળ (એનું નિક નેઇમ) 'મેમો માસ્ટર'– $M^2$ એમ કહીને જ કોડવર્ડમાં વાત કરતાં.

આજે ઘરેથી નીકળી ત્યારે કેટલી ખુશ હતી, પણ શાળામાં આવતાં જ ગ્રહબળ બદલાઈ ગયાં હતાં. કોની સાથે વાત કરવી ને કોની સાથે નહીં, એ પણ આચાર્ય કઈ રીતે નક્કી કરી શકે ? મુક્ત તાસમાં શિક્ષક ગમે તે કરે.

રિસેસમાં પટાવાળો મેમો લઈને આવ્યો અને સ્ટાફરૂમમાં ફરી હોબાળો થઈ ગયો. આ તો હળાહળ અન્યાય છે. આમ કોઈ શિક્ષકના વાણીસ્વાતંત્ર્ય ઉપર કંઈ કાપ ન મૂકી શકે.

અવિનાશે મેમોનું વાચન કર્યું અને પછી ઉગ્રતાથી બોલ્યો : 'અરે ! આ તે કંઈ રીત છે ?... તમે મેદાન ઉપર ઊભા રહીને બાળકોને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરી છે, તમે બાળકોને ઉશ્કેરો છો, તમે શાળામાં ગેરપ્રવૃત્તિ કરો છો. બે દિવસમાં તમારે આ વાતનો ખુલાસો કરવાનો રહેશે.'

સિનિયર શિક્ષિકા મંજુલાબેન ધીમે રહીને બોલ્યાં : 'પહેલાં તો એમણે મેમો કઈ રીતે લખવો, એ જ શીખવાની જરૂર છે અને શિવાનીબહેન, આવા ફાલતુ આક્ષેપો સામે અમને સહુને વાંધો છે. કેમ ભાઈઓ–બહેનો, શું તમે આ મેમોમાં મુકાયેલ આરોપ સાથે સંમત છો ? આજે શિવાનીની વાણી ઉપર બાન આવશે, તો કાલે આપણાં બધાંની મુક્તિ ઉપર કાપ... શું તમે શિવાનીને સાથ આપવા તૈયાર છો?' સમગ્ર સ્ટાફ એકી સાથે બોલી ઉઠ્યો,

'અમે બધાં શિવાનીબહેનની સાથે છીએ. શિવાનીબહેન, આવા મેમો તો ફાડીને ફેંકી દેવાના હોય, એના વળી જવાબ શું આપવાના ?' સ્ટાફરૂમની તમામ હો... હા... અને વાટાઘાટ ઉપર મિ. રાજનની બાજ નજર હતી. એ ચૂપચાપ એક ખૂણે બેસીને નિરીક્ષણ કરી રહ્યો હતો.

સ્ટાફરૂમમા થતાં ઉગ્ર વાદવિવાદને કારણે કેટલાક વિદ્યાર્થીઓ શું થયું ? શું થયું?... ના કુતૂહલ હેઠળ ડોકિયાં કરી રહ્યા હતા. શિવાનીએ મેમો પર્સમાં મૂક્યો અને બધાંને શાંત પાડતાં કહ્યું : 'મિત્રો, આનંદની વાત છે કે, તમે બધાં મારી સાથે છો અને આપણને એ પણ ખબર છે કે, આપણાં વાણીસ્વાતંત્ર્ય ઉપર કોઈ કાપ મૂકી શકે નહીં. પણ દરેક જોહુકમીનો જવાબ સમય આવ્યે હું આપીશ અને જ્યારે મારે તમારી જરૂર પડશે ત્યારે તમે મારી સાથે જ રહેવાનાં છો, એની મને ખાતરી છે.'

'કેમ યાર રાજન ઍડ્હૉક, તમારે કાંઈ નથી કહેવું ?' અવિનાશે રાજન તરફ જોઈને કહ્યું, પાછળથી ઍડ્હૉક શિક્ષિકા નેહા બોલી, 'આજકાલ રાજન સરની નૌકા જ હાલકડોલક છે, એટલે બિચારા શું બોલે ? બાકી તો એમણે હમણાં જ મિ.ગુપ્તાની તફેણમાં લાંબુ ભાષણ કરી બધાંને મંત્રમુગ્ધ કરી દીધા હોત... ખરું ને રાજન સર ?!'

એક વેધક દૃષ્ટિ નેહા તરફ નાંખીને રાજન સર બહાર નીકળી ગયા અને એના બહાર જતાં જ સમગ્ર સ્ટાફ ખડખડાટ હસી પડ્યો અને એ સાથે જ મિ. ગુપ્તા સુધી એ ખડખડાટની ગુંજ પહોંચી ગઈ અને એણે આગ વધારે પ્રજળે એ પહેલાં જ રિસેસ પૂરી થવાની પાંચ મિનિટ પહેલાં જ સમેટી લઈને ઘંટ રણકાવી દીધો અને તે પણ પટાવાળા પાસે નહીં, પોતાની જાતે, સ્વહસ્તે. સ્ટાફરૂમની બારીમાંથી ઘંટ રણકાવતા આચાર્યવાળું વિરલ દૃશ્ય જોવા શિક્ષકો તેમ જ બાળકો બહાર લૉબિ સુધી ધસી આવ્યાં.

'બિચારા પટાવાળાના પેટ ઉપર પણ શા માટે લાત મારતા હશે ?' મંજુલાબેનની આ વક્ર વાક્ધારાએ બધાં ફરી જોરથી હસી ઉઠ્યાં. રિસેસ ભલે ટુંકી હતી, પણ એનો ઘંટારવ તો જીવનભર યાદ રહી જશે. અરે ! ધનીરામ તો ચા અડધી છોડીને આચાર્યની ઑફિસ તરફ દોડ્યો. 'ધનીરામ દોડ, તારી નોકરી ભયમાં છે...' પાછળ કોઈએ મશ્કરી કરી.

♦♦♦

રાતે બધાંના સૂઈ ગયા બાદ રસોડામાં બેસી શિવાની ક્યાં સુધી વિચારતી રહી અને પછી મેમોનો જવાબ લખી નાખ્યો. જવાબરૂપે એણે લખ્યું : 'પ્રતિ, ઇનચાર્જ આચાર્યજી, સવિનય જણાવવાનું કે, મારો વિદ્યાર્થી સાથેનો સુવ્યવહાર ભલે 'કુ' લાગતો હોય, પણ હું તો બાળકો સાથે આ રીતે જ વર્તન કરીશ. શાળાના પરિસરમાં બાળકો જ્યાં પણ ઊભા રહીને મારું માર્ગદર્શન ચાહશે ત્યાં હું ઊભી રહીને માર્ગદર્શન આપીશ. મારું માર્ગદર્શન વર્ગખંડ પૂરતું સીમિત નથી એ જાણવું. મારા આ સેવાયજ્ઞમાં હાડકાં ન નાખવા વિનંતી છે.' કાગળ પર સહી કરી કાગળ કવરમાં મૂક્યો.

એને ખબર હતી કે આવો જવાબ વાંચીને હવનમાં વધુ ને વધુ હાડકાં નાખવાની પ્રવૃત્તિ જોર પકડશે, પણ તેથી શું એમ કંઈ બીજાના કહેવાથી પોતાનો રસ્તો છોડી દેવાય ? વિચારોનાં વમળમાં ક્યાં સુધી ડૂબતી રહી. બપોરે છૂટતી વેળાએ નેહા સામે મળી હતી, એને જોયા પછી એની હાંફળીફાંફળી ચાલ, વેરવિખેર વાળ, બાવરી નજર અને થોડી થોથવાતી જીભ વિશે એને થોડી નવાઈ લાગી હતી. છેલ્લા બેત્રણ મહિનાથી નેહા બદલાતી જતી હતી, એણે કંઈક કહેવું હોય અને જાણે કહી નહોતી શકતી, વિચારે ચડી જતી નેહા બોલતી બોલતી અચાનક બંધ થઈ જતી. થોડી વાર પાસે બેસીને અચાનક આમ તેમ ભાગી જતી નેહા; શું થયું હશે નેહાને ? કંઈક તો એણે કહેવું જ છે, પણ કદાચ... કોઈક ડર...

પાછળથી પગરવ થયો ને એ વિચારતંદ્રામાંથી જાગી. બાપુજી ગ્લાસમાં દૂધ લઈને ઊભા હતા. 'બેટા, હજી જાગો છો ? ઊંઘ નથી આવતી બેટા ?'

શિવાની બાપુજીને આવેલા જોઈ થોડી ક્ષોભ પામી ગઈ ! 'એ તો બાપુજી, થોડું સ્કૂલનું કામ બાકી હતું તે કરવા બેઠી હતી.'

'એ બધું બરાબર બેટા, પણ મન અને શરીર બંનેને થાક લાગતો હોય છે અને એને પણ આરામ મળવો જ જોઈએને ? ચાલો, હવે આ દૂધને ન્યાય આપો અને સૂઈ જાવ...'

'પણ બાપુજી, તમને ઊંઘ નથી આવતી ? તમે કેમ જાગો છો ?

'મારી તો ઊંઘ કૂતરા જેવી છે – દિવસે પણ ઊંઘી જઈએ પછી રાતે ક્યાંથી ઊંઘ આવવાની ? શિવાની, આજે તું સાંજે બાળકોને ભણાવતી હતી ત્યારે મને ખૂબ જ આનંદ

થતો હતો. ગરીબ બાળકોના આશીર્વાદ અને એમનાં મા–બાપના આશીર્વાદ તને ફળશે.' બાપુજી અને બાનાં મુખ ઉપર આનંદ જોઈને શિવાની પણ અંદરથી ખુશ હતી. 'ચાલ શિવાની, તારી બા પણ ચિંતા કરતી કરતી રસોડામાં આવી પહોંચે તે પહેલાં આપણે સૂઈ જઈએ અને હા બેટા, કોઈ મૂંઝવણ હોય, કંઈ પૈસાટકાની ખેંચ હોય તો કહેજે, થોડી ઘણી મદદ તો અમે પણ કરીશું.'

'બાપુજી, કોઈ મૂંઝવણ નથી, બસ અશ્વિન ચાલતા થઈ જાય તો થોડી નિરાંત થાય. એમની દશા મારાથી જોવાતી નથી. બાપુજી, આજે તમે મને એક વચન આપો.' 'બોલ બેટા, અમે તમારે માટે શું કરી શકીએ એમ છીએ ?'

'બાપુજી, જ્યાં સુધી અશ્વીન ચાલતા ન થઈ જાય ત્યાં સુધી તો ખરું જ ખરું; પણ પછી પણ... આજીવન તમે અમારી સાથે જ રહેશો, તમે અને બા અમને છોડીને ક્યાંય નહીં જાઓ. બાપુજી, હું અને અશ્વીન તમારાં બંને વિના સાવ અધૂરાં, નોંધારાં અને એકલવાયાં છીએ. તમારાં અહીં રહેવાથી એક ભરેલું ભરેલું સર્વાંગ સંપૂર્ણ કુટુંબ બને છે, અમને આધાર મળે છે અને સાથે સાથે સેવા કરવાનો પવિત્ર અવસર. તમારા આગમનથી અશ્વીન પણ ખુશ છે અને જલદી સારો પણ થઈ જશે. પ્લીઝ બાપુજી, મને વચન આપો કે, તમે હવે પછી ગામ જવાની વાત ક્યારેય નહીં કરો.'

ક્યારનાંય ખૂણે ઊભા રહેલાં બા નજીક આવીને શિવાનીને ખભે હાથ મૂકતાં બોલી ઉઠ્યાં : 'અરે ! દીકરીને છોડીને તો કોઈ જતું હશે ? લાખ ટકાની દીકરી મળી છે... અને તે પણ દીકરો બનીને – આવાં દીકરાંવને છોડીને જાય એ તો મૂરખ જ કહેવાય.

અને હા શિવાની, અમે તો દીકરાનાં સંતાનને રમાડ્યાં પછી જ... સીધી ઉપરની ટિકિટ કપાવીશું, ત્યાં સુધી અહીં તારી સેવા લેવાનાં... બસ... હવે તો ખુશને ?'

•

અનુક્રમણિકા

32

# ભૂતપૂર્વ વિદ્યાર્થીનો પ્રેમ

શિવાની વિચારી રહી, નસીબ આડેનાં પાંદડાં ખસી રહ્યાં છે અને એક નવું આકાશ ઊઘડી રહ્યું છે. એક નવા પ્રકાશ સાથે નવી દિશા, નવું ઉડ્ડયન અને અંતે ધ્યેય પ્રાપ્તિ – જ્યાં જવું છે ત્યાં, બરાબર ત્યાં જ લઈ જાય છે ઈશ્વર... ઈશ્વરથી વધારે કાળની ગહન ગતિ, કોણ જાણી શકે ભલા ! કાળના ગર્ભમાં રામ જાણે શું ને શું લખ્યું હશે ? પણ આજ તો થોડી સુધરી છે એ અહેસાસ સાથે શિવાનીએ રાતની પછેડી ઓઢી લીધી. એ... વહેલી પડે સવાર.

પણ શિવાનીની સવાર પડે તો ને ? મળસકે ચાર વાગ્યે ફરી આંખ ઊઘડી ગઈ. એને સાંજે મળવા આવેલા કૉલેજના છોકરાઓ એટલે કે, એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ તેમણે કરેલી વાતો કાનમાં પડઘાવા લાગી. એ તો સારું હતું કે, છોકરાઓ જ્યારે વાત કરી રહ્યા હતા ત્યારે અશ્વિન પોતાના રૂમમાં ટી.વી. ઉપર ક્રિકેટ જોઈ રહ્યો હતો અને બા–બાપુજી રસોડામાં કામ કરી રહ્યાં હતાં. બાળકોની કેટલીક વાતો તો એવી હતી કે, એ દ્વારા ઘણાં બધાં જૂઠ બેનકાબ થાય એમ હતાં.

એક બાળકે તો ખૂબ નજીક આવીને શિવાનીને કાનમાં જે વાત કરી તે તો સાંભળીને શિવાનીએ ઊછળી પડવાનું જ બાકી રાખ્યું હતું. કદાચ કોઈ બીજી હોત તો વેંત વેંત ઊંચેથી ઊછળી હોત.

પણ આ તો શિવાની, હરખના ઠેકડાને દાબી દેતાં એને પાક્કું આવડે. એણે એક એક છોકરાને મોં ઉપર તાળું મારવાની સલાહ આપીને શિવાનીને કહેલી એક પણ વાત બીજાં શિક્ષકોને કે વાલીને કરવાની પણ ના કહી.

ઊઠતી વેળા છોકરાઓ જે બોલ્યા : ‘ટીચર, તમારી નજરે તો અમે હજી પણ તમારાં માધ્યમિકનાં નાનાં બાળકો છીએ પણ તમને ખબર નથી હવે અમે કૉલેજનાં મોટાં છોકરાં એટલે કે કૉલેજિયનો; હવે અમારે માટે કોઈ કામ અશક્ય નથી. તમે અડધી રાતે કહેશો તો પણ અમે આવીશું. બસ, સેવાનો એક મોકો આપજો.

ટીચર, તમે અમારા માટે ઘણું કર્યું છે. હવે અમારો વારો છે ઋણ ઉતારવાનો. અશ્વિન સરને એમની ખુરશી મળવી જ જોઈએ. ટીચર, તમને એમ છે કે, અમે પૉલિટિક્સ નથી જાણતાં, પણ અમને તમે સમજો છો એટલા અમે નાનાં નથી. અન્યાય અને ન્યાય વચ્ચેનો ભેદ અમને ખબર છે. અશ્વિન સરને ન્યાય અપાવવા માટે અમે તો સ્ટ્રાઇક કરવા પણ તૈયાર હતા, પણ તમે અમને અટકાવ્યા હતા. અરે ! તમે આજે કહો તો આજે પણ સ્કૂલ – કૉલેજ – બંધનું એલાન કરાવી દઈએ.

ટીચર, આ તમારો શશાંક તો કૉલેજનો નેતા બની ગયો છે. ટીચરે નાટકમાં એને નેતા શું બનાવ્યો હતો; હવે તો એ સાચેસાચનો નેતા બનીને ફરે છે.

ટીચરે પેલા મહેશને ડૉક્ટરનો રોલ ભજવવા તૈયાર કરેલો... અને ખરેખર એ મેડિકલમાં જ ગયો... ટીચરે એને જન્મજાત ડૉક્ટર કહીને નવાજેલો ત્યારનો એ ગળે સ્ટેથોસ્કોપ ભેરવીને જ નાટક પછી પણ કેટલાય મહિના ફરતો રહેલો.'

છોકરાઓ એમના માધ્યમિક સ્કૂલના અનુભવો વાગોળતા થાકતા નહોતા, એક પછી એક સંસ્મરણોની લ્હાણ કરવામાં એમને મજા આવી ગઈ હતી. 'ટીચર, તમને યાદ છે તમે મુતરડી તેમ જ બીજી જે જે દીવાલો ઉપર છોકરાઓએ બીભત્સ લખાણો લખ્યાં હતાં તે દીવાલો ઉપર કલર લગાડવાનો શ્રમયજ્ઞ કરાવેલો અને એ કલરયજ્ઞનું ઉદ્ઘાટન પણ ટીચર તમે જ કરેલું.

'ટીચરે રાવજીને મોડા આવવાની છૂટ આપેલી તે યાદ છે...? અરે ! એવાં તો બીજાં ચાર બાળકોને પણ છૂટ આપેલી અને એને માટે ટ્રસ્ટી સાથે ફાઈટ પણ કરેલી. ખરું કે ખોટું રાવજી ?' બધાએ રાવજી તરફ જોયું.

'સાવ સાચી વાત... ટીચરે મને મોડા આવવાની પરમિશન અપાવેલી અને તો જ તો હું ભણીગણીને કૉલેજ સુધી પહોંચી શક્યો, નહિતર મારા જેવા પેપર વેચીને પેટ ભરતાં છોકરાં વળી કઈ રીતે કૉલેજનાં પગથિયાં ચડી શક્યાં હોત ?'

ચાર વર્ષ પહેલાં જેમને ભણાવ્યા હતા એ છોકરાઓ હજી પણ શિવાનીને યાદ કરીને ઘરે આવ્યા, અશ્વિનને મળવા એના ઓરડામાં ગયા. છોકરાઓએ મોબાઇલમાં ટીચર–

સરના ફોટો પાડ્યા અને કંઈ પણ કામ હોય તો કૉન્ટેક્ટ કરવા માટે પોતાના ફોનનંબર આપીને બાળકો છૂટાં પડ્યાં.

બપોરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી એક ખૂબ જૂનો વિદ્યાર્થી કે જે ખૂબ તોફાની હતો, રોજ આખી શાળા માથે લેતો હતો, એ ભગીરથ દવેનો અચાનક ફોન આવ્યો.

‘હેલો… ઓળખો હું કોણ ?’ શિવાનીએ પ્રયત્ન કરી જોયો પણ અવાજ પરખાયો નહીં. એણે હાર સ્વીકારીને કહ્યું : ‘ભાઈ તમારો અવાજ નથી ઓળખાતો પણ થોડી ક્લૂ… થોડો પૂર્વાપર સંબંધ, વિકલ્પ આપો તો કદાચ અવાજ ઓળખી શકાય.’

‘ટીચર, તમે જે સાલમાં ટીચર તરીકે નોકરી પર હાજર થયાં હતાં તે જ વર્ષે મેં ઍડ્મિશન લીધું હતું. ધોરણ 8–અ મારો વર્ગ. મારા વર્ગ શિક્ષિકા શિવાની ટીચર, ઇનચાર્જ આચાર્ય અશ્વિન સર. મેં પહેલે દિવસે જ બેન્ચ તોડી હતી. મને એડ્મિશનના પહેલે દિવસે જ હાથમાં એલ.સી. પકડાવવાની તૈયારી થઈ રહી હતી. મારાં મમ્મી – પપ્પા દોડતાં આવ્યાં હતાં અને તમે સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટની જગ્યાએ સજારૂપે ક્લાસનો મૉનીટર બનાવી ખરા અર્થમાં મને માનવી બનવાની એક તક પૂરી પાડી હતી. શાળાનું લોખંડી શિસ્ત ભંગ કરવા બદલ અગાઉ ઘણાં બાળકોને લીવિંગ સર્ટિફિકેટ મળ્યું હતું. પણ તમારાં આવ્યા બાદ આ પહેલો બનાવ બાળકને માફી આપીને સુધારવાનો બન્યો.

‘હું સારો મૉનિટર હતો કે નહીં એ તો હવે તમારે જ મને કહેવું રહ્યું.’

‘ભગીરથ દવે, તું મારા સમગ્ર કાર્યકાળનો એકમાત્ર ઉત્તમ મૉનિટર હતો. અને નેકદિલ વિદ્યાર્થી તો ખરો જ. તું નાનો હતો ત્યારે અવાજ પાતળો હતો પણ હવે તો તું કદાચ…’

‘હા ટીચર, હું છ ફૂટ ઊંચો, પાંચને એકી સાથે ચિત્ત કરી શકું એવો પઠ્ઠો… અને સી.બી.આઇ. બ્રાન્ચનો હેડ બની ગયો છું…’

‘ઓહો ! તો તો મારે પણ તારાથી ડરીને ચાલવું પડશે નહીં ?’

'ના ના ટીચર... આજે હું જ્યાં પહોંચ્યો છું... મેં જે પ્રગતિ કરી છે એ તમામ પ્રગતિ અને વિકાસનું શ્રેય હું તમને જ આપું છું. મારી એક ભૂલની તમે માફી શું આપી; હું તો સીધો વાલિયામાંથી વાલ્મીકિ બની ગયો. મને માફી આપવામાં તમારા માથે તેમ જ અશ્વિન સરને માથે કેટલાં માછલાં ધોવાયાં હતાં તે મને હજી પણ યાદ છે. ટીચર, હું તમને મળવા માગું છું. એકાદ દિવસ તમારી તોફાની ટોળી લઈને તમારા ઘરે આવીશ.

ટીચર, એક ગુડ ન્યૂઝ આપવાના તો રહી જ ગયા. ટીચર, અમે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભેગા મળી એક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મંડળ બનાવ્યું છે. આપણી શાળામાં ભણી ગયેલા તમામ વિદ્યાર્થીઓનાં નામ–સરનામાં ભેગાં કરવાનું કામ કરી રહ્યા છીએ અને એની પહેલી મીટિંગ એટલે કે સ્નેહમિલન અમે નજીકના ભવિષ્યમાં કરવા જઈ રહ્યા છીએ અને એ સમારોહનું ઉદ્‌ઘાટન તમારા હસ્તે કરવા વિચારી રહ્યા છીએ. ટીચર, જો તમારી હા હોય તો અમે તમારા ઘરે આવવા માંગીએ છીએ.'

'ભગીરથ, મારા કરતાં તો ઘણા સિનિયર શિક્ષકો, આચાર્યો, ટ્રસ્ટીઓ છે. તમે એમને આવું બહુમાન આપો તો સારું.'

'પણ ટીચર અમારે માટે તો તમે જ મૂલ્યવાન છો ! તેનું શું ? ટીચર પ્લીઝ... હા કહો, નહિતર હું બધા જ તોફાનીઓને લઈને સ્કૂલમાં જ આવીશ. અને તમે હા નહીં કહો ત્યાં સુધી બેન્ચ તો નહીં તોડું, પણ ભૂખ હડતાલ ઉપર જરૂર ઊતરીશ.'

શિવાનીએ એના જ બનાવેલાં સામે ઝૂકવું પડ્યું. જો કે, એમાં પ્રેમ અને ગર્વનું વજન ભારોભાર હતું એનો આનંદ તો સાવ અદકેરો !'

•

અનુક્રમણિકા

33

# દેવી જેવું સન્માન

રાત આખી શિવાનીની આંખ સામેથી કંઈ કેટલાંય બાળકો પસાર થતાં રહ્યાં. શાળાનાં એકેએક બાળકને પોતાનાં માનીને ભણાવ્યાં હતાં અને સંસ્કાર તેમ જ શિસ્તનું ભાથું બાંધી આપવાનું કામ કર્યું હતું. જેથી જીવનભરની મુસાફરીમાં આ ભાથું કામ આવે, અને ખરેખર એ ભાથું જ કેવું રંગ લાવ્યું છે ! આજે કોઈ બાળક ડૉક્ટર, તો કોઈ ઍક્ટર, કોઈ નેતા તો કોઈ શિક્ષક... જુદાં જુદાં ક્ષેત્રોમાં ખૂબ ઉચ્ચ આસને આરૂઢ છે. આ બાળકો... હજી પણ રસ્તામાં સામા મળી જાય છે તો તરત જ નમસ્તે કહેતાં કહેતાં વાંકા વળી પગે લાગવાનું ચૂકતાં નથી. એક શિક્ષકને આટલું ગૌરવ કે માન મળે પછી એનાથી વધારે એને બીજું શું જોઈએ ભલા !

વર્ષોથી કેટલાં બધાં બાળકોને સીંચવાનાં, ઉછેરવાનાં તેમ જ જ્યારે માયા લાગી જાય ત્યારે વિદાય આપવાની. મિલન અને જુદાઈ જીવનનો ઘટનાક્રમ. પણ ક્યારેક આટલાં બાળકો વચ્ચે પણ શિવાનીને એની એકલતા પીડા આપી જતી. બાળકો આવે ને બાળકો જાય, પણ કોઈ ‘મા’ કહીને સાદ કરનારું, કાયમી ટેકો કરનારું તો એના નસીબમાં કદાચ શક્ય જ ક્યાં હતું ?

પણ પછી મન પણ મનાવતી રહેતી, ‘એક બાળકની મા કરતાં આ ઘણાં બધાં બાળકોની એકી સાથે ‘મા’ બનવાની તક ઈશ્વરે આપી છે, તો નિરાશા શાની ? ‘આ જ તો મારાં બાળક છે, ઈશ્વરે એકી સાથે કેટલાં બાળકો ઉછેરવાં માટે આપી દીધાં છે ! મારા પાલવમાં એકી સાથે અનેક પ્રકારનાં ફૂલોનો ઢગલો પાથરી દીધો છે. જાત જાતના રંગો તેમ જ સુગંધથી મને ભરી ભરી કરી દીધી છે ! હે ઈશ્વર, તારો તો આભાર જેટલો માનું એટલો ઓછો છે !’

અશ્વીને એક વાર શિવાની સામે આ વાત છેડેલી, પણ શિવાનીએ આંખનાં ખૂણે ચમકેલાં આંસુને પી જઈને વાતને ફેરવી તોળીને બાજી સંભાળી લીધી હતી. ‘અશ્વીન, સારું છે કે, આપણને કોઈ બાળક નથી... જો આપણને ભગવાને બાળક આપ્યું હોત, તો કદાચ અન્ય બાળકોને હીસ્સે પ્રેમ ઓછો ગયો હોત અને આપણી પાસે વારસામાં આપવા માટે ફક્ત પ્રેમ

જ તો છે. કુદરતે આ બાળકોને પ્રેમથી, હૂંફથી અને વિશ્વાસથી નવાજવાની એક તક પૂરી પાડી છે અને એ વીશ્વાસ ઉપર આપણે ખરાં ઊતરવાનું છે.'

'શિવાની તું આ વિશ્વાસ ઉપર ખરી ઊતરશે જ એની મને પૂરેપૂરી ખાતરી છે. કારણ કે, તારી પાસે શિક્ષક કરતાં, એક 'મા'નું હૃદય વધુ બળવત્તર છે... તારું શિક્ષકત્વ અને માતૃત્વ બંને ભેગાં મળી એક એવો ગજબનો વિશ્વાસ અને હૂંફ ઉત્પન્ન કરે છે કે એને કારણે બાળકો તને એક 'મા' કરતાં પણ કદાચ વધુ મહત્વના સ્થાને એટલે કે 'સરસ્વતી મા'ના સ્થાને બેસાડીને ભક્તિ કરે છે.'

'અરે... અરે... અશ્વીન, મને બગાડવાનું, અભીમાની બનાવવાનું કામ શા માટે કરે છે ?'

'શિવાની, આ મારું ઉપજાવેલું વિધાન નથી, આજે તારાં બાળકો જે વાત કરતાં હતાં તે સાંભળ્યાં બાદ સો ટચની સાચી વાત – સાવ સાચી વાત કરું છું. પેલો તારો તોફાની ભગીરથ જ એક વાર બોલ્યો હતો, 'સ્કૂલમાં એક વાર શિવાની ટીચરને નમસ્તે કરી આવો પછી કોઈ દેવીને પૂજવાની જરૂર નથી રહેતી અને એમનાં દર્શન બાદ દિવસ પણ કેવો સરસ જાય છે.' – અને એમાં શ્યામલે ટાપસી પૂરાવતાં કહ્યું હતું : 'એમનાં દર્શન કરી પરીક્ષામાં બેસો તો પ્રશ્નપત્ર પણ સાવ સરળ લાગે છે... વગર વાંચ્યે પણ પાસ થવાની ક્ષમતા આવી જાય. બાકી પેલા રાજન સરનું મોં જો જોવાઈ જાય તો... તો... છેલ્લેથી પહેલો નંબર પાક્કો જ સમજવો. ઉપરથી આખો દિવસ સાવ નક્કામો જાય તે નફામાં.' શિવાની, આ વાતો દરમિયાન હું એમની પાછળ જ ઊભો હતો. એટલે હવે તો મારી વાત સાચી માનીશ ને ? જો કે, મારો પણ દિવસ તને જોયા બાદ જ ઉગે છે. તને જોયા વગર તો દિવસ... તો શું; આ રાત પણ ક્યાં સારી જાય છે ?'

'મને દેવી બનાવવા પાછળ કયું કારણ છે ? મિ. અશ્વીન, એ પહેલાં કહો અને તમને શું જોઈએ છે તે પણ કહો ? વખાણ નહીં કરશો તો પણ આ શિવાની ટીચર તમારી સેવામાં હાજર છે, સમજ્યાં ?' આટલું બોલીને શિવાનીએ એનું માથું અશ્વીનના ખોળે ઝુકાવી દીધું હતું. એને તો બસ સમાઈ જવું હતું. પ્રેમ મળે ત્યાં નિતાંત શુદ્ધ સાત્વિક પ્રેમ. ભૂખ હતી માત્ર શુદ્ધ પ્રેમની, હુંફની અને વિશ્વાસની, જગત પાસે એથી વધુ બીજી કોઈ અપેક્ષા એણે ક્યાં કદી રાખી જ હતી ભલા ?

સાસુ–સસરાનાં દિલ જીત્યાં બાદ હવે ગમે તેવાં દુઃખો આવી પડશે તો તે સહન કરવા માટે એ તૈયાર હતી. હજી એણે મનમાં ને મનમાં લીધેલી પ્રતિજ્ઞા પૂરી થઈ નહોતી, એટલે ઘણી વાર રાતે ઊંઘ ઊડી જાય પછી નીંદર ભેગા થવાનું સાવ અશક્ય. બીજી બાજુ હજી અશ્વીન જલદી સાજો થાય એ જોવાનું અને ત્રીજી તરફ એણે મિ. ગુપ્તાને માત કરવાનો અને પોતાને પુરવાર કરવાની.

♦♦♦

આજે તો ઘરે પહોંચતાં જ બા દોડતાં બહાર આવીને બોલ્યાં : 'શિવાની, આજે અશ્વીન સાવ અલ્લકદલ્લક ચાર ડગલાં ચાલ્યો... શિવાની, અશ્વીનના પગ હવે વજન ઊંચકતા થયા.'

'શું વાત કરો છો, બા ? બા, શિવને કરેલી પ્રાર્થના ફળી. બહાર શ્રાવણની ઝરમર ચાલુ થઈ અને અંદર ખુશીઓની.' શિવાની દોડતી અશ્વીન પાસે પહોંચી ગઈ અને ભાવવિભોર થઈને વ્હીલચૅરને ગોળ ગોળ ફેરવતી ગઈ. અને હે– હે– હે– હે– એ... એ... કરી પોતાનો આનંદ વ્યક્ત કરવા લાગી.

ગંગુબાઈ, બા, બાપુજી શિવાનીની ભાવુકતા તેમ જ ખુશી જોઈને આનંદિત થઈ ઊઠ્યાં...

'અરે ! શિવાની... બસ... બસ, મને ચક્કર આવી જશે. આટલો આનંદ સારો નહીં.'

'અશ્વીન, દિવાળી સુધીમાં તો તું ચાલતો ને દોડતો થઈ જશે. શિવજીની બાધા ફળી. બા, આપણે આ જ સોમવારે શિવજીના મંદિરે જઈશું. ગંગુબાઈ તું પણ તૈયાર રહેજે, આપણે મોટી ગાડી કરાવીને સૂરતની આસપાસના શિવમંદિરે પણ માથું ટેકાવવા જઈશું.'

સોમવારે શાળામાં રજા મૂકીને શિવાનીએ બા, બાપુજી, ગંગુબાઈ તેમ જ અશ્વીનને શિવમંદિરના દર્શન કરાવ્યાં. બા–બાપુજીને તો જાણે ચારધામની જાત્રા જ થઈ ગઈ અને એ પણ દીકરા–વહુની સાથે.

હવે ફિઝિયોથેરાપીની સાથે સાથે માલિશ માટે પણ એક ભાઈને રોકી લીધા, જેથી રક્તસંચાર તેમ જ અક્કડ થઈ ગયેલ માંસપેશી – સ્નાયુઓ ધીમે ધીમે ખૂલવા લાગે. અશ્વીન પણ હવે મરણિયો થયો હતો... અર્જુનની જેમ બસ એક જ ધ્યેય... ચાલતા થવું અને શિવાનીને દરેક પ્રકારની રાહત આપવી.

ઉપરથી બા–બાપુજીની કાળજી રંગત લાવી રહી હતી. રોજ જ શિવાનીને નવા નવા ખુશીના સમાચાર મળવા માંડ્યા હતા : આજે અશ્વીન લાકડી વગર ચાલ્યો. આજે અશ્વીન જાતે જ ઊભો થયો અને જાતે જ પલંગ ઉપર બેઠો. હવે અશ્વીનના હાથ પણ કામ કરતાં થયા હતા. એ નાની–મોટી વસ્તુ પકડી શકતો હતો. થોડું થોડું હાથે જાતે ખાતો થયો હતો અને એનું બોલવાનું પણ સ્પષ્ટ થવા માંડ્યું હતું. એના ઉચ્ચારો હવે સ્પષ્ટ થવા લાગ્યા હતા.

♦♦♦

ટ્રસ્ટીમંડળે શહેરની ત્રીસ શાળાઓને પોતાની સાથે પરીક્ષા પૂરતી જોડીને પોતાના મશીનમાં પેપરો છાપીને અન્ય શાળાને બજાર કરતાં સસ્તા દરે આપવાની શરૂઆત કરી હતી. શિવાનીને માથે ત્રણ પેપર કાઢવાની જવાબદારી હતી. પૂરેપૂરી ગોપનીયતા જાળવીને પટાવાળા પાસે સીલ કરાવીને એણે મિ. ગુપ્તાને પેપર બંધ કવરમાં સુપ્રત કર્યાં.

‘મિસિસ શિવાની, તમે તમારા હાથે જાતે જ પેપરો સામેના કબાટમાં મૂકીને મને કબાટની ચાવી પરત કરો. શિવાની પેપર ફાઇલમાં પેપરો બરાબર મૂકી કબાટ બરાબર બંધ કરીને ચાવી મિ. ગુપ્તાને આપી, ત્યાંથી રવાના થઈ. જતાં જતાં એણે પાછું વળીને જોયું. ખબર નહીં પણ કેમ એને અંદર જરા ફડકો થયો.

રિસેસમાં ધનીરામ ચા લઈને આવ્યો. પછી ધીમે રહી શિવાનીના કાનમાં કહેવા લાગ્યો : ‘આજકાલ મિ. ગુપ્તા, મિ. રાજન તેમ જ રોઝી મૅમની ગુસપુસ વધવા માંડી છે. શિવાની બહેન, તમે પણ હવે એક ગ્રૂપ બનાવી લો, અને હા એ ગ્રૂપમાં હું તમારી સાથે છું.’

આજ સુધી મિ. ગુપ્તાની ચમચાગીરી કરતો પટાવાળો પોતાના પગ તળે રેલો આવતાં શિક્ષકોની હૂંફ શોધે એ સ્વાભાવિક છે. શિવાનીએ હસતાં હસતાં કહ્યું, ‘ધનીરામ, તે

કદી સિંહનાં ટોળાં જોયાં છે ?' ધનીરામ શું બોલે ? શિવાનીના અવાજનો ગરમાટો થોડો વખત સ્ટાફરૂમને દઝાડી રહ્યો. શિવાનીની ડાબી-જમણી ખુરશી ઉપર નેહા તેમ જ વસુધા ધીમે રહીને ગોઠવાયાં. બન્નેને કશુંક કહેવું હતું, પણ શિવાનીનો મૂડ જોયા પછી જ વાત કાઢવી, એમ વિચારી છાપાંમાં મોં નાખીને ક્યાંય સુધી વાંચવાનો ડોળ કરી બેસી રહ્યાં. થોડી ચૂપકીદી બાદ શિવાની બોલી : 'તમારે બંનેએ જે કાંઈ કહેવું હોય તે જલદી કહી દો અને ઘરે આવીને કહેવું હોય તો તેમ, પણ એટલું યાદ રાખો કે ધૂમરાયેલાં વાદળોમાંથી જેમ બને તેમ જલદી રસ્તો કાઢવો સારો. ઘણી વાર પછી પછીમાં એટલું મોડું થઈ જતું હોય છે કે, એમાંથી રસ્તો કાઢવો પણ મુશ્કેલ બને છે, સમજ્યાં ?'

નેહાએ મૌન તોડતાં કંપતા અવાજે કહ્યું : 'અમે સાંજે તમારે ઘરે આવીશું, અહીં કહેવું શક્ય નથી. કારણ કે...' આટલું બોલી ત્રણેએ ઉપર લગાવેલાં કૅમેરા તરફ અને પછી મિ. રાજન તરફ તીરછી નજરે જોઈ લીધું. વસુધા તો જાણે કોઈએ થપ્પડ મારીને ખૂણે બેસાડી દીધી હોય એમ સાવ સ્ટેચ્યૂ બની ગઈ હતી.

કોઈ દિવસ નહીં ને કાયમ મિ. ગુપ્તાની ઑફીસમાં બેસનારી મિસ રોઝી અચાનક શિવાનીની સાવ નજદીક આવીને લગભગ કાનમાં બોલી, 'આજે સાંજે હું તમને તમારા ઘરે મળવા આવીશ. શું હું તમારે ઘરે આવી શકું છું ?' ઘડીભર તો શિવાનીને નરસિંહ મહેતાની પંક્તિ યાદ આવી ગઈ.

'આજની ઘડી રળિયામણી રે લોલ'... પણ પછી સ્વસ્થતા કેળવતાં એણે કહ્યું : 'ઘરે આવવાની પરવાનગી ના મંગાય, ઘરે તો સીધા પ્રેમથી આવી જ પહોંચાય. મોસ્ટ વેલકમ મિસ રોઝી. મારું અહોભાગ્ય...' રોઝીએ પણ કૅમેરા તરફ, પછી મિ. રાજન તરફ જોઈને ઝડપથી ત્યાંથી વિદાય લીધી.

•

અનુક્રમણિકા

**34**

# રોગીનું શોષણ

શાળામાં કશુંક રંધાવાની, કશુંક ગંધાવાની, કશુંક ધુમાવાની, કશુંક કોહવાની બદબૂ શિવાનીને આવવા લાગી હતી. એક તરફ શિવાનીએ આપેલ મેમોના જવાબથી મિ. ગુપ્તા ધૂંઆપૂંઆ તો છે જ ત્યાં કંઈક નવો પ્રલય આવે એવો વર્તારો, દહેશત એ ક્યાંય સુધી અનુભવી રહી. જો કે પ્રલયથી એ ક્યાં વાકેફ નથી ? પ્રલયને સામી છાતીએ ઝીલતાં એને હવે આવડી ગયું છે. કોને ખબર છે કે કાળના ગર્ભમાં શું રહેલું છું ? એ તો સમય આવ્યે જ ખબર પડશે ! આપણે તો માત્ર રાહ જોવી રહી. વિચારોનાં કાળાંભમ્મ વાદળો એનાં દિલોદિમાગ પર વીજળીનો પ્રકોપ ઠાલવે એ પહેલાં એણે ઊભા થઈને વર્ગખંડ તરફ ચાલવા માંડ્યુ. અવિનાશે પાછળ ચાલતાં ચાલતાં કહ્યું : ‘હજી રિસેસ પૂરી નથી થઈ; ઘંટ ક્યાં વાગ્યો છે ?’ ‘રિસેસ પૂરી થાય તો જ વર્ગખંડમાં જવાય એવો કોઈ સરકારી નિયમ છે કે શું ? કોઈ પણ પ્રકારના મનઘડંત કાયદા પ્લીઝ, મારી ઉપર લાદવાની કોશિશ ના કરશો, સમજ્યા ?’

રૌદ્ર રૂપ જોઈને અવિનાશે પોતાનો માર્ગ બદલ્યો. એણે વિચાર્યું, વાદળ વરસવા પહેલાંનો ઉકળાટ છે. વરસ્યા બાદ જ્યારે ધરતી ઠંડી થશે ત્યારે જ એને પુછાશે કે અંદર છવાયેલાં વાદળનો ઉકળાટ શેનો છે ?

શાળા છૂટ્યા બાદ અવિનાશ ઝડપથી દોડ્યો, પણ શિવાનીએ સ્કૂટર ઝડપથી દોડાવી મૂક્યું. એ ક્યાં સુધી મૂંઝાતો રહ્યો. આટલી જૂની મૈત્રી છતાં શિવાની મિત્રતા નિભાવવાની એક પણ તક આપતી નહોતી, પણ કશુંક સળગી રહ્યું છે અને એની ઝાળમાં શિવાની ફરી લપેટાઈ રહી છે એવી ગંધ તો એને આવી જ ગઈ હતી.

શિવાની બજારમાં જઈ ઝડપથી ગંગુબાઈનાં તેમ જ ટ્યૂશને આવતાં ગરીબ બાળકો માટે પુસ્તકો, નોટબુક તેમ જ દફ્તર ખરીદી ઘરે પહોંચી. દર વર્ષે પોતે કસર કરીને પણ ગરીબ બાળકોને પુસ્તકો તેમ જ યૂનિફૉર્મ અપાવવા કે, પછી ખૂટતી ફીની રકમ આપી બાળક આગળ ભણી શકે એવી વ્યવસ્થા કરતી. અન્ય શિક્ષકો પણ એ સેવાયજ્ઞમાં જોડાય એવું આહ્વાન પણ આપતી અને વળી કોઈ દાતા મળી જાય તો ગરીબ બાળકોને ભણાવવા

પૂરતાં એઓ દત્તક લે એવો સંનિષ્ઠ પ્રયત્ન પણ કરતી અને એ યોજના હેઠળ કૈં કેટલાં બાળકો ઉચ્ચતર શિક્ષણ સુધી પહોંચી શક્યાં એનો સંતોષ એને હંમેશ રહેતો. ક્યારેક એ પોતાની પ્રાર્થનામાં પ્રભુનો આભાર માનતાં કહેતી પણ ખરી કે, 'હે પ્રભુ, બીજું તો ઠીક, સેવાયજ્ઞમાં સાથ આપજે. હે પ્રભુ ! દરેક કુટુંબમાં એક એક કુળદીપક સારસ્વત બને તો સમગ્ર સમાજ ઝળહળી ઊઠે અને એ યજ્ઞમાં તારી કૃપા વરસો !'

ઘરે ભણવા આવનારાં છોકરાંઓની સંખ્યા વધવા માંડી હતી. કોઈની ને કોઈની ઓળખાણ લઈને આવનારાં તો વળી કેટલાંક સાવ ગરીબ બાળકો પણ આવવાં લાગ્યાં. ગંગુબાઈનાં છોકરાં પણ વર્ગખંડમાં સારો દેખાવ કરવા માંડ્યા હતાં. એ જોઈને સરકારી કૉલોનીનાં તેમ જ હરિજન નિવાસનાં બાળકો પણ સાંજે આવવા લાગ્યાં હતાં. આગળના દિવાન ખંડમાં હવે બેસવાની જગ્યા રહી નહોતી. 'બસ તમારા આશીર્વાદ જ આલો. અહીં આવીને ખાલી બેસશે તો પણ ભણી જશે અને ભણશે નહીં તો કમ સે કમ સારો માણસ તો બનશે જ.' એટલું બોલીને, શિવાનીએ હવે બેસવાની જગ્યા નથી એવું કહ્યું છતાં છોકરાની માએ રડતાં રડતાં પોતાનું બાળક શિવાનીને પકડાવી જ દીધું. પ્રભુનો પ્રસાદ સમજી શિવાનીએ એ બાળકને પણ ગળે લગાવ્યું. હવે તો એમાંથી સાવ નાનાં બાળકોને ભણાવવાની તેમ જ વાર્તા કરવાની જવાબદારી બા–બાપુજીએ લઈ લીધી હતી અને ગણિત–વિજ્ઞાનની જવાબદારી અશ્વીને લીધી હતી. મહિનો પૂરો થયા બાદ પેલાં ગરીબ બાળકોનાં વાલી મળવા આવ્યાં એમનાં મોં ઉપર અપાર સંતોષની લાગણી હતી. 'ટીચર, તમારે ઘરે સાંજે બે કલાક બેસે છે એમાં અમારાં બાળકો કેટલાં સુધરી ગયાં. સવારે ઊઠીને એઓ ભગવાનને તેમ જ અમને પગે લાગીને શાળાએ જતાં થયાં, જમતાં પહેલાં પ્રાર્થના કરતાં થયાં અને ઘરે આવીને લેસન કરતાં થયાં. પહેલાં તો માત્ર તોડફોડ કરતાં રહેતાં હતાં અને મહોલ્લામાં રખડતાં ને ગાળો બોલતાં રહેતાં હતાં. જ્યારે હવે તેઓ ઘર સાચવે છે, ઘરનું કામ પણ કરે છે અને ભૂલેચૂકે અમારાથી ગાળ બોલાય જાય તો તો અમારું આવી જ બને. શિવાની ટીચરે આમ કરવાનું કહ્યું છે ને શિવાની ટીચરે આમ કરવાની ના પાડી છે. તમારું નામ તો એઓ શિવની જેમ રટે છે બહેન!' હવે અમે નિરાંતે મજૂરી કરવા જઈ શકીએ છીએ. કારણ કે, હવે અમારાં બાળકોનો ઉછેર અને ભણતર તમારા હાથે થાય છે.'

એક સાવ કંગાળ તેમ જ કૃશકાય લાગતી બહેને પોતાના પાલવે વીંટળાયેલ કાગળમાંથી થોડા ચોળાયેલા રૂપીયા, થોડું પરચૂરણ... કાઢીને ગણવા માંડ્યું. 'બહેન, તમને

કેટલી ફી આપવાની છે ? આ મહિને કદાચ પૂરેપૂરી ન આપી શકાય પણ આવતા મહિને તો પેટે પાટા બાંધીને પણ, બે કામ વધારે કરીને પણ પૂરેપૂરી ફી ચૂકવી જઈશ; પણ મારા દીકારાને તમારા ઘરે કાયમ માટે બેસાડજો હોં!'

બે હાથ જોડીને કાકલૂદી કરતી એ બાઈએ ચીમળાયેલ થોડી નોટ અને પરચૂરણ શિવાની સામે ધર્યું. શિવાનીની નજર સામે એનું પોતાનું બાળપણ, બાળપણમાં વેઠેલા અભાવ, બા, અનાથાશ્રમ, અન્ય અનાથ બાળકો, દર મહિને આશ્રમને મળતી સખાવત, મહિનાને અંતે રંજનબાને પડતી આર્થિક મુશ્કેલીઓ... તાદૃશ થવા લાગી. એની આંખોમાં ઝળઝળિયાં ઊપસી આવ્યાં. એણે પેલી બહેનનો હાથ પકડી લીધો અને કહ્યું : ‘બહેન, તારા છોકરાને હું ભણાવીશ. પણ એક શરતે.’ પેલી સ્ત્રી ગભરાઈ ઊઠી અને સંકોચ સાથે બોલી, ‘મને તમારી બધી શરત મંજૂર, પણ મારા દીકરાને તમે જ ભણાવજો...’

‘પણ મારી શરત એ છે કે, તારે મને ફી નહીં આપતાં એ ફીની રકમમાંથી તારાં છોકરાંને સારો તેમ જ તાજો ખોરાક ખવડાવવાનો અને ધોયેલાં સ્વચ્છ કપડાં જ પહેરાવવાનાં અને બાળકોની સામે ન તો ઝઘડો કરવાનો કે ન તો ગાળાગાળી કે મારામારી કરવાની. બસ, તમારે આટલું જ કરવાનું છે.’

‘મી સમજી... મી સમજી... મૂઆ પીધ્ધડને ઘરમાંથી જ ...’ એવું કંઈક બબડતી... બબડતી પેલી સ્ત્રી... હાશ... ના ઓડકાર સાથે રવાના થઈ.’

હજી તો માંડ સ્વસ્થ થવા અંદરના ઓરડે જવા વિચારતી જ હતી ત્યાં મિસ રોઝીએ ઘરમાં પ્રવેશ કર્યો. આવતાની સાથે જ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. શિવાનીએ એને પાણી આપીને આશ્વવાસન આપતાં કહ્યું : ‘તારે જે કાંઈ કહેવું હોય તે વિના સંકોચે કહે. તું તો મારી નાની બહેન જેવી છે, સમજી ?’

‘તે શિવાનીબહેન, આજ સુધી મિ. ગુપ્તાએ મને તમારા વિરુદ્ધ જાતજાતની વાત કરી અને મને શાળામાં કાયમી નોકરી આપવાનો ગૉળ લગાવીને એણે મારું દરેક પ્રકારે શોષણ કર્યું છે.’

અને એટલું બોલતાં તો એ ફરી પોકે પોકે રડી પડી અને મોબાઇલ ઉપર કંઈક શોધવા લાગી ! ‘શિવાનીબહેન, મને એણે ક્યાંયની નહીં રાખી. મારે તો હવે તાપીમાં કૂદવાનો વારો આવ્યો છે. પણ તમે જોજો, હું તો મરીશ તો મરીશ, પણ એને પણ જીવતેજીવત મારીને જઈશ. એ નરાધમને તો જેલના સળિયા પાછળ નહીં ધકેલું તો મારું નામ રોઝી નહીં. મારાં મા–બાપ જાણશે તો તો એ જીવતેજીવત મરી જશે. હજી પાછળ ત્રણ બહેનો કુંવારી છે અને ઘરની સ્થિતિ તો... શિવાનીબહેન, મારા પાપા કૅન્સર જેવી વ્યાધિમાં સપડાયા છે. મમ્મીને ડિપ્રેશનનો સ્ટ્રોક આવ્યો છે. ત્રણે બહેનોને ભણાવવાની, મમ્મી–પાપાની દવાની તેમ જ ઘરની તમામ જવાબદારી મારા ઉપર છે. હવે મારું શું થશે ? સમાજ જાણશે, વિદ્યાર્થીઓ જાણશે, ટ્રસ્ટીમંડળ જાણશે, કાલે ઊઠીને શિક્ષકો જાણશે તો મારું શું થશે ?’ રોઝીના ખભે હાથ મૂકતાં શિવાનીએ કહ્યું : ‘તું થોડી માંડીને, સ્વસ્થતાથી વાત કર. જો રોઝી, દરેક પ્રશ્ન અને સમસ્યાનો ઉકેલ નીકળતો જ હોય છે. જરૂર છે માત્ર ધીરજની અને વિવેકબુદ્ધિની...’

‘સાચી વાત... મારી તો વિવેકબુદ્ધિ જ મરી પરવારી છે... તો જ તો આવા હેવાનની વાતોમાં આવી ગઈ.’ એટલું બોલતાં બોલતાં એણે પોતાનો મોબાઇલ ઑન કર્યો. રોઝીએ જે નિર્વસ્ત્ર ફોટોગ્રાફી બતાવી તે જોઈને શિવાની સાવ સડક જ થઈ ગઈ... આખો મામલો એના ધ્યાનમાં આવી ગયો...

‘શિવાનીબહેન, હું કદી આટલાં નીચલા સ્તરે ગઈ નથી કે નથી જવાની. હું ગરીબ છું ખરી, પણ મારું શીલ વેચવું પડે એટલી ગરીબ કે ચારિત્ર્યહીન નથી. બહેન, આ ફોટામાં ઉપરનું મોં ભલે મારું છે પણ નીચેનું નિર્વસન શરીર મારું નથી. એણે મને વારંવાર ઘરે બોલાવી છે. નાનાંમોટાં કામો કરાવ્યાં છે. રસોઈ સુધ્ધાં કરાવડાવી છે. ઘરની સફાઈ સુધ્ધાં કરાવડાવી છે. નાનીમોટી ભેટો પણ આપી છે. પણ... એક વખતના એના બદઈરાદાથી ચોંકી ગયા બાદ હું ક્યારેય એના ઘરે ગઈ નથી. હું એના ઘરે હવે જતી નથી... એટલે એ વારંવાર મને ધમકાવે છે. અશ્લીલ તેમ જ ધમકીભર્યા એસ.એમ.એસ. કરે છે. મને સ્કૂલમાંથી છૂટી કરી દેવાની ધમકી આપે છે. હું એમની ઑફિસમાં પણ હવે બેસવા નથી જતી એટલે હવે એમણે આ છેલ્લું શસ્ત્ર ઉગામ્યું. મને કાલે રાત્રે ફોન કરીને કહ્યું કે જો તું મારા ઘરે નહીં આવશે તો આ ગંદી અશ્લીલ ક્લિપ હું આખા શહેરમાં ફૉર્વર્ડ કરી દઈશ અને બીજી આનાથી વધારે ગંદી ફિલ્મ પણ મેં બનાવી છે જે ફૉરવર્ડ કરતાં વાર નહીં લાગે, સમજી ? શિવાનીબહેન, સાચને કાચ છૂટાં પાડવાં કોણ નવરું છે ? લોકો તો ફિલ્મમાં માત્ર મારું મોં જ

જોશે. શિવાનીબહેન, હવે તો તમે જ આમાંથી માર્ગ કાઢી શકશો... પ્લીઝ બહેન, મને બચાવી લો. મને નોકરી ગુમાવવી પણ ન પાલવે અને ન તો આ હેવાનને તાબે થવું પાલવે. બહેન, મારે તો ઇધર કુઆઁ ઔર ખાઇ. જાએ તો જાએ કહાં...? પ્લીઝ, બહેન...' બન્ને વચ્ચે હવે ચોધાર આંસુનો વરસાદ વરસતો રહ્યો...

•

અનુક્રમણિકા

35

# બાળકનાં હાસ્યમાં જ શિવાનીનું સુખ

થોડીવારે શિવાની સ્વસ્થ બની વિચારી રહી. ગરીબ હોવું એ પણ કેવો મોટો શાપ છે અને કદાચ સ્ત્રી હોવું એ એનાથી મોટો શાપ છે. સ્ત્રીની સાથે શીલ જોડાયેલું છે જ્યારે પુરુષ? પુરુષ તો અઠંગ આઝાદ અશ્વ. મન ફાવે ત્યાં એ એનાં તન–મનને હંકારી શકે. એને પૂછનાર કોણ ? પ્રશ્નોના જવાબ તો માત્ર સ્ત્રીઓએ જ આપવાના હોય છે.

કેટકેટલે મોરચે લડયા પછી પણ સ્ત્રીના હાથમાં આવે તો આવે પણ શું ? અસ્તિત્વની લડાઈમાં હંમેશા કેમ સ્ત્રી જ હારતી આવે છે ? કેમ પુરુષો જ વેંત ઊંચા? ક્લીનચીટનું લેબલ લગાવી ફરનારા પુરુષોમાંના કૈં કેટલાનાં કાળા ઇતિહાસ ઉપર સમાજ પડદો પાડી દેતો હોય છે. કેમ કે એ તો દેવના દીધેલ ! પણ સ્ત્રી... સ્ત્રી સહેજ પણ રસ્તો ચૂકે.... કે ભૂલે તો સમાજ કાગારોળ માચવી દે. ક્યાંક તો આપણી સામાજિકતામાં કે વિચારવલણમાં ખામી હોવી જ ઘટે... બાકી આવો નાદુરસ્ત સમાજ અને એનાથી વધુ ક્લિષ્ટ તેમ જ નિર્મમ એની વિચારસરણી હોઈ શકે ખરી?

આખો સમાજ તો નહિ સુધારી શકાય, પણ એકાદની જિંદગી તો બચાવી જ શકાય. એણે મન મજબૂત કરી રોઝીની દરેક નાદાની માફ કરી એને હૂંફ આપતાં બોલી, ‘રોઝી મને હવે એક ઉપાય સૂઝે છે, આમાંથી બહાર આવવાનો.’

‘જલદી જલદી ઉપાય બતાવો, હું તો તમે જે કહો તે કરવા તૈયાર છું. બસ, મારી ઇજ્જત અને નોકરી બે સચવાઈ જવાં જોઈએ. બેમાંથી એક પણ ખોવાનું મને પાલવે એમ નથી.’

‘રોઝી તું એક S.M.S. મિ. ગુપ્તાને કરી દે કે, ‘હું તમારા વગર ક્યાં જવાની? મને મારી ભૂલ સમજાઈ ગઈ છે, તમે કહો છો તે બધું મને મંજૂર છે. હું તમારા ઘરે પણ આવીશ, પણ અત્યારે મારા પાપા એકદમ ક્રિટિકલ પોઝિશનમાં છે એટલે મને ફક્ત એક–

દોઢ મહિનાનો સમય આપો. પ્લીઝ... પ્લીઝ.... પ્લીઝ... મારો આવો ફોટો ડિલીટ કરી દેશો તો ઘણી ઘણી મહેરબાની....'

S.M.S. રવાના થયો ને થોડી વારમાં જ મિ. ગુપ્તાનો જવાબ પણ આવી ગયો. 'તને એક મહિનાનો સમય આપું છું, પછી તારાં મા–બાપ જીવે કે મરે એની સાથે મારે કોઈ લેવાદેવા નથી. મેં તને નોકરી આપી, તને કાયમી કરી. હવે એના બદલારૂપે તારે, હું તને જેમ કહું તેમ કરવું પડશે અને નહીં કરશે તો આનાથી વધુ ગંદી ફિલ્મ મેં તારે નામે ચડાવી છે જે હું દુનિયાભરમાં Sent કરીશ. And after all, you know me very well... આ વાત બહાર જશે તો પણ.... અંજામ.... હા... હા... હા...!'

'Thank you very much' નો S.M.S. કરીને ફોન બંધ કર્યો. શિવાનીએ આ S.M.S. પાંચ–છ વાર વાંચ્યો... અને પછી બોલી : 'રોઝી, હવે લાઠી પણ નહીં તૂટશે અને ભેંસ પણ મરશે. એની જ ચાલાકી એને જ ભારે પડશે. બસ, હવે એની સામે મોં હસતું રાખજે. ઑફિસમાં બોલાવે તો પણ જજે અને પાપા ખૂબ ક્રિટિકલ સ્ટેજમાં છે એવું પણ વારંવાર કહેતી રહેજે. જા રોઝી, હવે ગોદડું ઓઢીને નિરાંતે સૂઈ જા. પણ, હા... હવે સ્ટાફરૂમમાં તો તું મારી સામે જોઈશ પણ નહિ અને જે કૈં કહેવું હોય તે ખાનગીમાં, ફોન ઉપર, કે મારા ઘરે આવીને જ કહી જજે... નાનામાં નાની વાત પણ કહેજે, કશું છુપાવીશ નહીં. સત્યની હંમેશ જીત થાય છે, એ ક્યારેય ભૂલીશ નહીં. અને હા... તારો ગુસ્સો વિદ્યાર્થીઓ ઉપર ક્યારેય પણ ના ઉતારતી. ગુસ્સો આવે ત્યારે તું મને યાદ કરી લેજે, સમજી ?

અને હા.. રોઝી તારા પાપાની દવા માટે થોડા પૈસા, લે હમણાં આટલા રાખ. મારી પાસે જેટલા છે એટલા હમણાં રાખી લે.' શિવાનીએ બાજુમાં પડેલ પર્સમાંથી થોડી નોટો કાઢી રોઝીના હાથમાં મૂકી એની મુઠ્ઠી બંધ કરી દીધી. રોઝીની આંખમાં ઝળઝળિયાં ઊભરાયાં

'રોઝી, તારાં મોબાઇલની સ્વિચ બંધ કરીને એ ફોન મને આપી જા. કાલે સ્કૂલમાં હું તને ખાનગીમાં પાછો આપીશ. મારે S.M.S. બીજે પણ Save કરવા પડશે.' રોઝી પોતાનો

ફોન આપીને રવાના થઈ કે તરત જ શિવાનીએ ભગીરથ દવેને ફોન જોડયો અને એને આખી વિગત સમજાવી. ભગીરથે શિવાનીને મિ. ગુપ્તાનો S.M.S. તેમ જ મિસ રોઝીનો મિ. ગુપ્તાએ બનાવેલો તર્કટી (ડૉક્ટર્ડ) M.M.S. – બંને Forward કરવાનું સૂચન કર્યું અને આ ગંભીર સમસ્યાની તમામ વિગતો જાણીને પૂરી ગોપનીયતાપૂર્વક આગળ વધવાની વાત કરી.

ભગીરથે ઘણી વાત કરી પછી અંતે કહ્યું : ‘ટીચર, તમે શિક્ષક ન બન્યાં હોત તો એક સફળ સી.બી.આઈ. ઑફિસર અવશ્ય બન્યાં હોત અને ભલભલાના છક્કા છોડાવ્યાત હોત !’

શિવાની બોલી, ‘હું જે જે નથી બની શકે તે તે મારાં બાળકો બન્યાં તેનો મને વિશેષ આનંદ છે, સમજ્યા સી.બી.આઈ. ઑફિસર મિ. ભગીરથ દવે ?’

સાંજે નેહા અને વસુધા પણ ઘરે આવવાનાં હતાં, પણ કોઈ કારણસર આવી ન શક્યાં, પણ રાત્રે એ ત્રણે યુવતીઓ અને એની મજબૂરી અંગે શિવાની વિચારતી રહી. આજ સુધી રોઝી વિશે કેવું વિચારતી હતી અને ખરેખર રોઝીએ જ્યારે એની કૌટુંબિક સમસ્યા જણાવી ત્યારે શિવાની થોડી હચમચી ઊઠી અને પોતે બાંધેલ ગ્રંથિ માટે એને શરમ ઊપજી. નેહા–વસુધાની મજબૂરી અંગે એને જાણ હતી પણ કદાચ એનાથી પણ વધુ કંઈક ગંભીર બન્યું હોય એવી શંકા–કુશંકા સાથે એણે રાત પસાર કરી.

સવારે શાળામાં પહોંચતા જ વીકલી ટેસ્ટ તેમ જ વીકલી રમત–ગમત યોગાનું ટાઇમટેબલ લઈને ધનીરામ આવી પહોંચ્યો. શિવાનીનું નામ આજદિન સુધી સંગીત–નાટક–રાસ–ગરબામા લખાતું હતું. ત્યાંથી હટાવી એનું નામ રમત–ગમતમાં લખાયું હતું. વૉલિબૉલ, ફૂટબૉલ, ક્રિકેટ તેમ જ ખોખો અને દોડ રમાડવાનો આદેશ ઉપરથી આવ્યો. દર શનિવારે રમત રમાડવાની તેમ જ સ્પર્ધા પણ કરવાની. બે તાસ બાદ જ્યારે એ એના વર્ગખંડમાં તેમ જ બીજા બે વર્ગખંડનાં બાળકોને રમાડવાં માટે મેદાન ઉપર પહોંચી ત્યારે દોડતાં, રમતાં, ભાગતાં અને હસતાં બાળકોને જોઈને પહેલી વાર સાચુકલું હસી ઊઠી. ફૂટબૉલને કિક મારી ભાગતાં ટોળામાં એ પણ સામેલ થઈ ગઈ અને એ સાથે જ બાળકોમાં ઉત્સાh બેવડાઈ ગયો.

બધાં જ છોકરાં આનંદથી હો... હો... હો... ઓ... કરતાં કરતાં અચાનક ટીચર... ટીચર... ટીચર... કરવા લાગ્યાં.

ટીચરને રમતાં જોઈને આમતેમ ખૂણેખાંચરે બેઠેલાં કે તોફાન કરતાં બાળકો પણ ફૂટબૉલ રમવા દોડી આવ્યાં અને એ પણ ટીચર... ટીચર... કરવા લાગ્યાં... ગામડાંના આશ્રમમાં ઉછરેલી શિવાની બાળક સાથે બાળક બની દોડતી હતી. એકાદ–બે કિક એણે પણ મારી, પણ પછી બાળકો તમે રમો, હું સ્પર્ધાનું આયોજન કરું છું, એમ કહીને બહાર આવી મેદાન પર ઊભેલા લીમડાના ઝાડ નીચે આવીને બેઠી.

ઝાડ નીચે સમીર પોતાની કાખઘોડી બાજુ પર મૂકીને બેઠો હતો. સાવ એકલો... ચૂપચાપ. ‘અરે ! સમીર... કેમ બેઠો છે... તારે રમવું નથી ?’

પ્રશ્ન પૂછતાં તો પૂછાઈ ગયો, પણ જેવી એની નજર કાખઘોડી પર પડી કે તુરત એના હૃદયમાં એક ચિરાડો પડયો. એણે તરત જ વાતાવરણ હળવું કરવા કહ્યું : ‘સમીર, આપણે બેઠાં બેઠાં ચેસ રમીએ. સમીર, મને ચેસ રમવાનું ગમે પણ મને બરાબર રમતાં આવડતું નથી....’

શિવાનીની વાત અડધેથી જ કાપી સમીર બોલ્યો : ‘ટીચર, મને ચેસ રમતાં પાક્કું આવડે છે, હું તમને પણ ચૅમ્પિયન બનાવી દઈશ, પછી જો જો તમે મને પણ હરાવી શકશો!’ સમીરનું મુખ વહેલી સવારે ખીલેલાં તાજાં તાજાં ફૂલોની જેમ મલકી ઊઠયું હતું. શિવાનીએ તરત ચેસ મંગાવી, ખાલી ખાલી જાણે કશું જ ન આવડતું હોય એમ સમીરને પૂછતી રહી. ‘સમીર, હવે શું ચલાવું ? ઘોડો કે પછી.....’

‘ના... ના... ટીચર... ઘોડો નહીં. ટીચર, તમારે આમાં મગજથી કામ કરવું પડે... ટીચર, આ રમતમાં થોડી ગણતરી પણ રાખવી પડે, ટીચર, આમ તો તમારો ઘોડો પિટાશે. ટીચરને ભણાવ્યાનો આનંદ સમીરના મુખ ઉપર અનેકગણો થઈને ઊભરાયો અને એનાથી અનેકગણું સુખ એક વિદ્યાર્થીને ગુરુસ્થાને બેસાડી, ઠોઠ નિશાળીયા બની રહેવામાં શિવાનીએ અનુભવ્યું. શિવાની જાણી જોઈને હારી અને સમીર જીત્યો. એણે હે... હે... એ... એ... કરી

પોતાની જીતની ખુશી વ્યક્ત કરી અને હારીનેય જીતેલી શિવાની... પણ... હે... હે... હે... એ કરી ઊઠી... અને  બધાં બાળકો ‘અમે પણ ટીચર સાથે ચેસ રમવાનાં’ એમ કહી ફૂટબૉલ રમવાનું છોડીને શિવાની તરફ દોડતાં આવ્યાં.

•

અનુક્રમણિકા

# પેપર ફૂટી ગયું

ઘંટ રણકતાં જ બાળકો વર્ગખંડમાં ગયાં અને શિવાની સ્ટાફરૂમમાં પ્રવેશી, પણ પ્રવેશતાંની સાથે જ મિ. ગુપ્તા તાડૂક્યા... 'બાળકોને કઈ કઈ રમત રમાડવાની એ પણ લખીને આપ્યું હતું, છતાં તમે ચેસ રમવા બેસી ગયા ! તમે ન તો સ્પર્ધા યોજી કે ન તો અન્ય રમત રમાડી. મિસિસ શિવાની, રમત બાળકોએ રમવાની હતી, નહીં કે તમારે. તમારે આ વાતનો લેખિત ખુલાસો આપવાનો રહેશે, સમજ્યાં ?'

'મિ. ગુપ્તા, કેટલીક વાતો એવી હોય છે જેની સાથે સંવેદના તેમ જ માનવતા બંને જોડાયેલા હોય છે અને ઘણીવાર સ્થળ ઉપર પરિસ્થિતિ બદલાતાં એ પ્રમાણે કામ કરવું પડે છે. બાળકો તો ફૂલો જેવાં છે, એમની સાથે મારાથી જડ વર્તન નહીં થાય. પરિસ્થિતિનાં મૂળ સુધી ગયા વિના, ગર્ભિત વાત જાણ્યા વિના સાવ ખોટો આરોપ મૂકવો કે પછી જડભરત વર્તન કરવું એ કામ તમારું. હું તો મારા અંતર–આત્માના અવાજ પ્રમાણે કામ કરનારી છું. આજ સુધી ચેસની રમત ઉપરનું લેબલ સુધ્ધાં ખૂલ્યું નહોતું. પહેલી વાર એ બૉક્સ ખોલી ચેસની રમત એક અપંગ બાળકને રમાડી, એમાં ગુનો બને છે તો એ મારો ગુનો છે અને એ ગુનાની જે સજા હશે એ મને મંજૂર છે અને હા, હું લેખિત ખુલાસો કરવાની નથી. ચાહે તો એની પણ મને સખતમાં સખત સજા મળે !'

'બાળકના હિતમાં મારાથી જેટલું થશે તે કરતી રહીશ, ચાહે એ અન્યને ગમે કે ન ગમે.' એક તરફ શનિવારે શિવાની બાળકો સાથે રમી એટલે બધાં રમતવીર બાળકો શિવાની ટીચરના દીવાના થયાં હતાં અને બીજી તરફ રાસ–ગરબા–નાટક કે શિવાનીનાં લોહીમાં નર્તન કરતાં હતાં એ સાંસ્કૃતિક પ્રવૃત્તિ મિસ રોઝી તેમ જ વસુધાને સોંપવામાં આવી.

રિસેસ બાદ રોઝી સામે મળી, એને એનો ફોન ઝડપથી પાછો આપ્યો. રોઝી પોતાને સોંપેલી સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે આક્રોશ ઠાલવતાં બોલી : 'શિવાનીબહેન, મને તાળી પાડતાં સુધ્ધાં આવડતું નથી, તે હું રાસ–ગરબા કઈ રીતે શીખવવાની હતી ? મેં જે પ્રવૃત્તિ

માગી હતી અને મને જે પ્રવૃત્તિ આવડે છે એનાથી વિરોધી પ્રવૃત્તિ આપી બાળકોને અન્યાય કરવાનું કામ થઈ રહ્યું છે. મારાથી તો હવે કંઈ બોલી શકાય એમ નથી, બોલવા જઈશ તો છેલ્લે પાટલે બેસતાં વાર નહીં લાગે.'

'રોઝી, ધીરજ રાખજે અને ઑફિસમાં આંટો પણ મારતી રહેજે, અધર્મીને થોડો વખત સાચવી લે, પછી એની વાત છે.'

દરેક શિક્ષકની પ્રવૃત્તિ બદલી નાંખી મિ. ગુપ્તા શું પુરવાર કરવા માગે છે તે જ શિક્ષકોને સમજાતું નહોતું. ઔરંગઝેબને કલાની પ્રવૃત્તિ સોંપી અને કલાકારોને હથોડા મારવાની પ્રવૃત્તિ ! 'રાજાં, વાજાં ને વાંદરાં' વાળી ઉક્તિ શિવાનીને યાદ આવી. ધનીરામ હવે શિવાનીનો ફુલટાઇમ ગુપ્તચર બની ગયો હતો. તેણે આવીને સમાચાર આપ્યાં કે મિ. ગુપ્તા અને મિ. રાજન વચ્ચે બંધબારણે એક કલાક ખાનગી મંત્રણા ચાલી, માટે જરા ચેતીને ચાલજો. શિવાની ધનીરામને ધરપત આપતાં બોલી : 'ધનીરામ, દેવતા ઉપર ચાલનારાંને જીવનમાં ક્યારેય કોઈનો ડર લાગતો નથી !'

'સાચી વાત શિવાનીબહેન... પણ કંઈ કામકાજ હોય તો મને જરૂર જણાવજો.'

શાળા છૂટવાના દસ મિનિટ પહેલાં નોટિસ સ્ટાફરૂમમાં ફરવા માંડી કે આજે શાળા છૂટયા બાદ સ્ટાફ મિટિંગ છે. બેચાર ટ્રસ્ટીઓ પણ આવી પહોંચ્યા હતા. ગાળિયો બાંધવા ફાંસીની કોટડી તૈયાર થવા માંડી હતી. શિવાની મનમાં જ બબડી કે બાળકોને સર્વાંગી વિકાસ મળે એવી તૈયારી કરતાં આવડતું નથી અને એક નાની વાતને મોટી કરી સમય વેડફે છે. કાશ ! એટલો સમય બાળકોના વિકાસ માટે ફાળવાતો હોય તો !

શાળા છૂટયા બાદ બરાબર એક વાગ્યે મીટિંગ શરૂ થઈ. પહેલાં તો મિ.ગુપ્તાએ પોતે શાળા કેટલી સરસ ચલાવે છે એની મોટી મોટી રૂપરેખા બાંધી અને ટ્રસ્ટી સામે પોતે કેટલો સજ્ઞ આચાર્ય છે એવી છાપ પાડી, પછી એણે એનું પોત પ્રકાશ્યું : 'કેટલાક શિક્ષકો પોતાને સોંપાયેલ ફરજ બરાબર નિભાવતા નથી...' અને સાથે જ સ્ટાફમાં ઊહાપોહ શરૂ થઈ ગયો. 'કાયર હોય તે જ આવું મોઘમ બોલે, જે બોલવું હોય કે કહેવું હોય તે જે–તે શિક્ષકના

નામ સાથે કેમ કહેતા નથી અને રહી પ્રવૃતિ, તો તે જે તે શિક્ષકની રસ–રુચિ તેમ જ કૌશલ્યને જોઈને કેમ નથી ફાળવતા?' આખીય મીટિંગમાં નર્યો કોલાહલ વ્યાપી રહ્યો.

ટ્રસ્ટીએ વચ્ચે પડીને મોઘમ ન બોલવા કહ્યું, 'જે–તે શિક્ષકને ઑફિસમાં બોલાવીને એમનું સમ્માન જળવાય એ રીતે પ્રેમથી ચર્ચા કરીને કાર્યની ફાળવણી કરવી જોઈએ. મિ. ગુપ્તા, તમારી પાસે આટલો સરસ અનુભવી અને વિદ્વાન સ્ટાફ છે. બસ જરૂર છે એને પ્રેમથી કાર્યરત કરવાની.' આજે ટ્રસ્ટીશ્રીએ સ્ટાફનો પક્ષ લીધો અને સ્ટાફને બિરદાવ્યો એટલે સહુનાં મુખ ઉપર આનંદ પ્રસરી રહ્યો.

પણ મિ. ગુપ્તા અને રાજનસરનાં મુખ ઉપર જાણે કોઈએ કાળી મેશ લગાવી હોય એમ મુખમુદ્રા કાળી પડી ગઈ હતી. મીટિંગ પત્યા બાદ પણ ક્યાંય સુધી એ બન્ને મસલત કરતાં રહ્યા – એક પણ પત્તું બરાબર પડતું નહોતું. શિવાનીને ટ્રસ્ટી દ્વારા ઠપકો અપાવવો હતો, પણ એમણે ઘડેલો કારસો સાવ નિષ્ફળ ગયો એટલે બન્ને કોઈક નવો કારસો, ઘડવામાં લાગી ગયા હતા. જ્યારે આ તરફ શિવાનીનાં જીવનમાં જાણે ધીમે ધીમે સુખનો સૂરજ ઊગું ઊગું થઈ રહ્યો હતો. થોડાં વાદળો છે, પણ એ પણ હટી જશે એવી આસ્થા સાથે એ હરક્ષણે આગળ વધી રહી હતી.

ટ્રસ્ટીઓએ સ્ટાફ સામે જ કરેલી મિ. ગુપ્તાની ધોલાઈને કારણે મિ.ગુપ્તાની ઊંઘ હરામ થઈ ગઈ હતી. એવું તે શું કરું કે શિવાનીનાં ચારે પાનાં ચિત્ત થઈ જાય અને એનાં પાસાં પોબાર થાય. શિક્ષકોને ફાળવેલી પ્રવૃત્તિ પણ એણે બદલવી પડી. 'પહેલાંના આચાર્ય જે પ્રવૃત્તિ ફાળવી ગયા હતા તે બરાબર જ હતી અને અમને એ જ પ્રવૃત્તિ જોઈશે અને તો જ અમે પ્રવૃત્તિ કરાવીશું.' એવા મક્કમ વલણ સામે એણે ઝૂકવું પડ્યું. શિવાનીને સાંસ્કૃતિક ખાતું તેમ જ અન્યને પણ પોતાની મનગમતી પ્રવૃત્તિ આપવી શું પડી; મિ. ગુપ્તાને તો જાણે કોઈએ એનાં સ્વમાન ઉપર ઘા ન કર્યો હોય !! ભૂરાયા સાંઢની જેમ તેનું તન–મન–હૃદય શિવાની સામે બદલો લેવા થનગની રહ્યું હતું. બસ, મોકાની શોધમાં બાજનજર રાખીને એ બેઠો હતો.

શિવાનીને ખૂબ ભૂખ લાગી હતી. બપોરે મોડી ઘરે પહોંચી બધાં જ રાહ જોઈને બેઠાં હતાં. બધાં જ ચિંતા કરતાં હતાં. શિવાનીએ મીટિંગમાં ફોન સ્વીચ ઑફ કરી રાખ્યો

હતો. સંપર્ક શક્ય ન બન્યો, એથી બધાં ચિંતાતુર હતાં. એણે પહોંચીને ડોરબેલ વગાડયો તો સામે અશ્વિન બારણું ઉઘાડતો ઊભો હતો. શિવાની તો ખુશ થઈ ઊઠી. 'અશ્વિન, તે બારણું ઉઘાડયું ?'

'હા શિવાની, અંદરના ઓરડેથી ઠેઠ અહીં સુધી ચાલતો આવ્યો છું અને તે પણ લાકડી વિના !' શિવાનીનાં ભૂખ–તરસ ક્યાં ગાયબ થઈ ગયાં એ ખબર પણ ન પડી અને એ પૂરી તીવ્રતાથી અશ્વિનને ભેટી પડી. એની આંખમાંથી અપાર પ્રેમનો વરસાદ વહી રહ્યો... ક્યાંય સુધી.

•

રોજ કરતાં આજે શિવાની શાળામાં વહેલી પહોંચી ગઈ. આજે એણે કાઢેલું પેપર છે. ધોરણ દસનાં બાળકો સ્કૂટર પાર્ક કરતી વેળા ભેગાં થઈ ગયાં. શિવાનીએ બાળકોને બેસ્ટ લક કહેતાં 'ખૂબ કાળજીથી ને સારા અક્ષરે પેપર લખજો' એવી શુભેચ્છા આપી. 'ટીચર, આજનું ગુજરાતીનું પેપર શું તમે કાઢ્યું છે ?'

શિવાનીએ ડિપ્લોમેટિક જવાબ આપતાં કહ્યું : 'પેપર હું કાઢું કે કોઈ અન્ય ટીચર, તમે જેટલી મહેનત કરી હશે તેટલું તો આવડશે જ ને ?'

પેપર કોણે કાઢ્યું એની ચિંતા નહીં કરતાં હજી તમારી પાસે સમય છે... થોડી નજર પુસ્તક ઉપર ફેરવી દો.' બસ આટલું કહીને સ્ટાફરૂમમાં પહોંચી. પણ અંદર જતાં જ એને કંઈક ન બનવાનું બન્યું હોય એવું લાગ્યું. બધાં જ શિવાની તરફ જોઈને પોતાની નજર નીચે ઢાળી દેતાં હતાં ને પછી અંદરોઅંદર કંઈક ધીમે સાદે વાત કરી રહ્યાં હતાં.

ત્યાં તો ધનીરામ દોડતો આવ્યો અને શિવાનીની તદ્દન નજીક આવીને બોલ્યો : 'બહેન, તમને સાહેબ ઑફિસમાં બોલાવે છે. શિવાની સાવ ડઘાઈ ગઈ હતી. એવું તે શું થઈ ગયું હતું કે બધાં આમ ચૂપચાપ છાપામાં મોં નાંખીને બેસી ગયાં છે. અવિનાશ પાસે આવીને બોલ્યો : 'શિવાની, ગુજરાતીનું પેપર તે કાંઢ્યું હતું ?'

'હા, પણ તેનું શું છે ?'

'શિવાની, તારું પેપર ફૂટી ગયું છે. આપણે જે પેપર કાઢીએ છીએ તે શહેરની લગભગ ચાળીસ શાળાઓમાં જાય છે.'

'પણ મેં તો સીલબંધ આપ્યું હતું અને આપ્યા પછી એ ફૂટે તેમાં મારી શી ભૂલ છે? હું કાંઈ ડરતી નથી, કારણ કે હું નિર્દોષ છું.'

'પણ એ તો સમય આવ્યે જ બધાં જાણશે. હમણાં તો હવે જેટલાં મોઢાં એટલી વાતો ! કોનાં કોનાં મોઢાં બંધ કરવાં જઈશું. અને એમ પણ સત્યને બહાર પડતાં ઘણી વાર લાગે છે.' અવિનાશ શિવાની સાથે વાતો કરતો કરતો ઠેઠ ઑફિસ સુધી પહોંચી ગયો. ઑફિસ આવતાં જ શિવાનીએ એને બહાર થોભવા કહ્યું. અવિનાશે શિવાનીને કહ્યું : 'શિવાની, એક સે દો ભલે, મને અંદર આવવા દે, આમાં તો મને ગુપ્તાની જ કોઈ ચાલ લાગે છે ! તને ફસાવવાનો આ છેલ્લો તેમ જ સાવ હલકટ, નિમ્ન કક્ષાનો કારસો એણે ઘડી કાઢ્યો છે. શિવાની, એ બદલો લઈ રહ્યો છે.' પણ શિવાનીએ એને આંખથી જ 'ના' કહીને અંદર પ્રયાણ કર્યું.

●

અનુક્રમણિકા

37

# સાચ–કાચની તપાસ

ધડાધડ ટ્રસ્ટીમંડળોની ગાડી પણ ચિચિયારાં નાંખતી કૅમ્પેસમાં પ્રવેશી. ઑફિસમાં તેમ જ સમગ્ર શાળામાં અંદરોઅંદર કાનાફૂસી અને ગંભીર વાતાવરણ પ્રસરી ગયું હતું. દરેકનાં મોં ઉપર માત્ર પ્રશ્નો જ વંચાતા હતા કે હવે શું થશે ? પરીક્ષા લેવાશે ? પરીક્ષા આડે અડધો કલાક બાકી હતો, શું નવું પેપર કઢાશે ? તો પછી બીજી શાળા શું કરશે ? શિવાનીનું શું થશે ? નેહા, વસુધા, રોઝી તેમ જ બીજી ઍડ્હોક શિક્ષિકાઓ તો જાણે નમાયાં થઈને એક ખૂણે બેસી ગયાં હતાં. શિવાનીબહેન જ એમના તારણહાર હતાં અને એ જ તારણહાર આમ ડૂબવા લાગે તો ડૂબનારાંઓ કોને શરણે જાય ? કોણ એમને તારવે ?

અવિનાશ અને ધનીરામ બન્ને ઑફિસની બહાર કાન માંડીને બેઠા હતા કે અંદર શો નિર્ણય લેવાય છે ? શિવાની એના બચાવમાં શું કહેશે ?

શિવાની અંદર પ્રવેશી ત્યારે અંદર ઉગ્ર ચર્ચા ચાલી રહી હતી. મિ.ગુપ્તાનો અવાજ કાને પડયો. ‘મારી પાસે ઠોસ પુરાવા છે. મને તો સર, લાગે છે કે એણે એના ટ્યૂશનના વિદ્યાર્થીઓને પેપર આપ્યું હશે અને ત્યાંથી પછી એ પેપર લીક થયું હશે.’ ‘પણ મિ. ગુપ્તા કોઈની પણ ઉપર આરોપ મૂકતા પહેલાં આપણે સો વાર વિચારવું જોઈએ. ટ્રસ્ટી રામાનંદજી શિવાનીનો બચાવ કરી રહ્યા હતા તેમ તેમ ગુપ્તા વધુને વધુ ઊગ્ર થતા જતા હતા.

‘સર, આ સ્ત્રીચારિત્ર્ય અન્ય સ્ત્રીચારિત્ર્ય કરતાં ઘણું ઊંડું છે. તમે ધારો એટલી નિર્દોષ એ નથી જ. સર, સવાલ આપણી શાળાની ઈજ્જતનો છે. સર, હવે પછી આપણાં પેપરો પણ અન્ય શાળા કઈ રીતે લેશે ? એ બધું તો ઠીક, પણ વર્ષો જૂની શાખનું શું ?

જેવી શિવાની નજીક પહોંચી કે ઑફિસમાં નીરવ શાંતિ પથરાઈ ગઈ. શિવાનીએ ટ્રસ્ટીમંડળને નમસ્તે કર્યું. રામાનંદજીએ ખૂબ જ શાંતિથી પેપર ફૂટયાની વાત જણાવી અને હવે આગળ ઉપર શું કરવું એમ પૂછતાં જ શિવાનીએ કહ્યું : ‘સર, આગળ ઉપર જ્યારે પેપર ફૂટયું હતું ત્યારે તે દિવસ પૂરતી પરીક્ષા પાછળથી લેવામાં આવી હતી અને એ પેપર લીક

કોણે કર્યું એ માટે તપાસ સમિતિ બેસાડી હતી; પણ 'વાડ જ ચીભડાં ગળે', ચોર અને શાહુકાર બધાંની જ મિલીભગતમાં ચોર જ શાહુકાર બનીને આજ દિન સુધી ફરતો આવ્યો છે અને રહી મારી ઉપર મુકાયેલ આરોપની વાત; તો મિ. ગુપ્તા, જો મારો ગુનો પુરવાર કરશે તો હું રાજીનામું મૂકતાં જરાયે ખચકાઈશ નહીં.'

અન્ય શાળામાંથી કોઈ સમાચાર આવ્યા નથી માટે એ શાળાઓમાં પરીક્ષા લેવાઈ ગઈ. પણ બાલવિકાસ વિદ્યાભવનમાં ધોરણ દસની ગુજરાતીની પરીક્ષા પાછળથી લેવાશે એવી જાહેરાત માઇક ઉપરથી કરવામાં આવી અને એ સાથે વર્ગખંડમાંથી હો–હો–હો–હો... ના અવાજ તેમજ પાટલી ઠોકાવાના અવાજ આવવા માંડયા. ધોરણ દસના વિદ્યાર્થીઓને શાંત પાડવા શિક્ષકો વર્ગખંડ ભણી દોડયા.

શિવાનીને પેપર ફોડવાના આરોપસર ફરી એક મેમો પકડાવવા માટે મિ.ગુપ્તા તલપાપડ થઈ ગયા હતા. પણ રામાનંદજીએ શું કરવું, શું ન કરવું એની રૂપરેખા આપી શાળા છૂટયા બાદ ફરી મીટિંગ કરવાનો નિર્ણય જાહેર કર્યો. ધોરણ નવ અને આઠની પરીક્ષા હેમખેમ પાર પડી પણ ધોરણ દસની પરીક્ષાની તારીખ નક્કી કરવાનું હજી બાકી હતું.

શાળા છૂટયા બાદ ફરી મીટિંગ શરૂ થઈ. મિ. ગુપ્તાએ ઊભા થઈને કહ્યું : 'શિવાનીબહેન ટ્યૂશન કરે છે માટે પેપર એમણે જ એમના ટ્યૂશનના વિદ્યાર્થીઓને મોસ્ટડ આઇ એમ પી કહીને આખું પેપર જ લખાવી દીધું હતું અને એ પેપર એક વાલી પાસે ગયું હતું અને એણે નનામો ફોન કરીને જણાવ્યું હતું કે એની પાસે પેપર છે. શિવાનીબહેન ભલે કબૂલે કે ન કબૂલે પણ મારી પાસે ઠોસ પુરાવો છે ને જરૂર પડયે એ વાલી પણ અહીં આવવા તૈયાર છે. સર, એમના ધમધોકાર ચાલતાં ટ્યૂશનનું એક કારણે એ જ છે કે, એઓ પોતે કાઢેલાં પેપર વિદ્યાર્થીને આપી દે છે.'

શિક્ષકો તેમ જ ટ્રસ્ટી મંડળ તો આ સાંભળીને અવાક્ જ થઈ ગયું, બે–ચાર ટ્રસ્ટીઓને તો શિવાનીમાં વિશ્વાસ હતો. એઓને તો ખાતરી હતી કે, શિવાનીબહેન આવું કૃત્ય ક્યારેય નહીં કરે. પણ હમણાં પરિસ્થિતિ એવી હતી કે, શિવાનીની તરફેણમાં કે વિરુદ્ધ બોલતાં પહેલાં લાખ વાર વિચાર કરવો પડે.

એક પછી એક તમામ સિનિયર શિક્ષકોએ આ આરોપ બેબુનિયાદ ઠેરવ્યો. અવિનાશે તો રીતસરના ઊભા થઈને કહી જ દીધું કે મિ. ગુપ્તાનો જ આ કારસો છે. તપાસ પૂરેપૂરી થવી જ જોઈએ ને સત્ય બહાર આવવું જ જોઈએ. જો સત્ય બહાર નહીં આવે તો અમે સહુ શિક્ષકો પણ પરીક્ષા બાદ હડતાલ પર ઊતરીશું. આખીય મીટિંગ દરમિયાન પુષ્કળ ઊહાપોહ થયો. ફક્ત રાજન સર જ મિ. ગુપ્તાની હા માં હા કરી રહ્યા હતા.

શિવાનીને આખી રાત ઊંઘ ન આવી તે ન જ આવી. એને એનું ગામ, આશ્રમ તેમ જ રંજનબા યાદ આવી ગયાં. એ પથારીમાંથી ઊભી થઈ. અશ્વિન જાગી નહીં જાય એની કાળજી રાખી બાના ફોટો પાસે ગઈ ને પછી ફોટોને હૈયાસરસો ચાંપી ક્યાં સુધી બેસી રહી. જિંદગીના એક પછી એક ખરાબ પડાવને યાદ કરતી રહી. કેટલી કસોટી લીધી છે ઈશ્વરે, ને એ દરેક કસોટી એણે હસતાં હસતાં વધાવી છે. પણ આજની આ કસોટી, આ લાંછન કેવી રીતે ભૂંસાશે...? બધું જ ગુમાવવાનું શિવાનીને પાલવે એમ હતું પણ ઈજ્જત, સ્વાભિમાન અને વજૂદ ઉપર છાંટા ઊડે કે જોખમાય એ તો સીધું મરવા બરાબર હતું. કોઈ માણસ આટલી હદે પણ નીચો ઊતરી શકે અને તે પણ શિક્ષણના વ્યવસાયમાં ઉચ્ચમત ખુરશીએ બેસીને ?!

એક તબક્કે તો એને થઈ આવ્યું કે ચાલ, આ બધું અહીં જ છોડને મારાં ગામનાં એ ભલાભોળાં લોકો વચ્ચે પાછી જાઉં, આ નગરની દોડભાગ, કાવા–દાવા, પ્રપંચ અને સ્વાર્થી દુનિયા છોડીને અનાથાશ્રમમાં જઈ રંજનબા સાથે રહીને અનાથોની સેવામાં લાગી જાઉં. આ નગરે મને શું આપ્યું ? અને અહીંનાં લોકોએ પણ શું આપ્યું ? જેને મારી શાળા... મારી શાળા કરીને હૈયે ચાંપી હતી એ શાળામાં એક ખોટો તો ખોટો, પણ ડાઘ લઈને, ખાલી પેટનો ખાડો પૂરવા પૂરતી નોકરી કર્યા કરવી એ તો આત્માને મારીને જીવવા જેવી વાત થઈ... ના... ના... હું એ રીતે નોકરી કઈ રીતે કરી શકું ?

એ ધીમે રહીને દીવાનખંડમાં ગઈ અને પોતાનું રાજીનામું લખવા બેઠી. એમ પણ વીસ વર્ષ પૂરાં કરી એકવીસમું વર્ષ શાળામાં ચાલી રહ્યું છે. વીસ વર્ષનું સરવૈયું કાઢવા એનું મન વલોવાતું રહ્યું. નજર સામે ભણી ગયેલાં એક એકથી ચડિયાતા વિદ્યાર્થીઓ પસાર થવા લાગ્યા. કૈં કેટલાં હસતાં ફૂલો એની નજર સામે તરવરી રહ્યાં. મનીષ, ભાવેશ, વાડીવાલા, વાઘ, ગાંધી, મોદી, માવાણી... જેવાં હોનહાર બાળકો અને વળી, એમાંય પેલાં નાનકડાં

કલાકારો... એમના નાનકડા હાથે હાર્મોનિયમ, તબલાં, ખંજરી વગાડતાં, ગાતાં સવારની પ્રાર્થના લલકારતાં સુધીર, શોલી, ગૌસ્વામી, જાસ્મીન, ઓજસ, બીમલ. કેટકેટલા ચહેરા નજર સામે તાદૃશ થવા લાગ્યા. હૃદયના એક ખૂણે એ નાનકડા ચહેરા જાણે કે કમ્પ્યૂટરની હાર્ડ ડિસ્ક નહીં, પણ હાર્ટ ડિસ્કમાં સેવ થઈ ગયા હતા. ટીચર, તમે અમને ડિલીટ કરવાની કોશિશ કરશો તો પણ અમે તમારા હાર્ટ ડિસ્કમાંથી (હૃદયમાંથી) ક્યારેય જવાના નથી...

ટૅબલ ખુરશી ઉપર વિચારે ચઢેલ શિવાની ટૅબલ ઉપર જ ક્યારે ઝોકે ચડી ગઈ કંઈ ખબર જ નહીં પડી, પણ મળસ્કે બાલ્કનીમાં ધબ કરતું છાપું ઝીંકાયું ને એ જાગી. એ ઝડપથી દૂધ અને છાપું લેવા બાલ્કનીમાં ગઈ. સવારના આછા ઉજાસમાં એને શિવાની એવો શબ્દ વંચાયો. અને એણે ઝડપથી અંદર આવીને છાપું ઉઘાડ્યું.

‘બાલવિકાસ શાળામાં ફૂટેલું પેપર : ધોરણ દસની ગુજરાતીની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી. પેપર ફોડનાર શિક્ષિકા શિવાની શું પોતાના પર લાગેલ આરોપને બેબુનિયાદ પુરવાર કરી શકશે ?

શું ટ્યુશન વધારવાનો જ આ એક ઉપાય છે કે પછી સિનિયર શિક્ષિકા ઉપર ખોટું આળ ચડાવવામાં આવ્યું છે ? આચાર્યની ભૂમિકા તેમ જ ટ્રસ્ટીમંડળની ભૂમિકા હવે પછી કેવી રહેશે ? શું બીજી શાળામાં પણ બાળકોને આ પેપર મળી ગયું હતું ?’

શિવાની વધુ વાંચી ન શકી. એણે છાપું ઘડી વાળીને પર્સમાં સંતાડી દીધું.

•

અનુક્રમણિકા

**38**

# સાચ–કાચની તપાસ

રાત્રે જ્યારે પ્રેસ ઉપર શિક્ષણના સમાચાર આવ્યા ત્યારે નવો નવો જોડાયેલ તેમ જ આગવી પ્રતિભા ધરાવનાર મનીષ એકી અવાજે બોલી ઊઠ્યો હતો કે, ‘શિવાની ટીચર આવું કૃત્ય ક્યારેય નહિ કરે. આવાં કામ કરવા કરતાં તો ટીચર મરવાનું વધારે પસંદ કરે, સમજ્યા ? આમ પણ આપણું પેપર તો સત્ય માટે લડતું આવ્યું છે. સમાજમાં સાચ–કાચના ભેદ ખોલવાનું કામ કરે છે. માટે જ્યાં સુધી સત્ય ન તારવીએ ત્યાં સુધી આ સમાચાર આપણે છાપવા નથી.’

વર્ષોથી તટસ્થક તેમ જ સાતત્યપૂર્ણ સમાચાર છાપતું એક માત્ર છાપું ‘ગુજરાતમિત્ર’ અને તેમાં નવો નવો જોડાયેલ શિવાનીના ભૂતપૂર્વ હોનહાર તેમ જ સાલસ વિદ્યાર્થીએ આખી રાત અન્ય છાપાંઓ પણ આ બેબુનિયાદ સમાચાર ન છાપે એ માટે ફોનનાં ચકરડાં ઘુમાવ્યાં કર્યાં. પણ જાહેરખબર તેમ જ ખરા ખોટા, અવનવા બ્રેકિંગ ન્યૂઝ બનાવીને ઘરાકી વધારનારા એક છાપાંએ શિવાનીનાં નામ સાથે ખબર છાપી નાખ્યા. મનીષે રાત્રે જ પોતાના વર્ગમાં ભણેલા દરેક મિત્રોને સવારે સ્કૂલે આવવા જણાવી દીધું. ભગીરથ દવે તો આ વાત સાચી માનવા કે સાંભળવા સુધ્ધાં તૈયાર નહોતો. એ તો ફોન ઉપર જ ખીજવાઈ ગયો. ‘અલ્યા મનીષ, તું પત્રકાર છે કે કોણ છે ? તારે આ ન્યૂઝ ન છપાય એની કાળજી લેવાની હતી અને તારાથી એ કામ ન થઈ શકે એમ હતું તો રાત્રે મને થોડું વહેલું કહેવું હતું. હું ઉપરથી દાબણ લાવીને પણ એક પણ છાપામાં આ ન્યૂઝ ન આવવા દેત.’

‘ભગીરથ, જે છાપામાં આ ન્યૂઝ આવ્યા છે એમાં પણ ટીચરનો એક વિદ્યાર્થી કામ કરે જ છે અને એણે પણ ઘણી ફાઈટ આપી. પણ તને તો ખબર છે કે દરેકને ક્યાંક ને ક્યાંક થોડાઘણાં લિમિટેશન્સ આવતાં જ હોય છે. યાર, દરેક ક્ષેત્રમાં દેવ ને દાનવ બન્ને રહેલા હોય છે. ખેર, આપણે કાલે સ્કૂલમાં મળીએ છીએ.’

આખી રાત ફોનનાં ચકરડાં ફરતાં રહ્યાં. જુદાં જુદાં ક્ષેત્રમાં ટૉપ ઉપર પહોંચેલાં બાળકોએ સ્કૂલમાં ભેગાં થઈને શિવાની ટીચરના કેસમાં સાચ–કાચ બહાર લાવીને જ મિશન પૂરું કરવાની ટેક લીધી.

‘આજે છાપું આવ્યું નથી. હું બપોરે સ્કૂલેથી આવતા પેપર લેતી આવીશ, પરીક્ષામાં મોડું થશે,’ એવું બોલતી બોલતી શિવાની ઘરની બહાર નીકળી ગઈ. બાએ તૈયાર કરેલ નાસ્તાનો ડબ્બો કે વૉટરબૅગ પણ ઘરમાં જ ભૂલી ગઈ. શાળાએ પહોંચી ત્યાં એણે મેદાનમાં ઊભેલા એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જોયા. ભગીરથ અને એની પાછળ દરેક વિદ્યાર્થીઓ દોડતાં શિવાનીટીચર પાસે આવ્યા. દરેકનાં મુખ ઉપર ગુસ્સો તેમ જ આક્રોશ સાફ નજર આવતાં હતાં.

ભગીરથે સીધું જ કહી દીધું : ‘ટીચર, હવે આ કેસ તમે મને જ સોંપી દો. હું આ કેસનો નિકાલ આજે જ કરી દઈશ. ક્યાં આ પાર ક્યાં તે પાર.’

‘અરે ભગીરથ ! આજે નહીં, હમણાં જ કેસનો નિકાલ લાવીએ. રમતગમતમાં વિશ્વના નકશે ચમકેલો કૃષ્ણેન્દુ સેન, પત્રકાર મનીષ, ડૉક્ટર મોદી, વકીલ બનેલો ગાંધી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે પ્રસિદ્ધ માવાણી, કલાકાર મોદી, સુધીર ગોસ્વામી બધા જ ચહેરા એકી સાથે જોવા મળ્યા અને તે પણ દીકરા એક ‘મા’ ને ટેકો કરવા દોડી આવે; બરાબર એમ જ આવીને ઊભા હતા. દરેકની આંખો બોલતી હતી : ‘ટીચર, તમારી સેવાનો એક મોકો તો આપો ! પ્લીઝ ટીચર, પ્લીઝ !!’

‘ભગીરથ, મને ખબર છે તું જ આખી ટોળકીને લઈને આવ્યો છે. પણ મારી તમને સૌને એક વિનંતી છે કે, તમે ચૂપચાપ અહીંથી ઘરે જાવ. કારણ કે હમણાં મેદાન બાળકોથી ભરાઈ જશે અને આજે પરીક્ષાનું બીજું પેપર છે. તમારી હો.. હો.. કે, બૂમબરાડા સાંભળીને આ નાનાં બાળકો પણ સો ટકા પરીક્ષા બાજુએ મૂકીને મેદાનમાં આવી જશે અને હું નથી ઈચ્છતી કે શાળાનું મેદાન યુદ્ધનું મેદાન બની જાય!’

'પણ ટીચર... આમ તમારી સાથે અન્યાય થાય, અશ્વિન સર સાથે અન્યાય થાય અને અમે તમને થોડી પણ મદદ ન કરી શકીએ એ તો ખુદ અમારે માટે લાંછનરૂપ છે. ટીચર પ્લીઝ... અમે તો આજે હડતાલનું એલાન કરવા જ આવ્યા છીએ.' ભૂતકાળમાં અશ્વિનને થયેલ અન્યાય પણ બાળકોને યાદ છે. ટીચર, અમને અમારી રીતે લડવા દો. આજકાલનો આવેલ મિ. ગુપ્તા એના મનમાં સમજે છે શું ? ચલો મિત્રો, મિ. ગુપ્તાની ઑફિસમાં...'

શિવાની બન્ને હાથ પહોળા કરીને ઊભી રહી ગઈ અને લગભગ બરાડતાં બોલી : 'તમારે શાળામાં જવું જ હોય તો એ પહેલાં તમારે મને કચડીને જવું પડશે... હું તમારી લાગણી સમજું છું, પણ સરસ્વતીના મંદિરમાં એના સાચા ભક્તો ઊહાપોહ નથી કરતાં; પણ સાચા ભક્તો માત્ર આરાધના જ કરે છે. તમે તમારી સાચી ભક્તિ પુરવાર કરી છે. એ ઋણ મારા માથે હંમેશા જ રહેશે. હા તમે શાંતિથી વાત કરવા સાંજે મારા ઘરે ચોકક્સ આવી શકશો. તમારા અશ્વિન સર પણ તમને યાદ કરે છે... શું તમે એમને મળવા નહીં આવો ?'

સાચા ભક્તોની માફક ટોળું નતમસ્તક બની ગયું અને શાંતિથી વિખેરાવા માંડયું. પણ ભગીરથ પાછો વળીને 'શિવાની ટીચર, તમે વચન આપો કે, તમે અશ્વિન સરની જેમ રાજીનામું ક્યારેય નહીં મૂકો. તમે વચન આપો પછી જ હું અહીંથી પાછો જઈશ...' શિવાનીએ વચન આપતાં પાકીટમાં મૂકેલ રાજીનામું બહાર કાઢીને ફાડી નાંખ્યું અને એ ટુકડા ભગીરથનાં હાથમાં મૂકતાં બોલી, 'જા તને મારું વચન છે કે, હું રાજીનામું નહીં મૂકું, પણ હું સત્ય માટે શાળામાં નોકરી ચાલુ રાખીશ.'

'ટીચર ! હવે કંઈક એવું લાગ્યું કે તમે અમારા ખરાં ટીચર. બિલકુલ અમારા જેવાં જ નિર્ભય. સાંજે મળીશું' એમ કહીને ભગીરથ પણ ઘર તરફ પાછો વળ્યો.

ભગીરથની પીઠ પાછળ એ સ્વગત જ બોલી ઊઠી : 'દીકરા ! નિર્ભય લોકો પણ સાચ-કાચની લડાઈ લડતાં લડતાં હારી જાય છે અને ભયભીત પણ થઈ જાય છે. પણ તારી નિર્ભયતાને મારા સો સો સલામ. સદા નિર્ભય રહો અને સદા સત્ય ઉજાગર કરતા રહો !! તારા જેવા વિદ્યાર્થીઓ દ્વારા જ સમાજ ઊગરતો રહેશે એમાં શંકાને કોઈ સ્થાનન નથી !'

અવિનાશે પણ સ્કૂટર પાર્ક કર્યું અને શાળામાં દાખલ થયો, પણ શિવાની તરફ નજર સુધ્ધાં નાંખી નહીં. શિવાની સમજી ગઈ કે, હજી ગઈકાલનો ગુસ્સો ઊતર્યો નથી. ગુપ્તાની ઑફિસમાં એ એકલી જ અંદર ગઈ અને અવિનાશને એણે બહાર જ ઊભો રાખ્યો હતો અને બહાર આવ્યા પછી પણ અંદર શું શું થયું એ વાત એણે અવિનાશને કરી નહોતી એટલે સ્વાભાવિક છે કે, અવિનાશને ગુસ્સો આવે.

એણે પાછળથી બૂમ પાડી, 'અવિનાશ, બસ આટલો જ સાથ આપવાનો ?'

ઊંધા માટલે હું પાણી રેડું એટલો મૂર્ખ તો નથી જ' મિત્રની મિત્રતાને પણ કાટ લાગે જો, મિત્રતાની ધાર થોડા થોડા દિવસે ઘસવામાં ન આવે.' 'અવિનાશ, વ્યાખ્યા ભૂલી ગયા લાગો છો. સમય જતાં મેં તો મારા તરફની ધાર વગર ઘસ્યે પણ ચળકતી રાખી છે. કદાચ ધાર તમે ઘસવી ભૂલી ગયા છો, ક્યાં તો જોયું ન જોયું કરો છો.'

અવિનાશે વાત  બદલતાં કહ્યું : 'શિવાની અશ્વિનને વાતની ખબર છે ખરી ?'

'ના, એને હજી જણાવ્યું નથી.' છાપામાં પણ છપાયું છે, તારે એને જણાવવું જોઈતું હતું. 'છાપું, હું સાથે લઈ આવી છું. બપોરે જઈને સાચી વાત કરી દઈશ. મારી હિંમત એની પાસે જતાં જ તૂટી જાય છે. જે દાવપેચ અશ્વિન સાથે લડાવેલા એ જ દાવપેચ મારી સાથે લડાવ્યા  છે. અને જે છાંટા અશ્વિન પર ઊડેલા ને એ પૅરાલિસિસનો ભોગ બનેલો એવી જ ઘટના મારી સાથે ઘટી છે. એ જાણશે તો કદાચ ફરીને એવો હુમલો થઈ આવે તો ! હવે તો અવિનાશ, મને જિંદગીથી જ ડર લાગે છે.

માંડમાંડ ચાલતો થયેલો અશ્વિન ફરી જડ બની જાય, તો તો... બાકીનું જીવન મારું પણ જડ જ થઈ જાય. બધી હિંમત ટકાવી રાખી છે. પત્તાના મહેલની જેમ ! દુનિયાને મહેલ સુરક્ષિત લાગે છે, પણ મને ખબર છે કે ફૂંક વાગતામાં જ મહેલ જમીનદોસ્તી થઈ જશે !!'

'શિવાની, સ્કૂલની બહાર મને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ટોળકી મળી ગઈ. પહેલાં તો ઓળખાયા જ નહીં, પણ પાછળથી જ્યારે એમણે ઓળખ તાજી કરી નામ કહ્યાં ત્યારે એ મોટા ચહેરામાં પેલા નાના ચહેરા દેખાયા : મનીષ, ગાંધી, મોદી, સુનીલ, ગૌસ્વામી, સુધીર, ભગીરથ, માવાણી, વાઘ – એક પછી એક વિદ્યાર્થીઓએ પોતે શું કરે છે, કેટલી પ્રગતિ કરી અને હવે શાળા માટે કંઈ કરવા માંગે છે. એવી વાતો કરી પોતપોતાના ફોન નંબર આપીને વિદાય થયા.'

●

અનુક્રમણિકા

39

# તપાસ તો કરવાની છે

આજે છાપામાં પેપર ફૂટ્યાની વાત છપાઈ છે એટલે સો ટકા ઘરે અશ્વિન ઉપર પણ કોઈકનો ફોન જશે. અશ્વિનને મારે ગઈકાલે જ બધી વાત જણાવી દેવી હતી. બીજા દ્વારા વાત ખબર પડશે તો અશ્વિન શુંનું શું વિચારી, વિચારી, ફરી પાછો કોઈ સ્ટ્રોક ના... ના... હું એવું નહીં થવા દઉં. તો હું શું કરું કે જેથી મારા ઘરે પહોંચ્યા પહેલાં અશ્વિનને પેપર ફૂટ્યાની જાણ નહીં થાય ? ...એ સ્ટાફ રૂમમાંથી સીધી જ સ્ટાફ રૂમના બાથરૂમમાં ગઈ અને પાકીટમાંથી સ્વીચ ઑફ કરેલ મોબાઇલની સ્વિચ ઑન કરીને ઘરે ફોન કર્યો.

સામે છેડે બાપુજીએ ફોન ઉપાડયો. એટલે થોડી શાંતિ થઈ... એણે તરત જ દબાતા અવાજે બાપુજી સાથે વાત ચાલુ કરી : ‘બાપુજી, આજે તમે બને તો ફોનની આસપાસ જ રહેજો. હું બોલું તે દરમિયાન કોઈ પ્રશ્ન કરશો નહીં. તમારા પ્રશ્નોના જવાબ હું ઘરે આવીને આપીશ. પહેલાં ચૂપચાપ મને સાંભળી લો...’ એક દીકરી પોતાના પિતાને જે હક્કથી, અધિકારથી ને પ્રેમથી કહી શકે એમ જ એણે એના સસરાજીને બનેલી બધી હકીકત કહી દીધી. ‘બાપુજી, અશ્વિનનો મોબાઇલ પણ તમે લઈ લો અને સ્વિચ ઑફ કરીને સંતાડી દો, અશ્વિન ઊઠીને પૂછે તો કહેજો કે શિવાનીનો મોબાઇલ બગડી ગયો એટલે સવારે તારો મોબાઇલ સ્કૂલે લઈ ગઈ છે. પડોશીને પણ બારણેથી જ વાત કરીને પરત કરજો.

બાપુજી, અશ્વિન કેટલાં વર્ષે માંડ સાજો થયો છે અને ફરી એ પથારી ભેગો થાય તો તો... કદાચ હું.... ’ શિવાનીનું ગળું રૂંધાયું... એના ગળાના શબ્દો સીધા આંસુ બનીને વહી રહ્યાં.

‘દીકરા શિવાની, તું જરાય ચિંતા નહીં કરતી. બસ તું ત્યાંનો મોરચો સંભાળ. હજી તારા બાપુજીના હાડમાં ઘણી શક્તિ સંઘરાયેલી પડી છે. હું ઘરનો મોરચો સંભાળવા સક્ષમ છું. બસ બેટા, તું ત્યાં હિંમત રાખજે... અને એ પણ યાદ રાખજે બેટા... કે સાચને કદી આંચ આવતી નથી.

મા સરસ્વતીની તારા પર કૃપા વરસો. બેટા ચાલ... આંસુ લૂછીને હિંમતપૂર્વક પરિસ્થિતિનો સામનો કર.... વાદળ વિખેરાતાં પણ વાર નહીં લાગે. અશ્વિન હવે ઊઠશે જ. હું ફોન મૂકું છું અને હા બેટા ! એટલું જરૂર યાદ રાખજે કે સમય સાથે બધા જ પ્રશ્નો ધીમે ધીમે ઉકેલાય છે; જરૂર છે માત્ર થોડી ધીરજની અને હિંમતની !!'

આંસુ લૂછી એ થોડી મક્કમ બની, પોતાના નિર્બળ બનતા જતા મનને થોડું ટપારતાં બોલી : 'હવે શસ્ત્ર હેઠા નહીં મુકાય, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ !! આ યુદ્ધ તો મારાં સત્યનું યુદ્ધ છે, આ યુદ્ધ તો આખી શાળાને વેપારીમથકમાં ફેરવવા મથતા આખલાઓને માત કરવા માટેની એક ઈશ્વરે આપેલી તક છે અને રહી બદનામીની વાત, તો... જે મને ઓળખે છે... એમને તો ખબર જ છે કે, શિવાની મહેતા કઈ માટીની બનેલી છે.

બાથરૂમની બહાર આવતાં જ ધનીરામે પાસે આવીને કહ્યું : 'શિવાનીબહેન, દાનવોની સભામાં હાજર થવાનું આપને આમંત્રણ છે. તમારે વર્ગખંડમાં નહીં, પણ સાહેબની ઑફિસમાં જવાનું છે.'

ઑફિસમાં સભા ભરાઈ ચૂકી હતી. ક્યા કયા પાસા ફેંકવા ને કઈ રીતે જૂગટું રમવું, એની સમગ્ર તૈયારી સાથે મિ. ગુપ્તા પોતાની ખુરશી ઉપર આરૂઢ થઈ ચૂક્યા હતા. એક તરફ ટ્રસ્ટીમંડળ પણ કૉન્ફરન્સ ટૅબલની ગોળ ફરતે બેસી ગયું હતું. આજે તો ખાસ મુખ્ય ટ્રસ્ટી અભિરામજી પણ હાજર હતા. અશ્વિન ઉપર કંઈક આવો જ આરોપ મૂકાયેલો અને રાતોરાત નોકરીમાંથી સ્વેચ્છાએ રાજીનામું મુકાવવાનો કારસો ઘડાયેલો. જ્યારે સત્ય સામે આવ્યું ત્યારે અશ્વિન પૅરાલિસિસના સ્ટ્રોકમાં સપડાઈ ચૂક્યો હતો અને એ લાગેલા ખોટા ડાઘ હજી પણ શિવાની એના હૃદયથી ધોઈ શકી નહોતી અને હવે આ બીજી ઘટના.

ઊલટતપાસ ચાલુ થઈ. મિ. ગુપ્તાના ડાબા-જમણા હાથ જેવા એક ટ્રસ્ટીએ સીધી પ્રશ્નોત્તરી જ ચાલુ કરી દીધી. 'શિવાનીબહેન, શું તમે કબૂલો છો ખરાં કે પ્રશ્નપત્ર લીક થયું છે? પેપર ફૂટ્યું છે ?'

'સર, મને કેવી રીતે ખબર પડે ? આ તો મિ. ગુપ્તાનું કહેવું છે કે, લીક થયું છે અને જો એઓ કહેતા હોય તો એના પુરાવા પણ એમણે જ આપવા રહ્યા. મારી ફરજ હતી પેપર કાઢવાની અને એની ગોપનીયતા જાળવવાની, જે મેં પૂરી નિષ્ઠાકપૂર્વક જાળવી છે. મિ. ગુપ્તાની સામે જ સીલ કરીને મેં ત્રણ પેપર આપ્યાં હતાં.'

'મિ. ગુપ્તા, શિવાનીબહેને પેપર સીલ કરીને તમને આપ્યાં હતાં એ વાત તો સાવ સાચી છે ને ?'

'સર, શિવાનીબહેન પેપર લઈને તો આવ્યાં હતાં, પણ સીલ કર્યાં કે નહીં તે મેં જોયાં નહોતાં કારણ કે, બહાર વર્ગખંડમાં હોહો... હોહો... ના અવાજ આવતાં હું રાઉન્ડ ઉપર ગયો હતો.'

શિવાનીએ આંગળી ઊંચી કરીને કહ્યું : 'સર, પ્રશ્નોત્તરી રહેવા દો.. પહેલાં તમે મને સાંભળી લો.' મિ. ગુપ્તા વિરોધ કરવા ગયા ત્યાં અભિરામજીએ વચ્ચે વાત કાપીને શિવાનીને એની વાત કહેવા દેવાનું ફરમાન કર્યું.

'માનનીય સર, તમે બધા જ મારા વડીલો છો એટલે હું ઈચ્છું છું કે, મને શાંતિથી સાંભળી ઊભા થયેલ પ્રશ્નના મૂળ સુધી પહોંચી, ચોતરફી તપાસ બાદ જ કોઈ એક નિર્ણય ઉપર પહોંચવું.

સર, મારે પેપર ફોડવું જ હોત તો સીલ કરવા ન કરવાનો નાટક કરવાની જરૂર જ નહોતી. હું મારા પેપરની ઘરેથી જ એક ઝેરોક્સ કરીને મારા ટ્યૂશન ઉપર આવનારાં બાળકોને આપી શકી હોત ! ટ્યૂશન વધારવા માટેની મેં તરકીબ કરી છે એવું કહેનારને મારે એ કહેવું છે કે, મારે ત્યાં ભણતાં ગરીબ કે ધનિક બાળકો પાસે મેં ક્યારેય એક પણ પૈસો ફી લીધી નથી કે, પછી અન્ય વસ્તુ પણ લીધી નથી.

ત્રીજી વાત એ કે, જો મારા વર્ગખંડનું રીઝલ્ટ સો ટકા આવતું હોય તો પછી જેને હું મારા ખોળે બેસીને ભણાવું છું તે વિદ્યાર્થીને વળી નાપાસ થવાનો ભય ક્યાંથી રહે ભલા !

ભય તો એવા ટ્યૂશનિયા માસ્તરોને હોય છે, જે નથી શાળામાં ભણાવતા કે નથી ઘરે બોલાવીને, હજારોમાં ફી વસૂલીને પણ ભણાવતા હોય ! પણ માત્ર પ્રપંચના દાવપેચ જ શીખવે છે. સર, એવા બે ચાર દાનવો, વરુઓને કારણે જ શિક્ષણ આલમ વગોવાતું રહ્યું છે. જ્યાં સુધી ટ્રસ્ટીમંડળ, વાલીમંડળ કે વિદ્યાર્થીમંડળ આવા શિક્ષણના માફિયાઓનો બહિષ્કાર નહીં કરશે ત્યાં સુધી પેપરો ફૂટતાં રહેશે, ટ્યૂશનોનો વેપાર ચાલતો રહેશે, શાળાઓ વેપારના કારખાનામાં ફેરવાતી રહેશે, મૂલ્યો તેમ જ નૈતિકતાનું ધોવાણ થતું રહેશે અને એ વેપારી પ્રપંચમાં માફિયાઓના રસ્તામાં આવનારનો અશ્વિન તેમ જ શિવાનીની જેમ ભોગ લેવાતો રહેશે... એક નિર્બળ ક્ષણે ગભરાઈને અશ્વિન સાચો હોવા છતાં રાજીનામું મૂકેલું, પણ હું નથી નિર્બળ કે નથી કાયર. હવે હું પૂરા જોશ સાથે મારા સત્ય માટે લડીશ, ઈજ્જત માટે લડીશ; સાથે સાથે અશ્વિનના ન્યાય માટે પણ લડીશ અને કોઈ એમ નહીં માને કે, આ લડાઈમાં એક નારી બિચારી... અબળા... શું કરી શકવાની છે ? પણ... તમે ભીંત ભૂલો છો. મારી સાથે મારાં હજારો વિદ્યાર્થીઓ પણ જોડાશે અરે ! જોડાશે શું જોડાયા જ છે... બસ એક હાકલ કરવાની વાર છે. એઓ તો આજથી જ હડતાલ ઉપર જવાના હતા. પણ મેં એમને મેદાન પરથી પાછા ઘરે રવાના કર્યા. ફક્ત ને ફક્ત શાળાની ઈજ્જત તેમ જ વિદ્યાર્થીઓની ચાલતી પરીક્ષાને ધ્યાનમાં લઈને.

હું નથી ઈચ્છીતી કે શાળા યુદ્ધનો અખાડો બને કે વેપાર પ્રપંચનું વડું મથક, મારે મારાં બાળકોની નિર્દોષતા હરીને, અઠંગ રાજકારણી નથી બનાવવાં કે નથી કુસ્તીબાજ કે હડતાલબાજ. હું ઈચ્છું છું કે નિર્દોષ બાળકોને મૂલ્યવાન તેમ જ નૈતિકતાસભર જ્ઞાન મળે... પણ એ જ્ઞાન આપવા માટે પણ ઉદાત્ત ચારિત્ર્યવાળા શિક્ષકો તેમ જ આચાર્યોની તાતી જરૂર છે. ઉત્તમ ચારિત્ર્ય તેમ જ વર્તન એ સારા શિક્ષકની પહેલી શરત છે. કારણ કે, વિદ્યાર્થીઓનો એક માત્ર ઉચ્ચ આદર્શ (આઇકોન) માત્ર ને માત્ર શિક્ષક તેમ જ આચાર્ય છે.

જે શાળાનો આચાર્ય જ શિથિલ ચારિત્ર્યવાળો હોય, નૈતિકતાને કોરાણે પાડનારો હોય, ઉચ્ચ ખુરશી ઉપર બેસીને ટ્યૂશનના દાવપેચ રમતો હોય, ઍડ્મિશનથી લઈને પરીક્ષાનાં પરિણામ સુધ્ધાંમાં લાંચરુશ્વત લેતો હોય, શિક્ષકો સાથે હીણપતભર્યું વર્તન કરતો હોય અને શિક્ષિકાઓનું માનસિક, આર્થિક, શારીરિક શોષણ કરતો હોય એ શાળામાં એક

દિવસ વાલીઓ પોતાનાં બાળકો ભણાવતાં પહેલાં વિચારશે. શાળા એ સરસ્વતીનું મંદિર છે અને એ મંદિરમાં શિક્ષણના વેપારીઓ આતંક ફેલાવે એ તો સમાજ પણ નહીં ચલાવી લે. નૈતિકતાનું સ્તર જ્યારે નીચું જઈ રહ્યું છે, ત્યારે સ્વાભાવિક છે કે, વાલી શાળા તરફ મીટ માંડે.... એ ઇચ્છે કે શાળામાંથી એનું બાળક ભણતર સાથે ગણતર, સંસ્કાર, શિસ્ત, આચરણ તેમ જ મૂલ્યોના પાઠ, ખરા અર્થમાં ભણીને આવે કે જેથી જ્યારે એ વિશાળ સામાજિક દરિયામાં કૂદે ત્યારે એ પોતાની પાંખે, પોતાની જાતે તરી શકે... સ્વવિકાસ કરી શકે, મુક્ત ગગનમાં ઊડી શકે.

સર, અંતે મારે એટલું જ કહેવાનું છે કે તપાસ તો કરવાની છે, પણ એ મારી નહીં. તપાસ તો જેની કરવા જેવી છે, ખરેખર એની જ તપાસ કરવામાં આવે. પાંદડાં પીળાં પડે કે ખરે તો પહેલાં છોડનાં મૂળ તપાસવામાં આવે છે. એમ પ્રથમ શાળાનાં મૂળમાં રહેલી બદીઓ અને એના બની બેઠેલા આકાઓની પણ તપાસ થાય. ઘણી વાર દેખીતા બનાવટી અજવાળા પાછળ પણ ઘોર અંધાર છુપાયેલો હોય છે.

સર, સત્ય બહાર આવવું જ જોઈએ. કમિટિ તપાસ કરે કે ન કરે, હું એનાં મૂળ સુધી પહોંચીને જ જંપીશ. અને સત્ય જ્યારે બહાર આવશે ત્યારે હું મારી ઉપર કાદવ ઉછાળનાર સામે બદનક્ષીનો દાવો માંડવાનું પણ નહીં ભૂલું. અને અંતે, હું જે કંઈ બોલી છું તે પૂરેપૂરી સભાનાવસ્થામાં બોલી છું અને પૂરા સત્ય સાથે બોલી છું. હું મારા બોલાયેલાં એક પણ વાક્ય કે શબ્દથી પીછેહઠ નહી કરું, પણ પુરવાર કરીને જ જંપીશ. જો મિ. ગુપ્તા પાસે પુરાવા છે તો મારી પાસે પણ અનેક એવાં તથ્યો અને પુરાવા છે જે પ્રેસ પાસે જશે તો સમાજમાં ખળભળાટ મચી જશે. નૈતિક મૂલ્યોની વાત કરનારા... ઉચ્ચ ખુરશીને લાંછન લગાડનારાંઓની ઈજ્જતના ધજાગરા ઊડતાં જરાયે વાર નહીં લાગે.'

•

અનુક્રમણિકા

**40**

# વિદ્યાર્થીઓનો આક્રોશ

કૉન્ફરન્સ રૂમમાં સોપો પડી ગયો. દરેકનાં મુખ ઉપર જાતજાતનાં પ્રશ્નાર્થચિહ્નો ફરી વળ્યાં હતાં. મિ. ગુપ્તાની તો કાપો તો લોહી ન નીકળે એવી દશા હતી. ‘બકરી કાઢતાં ઊંટ પેઠું’ જેવી એની દશા થઈ ગઈ હતી. મિ. ગુપ્તાના ખાસ એવા થોડા તોફાની ટ્રસ્ટીઓ ક્યારના નીચું જોઈ ગયા હતા. કેટલાક પેપરવેઈટના ગોળાને ગોળગોળ ફેરવ્યે જતા હતા; જાણે કે, એમની ખુરશી નીચેથી પણ ધરતી ખસી ન ગઈ હોય. રામાનંદજીએ ગળું ખંખેર્યું, પણ કંઈ બોલી જ ન શક્યા. બધાને ફાળ પડી હતી કે શિવાની પાસે એવા તે કયા પુરાવા હશે !... દરેકે દરેક કે, જે કૉલર ઊંચા કરીને ફરતા રહેતા હતા અને નાનાં મોટાં સ્કેન્ડલમાં ફસાયેલાં હતાં એ સૌનાં મોઢાં તો સાવ ફિક્કાં પડી ગયાં હતાં.

આખરે અભિરામજી ઊભા થયા અને ઘંટડી વગાડી ધનીરામને બોલાવી કહ્યું : ‘ધનીરામ, શિવાનીબહેન માટે જરા પાણી લઈ આવજો.’

વાતની શરૂઆત કરતાં એમણે કહ્યું : ‘મિત્રો, આ શાળામાં ભાઈ અશ્વિનને જે અન્યાય થયો હતો ત્યારે હું ભારતમાં નહોતો. હું યુરોપમાં સંસ્કૃત તેમ જ હિન્દુ ધર્મના ફેલાવા માટે મારા ગુરુદેવ સાથે ગયો હતો. ત્યાં સંસ્કૃત પાઠશાળા તેમ જ વૈદિક શિક્ષણની પાઠશાળા ખોલીને ચાર વર્ષ બાદ પાછો આવ્યો ત્યારે મને ભાઈ અશ્વિનની વાત જાણવા મળી હતી, પણ હું ઈચ્છું તો પણ એમણે શાળામાં ફરી લાવી શકાય એમ નહોતું, કારણ કે, એ ત્યારે પથારીવશ થઈ ચૂક્યા હતા.

રહી વાત શિવાનીબહેનની, તો એમણે જે રીતે નિખાલસતાથી સત્ય અને અસત્ય ઉપર પ્રકાશ પાડ્યો છે અને એ તરફ બધાંનું ધ્યાન દોર્યું છે તે બદલ પહેલાં તો એમનો આભાર માનવો રહ્યો. જે દૃઢતાથી, અડગતાથી એમણે કેટલીક વાતો કહી છે, એ સંસ્થા માટે ખરેખર લાંછનરૂપ છે. એમની દર્શાવેલી આ બાબતો તરફ પૂરેપુરું ધ્યાન આપવું જ પડશે.. શૈક્ષણિક સંસ્થાઓમાં જો આટલો બધો સડો વધી જતો હોય તો પછી અન્ય સંસ્થાઓ પાસે તો બીજી અપેક્ષા જ શું રખાય ?

અહીં આપણે પણ, શાળામાં કંઈક ઘટના બને ત્યારે જ દોડી આવીએ કે પછી પ્રસંગોપાત ખુરશી શોભાવવા કે, રિબન કાપવા પૂરતું કે, અહમ્ પોષવા પૂરતા મહેમાનની જેમ આવીને પાછા જઈએ એ પણ બરાબર નથી જ. સંસ્થા આપણી છે, સંસ્થાના બાળકો, શિક્ષકો તેમ જ અન્ય કર્મચારીઓ પણ આપણા જ છે અને એ દરેકની સંભાળ રાખવી આપણી ફરજ બનવી જોઈએ. માત્ર હોદ્દેદારો કે આકાઓ બની જવાથી વાત પતી જતી નથી. શૈક્ષણિક સંસ્થામાં તંદુરસ્ત તેમ જ સાફસૂથરું, સલામતીપૂર્ણ વાતાવરણ પૂરું પાડવાની નૈતિક જવાબદારી પણ આપણી સહુની છે.

આપણે આંટો મારીને, ઉપરછલ્લું નિરીક્ષણ કરીને જતા રહીએ છીએ, પણ અંદરઅંદર શું ચાલે છે ? શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને કોઈ અગવડ તો નથી ને ? એમને ક્યાંક કોઈ અન્યાય તો નથી થતો ને ? એમની માંગણી, એમની રજૂઆત, એમનાં દુ:ખદર્દ તરફ ધ્યાન આપી, સહાનુભૂતિ, પ્રેમ, વિશ્વાસ તેમ જ હૂંફ આપવાની જવાબદારી પણ આપણી છે જ છે. ભાઈ અશ્વિનને અન્યાય થયો એ ક્ષમ્ય તો નથી જ. પણ એ અન્યાય કેમ થયો ? એમાં આપણે શી મદદ કરી શકીએ, કે આપણી ભૂલ આપણે કઈ રીતે સુધારી શકીએ. આપણે ક્યારેય ભૂલનાં મૂળ સુધી જતાં જ નથી.

શું આપણે એકે વાર શિવાનીબહેનને ઘરે ભાઈ અશ્વિનની ખબર સુધ્ધાં લેવા ગયા? શું આપણે આપણી ફરજ ચૂક્યા નથી ? જો આપણે આપણા જ માણસોને સાચવી શકતાં નથી તો પછી આપણે કઈ રીતે આ બાળકોને પણ સાચવવાનાં ! મેમો આપવો કે, શિક્ષકને રાજીનામું આપવા મજબૂર કરવો એ કાંઈ સમસ્યાનો ઉકેલ નથી.

આ સંસ્થામાં સૌથી વધુ સંખ્યા શિક્ષિકાઓની છે. જો શિક્ષિકાઓ જ માનસિક, શારીરિક તેમ જ આર્થિક રીતે પીડાતી હશે, વારંવાર એમનું અપમાન થતું હશે તો એ બહેનો વર્ગખંડમાં પણ કઈ રીતે બાળકો સાથે સુવ્યવહાર કરી શકતી હશે ? ભણાવી શકતી હશે ? બાળકોને ઉછેરવાનું, એનું સંવર્ધન કરવાનું, એનામાં જ્ઞાન સીંચવાનું કામ ઘણું જ અઘરું છે. આ ઊગતાં ફૂલોને સીંચવા માટે તો પ્રથમ માળી બનવું પડે. ફૂલોની માવજત કરવી એ કાંઈ નાનીસૂની કે સહેલી વાત નથી. એની માવજત માટે તો વાણી, વર્તન, વિવેકબુદ્ધિ, નમ્રતા, સદાચાર, ઉદાત્તતા, નિષ્ઠા તેમ જ ઋજુતા જેવા ગુણો વિકસાવવા પડે છે.

શિવાનીબહેન ખૂબ જ કર્મનિષ્ઠ તેમ જ ચારિત્ર્યવાન શિક્ષિકા છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. એમણે જે તપાસની માંગણી કરી છે તો સત્વજરે એ થવી જોઈએ. મિ. ગુપ્તાએ પણ તપાસ સમિતિને સહકાર આપી સાચા જવાબો આપવા. અંતે જે કસૂરવાર ઠરે તેને યોગ્ય સજા કરવી ઘટે અને નિર્દોષ પુરવાર થાય એને પ્રેસ રિપોર્ટરોની સભામાં ખુલાસા સાથે, સમ્માન સાથે સંસ્થામાં ફરજ પર રાખવા ઘટે. બહેન શિવાનીને પણ હમણાં એક નમ્ર વિનંતી છે કે, એઓ સંસ્થાના હિતમાં કોઈ એવું પગલું ન ભરે કે જેનાથી બંને પક્ષને નુકસાન વેઠવાનું આવે. શિવાનીબહેનને હું તટસ્થ તપાસની ખાતરી આપું છું.'

મિ. ગુપ્તાએ આંગળી ઊંચી કરી. 'સર, મારે કંઈક કહેવું છે' પણ ટ્રસ્ટી સુધાકરભાઈએ સ્પષ્ટ ના કહીને એની વાત વચ્ચેથી કાપી નાંખી. બીજી મીટિંગ પૂરેપૂરી તપાસ બાદ જ ભરવી એવું નક્કી કરી સહુ વિખેરાયાં

બપોરે શિવાની ઘરે પહોંચી તો બાપુજી દરવાજે બેઠા હતા. બાપુજીની ચિંતા એમના મુખ ઉપર સ્પપષ્ટ દેખાતી હતી. બા જલદીથી હાથમાં પાણીનો ગ્લાસ લઈને આવ્યાં. બાપુજીએ બાને બધી જ વાત કરી હતી એટલે એમનું મોં પણ વિલાઈ ગયું હતું. 'શિવાની, આજે છાપું પણ નહીં આવ્યું અને મારો મોબાઇલ પણ તું લઈ ગઈ હતી, એટલે મારે તો સમય પસાર કરવાનો પણ......' અશ્વિને જેટલી ઝડપથી આવીને વાત શરૂ કરી હતી એટલી ઝડપથી એણે શિવાનીનું મોં જોયા બાદ એ વાત બંધ કરી. એ અંદરથી ફફડી ઊઠયો... નક્કી કંઈક અજુગતું બન્યુંએ લાગે છે. એણે વાત બદલતાં ધીમે રહીને પૂછ્યું : 'શિવાની, બહુ થાક લાગ્યો છે?'

'હા, અશ્વિન...... અત્યાર સુધી ક્યારેય નહીં અનુભવેલો એવો થાક, એવો થાક જે ક્યારેય ઓછો નહીં થાય. થાકને કાંઈ પૂર્ણવિરામ જેવું કેમ હોતું નથી ?' બસ એટલું બોલતાં તો એ એવી ડૂસકે ચડી ગઈ કે ત્રણે જણાં હેબતાઈ ગયાં. બાએ શિવાનીનું માથું એના ખોળે લઈ લીધું અને બોલ્યાં : 'દીકરા, હવે અશ્વિન દોડતો થઈ ગયો છે અને અમે પણ હજી એટલાં ઘરડાં નથી થયાં કે તારું દર્દ, તારો થાક, કે તારા પ્રશ્નનો હલ ન કરી શકીએ. પહેલાં શાંત થઈ જા, આરામથી થોડું ખાઈ લે પછી માંડીને વાત કર. બહુ લાંબો આરામ કરીને

અશ્વિન ઊઠ્યો છે. હવે તારો ભાર, તારો થાક ઉતારવાનું કામ અશ્વિનનું છે. સત્ય તારે પક્ષે છે, પછી તારે ડરવાનું કોઈ કામ નથી.'

શિવાનીએ છાપું કાઢીને અશ્વિનને આપ્યું અને રાત્રે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઘરે આવવાના છે એ વાત કરી, મીટિંગની વાત કરી અને પોતે રાજીનામું ફાડી નાંખ્યું એ વાત પણ કરી. જેમ જેમ વાતો કરતી ગઈ તેમ તેમ એનું હૈયું હળવું થતું ગયું. બા ઝડપથી રસોઈ ફરી ગરમ કરીને શિવાની પાસે થાળી લઈને આવ્યાં. શિવાનીની બંને આંખને ખૂણે પ્રેમના મોતી ચળકી ઊઠ્યાં. એણે બાનો હાથ પકડી લીધો અને બોલી : 'બા તમે અને બાપુજી ના હોત તો મારી આવી સંકટની ઘડીમાં મને કોણ સાચવતે ?' હે પ્રભુ ! મારાં જેવું સુખ હરેક પરિણીતાને મળો, એવી મનોમન પ્રાર્થના કરી એણે ખાવાનું કામ આટોપ્યું .

•

અનુક્રમણિકા

41

# ભગીરથની ભૂમિકા

સાંજે ટ્યૂશન ઉપર આવનારાં બાળકોનો એણે ફોટો પાડ્યો. એમાં ટ્રસ્ટી સુધાકરભાઈનાં બંને દીકરાઓનો ફોટો પણ સામેલ થયો. દર વર્ષે ઘરે ભણવા આવતા વિદ્યાર્થીઓના ફોટો પાડીને શિવાનીએ એક આખું આલબમ વર્ષવાર તૈયાર કર્યું હતું. છેલ્લાં પચ્ચીસ વર્ષથી શિવાની મફત ટ્યુશન આપતી આવી છે. આમ તો એને ટ્યૂશન શબ્દ માટે ભારોભાર ચીડ હતી. ટ્યૂશન શબ્દ કાને પડે અને જ્ઞાનનો વેપાર, જ્ઞાનની મંડી કે બજાર નજર સામે ખડું થઈ જાય. જ્ઞાનની મંડી ખોલીને બેઠેલા ઉપર તો એને સૌથી વધુ ચીડ. એને ત્યાં આવતાં બાળકોને તો એણે શીખવ્યું હતું કે, કોઈ પૂછે કે, ‘તમે ક્યાં ચાલ્યા ?’ તો જવાબ આપવો : ‘ભણવા ચાલ્યાં’ અથવા એમ કહેવું કે ‘મંદિરે ચાલ્યા !’

એણે કબાટમાંથી આલબમ કાઢ્યું, જેના ઉપર એણે લખ્યું હતું : ‘મારું જ્ઞાનમંદિર’. કૉલેજના છેલ્લાં વર્ષની ફી ભરવા પૈસા નહોતા... રંજનબા એમ પણ છેલ્લાં બે વર્ષથી જેમતેમ આશ્રમ ચલાવતાં હતાં. એક–બે દાતાઓના નિધન બાદ એમના વારસોએ દાનની રકમ મોકલવામાં હા–ના કરવા માંડી હતી. પહેલાં કરતાં મળતી આડધી જ દાનની રકમ અને પહેલાં કરતાં વધેલી મોંઘવારી અને એમાં શિવાનીને ઉચ્ચ શિક્ષણ આપવાની વાતે આશ્રમમાં કેટલાંકના મોં વચકાયાં પણ હતાં. આ વર્ષે તો શિવાનીએ બાને આશ્વાસન આપી દીધું હતું કે, મને શિષ્યવૃત્તિ મળશે એમાંથી મારી ફી હું ભરી દઈશ અને બસનો પાસ પણ કઢાવી લઈશ. કહેતાં તો કહી દીધું, પણ જ્યારે ફી ભરવાનો સમય આવ્યો ત્યારે હવે ફી ક્યાંથી કાઢવી એ પ્રશ્ન આંખો કાઢીને ઊભો હતો, અને ત્યારે અશ્વિને એમનાં નજીકનાં સગાંના બાળકોને ઘરે ભણાવવાનું કામ શિવાનીને અપાવેલું. કૉલેજથી છૂટ્યા બાદ એ ભણાવવા જતી ઠેઠ સૂરતની એમ.ટી.બી. કૉલેજથી ગોપીપુરા સુધી ચાલતી હતી.

એની ભણાવવાની ધગશ જોઈને એ જૈન વેપારી કુટુંબના પાંચે ભાઈઓનાં તમામ છોકરાં તેમ જ સગાંઓનાં પણ તમામ છોકરાંઓને હવેલીના ચોથા માળે ભણાવેલા અને કદાચ અશ્વિનને કારણે જ છ મહિનાની ફી એમણે પહેલે મહિને જૂનમાં જ એકી સાથે આપી દીધી હતી. એ પહેલી ફીની રકમ હાથમાં પકડતાં એના હાથ ધ્રૂજયા હતા અને હૃદય કંપી

ઊઠ્યું હતું... આમ કાંઈ જ્ઞાનનો વેપાર થાય ખરો ? એ કંઈ વેચવાની ચીજ નથી, એ તો વહેંચવાની, પ્રેમે આપવાની ચીજ છે. 'હું કાલે લઈ જઈશ' એમ કહી એણે એ રકમ હાથમાં ઝાલી સુધ્ધાં નહીં. અશ્વિનને ખબર પડી ત્યારે એણે એક મોટું લેક્ચેર પણ આપેલું, એ એને યાદ આવ્યું. બીજે દિવસે એ ભણાવવા સુધ્ધાં ન જઈ શકી. સતત અઠવાડિયું એ ગૂંચવાતી રહી. ફી ભરવાની છેલ્લી તારીખ માથા ઉપર સવાર હતી, રંજનબા પણ આર્થિક ભીંસમાં હતાં.... બસનો પાસ પણ કઢાવવો જરૂરી હતો. ગામની બસનું છૂટક ભાડું તો એને ખૂબ મોંઘુ પડતું. બે દિવસમાં આગલા પાસની અવધિ પૂરી થયે ટિકિટ કઢાવવી કેવી રીતે પોષાશે ?

બીજે અઠવાડિયે પેલા હીરાના વેપારીનાં પત્ની વિશાખાબહેન કૉલેજ આવી પૂગ્યાં. ઠેઠ શિવાનીના વર્ગની બહાર આવીને, શિવાની જેવી બહાર નીકળી કે તરત જ શિવાનીનો હાથ પકડી લઈને બોલ્યાં : 'તમારાં વિના બાળકો નથી ભણતાં કે નથી લેસન કરતાં, બીજે ટ્યૂશન જવાની ચોખ્ખી ના પાડે છે. બહેન, અમારી પાસે માત્ર લક્ષ્મીકૃપા છે પણ સરસ્વતીકૃપા નથી. અમારાં બાળકો થોડાં દિવસમાં જ તમને કેટલું ચાહવા લાગ્યાં છે, એની તો શી વાત કરું ! પણ બાળકોની હઠ હતી કે હું આજે જ તમને મનાવીને લઈ આવું. પ્લીઝ, શિવાનીબહેન... આટલું વર્ષ ખેંચી આપો, અને હા પૈસા આપીને અમે તમારા હાથ એઠાં નહીં કરીએ... બસ તમારાં જ બાળકો છે ને તમે ભણાવો છો... એમ માનીને તો આવો પ્લીઝ.... એ વિશાખાબહેનની વિનંતી સામે ઝૂકી ગઈ પણ એક શરતે કે, પૈસાની વાત કરવી નહીં.

વિશાખાબહેને શિવાનીના હાથમાં ફીની રસીદ મૂકી કહ્યું : 'પૈસા ક્યાં આપ્યા છે ? અમે તો તમને માત્ર ભણાવીએ છીએ. તમે ભણશો તો એ જ્ઞાન અમારાં બાળકોને જ કામ આવશે. ખરુંને !

સૂરતના હીરાના એ વેપારી કુટુંબે એ જ વર્ષે અનાથાશ્રમની મુલાકાત લીધી હતી અને દર વર્ષનું અનાજ ભરવાની તેમ જ દરેક બાળા માટે દવાદારૂનો ખર્ચ ઉપાડી લીધો હતો. એ વેપારીના છોકરાંની સાથે એમનાં નોકર–ચાકર–ડ્રાઈવર તેમ જ મુનીમનાં છોકરાંને પણ શિવાનીએ ભણાવેલાં, પૂરા પ્રેમથી, એ યાદ આવી ગયું.

આલબમના પહેલે પાને એ વેપારી કુટુંબના દરેક બાળકોની સમૂહ તસવીર લગાવેલી હતી અને સામેના પાને એમનાં નામ લખેલાં હતાં. પછી તો અશ્વિન સાથેનાં લગ્ન... અને ગરીબોનાં બાળકોને ઘરમાં ભણાવવાની નેમને કારણે દર વર્ષે આવાં અભાવગ્રસ્ત બાળકોથી શિવાનીનો ખોળો ભરાતો રહ્યો. એ અનેક સંતાનોની, ચાહે ગરીબ હો કે તવંગર, દરેકની મા બનતી ગઈ. શિવાની દર વર્ષે સમૂહ તસવીર લઈને આલબમમાં મૂકતી રહેતી અને સામે એમનાં નામ, એમનાં મંતવ્યો સુધ્ધાં લખાવીને સજાવતી રહેતી. બાળકો પાસ થઈને કૉલેજમાં દાખલ થતાં અને શિવાની ટીચરનું ઘર છોડવાની વેળા આવતી – બંને પક્ષે આંખો ભરાતી અને મુક્ત ગગનમાં આ પંખીઓ ઊડી જતાં, પણ એમનું હૃદય, એમની ધડકન, એમનાં શ્વાસો તો શિવાની ટીચરને જ ઝંખતા રહેતાં અને કદાચ એટલે જ પેપરમાં શિવાનીનું નામ શું ચમક્યું કે અનેક બાળકોના મોબાઇલ ધણધણી ઊઠ્યાં. ‘આ આપણા જ શિવાનીટીચર વિશે લખાયું છે ને ? એ ખોટો આરોપ મૂકનાર કોણ છે ? બસ, પછી તો પૂછવું જ શું ? રાતે આઠ વાગ્યે તો ઘરમાં બેસવા જેટલી પણ જગ્યા રહી નહોતી.’

બસ, બધાં વિદ્યાર્થીઓનો એક જ સૂર હતો, જ્યાં સુધી મિ. ગુપ્તા એની ભૂલ નહીં સ્વીકારે અને ટીચરની માફી નહીં માંગે ત્યાં સુધી સ્કૂલને તાળાં મારી દો... હા... હા... સ્કૂલને કાલે જ તાળાં મારવાં પહોંચી જઈશું ટીચર, હવે આ કેસ અમને સોંપી દો અને તમે નિરાંતે સૂઈ જાઓ. પચ્ચીસ વર્ષ પહેલાં ભણાવેલાં નાનાં ટાબરિયાંઓ હીરાના વેપારી બનીને દેશ–દેશાવર ધંધાર્થે ઊડતાં થઈ ગયાં હતાં. એ કુટુંબના મોટા પાંચેપાંચ ભાઈઓ પણ આવી પૂગ્યા અને સીધાં શિવાની ટીચરને પગે લાગી બોલ્યા : ‘અમને ઓળખ્યા...?’ ‘બિલકુલ, વિશાખાબહેન તેમ જ રાજમલભાઈના હીરા લાગો છો. મારા હીરાઓને હું નહીં ઓળખું તો કોણ ઓળખશે ભલા !’ આ પાંચેયની નમ્રતા અને વિકાસ, એમની સખાવત બધાંથી વાકેફ હતી. શિવાની એનું હૈયું આટલાં બધાં બાળકોની સૌથી સમૃધ્ધ મા બન્યાનાં ખુશી ને હર્ષનાં આંસુઓથી વધાવતી રહી.

ખૂબ લાંબી ચર્ચા ચાલી... અશ્વિનને થયેલ અન્યાયની વાતો પણ નીકળી. એક આખી ફાઈલ તૈયાર થઈ એમાં પેલું આલબમ પણ મૂકાયું. એક લાંબી મોટી નોટમાં દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શિવાની ટીચર ઉપર મૂકેલ આરોપને ખોટો ઠેરવતું લખાણ લખીને સહી કરી. ટીચરે એમના ઘરે એક પણ રૂપિયો લીધા વિના ભણાવ્યા હતા, એક સારા માણસ

બનવાની તાલીમ આપી હતી, ભણતર સાથે સાચું ગણતર આપ્યું હતું... વગેરે વગેરે કૈં કેટલું લખાયું. અરે, મનીષે તો જાહેર પણ કર્યું કે શિવાની ટીચર ઉપર આપણે એક પુસ્તક જ લખી નાંખીએ તો કેવું ? અને શિવાની ટીચર એમની આત્મકથા લખે તે પણ આપણે જ છપાવીને એમનો એક ભવ્ય લોકાર્પણ સમારોહ યોજીએ તો કેવું ? દરેક છોકરાંઓએ તાળી પાડી આ પ્રસ્તાવ વધાવી લીધો. ત્યાં પેલા હીરાના વેપારીઓએ ઊભા થઈને આ તમામ સભા – તમામ પુસ્તકો અને સમારોહનો તમામ ખર્ચો અમે આપીશું, એમ કહેતાંની વારમાં તો ફરી ઘર તાળીઓથી ગૂંજી ઊઠ્યું. એક વકીલ પણ રોકવો જે જરૂર પડે કેસ લડે. આ સૂચન થયું ત્યાં પાછળથી સુનીલ ઊભો થયો, 'અરે ! આટલો મોટો સુરતનો વકીલ અને શિવાની ટીચરનો લાડલો ભાવેશ ગાંધી આપણી વચ્ચે જ છે. હવે મિ. ગુપ્તાને કહો આવ... રમવા આવ... તારા એકેએક પાનાં ચિત્ત કરી, દાવ નિષ્ફળ કરનારો ગાંધી અમારી પડખે છે.'

ત્યાં તો 'હેલ્લો ફ્રેન્ડ્સ' કહેતો ભગીરથ દવે એક મોટું બૉક્સ હાથમાં લઈને આવ્યો અને એમાંથી દરેકને એક એક કપ આઇસક્રીમના પકડાવવા માંડ્યો.

'મિત્રો, આનંદ છે કે તમે બધાં આજે એક જ ફોનથી અહીં આવી પહોંચ્યા છો. હજી તમે આવતી કાલનું દરેક અખબાર મંગાવીને વાંચજો... તમને ઘણી વાતો જાણવા મળશે. આપણો કેસ ઘણો સબળ છે. મિ. ગુપ્તાને ન ઘરનો; ન ઘાટનો કરી દેતાં મને આવડે છે. અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળને જે સરપ્રાઈઝ આપવાની છે એ માટેની મીટિંગ કાલે મારા ઘરે રાખી છે. દરેકે પોતાનાં નામ–નંબર–સરનામાં આ નોટમાં લખીને શિવાની ટીચરને તેમ જ મને આપતાં જવાં જેથી કેટલાંક મજબૂત કામો કરી શકીએ.'

વારાફરતી બધાં જ પોતપોતાના ફોન નંબર તેમ જ સરનામું લખી... 'ટીચર, કંઈક કામ હોય તો કહેજો' એમ કહેતાં કહેતાં વિદાય થયાં. ફક્ત ભગીરથને એણે ઇશારો કરીને બેસવા જણાવ્યું. બધાંની વિદાય બાદ ભગીરથ તરત જ બોલ્યોં : 'મને ખબર છે, તમે મને કેમ બેસાડયો.'

'ભગીરથ, અખબારમાં એવું કંઈ જ ના છપાવીશ કે જેનાથી શાળાની ઇમેજ ખરાબ થાય. ઘડી ઘડી અખબારમાં પહોંચી મનમાં આવે એવું લખાવવું સારું નથી અને એ

પણ વિના કોઈ સત્ય જાણ્યા પહેલાં જ અખબારમાં ખરી–ખોટી મનઘડંત વાતો કે અનુમાન છપાવવાં.' 'પણ, ટીચર, હું પુરાવા વગર વાત કરનારાઓમાંનો નથી.' મોડી રાતે ભગીરથ ગયો, પણ કૈં કેટલાં એનાં મુખે બોલાયેલ વિધાનોએ આખી રાત જાગવા મજબૂર કરી. એમ પણ એને પ્રતીક્ષા હતી એક નવીન પ્રભાતની.

●

અનુક્રમણિકા

## 42

# ઑફિસનું તેડું

મળસ્કેલ લૉબીમાં છાપું ફેંકાયું... એ દોડી... અંદર આવીને ઝડપથી પેપર ખોલવા લાગી. ત્યાં પાછલા પાને મોટા અક્ષરે લખાયેલ– 'શું શિવાનીટીચરે આજ સુધી શિવ બનીને ઝેર જ પીધું છે ?' જે સંસ્થામાં શિક્ષિકાઓનું ખુલ્લેઆમ શોષણ થતું હોય એવી શાળામાં શું વિદ્યાર્થીનીઓ સુરક્ષિત રહી શકશે ?'

પેપર ફોડવાનો જેના ઉપર આરોપ મૂકાયો છે એ શિવાની ટીચરે ટ્રસ્ટીમંડળને જડબાંતોડ જવાબ આપી દરેકની બોલતી બંધ કરી દીધી. હવે વાંચો ખુદ શિવાની ટીચરે આપેલ જવાબ ખુદ એમના જ શબ્દોમાં.'

શિવાની તો કાપો તો લોહી ન નીકળે એવી દશામાં આવી ગઈ. કારણ કે, ગઈકાલે મીટિંગમાં એણે જે પુણ્યપ્રકોપ ઠાલવ્યો હતો તે અક્ષરશઃ છપાયો હતો અને અંતે લખાયું હતું : 'શું આટલી ઉદાત્ત વિચારસરણી ધરાવનાર શિવાનીબહેન પેપર ફોડી શકે ખરાં?! કે પછી આચાર્ય મિ. ગુપ્તાની કોઈ નવી ચાલ છે ? શિવાની ટીચરને પક્ષે એમના જ સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સમગ્ર સ્ટાફ છે, તો મિ.ગુપ્તાને પક્ષે માંડ બે ચાર શિક્ષકો અને બે ચાર ટ્રસ્ટીઓ.'

હું જ્યારે બોલતી હતી ત્યારે એવું કોઈ હાજર નહોતું કે જે અંદરની વાતો લીક કરી શકે તો પછી મીટિંગની તમામ વાતો અક્ષરશઃ બહાર કેવી રીતે ગઈ ?

ટ્રસ્ટીમંડળને તો મારા ઉપર જ શક થશે. કારણ કે, માત્ર મારા વિશે જ સારું લખાયું છે. થોડી ઘણી ટ્રસ્ટીમંડળની સહાનુભૂતિ હશે તે પણ કદાચ હવે મને નહીં મળશે. કદાચ હવે મારા પ્રત્યેનું વલણ બદલાઈ જશે. મિ. ગુપ્તા પણ હવે વટથી કહેશે; 'જોયું, હું નહોતો કહેતો, કે એની વાક્છટાથી પ્રભાવિત ના થઈ ફક્ત મારા પુરાવા જુઓ !'

અશ્વિન શિવાનીને પથારીમાં નહીં જોતાં બહાર આવ્યો. શિવાનીનાં હાથમાં અખબાર અને મોં ઉપર ચિંતા જોઈને એણે શિવાનીના હાથમાંથી છાપું લઈને વાંચવા માંડયું. શિવાનીએ ગુસ્સામાં ફોન જોડયો. 'ભગીરથ, તેં અને મનીષે ભેગા મળીને અખબારમાં આ બધું છપાવ્યું છે ને ? અખબારમાં જતાં પહેલાં તારે મને વાત કરવી જોઈતી હતી. બોલ, મિટિંગની વાતો તને કોણે કરી ? મને હમણાં ને હમણાં સાચી વાત કર, નહિતર હું સીધી મનીષના ઘરે પહોંચુ છું.'

'ટીચર પ્લીઝ... મનીષનો આમાં કોઈ હાથ નથી. આ વિગત મેં જ મનીષને એના અખબારમાં છાપવા આપી હતી. ઊલટું એણે તો મને કહ્યું હતું કે, શિવાની ટીચરને પૂછયા વિના એમની કોઈ પણ વાત આપણાથી ન છાપી શકાય.

ટીચર, મેં અવિનાશ સર તેમ જ પટાવાળા ધનીરામને ફોડયા હતા. ધનીરામ તો તમારો પૂરો ભગત નીકળ્યો. 'શિવાની ટીચરનાં હિતનું કોઈ પણ કામ કરવા તૈયાર છું' અને અવિનાશ સરે તો તરત જ હા કહી દીધી. હું એક નાનકડી બૉલપેન જેવું ટેપ એમને આપી આવ્યો હતો. અવિનાશ સરે મીટિંગ ચાલુ થાય તે પહેલાં ધનીરામને સ્વીચ ઑન કરી ટેબલ પર મૂકલે બન્ને ફૂલદાનીમાં એક એક ટેપ સંતાડીને કેમ મૂકવાં એ શિખવાડી દીધું હતું. બસ, એ ટેપ મારા સુધી પહોંચી અને અમને પણ સત્યાસત્ય સુધી પહોંચવાનો પુરાવો મળી ગયો. ટીચર, હવે શાંતિ રાખજો અને અમારામાં વિશ્વાસ રાખજો. અમને ખબર જ હતી કે તમને અમારી પદ્ધતિ ગમવાની નથી જ. પણ, અખબારમાં જવાની શરૂઆત સામે પક્ષે કરી હતી એટલે જવાબ આપવો, સત્યને સમાજ સામે ખોલવું એ આપણો ધર્મ બને છે. ટીચર, તમે જ કહેલું ને કોઈ કૂતરાને વારંવાર ગધેડો કહ્યા કરે તો કૂતરો એક દિવસ સામાવાળાને ગધેડાસ્વેરૂપે દેખાવા લાગે. કોઈ તમને વારંવાર ખોટાં ચીતરે કે જે તમે નથી, પણ છતાં વારંવારના જુઠ્ઠેજુઠ્ઠા આરોપથી તમને લોકો શંકાની નજરે જોવા માંડે એ અમે હરગિઝ નહીં થવા દઈએ. ટીચર, આ લડત પત્યા પછી તમારી દરેક સજા હું ભોગવી લઈશ, પણ આ લડત હું તમને જીતીને જ બતાવીશ.

ટીચર, તમે કહેતાં હતાં ને કે મને તો સત્-અસત્ ને પેલે પાર એક એવી દુનિયા ગમે છે જ્યાં માત્ર ને માત્ર નરી નિર્દોષતા જ હોય, જ્યાં કોઈ સ્વાર્થ, કોઈ લુચ્ચાઈ કે કોઈ

પણ જાતના કલહ નહિ હોય. બસ, એક નીરક્ષીર ન્યાયયુક્ત સાવ નિર્મળ ઉપવન... કે જ્યાં ફૂલો પોતાની રીતે જ પાંગરે, પમરે... અને જગતને સુગંધિત બનાવે ! ટીચર, હવે એ ઘડી પણ સાવ નજીક જ છે થોડી ધીરજ રાખજો. આપણે બે દિવસ બાદ ફરી મળીશું. અને ત્યારે ફરી તમને સરપ્રાઈઝ આપીશ. ચાલો ટીચર, તમારો પણ સ્કૂલે જવાનો ટાઇમ થયો. મોડાં પહોંચશો તો ફરી પાછો એક નવો મેમો મળશે અને મિ. ગુપ્તાનું શેર લોહી વધી જશે તે નફામાં !'

શિવાનીને તો કહેવું હતું કે મને મારી લડાઈ જાતે જ લડવા દો. પણ હજી એ કંઈ કહે તે પહેલાં જ ભગીરથે ફોન કટ કર્યો અને પછી વારંવાર કરવા છતાં સ્વિચ ઑફ એવો મૅસેજ સામેથી આવવા લાગ્યો. કદાચ ભગીરથ પણ જાણતો જ હશે કે ટીચર સાથે વધુ વાત કરીશ તો ટીચર મને કોઈ નવા જ વચનમાં બાંધી લેશે અને હું ટીચરનું વચન ઉથાપું એટલો સામર્થ્યવાન પણ નથી જ. એમના હરેક બંધન અમારા સર આંખો પર... અને વચન પણ ખરાં જ...

♦♦♦

આજે એણે કાઢેલું ત્રીજું પેપર ધોરણ નવમાનું. એમાં કોઈ ભૂલ ન નીકળે તો સારું. એક તો છાપાએ એની સવાર બગાડી હતી. અશ્વિનને ખબર હતી કે શિવાની ભલે સ્વસ્થ હોવાનું બતાવે છે પણ અંદરથી વિહ્વળ બની ગઈ છે. બા–બાપુજી પણ આખી રાત પ્રાર્થના કરતાં જ સૂતાં હતાં. એમણે તો આવું વિશ્વ કયારેય જોયું જ નહોતું. એટલે અંદરથી સાવ ડઘાઈ ગયાં હતાં. મળસ્કેં ઊઠીને જ બાએ શિવાનીનો લંચબૉક્સ ને વૉટરબૅગ તૈયાર કરી દીધાં હતાં. શિવાની ઝડપથી નાહીધોઈને જવા નીકળી કે બાએ હાથમાં નાસ્તાની બૅગ પકડાવી કહ્યું : 'કાલે પણ બરાબર ખાધું નથી; આજે આ નાસ્તો પાછો ના લાવતી. તને ભાવતું બનાવ્યું છે. બાનો પ્રસાદ સમજીને ખાઈ લેજે. સમજી ? ઉપરવાળો બધું ઠીક કરશે... એમના ઉપર વિશ્વાસ રાખજે બેટા !'

પાછળથી અશ્વિન બોલ્યો : 'શિવાની, તને સ્કૂલે મૂકવા આવું ?'... શિવાનીએ અશ્વિનની આંખોમાં એના તરફથી ચિંતા અને પ્રેમ જોયાં. પણ એ તરત જ બોલી, 'અશ્વિન, હજી સ્કૂટર હાંકવાની તને ડૉક્ટરે ના પાડી છે અને એમ પણ હવે તારી ગાડી જ હાંકવાની

છે. મારું એરિયર્સ આવવાનું છે તેમ જ લડત જીતીશું તો તારો આજ સુધીનો પગાર પણ હું વ્યાજ સાથે વસૂલ કરવાની છું....'

ઘરમાં એના ગયા પછી પણ વાતાવરણ હળવું રહે એ માટે એણે આ વાત વહેતી મૂકી દીધી. એમ પણ એને લાગેલી આગનો તિખારો બીજાને ન લાગે એ જોવાનું એ ક્યારેય ચૂકી નહોતી અને એની એ જ સભાનતા માટે અશ્વિન તેમ જ બા–બાપુજીને એના તરફ માન હતું.

શિવાની શાળાએ પહોંચી તેવું જ ઑફિસનું તેડું આવી ગયું. 'આજે છાપામાં જે કંઈક આવ્યું છે તે તમે પ્રેસને મોકલાવ્યું હતું ! શિવાનીએ જવાબમાં માત્ર એટલું જ કહ્યું કે 'જેણે આ કામ કર્યું છે એમનું નામ હું પછીથી આપીશ અને હા, મેં નથી આપ્યું એ વાત નક્કી છે. બને તો તમે શોધી કાઢો કે પ્રેસમાં શાળાના સમાચાર કોણ પહોંચાડે છે ?'

'આ શાળામાં હવે ઘણાં બધાંનાં દહાડા ભરાઈ ગયા છે – સમય આવ્યે એ બધાંને હું જોઈ લઈશ.'

'મિ. ગુપ્તા, તમે કેટલા દુશ્મન ઊભા કરશો અને કેટલાને જોઈ લેશો ? પણ એ કરતાં પહેલાં પોતાની જાતને જ જોઈ લેતા હો તો કંઈ નહીં તો તમારું તો ભલુ થશે જ થશે. અને હા મિ. ગુપ્તા, હવે પછી હું તમારા દરેક ફાલતુ સવાલોના જવાબ આપવા બંધાયેલી નથી. શિક્ષણને લગતા પ્રશ્નોના જવાબ જ માત્ર આપીશ, સમજ્યા ?'

શિવાની જેટલી ઝડપથી ઑફિસમાં આવી હતી તેના કરતાં વધારે ઝડપથી અને રૂઆબથી બહાર નીકળી ગઈ. બહાર નીકળતી વેળાએ એણે મિ.રાજન તેમ જ મિ. ગુપ્તાના ખાસમખાસ બે–ચાર ટ્રસ્ટીને અંદર દાખલ થતાં જોયાં.

લાઇબ્રેરીની બહાર અવિનાશ સામે મળ્યો, પણ એણે મોં ફેરવી લીધું. અવિનાશે એની પાછળ પાછળ ચાલતાં કહેવાં માંડયું : 'શિવાની, હું ના પાડત તો પણ ધનીરામ પાસે તો ભગીરથ આ કામ કરાવવાનો હતો. અને અખબારમાં છપાશે તો જ આવા વરુઓ ખોટું કરતાં ડરશે. શિવાની, સત્–અસત્ બન્ને ઉજાગર કરવાની જરૂર છે. અખબાર દ્વારા એ કામ થાય

તો જ સમાજનાં દરેક ક્ષેત્રમાં લાગેલો સડો દૂર થશે અને એમાં ખોટું પણ શું છે ? આખા શહેરમાં ગઈકાલે લોકોને પેપર ટ્યૂશન વધારવા માટે ફોડ્યું એવી સમજ હતી પણ આજે તારી સ્પીચ છપાયા બાદ લોકો સત્ય જાણવા આતુર બન્યા છે. લોકો તારી વાહવાહ કરે છે... મળસ્કેથી મારો ફોન ચાલે છે – ઘણા બધા તને મળવા માંગે છે. તને જોવા માંગે છે. શિવાની તું પીડિત સ્ત્રીઓની આઇકોન બની ગઈ છે. શિક્ષકોમાં પણ તું મુઠ્ઠી ઊંચેરી સાબિત થઈ છે. તેં અને અશ્વિને જે સહન કર્યું છે તે વાત સમાજ તેમ જ શિક્ષણ આલમ જાણે એ જરૂરી છે. સમાજ માત્ર શિક્ષકો પાસે નૈતિકતા તેમ જ મૂલ્યોનની અપેક્ષા જ શા માટે રાખે છે? જે શિક્ષકો સમાજને જ્ઞાન પ્રદાન કરે છે એ પણ સામાજિક, આર્થિક, શારીરિક તેમ જ માનસિક રીતે પીડાતાં હોય છે... અને એ પીડાવા છતાં સોએ બે–ચારને બાદ કરી બાકીના શિક્ષકો એમનું કાર્ય સુપેરે કરે જ છે. માત્ર ઉપરછલ્લાં નિરીક્ષણથી નહીં, પણ શિક્ષણ આલમની અંદર તટસ્થતાથી ડોકિયું કરવાની સમાજની પણ ફરજ છે. જે શિક્ષક ઉપર સમાજ ટકેલો છે તે જ સમાજે એ પાયાને પણ મજબૂત કરવો જ રહ્યો. શિક્ષણની આખે આખી સિસ્ટિમમાં જ સડો પેસી ગયો છે. જરૂર તો છે આખી સિસ્ટિમને સુધારવાની. તારી સ્પીચ છપાવવી જ જોઈએ. એમ પણ શાળાની બદનામી કરવાની હતી એટલી બદનામી મિ. ગુપ્તાએ કરી દીધી જ છે.’

એટલામાં બહારથી કૅમેરા સાથે પ્રેસ રિપોર્ટરનું એક ટોળું આવી પહોંચ્યું. દરેકને શિવાનીનો ઇન્ટવરવ્યુ લેવો હતો, પણ અવિનાશે એ બધાંને પૂરી સિફતથી મિ. ગુપ્તાની ઑફિસ તરફ રવાના કરી દીધાં. શિવાની ઝડપથી સ્ટાફરૂમમાં સરકી ગઈ. આજનું પેપર હેમખેમ પતી ગયું. આખી શાળામાં શિવાનીએ આપેલ સ્પીચ અને તેમાં કરેલા ખુલાસા અને કેટલાક ગર્ભિત ઇશારા કોઈક સ્કૅન્ડલ કે ચોંકાવનારી વાત બહાર આવવા તરફ ઇશારો કરતાં હતાં. હવે એ જોવાનું રહ્યું કે શિવાની પાસે એવી તે કઈ વિગત હશે જે બહાર આવે તો શિક્ષણજગતને તેમ જ શાળાને પણ લાંછન લાગે ?

•

અનુક્રમણિકા

**43**

# નેહા–વસુધા અને શિવાની

શાળા છૂટયા બાદ નેહા અને વસુધા પાર્કિંગમાં મળી ગયાં. એમણે કંઈક કહેવું હતું, પણ જીભ ઊપડતી નહોતી. શિવાનીએ એ બંનેને પોતાના ઘરે આવવાનો ઇશારો કર્યો. નેહા અને વસુધા બંને સગપણમાં પિતરાઈ બહેનો હતી. ઘરમાં ખાવાનાં ફાંફાં. નેહાને તો સાવકી માનો જુલમ; ઉપરથી બીજી એક નાની બહેન રિક્તાને ભણાવવાની જવાબદારી. સાવકી મા એનો આખો પગાર ખિસ્સામાં મૂકી દે. રિક્તાની ફી સુધ્ધાં આપવા તૈયાર નથી. બંને બહેનોનાં મોંઘવારીમાં પેટ ભરું છું તે ઓછું છે. પિતાજી તો બિલકુલ નરસિંહ મહેતા જેવા, ઉપરથી એકાધિક જાતના રોગોના ભોગ બનેલા. ઘરમાં બાર સાંધે ને તેર તૂટે.

ત્રણે જણાં ઘરે પહોંચ્યાં. વસુધાએ નેહાને બધી વાત જણાવવા કહ્યું. નેહા ગભરાતી ગભરાતી બોલી, 'શિવાનીબહેન, અમારો પગાર... પગાર...' પછી એની જીભ થોથવાવા લાગી. શિવાનીએ એના ખભે હાથ મૂક્યો, 'નેહા, વાત તદ્દન ખાનગી રહેશે. તારુ મન ખાલી કરી દે... છેલ્લા ઘણા દિવસથી તારે મને કંઈક કહેવું છે. આજે અહીં મારા ઘરમાં તું સાવ સલામત છે.'

'શિવાનીબહેન, અમારો પગાર 5,000 રૂપિયા નક્કી થયો હતો. અમારે 5,000 ના પગારબિલ પર સહી કરવાની, પણ...' 'પણ શું?' 'પણ... અમને 3,000 રૂપિયા જ મળે છે. મિ. ગુપ્તા કહે છે, મેં તમને નોકરી આપી છે, વાત બહાર જશે તો તમે નોકરીમાંથી છૂટા...'

શિવાની ગુસ્સામાં રાતીચોળ થઈ બોલી : 'કાયદો શું એના ઘરનો છે ? એ માતેલા સાંઢના દહાડા ભરાઈ ગયા સમજ. નોકરીની શરૂઆતથી તારા નીકળતા પૈસા ન અપાઉં તો મારું નામ શિવાની નહીં...'

ત્યાં વસુધા બોલી : 'નેહા, બીજી વાત પણ કરી દે. ગભરાવાની જરૂર નથી' પણ નેહાથી ન બોલાયું. બસ, એ જોરથી રડી પડી.

'વસુધા, તું કહે... તારી બહેન છે તો તું બધું જાણતી જ હશે ને ?'

વસુધાએ નેહાની આપવીતી જણાવતાં કહ્યું : 'નેહાની બહેન રિક્તા... રિક્તાને વગર ડોનેશને મિ. ગુપ્તાએ ઍડ્મિશન આપ્યું હતું અને ટ્યૂશન માટે પણ ઘરે બોલાવી ટ્યૂશન ફી લેતા નહોતા.'

શિવાની ચમકી; એ બોલી, 'મિ. ગુપ્તા ટ્યૂશન કરે છે ? આચાર્યથી ટ્યૂશન ન થઈ શકે એવો કાયદો ઘડાયો છે....'

'હા... પણ... એ ટ્યૂશન મિ. રાજન સાથે મળીને કરે છે. અહીં દરેક શિક્ષકે ટ્યૂશન કરવાં હોય તો ટ્યૂશનમાંથી 25 ટકા ભાગ મિ. ગુપ્તાને આપવો પડે છે અને તો જ એ શિક્ષક ટ્યૂશન કરી શકે અને જો ભાગ નહીં પહોંચે તો એ શિક્ષકને જીવવું ભારે પડી જાય. મા વગરની રિક્તા અને નેહા ઉપર ઉપકાર તો કર્યો. પણ....' 'પણ શું ? વસુધા અટકી કેમ ગઈ ? જલ્દી બોલ.'

'પણ... પણ... ટ્યૂશન દરમિયાન મિ. રાજન રિક્તાને ફસાવીને...' એ આગળ ન બોલતાં ફક્ત ધ્રુસકે ધ્રુસકે રડી પડી. નેહાની સાથે વસુધા પણ ક્યાં સુધી રડતી રહી. શિવાની પૂરા આક્રોશ સાથે મુઠ્ઠી ટૅબલ ઉપર અફાળતાં બોલી : 'શિક્ષકના વેશમાં વરુઓ છે વરુઓ. એ બંનેને પાઠ ભણાવવો ખૂબ જરૂરી છે, નહિતર એ બંને પોતાની સાથે સાથે આખી શાળાને ડુબાડશે. એ બંનેને તો હું જોઈ લઈશ અને જે ટ્રસ્ટીઓની મિલીભગત છે એમને પણ હું જોઈ લઈશ.'

'નેહા, આ સમસ્યા ખૂબ ગંભીર છે. હવે એ કહે કે, રિક્તા સાથે....'

'રિક્તા ન તો સ્કૂલે આવે છે કે ન તો ટ્યૂશને ! સાવકી મા એની પાસે ઘરના ઢસરડા કરાવે છે અને બે દિવસથી તો મારઝૂડ પણ કરે છે. હવે તો નથી બોલતી કે નથી રડતી સુધ્ધાં ! નથી બરાબર ખાતી, નથી હસતી કે નથી રડતી.'

'એ બધી વાત છોડ... નેહા, રિક્તા સ્કૂલે કે ટ્યૂશને આવવા તૈયાર નથી એનો અર્થ કે... એનો અર્થ... તો... એમ જ થાય કે.... ક્યાંક ને ક્યાંક એનું ગંભીર શોષણ થયું છે...' શિવાની તરત ઊભી થઈ ગઈ અને નેહાને કહ્યું : 'ચલ નેહા, મને જલદી રિક્તા પાસે લઈ જા. એવું ન થાય કે કદાચ આપણે એને સમજવામાં જ મોડાં પડીએ !'

નેહાને ઘરે પહોંચ્યા તો ત્યાંનુ દ્રશ્ય જોઈને શિવાની તો ડઘાઈ જ ગઈ. ત્રણ–ચાર ડોલ ભરીને કપડાં, ગામ આખાનાં વાસણના ઢગલા વચ્ચે રિક્તા માંડ માંડ હાથ હલાવી રહી હતી.

શિવાનીએ પાછળથી જઈને એના ખભે હાથ મૂક્યો. ખભો સહેજ ગરમ લાગ્યો. એણે તરત એનો ગાલ અડી જોયો. રિક્તાનું શરીર લાવાની જેમ ધગધગતું હતું. શિવાની ટીચરને આવેલાં જોતાં જ રિક્તા ગભરાઈ ગઈ. શિવાનીએ એના હાથ ધોવડાવીને ખૂબ પ્રેમથી એને ત્યાંથી ઊભી કરી અને નેહા તેમ જ વસુધાને રિક્તાનું કામ પૂરું કરવા સમજાવ્યું.

અંદરના ઓરડે જઈને એણે ઓરડો બંધ કરી દીધો અને થોડી વાર એણે રિક્તા સામે જોયા કર્યું. રિક્તાના શરીરમાં આવેલા ફેરફાર પણ એની આંખથી છટકી શક્યા નહીં.

કોટ વિસ્તારની બહાર નવી નવી ખુલતી જતી ઍરકન્ડિશન્ડ શાળાઓ તેમ જ રહેણાંક શાળાઓને કારણે શહેરની અંદર શાળાઓમાં વર્ગો ઘટતા જતા હતા અને વર્ગ ઘટવાના કારણે શિક્ષકો પણ ફાજલ થઈ રહેલા હતા. ધોળાહાથી જેવી સ્કૂલ કૉલેજ ટ્રસ્ટીમંડળે ઊભી તો કરી દીધી હતી પણ વિદ્યાર્થીઓની સંખ્યા સાવ ઘટી જવા પામી હતી, અને એટલે જ ટ્રસ્ટીમંડળે છેલ્લાં બે વર્ષથી શાળામાં છોકરીઓનો પ્રવેશ શરૂ કર્યો અને એ પહેલા વિદ્યાર્થીઓના બૅચમાં રિક્તા પણ શાળામાં દાખલ થયેલી.

ગરીબાઈ પણ કેટલો મોટો અભિશાપ છે એ નેહા, વસુધા, રિક્તા, રોઝી જેવી અનેક મહિલાઓનાં કમ્મરતોડ સંઘર્ષ અને શોષણ તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ ત્યારે જ ખબર પડે. 5,000 ના પગારમાંથી 3,000 રૂપિયા જ મળે અને 2,000 આચાર્યના ખિસ્સામાં ! ઉપરવાળાની રહેમનજર હશે તો જ આવાં સ્કૅન્ડલ ચાલતાં હશેને ?

'આર્થિક શોષણ સુધી તો ચાલો ભાઈ સમજ્યાં, પણ એક નાનકડી વિદ્યાર્થીની કે જે ગુરુ પાસે જ્ઞાન લેવા આવે છે એનું આવું શોષણ ?!'

રિક્તાનાં શરીરે એણે પ્રેમથી હાથ ફેરવ્યો. પોતાના પાકીટમાંથી તાવ ઉતારવાની દવા કાઢી એને આપી અને પછી ધીમે રહીને એનો હાથ પોતાનાં હાથમાં લઈને શિવાનીએ પ્રેમપૂર્વક કહ્યું : 'રિક્તા, તારા મનની વાત તું બિલકુલ ડર્યા વિના મને કહી શકે છે. હું તારી કરેલી દરેક વાત પૂરેપૂરી ખાનગી રાખીશ. તું સ્કૂલે તેમ જ ટ્યૂશને જતી નથી. કંઈક તો કારણ હશે ને ? તને રાજન સર મફત ભણાવે છે અને તારી સ્કૂલ ફીમાં પણ માફી અપાવી છે. આટલી બધી તને રાજન સર મદદ કરે છે. તો પછી તું કેમ એમના ઘરે ભણવા...'

વાત તો અધૂરી જ રહી ગઈ. અને અધવચ્ચે જ રિક્તાએ પોક મૂકી... અંદર ગોરંભાયેલો ડૂમો શિવાનીનાં ખોળામાં વહી રહ્યો. સહેજ શાંત થયા બાદ... રિક્તાએ, રાજન સરે ફીના બદલામાં કયા પ્રકારનું શોષણ કર્યું છે અને હવે તો મરવા સિવાય કોઈ આરો નથી, એમ કહી એણે ફરી રડવું શરૂ કર્યું. ક્યાં સુધી એણે એના માથે હાથ ફેરવ્યા કર્યો. પછી શિવાનીએ એને બેઠી કરી કહ્યું : 'જો રિક્તા, તું ધ્યાનથી સાંભળ. પહેલાં તો તારે મન મજબૂત કરવું પડશે અને નિયમિત સ્કૂલ, ટ્યૂશન જવું પડશે. ઘરમાં પડી રહેશે તો તારી સાવકી મા કામના ઢસરડા તેમ જ મારઝૂડ કરશે તે નફામાં. બીજી વાત એ કે એક વાર ભણવાની ઉંમર નીકળી જશે તો ફરી વાર ભણવાની તક મળશે કે કેમ ? ચાહે તો ટ્યૂશન છોડી દે, પણ સ્કૂલે તો તારે જવું જ રહ્યું. સાંજે ડૂબેલો સૂરજ સવારે ફરી ઊગવાનો જ છે એટલે ભલે તને આજે અંધારું લાગતું હોય, પણ આવતીકાલે તને નવી રોશની ચોક્કસ મળવાની જ છે. એવી પૂરી આસ્થા સાથે હિંમતભેર ભણવાનું ચાલુ કર. તારા પ્રશ્નો, તારી સમસ્યાનો ઉકેલ હું જેમ બને તેમ જલદી લાવીશ. બસ, જરૂર છે હવે તારી ધીરજની.'

ક્યારનાં બારણું ખોલી નેહા અને વસુધા પણ પાછળ આવીને ઊભાં રહી આ બધું સાંભળી રહ્યાં હતાં; અવિરત ચોધાર આંસુ વહાવી રહ્યાં હતાં.

'તું ધરીજ રાખશેને ! હિંમતપૂર્વક સામનો કરશે ને ?' એમ ફરી વાર શિવાનીએ રિક્તાને કહ્યું કે તરત જ રિક્તા ફરી રડી ઊઠી. 'પણ... પણ....' 'પણ શું રિક્તા ?.... મને

ખબર છે કે, તારે શું કહેવું છે… પણ મારે તારા મુખે સાંભળવું છે… જે તારી બહેન નેહા તેમ જ વસુધાને પણ દેખાયું નથી તે મને દેખાયું છે. બોલ દીકરી બોલ… તારા દરેક પ્રશ્નનો ઉત્તર મારી પાસે છે. સમસ્યાનો ઉકેલ પણ.'

શિવાનીએ ધીમે રહીને એનો હાથ રિક્તાના પેટ ઉપર પસવાર્યો. 'રિક્તા… તારે… આ જ કહેવું છે ને કે જે તું કહી નથી શકતી….' એક સાથે ત્રણે બહેનોના ડૂસકાંઓનાં ત્રિવેણી સંગમે વાતાવરણ સાવ નિઃસ્તબ્ધ તેમજ ગમગીન બનાવી દીધું.

નેહા અને વસુધાએ દોડીને રિક્તાને મારવા માટે હાથ ઉગામ્યા, પણ શિવાનીએ બંનેના હાથ પકડી લીધા અને લગભગ બરાડતાં બોલી ઊઠી : 'એ તો નાદાન હતી, પણ તમારી બુદ્ધિ, તમારું ભણતર કે ડહાપણ કશું જ કામ ન લાગ્યું. અરે ! રાજન સર જેવાને ઘરે કાંઈ ટ્યૂશન માટે મોકલાય ? મદદ લીધી તે પણ એક અધર્મીની !'

'તમારું શોષણ શું ઓછું હતું તે નાનકડી દીકરીને હિંસક પ્રાણીના મુખમાં ધકેલી દીધી ? સાવકી માથી બચાવવા આખો દિવસ સ્કૂલ–ટ્યૂશને મોકલી એક વાઘના મુખમાંથી બીજા વાઘના મુખમાં ધકેલી ! અને ફીનો પ્રશ્ન જ હતો તો તમે મને કેમ ન કહ્યું ? પાસે બેઠાં, સાથે ખાધું, આટલી મિત્રતા હતી તો પછી આ મિત્રની મિત્રતા અજમાવી તો જોવી હતી. મિત્રતા આખરે શાને માટે હોય છે ભલાં!.....'

•

અનુક્રમણિકા

44

# રિક્તાનો શો વાંક ?

'સાવકી મા ના જાણે તેમ આપણે એક એક કદમ ફૂંકી ફૂંકીને ચાલવું પડશે.' રિકતાના હાડપિંજર જેવા શરીર ઉપર એનું પેટ કોળાની જેમ ઉપસી આવ્યું હતું. એ વારે વારે ઓઢણીથી એનું પેટ ઢાંકતી હતી, પણ શિવાનીની નજરથી એ વાત છુપાવી શકી નહોતી. રિક્તાના કહેવા પહેલાં જ એને બધી વાતનો ખ્યાલ આવી ગયો હતો. 'સ્કૂલમાં પણ કોઈને આ વતાની ગંધ સુધ્ધાં ન જાય એની કાળજી રાખવી રહી.' શિવાનીએ વર્ષો પહેલાં ભણી ગયેલા વિદ્યાર્થીને ફોન જોડયો. શિવાની પાસે એ દર ગુરુપૂર્ણિમાએ પગે લાગવા નિયમિત આવે. ડૉ. નીરવ ચાઇલ્ડ સ્પેશ્યાલિસ્ટ, પણ એની પત્ની ગાયનેક. શહેરમાં ધીખતી પ્રૅકટિસ, ખૂબ મોટી હૉસ્પિટલ.

ઘર બંધ કરાવી ચાવી બાજુમાં પડોશીને આપી. ચારે જણાં હૉસ્પિટલ પહોંચ્યાં. નીરવ તો ટીચર આવવાનાં અને તે પણ અચાનક, એટલે શું કરું ને શું ન કરું એ દ્વિધામાં દરવાજે આવીને ઊભો રહી ગયો.

શિવાની ટીચરને રિક્ષામાંથી ઊતારીને પહેલાં પગે લાગ્યો. રિક્ષાનું ભાડું પણ એણે જ આપી દીધું અને પોતાની ઑફિસ તરફ દોરી ગયો. 'નીરવ, તારી અને તારી પત્નીની કારર્કિદી વિશે ઘણું સાંભળ્યું છે અને સાંભળીને મનમાં આનંદ તેમ જ ગૌરવની લાગણી અનુભવી છે. આજે તારી આવડી મોટી હૉસ્પિટલ જોઈને મારો આનંદ અનેકગણો બેવડાઈ ગયો છે.'

'ટીચર, તમારા આશીર્વાદ અને પ્રોત્સાહન વિના આ બધું ક્યાં શક્ય બનત ?! બોલો ટીચર, હું આપની શી સેવા કરી શકું ?'

'નીરવ, આજે તારી નહીં, પણ તારી પત્નીની સેવાની જરૂર પડી છે.' ત્યાં જ નીરવની પત્ની ડૉ. રૂપાલી એક ઑપરેશન પતાવીને આવી પહોંચી. નીરવે રૂપાલીનો પરિચય કરાવ્યો. શિવાનીએ સમગ્ર વાત અત્યંત ગોપનીય રાખવાની શરતે રિક્તાની તમામ વાત કરી.

નીરવ અને રૂપાલીએ પૂરી હમદર્દી સાથે સમગ્ર કામ પાર પાડવાની ખાતરી આપી. ડૉ. રૂપાલી રિક્તાને લઈને અંદરના તપાસ રૂમમાં ચાલ્યાં ગયાં.

અડધો કલાક વીતી ગયો. શિવાની, નેહા તેમ જ વસુધાની ધીરજ ખૂટી રહી હતી, ત્યાં જ ડૉ. રૂપાલી અને રિક્તા આવી પહોંચ્યા. નીરવે રૂપાલી સાથે અંગ્રેજીમાં, તો થોડીક ડૉક્ટરી ભાષામાં વાતચીત કરી.

બિલકુલ ગંભીરતાથી ડો. રૂપાલીએ શિવાનીને કહ્યું : 'ટીચર, આ કેસમાં હવે ગર્ભપાત શક્ય નથી, એટલે પૂરે મહિને જ બાળકનો જન્મ કરાવી શકાશે. રિક્તાને પૂરા છ મહિનાનો ગર્ભ છે. મા અને બાળક બંનેનું પોષણ નહીંવત્ છે. છેલ્લા મહિનાથી આ દીકરી ખાતી નથી કે શું ?' શિવાનીએ તીક્ષ્ણ નજરે નેહા તેમ જ વસુધા સામે જોયું. નેહા તેમ જ વસુધાની આંખોમાં ગરીબાઈ તેમ જ લાચારી સામેની નિઃસહાયતા ડોકાઈ રહી હતી. કોણ કોને મદદ કરે ?

'હવે પછી શું ?' – એ પ્રશ્ન મોં વકાસીને એમની વચ્ચોવચ્ચ ઊભો હતો અને બધાંની બોલતી સાવ બંધ હતી. ત્રણે બહેનોની આંખો પણ હવે સાવ કોરીધાકોર બની ગઈ હતી. એમ પણ અંદરથી બહાર આવવા માટેય હવે કંઈ બચ્યું નહોતું !

હજી ધોરણ નવ પાસ કરી ધોરણ દસમાં ભણતી રિક્તા... હજી જેને પાંચીકા એટલે શું ? એ પણ પૂરેપૂરી ખબર નથી. સાવ નાદાન... અલ્લડ... પાંગરતી કુમળી વેલ જેવી રિક્તાનાં શરીરનું તો જાણે રક્ત પણ સાવ સુકાઈ ગયું હોય એમ ટગર ટગર સામે દીવાલની ઘડિયાળની ટક ટક તેમ જ વહેતા સમયના કાંટા વચ્ચે રહેંસાતા શ્વાસની ગતિનાં તાલમેળને સ્ટેચ્યૂ થયેલા પૂતળાંની જેમ અપલક નયને તાકી રહી હતી. વાસ્તવિક જિંદગીનો ભૂંડો વેશ આ રીતે પણ ભજવાઈ શકે એની તો એ નાદાનને ભલા ખબર પણ ક્યાંથી હોય ? ભલભલા શાણા માણસો પણ પોતાની જિંદગીના વેશપલટા વચ્ચે ગોથાં ખાઈ જતાં હોય છે, ત્યાં રિક્તાનું રહેંસાવું એટલે એક માત્ર યક્ષપ્રશ્ન – 'હવે પછી શું ?'

નેહા તેમ જ વસુધાએ અચાનક ડૉ. રૂપાલીના પગ પકડી લીધા. 'પ્લીઝ ડૉક્ટર, અમારી બહેનની જિંદગીનો સવાલ છે. તમે ધારો તો કંઈ પણ કરી શકશો, પ્લીઝ ડૉક્ટર... કંઈક કરો... રિક્તાને આ ઝંઝટમાંથી છોડાવો.'

ડો. રૂપાલીએ નેહા તેમજ વસુધાને પોતાની પાસે બેસાડીને કહ્યું : 'બહેન, ડૉક્ટર એ કંઈ ભગવાન નથી કે ધારે તે કરી શકે. પ્રશ્ન હવે બબ્બે જીવોનો છે. પાપ અને પુણ્ય તો બાજુ ઉપર રહ્યું, પણ હવે જીવ બચાવવો, એમને પોષણ આપી એમને નવું જીવન અને નવું આકાશ આપવું એ આપણો ધર્મ બની રહે છે. રિક્તા નાદાન છે, આપણે તો નાદાન નથી જ. અને હું મારો ડૉક્ટરી ધર્મ કોરાણે પાડવા તૈયાર નથી. હા, એની માવજતની તમામ જવાબદારી લેવા હું તૈયાર છું. છેલ્લે સુધીની તમામેતમામ જવાબદારી હું લેવા તૈયાર છું.'

'હું પણ તૈયાર છું, પણ એ પહેલાં શિવાની ટીચરનું શું માનવું છે તે જાણી લેવું જરૂરી છે.' ક્યારની શિવાની ચૂપચાપ બેઠી હતી, એટલે નીરવે શિવાનીને એની તંદ્રામાંથી જગાડી.

'નીરવ–રૂપાલી, તમે બંને એક સજાગ અને સંસ્કારી ડૉક્ટર પુરવાર થયાં છો. મને આનંદ છે કે, અમે એક યોગ્ય સલાહકાર તેમ જ હિતેચ્છુ પાસે આવ્યાં છીએ. તમારી મદદ તો અમે લઈશું જ. પણ હું એવું વિચારતી રહી હતી કે, રિક્તાને હું મારી બા પાસે અમારા આશ્રમમાં થોડો સમય મોકલી આપું, ત્યાંથી જ એ ધોરણ – દસમાનું ફૉર્મ ભરીને પરીક્ષા પણ આપશે અને દરેક વાત ખાનગી પણ રહેશે. આ વાત આપણા છ જણ વચ્ચે જ રહેશે. હવે નક્કી રિક્તાએ કરવાનું છે કે અહીં રહેવું અને સમાજનો સામનો કરવો કે પછી અમારા આશ્રમના સંસ્કારી શિષ્ટ વાતાવરણમાં ભણવું ?'

'આપણે રિક્તાને વિચારવાનો સમય આપીએ.'

ડૉ. રૂપાલીએ થોડીક દવાઓ તેમ જ વિટામિન્સ–મિનરલની ગોળીઓ લાવીને નેહાને આપી અને કઈ કાળજી લેવી તે વાતો સમજાવી.

ઊઠતી વેળા શિવાનીએ પોતાના પાકીટમાંથી એક કવર કાઢી રૂપાલીને આપ્યું. પણ રૂપાલી અને નીરવ શિવાનીને પગે પડે છે અને કવર પાછું આપતાં રૂપાલી કહે છે : 'તમે નીરવના ટીચર એટલે મારાં ટીચર, મને પણ આકારવામાં મારાં ટીચરનો ફાળો હંમેશાં મહત્તમ રહ્યો છે અને આવો ગુરુદક્ષિણાનો લહાવો તો ટીચર, ક્યારેક જ મળતો હોય છે અને હા, અમે તમારા એક ફોને જ્યાં કહેશો ત્યાં હાજર થઈ જઈશું.' 'કમાણીના આનંદ કરતાં પણ સેવાનો આનંદ તો ટીચર અદકેરો જ હોય છે એ વાત પણ તમે જ શીખવેલી ને ચરિતાર્થ પણ આજે તમે જ કરાવી ટીચર... ટીચર...' બોલતાં બોલતાં નીરવ જાણે ગળગળો થઈ જતો હતો. પોતાની જ ગાડીમાં બેસાડી નીરવ ઠેઠ શિવાની તેમ જ નેહા–વસુધા–રિક્તાને એમનાં ઘર સુધી મૂકી ગયો.

લડાઈ હવે પૂરજોશમાં ચાલી રહી હતી. એક તરફ શિવાની તેમ જ આખેઆખો સ્ટાફ, તો બીજી તરફ મિ. ગુપ્તા, મિ. રાજન અને ટ્રસ્ટી મંડળના બે રુશ્વતખોર ટ્રસ્ટીઓ. રોઝી પણ હવે અંદરખાને તો શિવાની તરફ આવી ગઈ હતી.

શિવાનીનો હવે એક જ મુદ્દો હતો કે, ધોરણ–દસનું પેપર ફૂટ્યું જ નહોતું, પણ જેમ ભૂતકાળમાં મિ. અશ્વિન માટે જે છટકું ગોઠવેલું એવું જ સ્કૅન્ડલ શિવાની માટે રચ્યું હતું. પેપર શિવાનીએ નહીં, પણ ખુદ મિ. ગુપ્તાએ તેમ જ મિ. રાજને શિવાનીને બદનામ કરવા તેમ જ રાજીનામું અપાવવા મજબૂર કરવા માટે પોતાના જ વર્ગના કોઈ વિદ્યાર્થીને કબાટમાંથી પેપર કાઢીને આપી દીધું હતું અને એ વિદ્યાર્થીએ માત્ર પેપર બતાવીને... એક અફવાનું બજાર ગરમ કર્યું હતું કે, પેપર લીક થયું છે. શિવાની ટીચરે કાઢ્યું એટલે એમણે જ લીક કર્યું છે.

શિવાનીએ મીટિંગમાં જે પુણ્યપ્રકોપ ખાલવ્યો હતો એ પેપરમાં છપાયા બાદ ફરી મિ. ગુપ્તાનું પલ્લું ભારે થઈ ગયું હતું. હવે એ છાતી ઠોકીને કહેતો હતો કે શાળાની વાત પ્રેસ સુધી શિવાની જ પહોંચાડે છે.

ફરી આ ઘટના બાદ શિવાની તરફ જે ટ્રસ્ટીઓને સહાનુભૂતિ હતી તે ડગમગવા માંડી. ભગીરથે પ્રેસમાં જવાની નાદાની કરી, તેથી શિવાનીએ મનીષ તેમ જ ભગીરથની ઝાટકણી કાઢી અને એમનાં ફોન ઉપાડવા બંધ કર્યા.

ઈન્ચાર્જ પ્રિન્સિપાલ મિ. ગુપ્તાએ ફરી એક મેમો તૈયાર કર્યો. જેમાં 'શિવાની ટીચરે શાળાના પ્રશ્નો તેમ જ ગોપનીય બાબતો પ્રેસમાં પહોંચાડી' એવો આરોપ મૂક્યો અને મેમો ધનીરામને હાથે શિવાનીને પહોંચાડ્યો. શિવાની સળંગ ત્રણ તાસ બાળકોને ભણાવીને આવી હતી. ઉપરથી અનેક પ્રશ્નો મનમાં અડીંગો જમાવીને બેઠા હતા. સતત રોઝી, રિક્તા, નેહા, વસુધા અને પોતાના અસ્તિત્વના પ્રશ્નો તેમ જ વિદ્યાર્થીનો ફી વધારો, ગુપ્તા તેમ જ રાજન જેવા દાનવોના અત્યાચાર સામેનો આક્રોશ, ખોટા આરોપ, અશ્વિનને ફરી એનું સમ્માન અને નોકરી પાછી અપાવવા માટેનાં વલખાં, માતૃત્વની અંદરથી ઊઠતી ચીસ, બા–બાપુજી તરફની પોતાની ફરજોમાં આવેલી શિથિલતા, વિદ્યાર્થી–વાલી જગતમાં ઊભાં થતાં સત્યાસત્ય અને નૈતિકતા અંગેના ખોટાં ઉદાહરણો અને આ બધા વંટોળ સામે ઝઝૂમીને પોતાની જાતને નીરક્ષીર તારવી અણિશુદ્ધ સાબિત કરવાની અને તે પણ એકલપંડે ! ક્યારેક હાંફી જવાશે, ક્યારેક પાછાં પડાશે, ક્યારેક કંઈ નહીં ધારેલું... અજુગતું થઈ જશે તો ને પછી તરત જ અંદરનો સજાગ 'સ્વ' - ના... ના... અડગ મનની સ્વામિની છે તું સ્વયંસિદ્ધા, તું જ તારી તારણહાર, તું જ નારી ને તું જ નારાયણી. વલોપાતના ઘમ્મવરવલોણાં વચ્ચે ધનીરામે આપેલા મેમોને એણે ઉઘાડીને વાંચ્યો અને એનું મગજ ફાટફાટ થઈ ઊઠ્યું. હવે તો યુદ્ધ એ જ કલ્યાણ – બાજુમાં પડેલા ડસ્ટરને હાથમાં લઈને એણે જોરથી ટેબલ ઉપર પછાડ્યું અને ઊભી થઈ. બિલકુલ લાલઘૂમ ચહેરો, ફાટી પડેલી લાલ લાલ આંખો – સાક્ષાત્ શક્તિરૂપમાં પરિવર્તિત બની ચૂકેલી શિવાનીએ ત્રાડ પાડી. ત્રીજા તાસમાંથી આવેલા અને ચોથા તાસમાં જવા ઊભા થયેલાં સ્ટાફરૂમના દરેક શિક્ષકો શિવાનીનું આ રૌદ્ર સ્વરૂપ અને ત્રાડ સાંભળીને ચોંકી ગયા.

•

અનુક્રમણિકા

## 45

# આ લડાઈ મારી એકલીની છે

'સમજે છે શું એના મનમાં... એમ મનફાવે તેમ રોજરોજ મેમો ફટકારેછે ! દુરાચારી માણસોના હાથમાં આટલી મોટી શિક્ષણસંસ્થાશ ! છે કોઈ આ શિક્ષણના માફિયાઓ સામે ઝઝૂમનારાં ? સત્ય પુરવાર થતું નથી, અસત્યની આંગળી પકડી ચાલવું છે. બીજા પર આંગળી ઉઠાવનારાઓ પોતાની ભીતર ઝાંખશે ખરાં કે પછી પોતાની એબ ઢાંકવા બીજાંને ગંદા ચીતરતાં રહેશે ? હું શિવાની મહેતા આ ક્ષણથી જ અન્ન–જળનો ત્યાગ કરું છું. હું આ વાત પૂરા હોશોહવાસમાં, સભાનાવસ્થામાં કહી રહી છું.' અવિનાશ તેમ જ અન્ય શિક્ષકો આ સાંભળતાં જ દોડતાં એની પાસે આવી ગયાં.

'શિવાનીબહેન, આ લડતમાં અમે બધાં જ, આખેઆખો સ્ટાફ તમારી સાથે છીએ. આ લડત આપણે બીજી રીતે શાંતિથી ટૅબલટૉક દ્વારા પતાવીશું. પણ પ્લીઝ, તમે આવું અંતિમ પગલું નહીં ભરો... પ્લીઝ... શિવાનીબહેન... આ રસ્તે તો તમારે જ સહન કરવાનું આવશે. આ રસ્તો ધારો એટલો સરળ પણ નથી જ.' બધાંને ખબર હતી કે, શિવાની એક વાર એક વાત ઉચ્ચારે તો એમાં હંમેશાં અફર રહેનારી... એ ક્યારેય એનું બોલેલું ઉથાપે નહીં.

અવિનાશ અંદરથી ધ્રૂજી ઊઠ્યો હતો. એને ખબર હતી કે, શિવાનીમાં સમાજસુધારક નર્મદ જેવી જ ઠંડી તાકાત ભરેલી છે. એ પોતાની જાતને પુરવાર કરવા માટે કંઈ પણ કરી શકે એમ હતી. એ ગમે તેવી કપરામાં કપરી અગ્નિપરીક્ષા પણ આપી શકે એમ છે.. અને મુખમાંથી વેણ તો એ ઉચ્ચારી ચૂકી હતી અને તે પણ આખાય સ્ટાફની વચ્ચે, એટલે એને સમજાવવી પણ કઈ રીતે ? આવું કંઈક કરી પાડશે... ઉચ્ચારશે એવું તો અવિનાશે ક્યારેય વિચાર્યું નહોતું. બિલકુલ સાવ અણધારેલું. અચાનક... પ્રતિજ્ઞા સુધી પહોંચેલી એની મક્કમતા અવિનાશને અંદરથી હલાવી ગઈ.

'શિવાની – 'સમય સાથે બધા પ્રશ્નો હલ થાય જ છે, જરૂર છે થોડી ધીરજ રાખવાની.' એવું કહેનારી શિવાની શું ધીરજ ગુમાવી બેઠી છે ? કે પછી જાત ઉપરનો

વિશ્વાસ ગુમાવી બેઠી છે ?' આટલું વાક્ય અવિનાશે હજી પૂરું જ કર્યું કે શિવાની ફરી તાડૂકી ઊઠી... 'મિ. અવિનાશ, ધીરજની પણ એક સીમારેખા જેવું હોય છે. કૃષ્ણ જેવા કૃષ્ણની ધીરજ પણ યુદ્ધ ટાણે ખૂટી ગઈ હતી, જ્યારે અર્જુન બાણ ઉઠવવાની આનાકાની કરતો હતો. હું પણ આજદિન સુધી ધીરજ ધરીને બેઠી હતી કે ક્યાકરેક તો મારા પ્રશ્નો તેમ જ સ્ટાફની બહેનોના પ્રશ્નો શાંતિથી – વાટાઘાટાથી આ લોકો પતાવશે. પણ જ્યારે સામો પક્ષ શાંતિ અને ધીરજને કાયરતાનું દ્યોતક માનતો હોય ત્યારે શાંતિ અને ધીરજ જેવાં શસ્ત્રોની જગ્યાએ એક માત્ર અહિંસક અને અમોઘ શસ્ત્ર મારે આજે નહીં તો કાલે ઉઠાવવાનું જ હતું. તો પછી આ સાત્વિક શસ્ત્ર હું આજે જ શા માટે ન ઉઠાવું ?

એમ પણ આ શસ્ત્રથી જે કંઈ નુકસાન થશે તે મને જ થવાનું છે અને નફો થશે તો બધાંને લાભ મળશે અને બધાંને જ સ્વચ્છ વહીવટનો લાભ મળશે તો સૌથી વધુ આનંદ પણ મને જ થશે.' ધીમે રહી ઉપર મૂકેલા કૅમેરા તરફ જોતાં એણે કહ્યું : 'મારી આપ સૌને નમ્ર વિનંતી છે કે, મારી આ અહિંસક લડાઈ મને એકલીને જ લડવા દેશો. હું ઈચ્છું છું કે મારી નબળી ક્ષણે પણ હું એકલી જ રહું અને તમે બધાં મારી ફિકર કર્યા વિના તેમ જ કોઈ પણ જાતનું શિક્ષણકાર્ય ખોરવ્યા વિના વિદ્યાર્થી તેમ જ શાળાના હિતમાં સમયસર પોતપોતાના તાસ, પહેલાંની જેમ જ લેતા રહો, તો જ હું માનીશ કે તમે મારી પડખે છો !... સ્કૂલમાં હડતાલ પાડવી કે બાળકોને ઉશ્કેરવાં તો સાવ સહેલું છે... પણ હું એવા અધર્મમાં પડવા માંગતી નથી. શિક્ષણના ભોગે મારે સત્ય ને ઉજાગર કરવા નીકળવું નથી. હું પોતે પણ મારા વર્ગમાં સમયસર જઈશ એ ભીંત પરનું લખાણ છે.'

શિવાનીનો પુણ્યપ્રકોપ જોઈને તમામ શિક્ષકો ધ્રૂજી ઊઠ્યા હતા. ધનીરામ ઝડપથી પાણી લઈ આવ્યો, પણ શિવાનીએ પાણી બાજુ પર મૂકી દીધું. ચોથો તાસ શિવાનીનો ફ્રી તાસ હતો. એણે મોટી નોટમાંથી થોડાં પાનાં બહાર કાઢીને લખવું શરૂ કર્યું.

અવિનાશ અને બીજા શિક્ષકો આસપાસ બેઠાં હતાં. કોઈ ઊઠવાનું નામ નહોતાં લેતાં. 'નેહા, વસુધા અને અવિનાશ તમારો હમણાં તાસ છે તો ક્લાસમાં જાવ, અહીં શા માટે બેઠાં છો ? તમે અહીં બેસશો તેથી હું મારી પ્રતિજ્ઞા ફોક કરવાની નથી કે પછી હું મારા બોલ પાછા ખેંચવાની નથી. શાળા છૂટ્યા બાદ પણ હું ઘરે જવાની નથી, હું શાળાના ઓટલે જ

બેસવાની છું. જ્યાં સુધી મારી માંગ પૂરી ન થાય અને અશ્વિનને ઈજ્જતભેર આ શાળાની નોકરીમાં પાછો ન લેવાય, ફીના પ્રશ્નો તેમ જ ઍડ્હોક શિક્ષકોની સમસ્યાય હલ ન થાય ત્યાં સુધી હું શાળાની બહાર પગ પણ નહીં મૂકીશ અને અન્નનો દાણો સુધ્ધાં ગ્રહણ નહિ કરીશ.'

એણે મેમો ફાડીને કચરાટોપલીમાં નાંખ્યો અને પોતાની માંગના મુદ્દા લખવા શરૂ કર્યાં.

'માનનીય શ્રી અભિરામજી તેમ જ માનનીય સર્વે ટ્રસ્ટીશ્રીઓને સાદર પ્રણામ.

હું શિવાની મહેતા, આ શાળાની શિક્ષિકા, પૂરા હોશોહવાસમાં કેટલાક અગત્યાના મુદ્દા તરફ તેમ જ કેટલાક સળગતા પ્રશ્નો અને મારી માંગ તરફ આપશ્રીનું ધ્યાન દોરી રહી છું.

આપ પણ માનો જ છો કે શાળા સર્વજન હિતાય શિક્ષણ, સંસ્કાર, શિસ્ત તેમ જ ખરા અર્થમાં જ્ઞાન અને કેળવણીનું મંદિર બને તો જ આવતી કાલનો સમાજ તંદુરસ્ત તેમ જ નૈતિકતાસભર બની શકે.

જેટલો દેશનાં બાળકોનો પાયો મજબૂત હશે, તેટલો જ દેશનો વિકાસ, દેશની ઈમારત મજબૂત હશે. પણ, બાળકના પાયાને મજબૂત કરનારાં, સંવર્ધન કરનારાં શિક્ષકોની હાલત જ કફોડી હશે, શિક્ષકોનું જ શોષણ થતું હશે, એટલે કે વાડ જ ચીભડાં ગળતી હશે તો, જે હેતુસર આપણા પાયોનિયરે આ શાળા માટે શહેરની વચ્ચોવચ્ચ જગ્યા તેમ જ મકાનનું નિર્માણ કરી આપ્યું હતું એ હેતુ બર આવી શકશે નહીં. માત્ર મકાન ઊભું કરી દેવાથી, બે ચાર શિક્ષકો, બે ચાર સાધનો, બે ચાર કસોટીઓ, એ.સી., કૅમેરા, પ્રોજેક્ટર લગાવી દેવાથી શાળા ખરા અર્થમાં શાળા બની જતી નથી.

બિઝનેસ કરનારા ધંધાર્થીઓએ આવા અનેક એ.સી. તબેલાઓ ઠેરઠેર ઊભા કરી દીધા છે અને હવે પછી પણ ઊભા થતા જ જાય છે.

બિલાડીના ટોપની જેમ ગલી ગલીએ, ગંધાતી ગલીઓમાં – અંધારી ગલીઓમાં, સૂર્યપ્રકાશ વિનાનાં ઍપાર્ટમેન્ટ્સમાં, પડું પડું થતાં મકાનોમાં પણ આવા દુર્ગંધ મારતા અનેક તબેલાઓ છડેચોક ખૂલી રહ્યા છે. શિક્ષણના માફિયા બેરોકટોક, બેલગામ, ગળાંકાપ સ્પર્ધા ઊભી કરીને, એક એવો હાઉ ઊભો કરી રહ્યા છે કે, 'ગળાંકાપ સ્પર્ધામાં ટકી રહેવું હોય તો બસ અમે જ માત્ર એક તમારાં, તારણહાર છીએ' એમ ઠસાવવાની હોડમાં આગળ વધી રહ્યા છે.

શાળા કરતાં પણ વધુ ખતરનાક ટ્યૂશનના વેપારી તો વળી એનાથીય વધુ ખતરનાક, ખૌફનાક, સ્પર્ધાત્મક ગાળિયાઓની જાળ પાથરીને જ્યાં ને ત્યાં બેઠા છે. બે મહિના પહેલાં ધોરણ – 8 નો વિદ્યાર્થી ગળે ફાંસો ખાઈને અપમૃત્યુ સ્વીકારે છે.

કોઈ એ બાળકના અપમૃત્યુના અંદરના તલસ્પીર્શી કારણ સુધી પહોંચી શક્યું નથી, કારણ કે ઉપર સુધી હજારો રૂપિયાનું વજન મુકાયું હતું. પણ જે કંઈ વાત મને જાણવા મળી છે એ જાણ્યા પછી, પણ વાલી, મા–બાપ, એવા ટ્યૂશન ક્લાસમાં જ મોકલવા ખડે પગે તૈયાર રહેશે... કેમ ? કેમ કે, એ ટ્યૂશન ક્લાસ સૌથી વધુ ફી લે છે. કેમ કે એ ક્લાસમાં બાળક એક સેકન્ડ મોડો પહોંચે તો એક ઊઠક–બેઠક કરાવે છે અને એક દાખલો ખોટો પડે કે એક દાખલો કરવાનો રહી જાય, તો બીજે દિવસે ગૃહકાર્યમાં એક પાઠ પચાસ વાર લખવાનો, ક્લાસના પગથિયાં વાર ઊતર–ચડ કરવાનાં અને બધાંની સામે મુરઘો બની કૂકડે કૂક કરવાનું.

બસ આવી જ સજા એ દિવસે આપણા સૌમ્યને થઈ હતી... બીજે દિવસે મા–બાપને લઈને આવવાનું ફરમાન થયું હતું. મા–બાપ પણ ટ્યૂશન ટીચર કહે તે સવાવીસ માનનારાંઓમાંના એક હતાં. એ કેટલો ગૂંગળાયો હશે એની બેઈજ્જતીથી ! કેમ એને એક પણ વ્યક્તિ તરફ વિશ્વાસ કે શ્રધ્ધા પ્રાપ્ત ન થઈ શકી ? આખેઆખી સિસ્ટિમ સામે એને ફરિયાદ હશે. એણે કેટલું બધું કહેવું હશે ! એણે પણ તો એની જિંદગી જીવવી જ હશે ને ! પણ જીવવા જેવું એને આપે છે કોણ ?!

વાલીઓને રાતોરાત બાળકને ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, કલાકાર કે પછી પોતાની ચડાવેલ ચાવીએ હા જી હા કરનારો પાલતુ પ્રાણી જેવો બાળક જોઈએ છે કે, પોતાનાં સ્વપ્નો જ કંડારે એવો લાલુ જોઈએ છે. બીજાં બાળકની જેમ હંમેશાં પ્રથમ ક્રમ જ લાવે, ગળાકાપ સ્પેર્ધામાં હંમેશાં આગળ જ રહે એવો પનોતો પુત્ર જોઈએ અને ટ્યૂશન ક્લાસ કે શાળાને પણ પોતાની સંસ્થાનું નામ ઊજળું કરે એવો સુવિદ્યાર્થી જ જોઈએ છે. નક્કી કરેલા શિસ્તના દાયરાની બહાર જરાક જો બિચારો નવું કરવા જાય તો વાલી, શિક્ષક, ટ્યૂશન માસ્તર અને કુટુંબીજનોની તલવાર બંને બાજુથી કાપવા હંમેશાં ખડે પગે તૈયાર !

વર્ષોથી કૂતરાં–બિલાડાની જેમ ખીચોખીચ ભરેલી રિક્ષા સામે હું ફરિયાદ નોંધાવી નોંધવીને થાકી ગઈ છું. શું આપણી શાળા આ બાબતે પહેલ ન કરી શકે ? પણ ના, મિ. ગુપ્તાને તો એવી વાતો સાવ નક્કામી લાગે છે. મારો પ્રશ્ન માત્ર એ જ છે કે શું આપણે આપણા બાળકને આ રીતે શાળામાં મોકલીશું ખરાં? ના, નહીં જ મોકલીએ. પણ ગરીબ વાલીનું શું ? એ પ્રશ્નનો ઉત્તર પણ છે, પણ એ જવાબ માટે દરેકેદરેક અગ્રણીઓએ જાગવું પડશે. શાળાએ પોતાના નફામાં સહેજ ખોટ ખાઈને પણ બાળકનાં હિત માટે થોડા નિયમો કડક કરવા પડશે, થોડુંક ખર્ચાવું પણ પડશે.

સર્વજન હિતાય માટે ખોલેલી આ શાળામાં સૌથી વધુ મધ્યમ વર્ગના બાળકો ભણવા આવે છે, એવી શાળાનું અચાનક વેપારીકરણ કેમ થઈ ગયું છે ? શું મિ. ગુપ્તા તેમ જ કેટલાક મળતિયાઓને એ.સી., કૅમેરા વગેરેના કૉન્ટ્રાક્ટમાં કોઈ મોટો લાભ થવાનો છે ? કે પછી કંઈ બીજી જ રાજરમત રમાઈ રહી છે ? અંદરની વાતો સાથે મારે નિસબત નથી, પણ રાતોરાત પાંચગણો ફી વધારો મધ્યમ વર્ગનાં બાળકો કઈ રીતે ભરી શકવાનાં ? હવે અડધેથી આ બાળકો જાય તો પણ ક્યાં જાય?

એ.સી. મૂકી દેવાથી શું સંખ્યા વધી જવાની છે ? એ.સી. કે કૅમેરા મૂકી દેવાથી શું બાળકનું ચારિત્ર્ય સુપેરે ઘડાઈ જવાનું છે ? ધૂળિયા નિશાળમાં ઝાડ નીચે બેસીને ભણેલાં આપણાં ચારિત્ર્યવાન નેતાઓ, સંતો, રાજાઓ તેમ જ વિદ્વાનોનાં બાળપણને તપાસો તો ખરું ચિત્ર જોવા મળે, પણ ભૂતકાળ તરફ જોવાની ફુરસદ કોને છે ? બાળકના ઘડતર અને

કેળવણી માટે તો જરૂર છે ઉદાત્ત અને ચારિત્ર્યવાન શિક્ષકો, આચાર્યો તેમ જ ટ્રસ્ટીઓની કે જેમના ઉપર પૂરેપૂરો સામજ ટ્રસ્ટ... વિશ્વાસ મૂકી શકે.'

•

અનુક્રમણિકા

## 46

# રાજીનામું કોનું ?

'માત્ર વસવસો કે અનુકંપા દાખવવાથી અશ્વિન તરફની તમારી ફરજ પતી જતી નથી. મિ. ગુપ્તાએ જે રીતે મને પેપર ફોડવાનો ખોટો આરોપ મૂકીને ફસાવી એ રીતે જ મારા પતિ અને આ શાળાના અનુભવી શિક્ષક મિ. અશ્વિનને ફસાવીને, જે ખુરશી માટે મિ. અશ્વિન લાયક હતા, તે ખુરશી પર ખોટા આરોપ મૂકીને તેઓ ઇન્ચાર્જ આચાર્ય બની ગયા.

સંવેદનશીલ શિક્ષક હોવાને કારણે મિ. અશ્વિન ખોટા આરોપને કારણે વિચલિત થઈ ઊઠે છે અને ઉચ્ચ રક્તચાપને લઈને પૅરાલિસિસના ભોગ બને છે. ઘણી જહેમત અને માનસિક તેમજ આર્થિક ખુવારી બાદ હાલ એઓ ફરી પહેલાં જેવી જ તંદુરસ્તી પ્રાપ્ત કરી શક્યા છે અને એ ડૉક્ટરી સર્ટિફિકેટ પણ મેં શાળામાં મિ. ગુપ્તાને જમા કરાવ્યું હતું, પણ હજી સુધી અશ્વિનને શાળામાં ફરજ ઉપર હાજર થવાનું કે સહાનુભૂતિનો પ્રત્યુત્તર સુધ્ધાં શાળાએ પાઠવ્યો નથી. માનસિક, શારીરિક તેમ જ આર્થિક ખુવારીના સંદર્ભે હવે શાળાએ મિ. અશ્વિનને ફરી સમ્માન સાથે શાળામાં હાજર કરવા પડશે તેમ જ આજદિન સુધીનો પગાર વ્યાજસહિત ચૂકવવાનો રહેશે. કારણ કે મિ. ગુપ્તા અશ્વિન ઉપરનો આરોપ પુરાવર કરી શક્યા નથી... એ જ રીતે ન તો એઓ મારી ઉપર મૂકેલ આરોપના પુરાવા પણ હજી સુધી આપી શક્યા. મિ. અશ્વિન માટે મારી જે માંગ છે તેમાં હું અફર છું અને જ્યાં સુધી આ માંગ પૂરી ન થાય ત્યાં સુધી હું અન્ન–જળનો ત્યાગ કરું છું... આજથી જ.....

હજી મારી માંગ અને મારે જે કંઈ કહેવું છે તે સમાપ્ત થતું નથી.

મિ. અશ્વિનને સમ્માન સાથે શાળામાં ફરજ ઉપર હાજર કરો, ત્યારે મિ. ગુપ્તાને ફરજ ઉપરથી મુક્ત કરવા. દેવ અને દાનવ એક જ મ્યાનમાં રહેશે તો હર ક્ષણે યુદ્ધ થતું જ રહેશે. નક્કી તમારે કરવાનું છે કે, કોણ દેવ છે ને કોણ દાનવ છે ?

કાયદાકીય રીતે પણ એક આચાર્ય કે નિરીક્ષક ટ્યૂશન ન કરી શકે, પણ તમે તો દેખતી આંખે અંધ ! મિ. ગુપ્તાએ તો મિ. રાજન સાથે મળીને પૂરેપૂરી માનસિક યાતના

આપીને બાળકોને એમનાં ઘરે ફરજિયાત ટ્યૂશન લેવાની ફરજ પાડી. ચારે બાજુથી શોષણ કરનારાં એ બંને માણસની ખાલમાં દાનવનો આત્મા લઈને ફરે છે. દીકરીઓને ટ્યૂશન ઉપર બોલાવી કેવું શોષણ કરે છે એનો જીવતોજાગતો પુરાવો મારી પાસે છે. સમય આવ્યે હું પૂરી ગોપનીયતા રાખીને આપ સમક્ષ રજૂ કરીશ.

રૂપિયા પાંચ હજારના પત્રક ઉપર સહી કરાવી રૂપિયા ત્રણ હજાર જ ઍડ્હૉક શિક્ષકોને આપી, ઉપકાર કરતા હોય એમ શાળા તેમ જ ઘરનું ગધ્ધાવૈતરું કરાવનાર મિ. ગુપ્તા સામેના પણ કેટલાક પુરાવાઓ મારી પાસે છે. એ પણ સમયની માંગ પ્રમાણે હું રજુ કરીશ.

વાર્ષિક પરીક્ષાની રિઝલ્ટ શીટમાં જેને અમે ઝીરો નવ(09) આપ્યા હોય તે બાળકના રાતોરાત નવ ઝીરોવ એટલે નેવું... નવમાંથી નેવું થતાં તમે કદી જોયા છે... નહીંને ? મેં જોયા છે, અન્ય શિક્ષકોએ પણ જોયા છે અને એમાં કેટલાનો વેપાર રમાયો તે પણ અમને ખબર છે.

'બાત નીકલી હૈ તો બહુત દૂર તલક જાયેગી.' કૌભાંડ ખોલવા બેસું તો એક પુસ્તક, એક લાંબી થિસિસ લખાય એમ છે... પણ... એ વાત નક્કી છે કે, 'જેને મારું રાજીનામું જોઈએ છે, એનું હવે મારે રાજીનામું જોઈએ છે' – ક્યાં તો હવે ઇન્ચાર્જ આચાર્ય મિ. ગુપ્તા રહેશે ક્યાં તો હું !

પુરવાર કરવાની વાત આવશે તો એટલું યાદ રાખવું ઘટે કે, હું જે પુરાવા રજૂ કરીશ, એ જો પ્રેસમાં જશે કે સમાજમાં રજૂ થશે તો આપણી શાળામાં જે દીકરીઓનો પ્રવેશ આપવાનો છેલ્લાં બે વર્ષથી શરૂ કરાયો છે તે તો બંધ થઈ જ જશે, પણ છોકરાઓનો પ્રવેશ પણ નહિવત્ થતાં વાર નહીં લાગે.

મારે ન તો શાળાનો અંતિમ ઘંટ વગાડવો છે, ન તો મારે મારી કોઈ મહત્તા દર્શાવવી છે કે ન તો મારો કોઈ સ્વાર્થ છે કે ન તો એમાં મારો કોઈ લાંબો ફાયદો રહેલો છે.

હું ઘણું બધું ગુમાવીને ઘણું બધું મેળવી ચૂકી છું અને એ છે, મારી જીવન સફરના પ્રાણપ્યારા મારા વિદ્યાર્થીઓ. એમનો પ્રેમ, એમની નિર્દોષતા એમની સાલસતા, એમની જિજ્ઞાસા, એમનું હાસ્ય અને એમની સાત્વિકતાએ મને ભીતરથી દોમ દોમ સાહ્યબી... અને નિજાનંદની મસ્તી આપી છે. આજે હું ગર્વથી કહી શકું છું કે મારાં તો હજારો બાળકો છે, હું હજારો બાળકોની ભરેલી ભરેલી 'મા' છું અને આવું સુખ... તે જ પરમ તૃપ્તિ જેને લાધી હોય તે તો માત્ર વહેંચીને કે ત્યાગીને જ મેળવતાં હોય છે – પરમ આહ્‌લાદકતા !

હું આપના પત્રની નકલ શાળાનાં આચાર્ય, ટ્રસ્ટીમંડળ, જિલ્લા શિક્ષણાધિકારી, તેમ જ શિક્ષણમંત્રી સુધી તમામને આજે જ રવાના કરું છું.

તા.ક. : હું અન્ન–જળનો ત્યાગ કરું છું, પણ છેલ્લી ઘડી સુધી વર્ગખંડમાં બાળકોને ભણાવવા જઈશ.

શાળા છૂટયા બાદ, શાળાના બહારના ઓટલે જ હું બેસી રહીશ, જ્યાં સુધી મને પૂરેપૂરો ન્યાય નહિ મળે ત્યાં સુધી.

આ સાથે હું એ પણ કહીશ કે કોઈ એકના પ્રયત્નથી શિક્ષણપ્રથા બદલાઈ જવાની નથી. ઉપરથી લઈને નીચે સુધી તમામેતમામ તંત્રે બદલાવું પડશે. અભ્યાસક્રમનું ભારણ, પરીક્ષા પદ્ધતિની ક્લિષ્ટતા, પરિણામ અને નિરીક્ષણમાં પારદર્શિતા, ઉપરી અધિકારીઓની કાર્યદક્ષતા તેમ જ નિપુણતા, સ્પર્ધાત્મક ભાવના તેમ જ ભારેખમ ભણતરના ભારણને ખરા અર્થમાં હળવું કરી, બાળકોની માનસિકતાને સમજી, સાયકોલૉજીકલ ઉદાત્ત વ્યવહાર, પરીક્ષાઓનાં ભારણમાં ઘટાડો, ભણતર સાથે ગણતર અને ખરા અર્થમાં ચારિત્ર્યઘડતર કરતું શિક્ષણ આપવામાં આવે તો કૈં કેટલાં ખીલતાંની સાથે જ કરમાઈ જતાં સૌમ્ય જેવાં બાળકો... રોઝી, નેહા, વસુધા, અશ્વિન જેવાં શિક્ષકો, તેમ જ રિક્તા જેવી દીકરીઓનો ઉદ્ધાર શક્ય બને.

શું સરકાર પણ આ બાબતે ઘટતું ન કરી શકે ? શું શિક્ષણના ખેરખાં આકાઓ પણ આ બાબતે નવેસરથી ન વિચારી શકે. મારું અંત બસ એટલું જ કહેવું છે કે, જે દિવસે

જે દેશમાં કે રાજ્યમાં સૌથી વધુ ધ્યાન માત્ર શિક્ષણ ઉપર જ કેન્દ્રિત કરાશે તે દિવસે તે રાજ્ય કે દેશ ખરા અર્થમાં ચોતરફથી સર્વશ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ દેશ બની રહેશે, આખેઆખા સમાજની વિચારસરણી જ ઉદાત્ત બની જશે અને એવું થશે તો જ દેશમાં ફરી સાચા સંતો, સારા ઉત્કૃષ્ટ વિદ્વાનો, ઉચ્ચ  કોટિના નેતા તેમ જ વિજ્ઞાનીઓ અને એનાથી ઉપર ઉદાત્ત પરમ માનવો પેદા થશે જે દેશને સર્વગ્રાહી ઉચ્ચતાની પરમકોટિએ લઈ જશે. સમગ્ર દેશ એક પરમ ગોકુળધામ બની રહેશે અને ત્યાં ન તો કોઈ છળકપટ, ન કોઈ લાંચ–રુશવત, ન ભ્રષ્ટાચાર, ન ભય, ન ભૂખ, ન તારું–મારું કે ન કોઈ યુદ્ધનાં મંડાણ હશે. હરેક માનવી મુક્ત રીતે, ભયવિહીન થઈ મોકળા મને શ્વાસ લઈ શકશે.

હું એવા મુક્ત મને શ્વાસ લઈ શકે એવી સમાજરચના, એવી શિક્ષણપ્રથા અને એવા માહોલને ઝંખુ છું કે, જ્યાં મારાં હજારો બાળકો નિરાંતે રમી શકે, ગાઈ શકે, હસી શકે અને એકબીજાને પ્રેમથી ગળે લગાડી મુક્ત મને શ્વાસ લઈ શકે. બસ, એવા સમાજ માટેની પહેલ હું મારાથી કરી રહી છું, હું એવા માહોલ માટે નીરક્ષીર ન્યાય મેળવવા કાજે; શિક્ષણ સંસ્થાને ઉન્નત બનાવવા માટે અન્ન–જળ ત્યાગી રહી છું.’

•

અનુક્રમણિકા

47

# શિવાની ટીચર ઉપવાસ પર ...

અવિનાશ વર્ગમાં તો ગયો, પણ ધનીરામને શિવાની ટીચરનું ધ્યાન રાખવાનું કહી ગયો હતો. આજે વર્ગમાં ભણાવવાનું પણ દુષ્કર બન્યું હતું. સતત શિવાનીનો પ્રલાપ હૃદય પર હથોડા ઝીંકી રહ્યો હતો. અશ્વિન તેમ જ શિવાનીનો પરમ મિત્ર હોવા છતાં એ કંઈ કરી શકતો નહોતો એનો ખેદ એને વારે વારે પીડી રહ્યો હતો. વર્ગમાં લેખનકાર્ય સોંપીને એણે આમથી તેમ માત્ર આંટાફેરા મારીને જ તાસ પૂરો કર્યો. ચોથા તાસ બાદ રિસેસનો ઘંટ રણક્યો. એ દોડતો સ્ટાફરૂમમાં પ્રવેશ્યો પણ શિવાની એની જગ્યાએ નહોતી. એને મનમાં ધ્રાસકો પડ્યો, પણ એટલામાં થોડી વારે શિવાની દાખલ થઈ. એના હાથમાં કાગળો હતા.

ધનીરામ દરેકનાં ટૅબલ પર ચા–નાસ્તો મૂકી ગયો, એટલે બધાંએ ચૂપચાપ ચા–નાસ્તો લેવાનો શરૂ કર્યો. કેટલાક માત્ર નીચે જ જોઈ રહ્યાં હતાં, તો કેટલાકે છાપામાં મોં સંતાડી રાખ્યું હતું. સ્ટાફરૂમમાં સોપો પડી ગયો હતો. નેહા, વસુધા, રોઝી તેમ જ અવિનાશે શિવાનીને નાસ્તો  કરવા વિનંતી કરી જોઈ, પણ એની લાલ લાલ આંખોની કડપ સામે કોઈ કંઈ વધારે બોલી શક્યું નહીં.

લગભગ અડધોઅડધ શિક્ષકોએ ચા–નાસ્તો ના કર્યો. ધનીરામ ખાલી કપ–ડિશ લેવા આવ્યો, એટલે શિવાનીએ તૈયાર કરેલ કવરો ધનીરામને સોંપતાં આદેશ કર્યો : ‘ધનીરામ, એક કવર આચાર્યને, એક કવર ટ્રસ્ટીમંડળને, એક કવર હાથોહાથ જિલ્લા શિક્ષણાધિકારીને તેમ જ એક કવર શિક્ષણમંત્રીને હમણાં જ કૂરિયર કરી આવ અને મારા આ લેટરપૅડ ઉપર કવર હાથોહાથ મળ્યાની સહી પણ લેતો આવજે.’

રિસેસમાં કશું જ ખાધુંપીધું નહોતું, એટલે હવે શિવાની એની પ્રતિજ્ઞા પર અફર જ છે એમ નક્કી થઈ ગયું હતું. એટલે ધીરે ધીરે અવિનાશની ધીરજ ખૂટવા લાગી હતી. અવિનાશ ઊભો થઈને સ્ટાફરૂમની બહાર ગયો અને ખિસ્સામાંથી મોબાઇલ કાઢીને અશ્વિનને ફોન લગાડ્યો. સામે છેડે અશ્વિન તો શિવાનીની પ્રતિજ્ઞા સાંભળીને પ્રથમ તો સૂનમૂન બેસી ગયો અને પછી થોડો સ્વસ્થ બનીને કહ્યું : ‘યાર અવિનાશ, સારું છે કે તું ત્યાં છે. દોસ્ત,

તારો આભાર અને ધ્યાનથી સાંભળ, હું બા–બાપુજીને લઈને ત્યાં પહોંચું છું સાથે થોડું ખાવાનું પણ લેતો આવીશ. અવિનાશ, શિવાની કેટલાય દિવસોથી અડધા ભોજને જ ઊભી થઈ જાય છે અને આજે સવારે તો કશું જ ખાઈને ગઈ નથી. શિવાનીનું શું થશે ? મારે એને મનાવવા માટે આશ્રમથી રંજનબાને પણ બોલાવવાં પડશે, કદાચ એમના કહેવાથી કંઈક માને તો માને, બાકી... તો....' વાત અને ફોન બંને એકી સાથે અબોલ થઈ ઊઠયાં; બંને છેડે માત્ર નિઃસાસા.

સ્વસ્થ થઈને અવિનાશે અભિરામજી તેમ જ શિવાનીના વહાલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ફોન જોડ્યા અને બધી બાતમી આપી. ભગીરથ, મનીષ, માવાણી, મોદી, ગાંધી, વાડીવાલા, સેન, કરણ, મિશ્રા. બસ એકને ફોન જોડયો કે આખા શહેરની ગલીએ ગલીએ એસ.એમ.એસ. ફરતો થઈ ગયો.

'શિવાની ટીચર ઉપવાસ પર, સાંજે શાળાના મેદાન પર દરેકે પહોંચવું,' આ એક વાક્યાથી તો હાહાકાર મચી ગયો. દરેક શાળાઓમાં, શિક્ષક આલમમાં, વાલીઓમાં, ચર્ચાનો માત્ર એક જ વિષય... વ્યક્તિ એટલી નવી વાત.

ટીચર આવું પગલું એમનેમ ભરે જ નહીં, નક્કી પેલા નવા આવેલ મિ.ગુપ્તાનું કાંઈ કારસ્તાન જ હશે. અરે ! શિવાની ટીચર કાંઈ પેપર ફોડવાનાં ? અને તે પણ ટ્યૂશન માટે ? અશ્વિન સરને કાઢ્યા, હવે શિવાની ટીચરને શાળામાંથી કાઢીને પેલા બંને દાનવોએ રાજ કરવું છે રાજ ! પણ હવે એ આપણે નહીં ચલાવી લઈએ. મોબાઇલ ઉપર જાત જાતની વાતો, જાત જાતના એસ.એમ.એસ. ફરતાં થઈ ગયા.... અરે ! લોકલ ચૅનલોએ તો ક્લિપિંગ સુધ્ધાં શરૂ કરી દીધી હતી. સનસનીખેજ ખબરનો ખુલસો સાંજે છ કલાકે... આ તે બાલવિકાસ વિદ્યામંદિર કે પછી બાલવિનાશનો અખાડો ? જે શાળામાં શિક્ષિકા ઉપર અત્યાચાર થતા હોય ત્યાં જ શિક્ષિકા આવું અંતિમ પગલું લેવા મજબૂર થતી હોય છે. શું શિવાની ટીચર પોતાની પ્રતિજ્ઞામાં અફર રહેશે કે પછી ? આંખે દેખ્યો અહેવાલ જોવા ચૅનલ ચાલુ રાખશો. સાંજ છ કલાકે શિવાની ટીચરનો ઇન્ટર્વ્યૂ લાઇવ જોવા ચૅનલ ચાલુ રાખો. સૂરત યૉર ચૅનલ હર ક્ષણે સનસનીખેજ ખબરો સાથે આપની સેવામાં.

કેટલીક ચૅનલોએ તો બાલવિકાસનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે ઇન્ટરવ્યૂ પણ કરવાના શરૂ દીધા હતા... શું શિવાની ટીચર સાથે અન્યાય થયો છે ? તમને શું લાગે છે ? શું શિવાની ટીચરને ન્યાય મળશે...

તમે એમના હાથ નીચે ભણ્યા છો ? એઓ શિક્ષિકા તરીકે કેવાં હતાં ? એમના પતિ... એટલે કે તમારા સર મિ. અશ્વિનને શો અન્યાય થયો હતો ? એના વિશે કંઈ પ્રકાશ પાડશો ?

એક ચૅનલ તો વળી સીધી એક ટ્રસ્ટીનને ત્યાં જ પહોંચી ગઈ; એ ટ્રસ્ટી કે જે મિ. ગુપ્તા સાથેની સાંઠગાંઠમાં સામેલ હતા અને જેમનાં નામે ઘણું મોટું કટકી કૌભાંડ બોલતું હતું. 'મિ. ખુરાના, આપ આ શાળાના ટ્રસ્ટીમંડળમાં છો. આપને શું લાગે છે, શિવાની ટીચરની માંગણી યોગ્ય છે ?'

'બિલકુલ નહીં... શિવાનીબહેન ઉદ્દંડ તેમ જ વિખવાદી વ્યક્તિ છે. હંમેશાં પોતાનું ધારેલું કરે છે. શાળાએ એમને અનેક મેમો પણ આપ્યા છે અને એમના પતિ અશ્વિન સરને તો શાળામાંથી બરતરફ કરવામાં આવ્યા છે.'

'બરતરફ કરવાનું કે મેમો આપવાનું કારણ તો હશે ને ?'

'બિલકુલ ! કારણ ખૂબ ઠોસ છે. મિ. અશ્વિન ટ્યૂશન વધારવા પોતાનાં ટ્યૂશનનાં છોકરાંઓને પેપર આપી દીધું અને એ જ રસ્તે શિવાની ટીચરે પણ પેપર લીક કર્યું.'

'મિ. ખુરાના, અમને એવી ખબર પડી છે કે, પેપર લીક કરવાના કોઈ ઠોસ પુરાવા આચાર્ય મિ. ગુપ્તા રજૂ કરી શક્યા નથી, કે નથી ટ્યૂશન કરે છે એ વાત પણ પુરવાર થઈ. યદ્યપિ એઓ તો ગરીબ બાળકોને મફત શિક્ષણ પૂરું પાડી સમાજનાં ગરીબ–નબળાં બાળકોનું શિક્ષણ સુધારી રહ્યાં છે. મિ. ખુરાના, એવું તો નથી ને કે મિ. ગુપ્તાએ ટ્રસ્ટીમંડળને ખોટી બાતમી પૂરી પાડી હોય કે પછી કોઈક અન્ય ફૅક્ટર એમાં કામ કરતું હોય...?'

અને આટલી ચર્ચા ચાલતી હતી ત્યાં તો ચૅનલના સ્ટૂડિયોમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ટોળું પહોંચી ગયું અને કૅમેરા, લાઇટ્સ, માઇક, બધાનાં જ કનેકશન કાપી નાંખી મિ. ખુરાનાને એવા ધક્કે ચડાવ્યા કે એઓ ગાડી હંકારી સીધા ઘર ભેગા થઈ ગયા.

રિસેસ પછીના સળંગ ત્રણ તાસ સુધી સતત ઊભા ઊભા શિવાની અવિરત ભણાવતી રહી. અંદરથી ઊમટેલું ઝનૂન અવિરત અસ્ખલિત વાક્ધારા બની આગ પ્રગટાવી રહ્યું હતું. એ એટલા જોરથી દરેક પાઠ ભણાવી રહી હતી કે આસાપસના દરેક વર્ગમાં એનો તીણો ધારદાર અવાજ સંભળાઈ રહ્યો હતો.

કવિ સુંદરમની કવિતા 'ઘણ ઉઠાવ' એ ભણાવી રહી હતી,

''ઘણ ઉઠાવ મારી ભૂજા
ઘણુંક ઘણું ભાંગવું, નવસર્જવું
ઘણ ઉઠાવ મારી ભૂજા.....''

કે જાણે એ પોતે ઉપર ઊઠી રહી હતી ઘણ રે ઉઠાવ ભૂજા ઘણ રે ઉઠાવ. જીર્ણ, જૂનું, નક્કામું, બધું તોડી ફોડીને નવું સર્જન કર, કંઈક નવી રચના કર, ધણ રે ઉઠાવ ભૂજા ધણ રે ઉઠાવ, એક એક શબ્દ જાણે ઘણ, હથોડા બનીને, અન્યાયને તોડવા કટિબદ્ધ બની રહ્યા હોય એમ જ.

તો બીજા વર્ગમાં સમાજસુધારક નર્મદ :

'ડગલું ભર્યું કે ના હટવું, ના હટવું,
વેણ કાઢ્યું કે ના લટવું, ના લટવું'

જીવનના વાસ્તવનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ આજે બિલકુલ એકરૂપ થઈને ઘણ ઉઠાવી રહ્યા હતા. એ ભૂલી ગઈ હતી કે એણે કાલ સાંજ બાદ પેટમાં અનાજનો દાણો સુધ્ધાં નાંખ્યો નથી, અને સવાર બાદ પાણી પણ ભલા ક્યાં પીધું જ છે ?! તેમ છતાં શબ્દોરૂપી ઘણ તો એકસરખા નવા અર્થો ખોલી રહ્યા હતા.

સાતમાં તાસમાં કવિ કલાપી ભણાવવા ગઈ, પણ 'ગ્રામમાતા'ની છેલ્લી પંક્તિ ભણાવતાં ભણાવતાં એની આંખોમાં જીવનભરની ભીનાશ એકસામટી ઊમટી આવી. માંડ માંડ સ્વસ્થતા ધારણ કરી છેલ્લી પંક્તિઓ તરફ એ ગઈ.

''રસહીન ધરા થઈ છે, દયાહીન થયો છે નૃપ, નહિ તો ના બને આવું, બોલી માતા ફરી રડી.''

બિલકુલ જાણે કવિતામાં જીવન અને જીવનમાં કવિતા ભજવાતી હતી. ભીની આંખે આખી કવિતા એટલી સુંદર સમજાવી કે તાસ ક્યારે પૂરો થયો તે પણ ખબર ના પડી. પણ ટીચરની આંખની ભીનાશ અને કવિતાનાં રસદર્શનની ભીનાશ એટલી તો સ્પર્શી ગઈ કે બાળકો ઊભાં થઈને ક્યાં સુધી તાળીઓ પાડીને ટીચરને માન આપતાં રહ્યાં.

શિવાનીનો લાંબોલચક કાગળ વાંચીને રઘવાઈ બઘવાઈ ગયેલ મિ. ગુપ્તા શાળામાં રાઉન્ડ લેવા નીકળ્યા હતા. અચાનક તાળીઓનો અવાજ સાંભળીને શિવાનીના વર્ગમાંથી બહાર ગયા બાદ, અંદર દાખલ થઈને તાડૂકી ઊઠ્યા. કેમ કાંઈ વલ્ગર જોક ફટકાર્યો હતો શિવાની ટીચરે કે આમ તાળી પાડી રહ્યાં હતાં ?

એકે ઊભા થઈ કહ્યું : 'નહીં સર, ટીચરે કવિ કલાપીની 'ગ્રામમાતા' કવિતાનું એટલું સરસ રસદર્શન કરાવ્યું કે, અમે બધાંએ ઊભાં થઈને એમને સ્ટૅન્ડિંગ ઓવેશન આપ્યું. સર, શિવાની ટીચર ઇઝ સો ટેલેન્ટેડ ઍન્ડ જનરસ ઑલસો...'

'ઓકે... ઓકે... ઠીક છે. હવે... એમાં શું મોટી ધાડ મારી.' હવે પછી કંઈક મનમાં બડબડ કરી બરાડતાં બોલ્યાં : 'આવી રીતે તાળી નહીં પાડવાની, સમજ્યાં ? બાજુના વર્ગમાં ખલેલ પહોંચે; ડિસ્ટર્બ થાય, સમજ્યાં ?'

'પણ સર અમે તો...'

'બેસ બેસ હવે. નો આર્ગ્યુમેન્ટ. મારી સામે દલીલ નહીં. ડિસિપ્લિન જેવી પણ કોઈ ચીજ છે, સમજ્યાં ?'

# વિદ્યાર્થીશાળા તરફ રવાના

રિસેસ પછી ત્રણ સળંગ તાસ લીધા બાદ છેલ્લો તાસ ફ્રી હતો, એટલે ટૅબલ ઉપર થાકની મારી શિવાની ફસડાઈ પડી, માથું ટૅબલ પર નાંખી દીધું, ત્યાં જ ધનીરામ એની પ્રૉક્સી લઈને આવ્યો... અવિનાશે જોયું કે તરત દોડતો આવ્યો, અન્ય ટીચર પણ દોડી આવ્યાં. ધનીરામ પર બધાં તૂટી પડયાં, જાણે ગુનો એણે કર્યો હોય એમ. 'કેમ આજે તો બધાં જ ટીચર હાજર છે પછી આમ શિવાનીબહેનની પ્રોક્સી કોણે કાઢી ?'

'હું તો ચિઠ્ઠીનો ચાકર. આચાર્યે મને પ્રૉક્સીકબુક આપી અને કહ્યું, 'શિવાનીબહેનને દસ-અના વર્ગમાં જવા કહો.''

'પણ કેમ ? અરે... સાવ કાયર છે... પ્રહાર પણ કરે છે તે પણ પાછળથી અને નિહથ્થા ઉપર'... શિવાની કશું પણ બોલ્યા વિના પ્રૉક્સીબુકમાં સહી કરીને દસ-અના વર્ગ તરફ જવા લાગી.

નેહા તેમ જ અવિનાશ લગભગ પાછળ દોડતાં બોલ્યાં : 'શિવાનીબહેન અમારો તાસ પણ ફ્રી છે, અમે પ્રોક્સીમાં જઈશું, તમે આરામ કરો. તમે સવારથી કાંઈ ખાધું–પીધું પણ નથી... પ્લીમઝ...'

શિવાનીએ ધારદાર નજર નાંખી અને એની ઝડપ વધારી દીધી. હજી માંડ છેવાડાના વર્ગમાં પહોંચી ત્યાં તો એને સહજે ચક્કર જેવું... સહેજ આંખે અંધારા જેવું આવી ગયું. માંડ માંડ પડી જતાં બચી. વર્ગનું આગળનું બારણું પકડીને એ ત્યાં જ ખોડાઈ ગઈ. શિવાનીટીચરને આવેલાં જોઈને બાળકો બોલી ઊઠયાં : 'ટીચર, હમણાં તમારો તાસ નથી, હમણાં તો ગુપ્તા સરનો તાસ છે. અને એમનો તો હજી આખેઆખો અભ્યાસક્રમ બાકી છે !'

શિવાની કશુંક બોલવા પ્રયત્ને કરે ત્યાં તો બહારથી જોર જોરથી બરાડા... હાકોટાના અવાજો સંભળાવા લાગ્યા અને એ સાંભળીને બાળકો પણ ખુશ થઈને હો–હો કરવાં લાગ્યાં .

ત્યાં જ મિ. ગુપ્તા દોડતા મુખ્ય દરવાજા તરફ જવા લાગ્યા. 'બંધ કરો દરવાજો બંધ કરો. કોઈને અંદર આવવા દેશો નહીં. હું તો જાણતો જ હતો કે આવું જ કંઈક નાટક થવાનું છે. મને તો ગંધ આવી જ ગઈ હતી...' બારણામાંથી શિવાનીએ મુખ્ય દરવાજા તરફ જોયું. કેટલીક ગાડીઓ હૉર્ન મારતી શાળાના મેદાન તરફ ધસી આવી હતી. કેટલીક ગાડીમાંથી કૅમેરા લઈને કૅમેરામેન તેમ જ માઇક પકડીને કેટલાક જુવાનિયાઓ મિ. ગુપ્તા તરફ આવી રહ્યા હતા. ચૅનલવાળાને જોઈને દરેક વર્ગનાં બાળકો હાથ હલાવી હલાવીને અમારા વર્ગમાં આવો, અમારું શૂટિંગ કરો, એવા બરાડા પાડી રહ્યા હતા...

શિવાનીને ખ્યાલ આવી ગયો કે, આ વારતા રે વારતાનો મુખ્ય સૂત્રધાર કોણ છે? મિડિયાના લાભ અને ગેરલાભ વિશે ઘણા વાર્તાલાપ બાળકો સાથે એણે કર્યાં હતાં, પણ અહીં તો દરેક વાર્તાલાપ કાબૂ બહાર પહોંચી ગયો હતો. ત્યાં તો ધીરે ધીરે મેદાનમાં એક પછી એક ગાડી પ્રવેશવા માંડી હતી. માઇક ઉપરથી મિ.ગુપ્તાનો અવાજ આવ્યો.... 'વિદ્યાર્થીમિત્રોને વિનંતી કે, શાંતિપૂર્વક દરેક પોતપોતાને ઘરે જાય. જરૂરી મીટિંગ હોવાથી શાળા વીસ મિનિટ વહેલી છોડવામાં આવે છે.'

બાળકોના ગયા બાદ શિવાની પાછલે દરવાજેથી સીધી સ્ટાફરૂમમાં પ્રવેશી. એક કૅમેરામેનને ધસી આવતો જોઈને અવિનાશે એને વચ્ચે જ રોકી લીધો. 'પ્લીઝ સર, અમારે શિવાની ટીચરને મળીને સત્ય ઉજાગર કરવું છે. પ્લીઝ, અમને શિવાની ટીચર પાસે જવા દો' અવિનાશે ખૂબ નમ્રતાથી એમને જણાવ્યું કે, 'તમે બધી બાતમી આચાર્ય પાસેથી જ મેળવી શકશો, કારણ કે, શિવાની ટીચર મીડિયા પાસે જતાં નથી. જરૂર પડશે તો તમારો કૉન્ટેક્ટ જરૂર કરશે. પ્લીઝ... અમને માફ કરો. અમે શિક્ષકો એ બાબતમાં મીડિયા સામે કશું ના કહી શકીએ...'

'પણ સર, સત્ય તો સમાજ સામે આવવું જ જોઈએને ?'

'સત્ય જરૂર સામે આવશે અને ત્યારે અમે તમને જ બોલાવીશું, પ્રેસ કૉન્ફરન્સ પણ કરીશું.'

હજી એકને સમજાવ્યો ત્યાં બીજા અખબારનો પ્રેસ રિપોર્ટર આવી ચડયો, એને પણ આ જ વાત સમજાવી.

ધોરણ દસનાં બાળકો તેમ જ ઉચ્ચતર માધ્યમિક અગિયાર–બારનાં વિદ્યાર્થીઓને તો ભનક લાગી ગઈ હતી, એટલે એ લોકો તો ઘરે જવાની જગ્યાએ મેદાનમાં જ હો... હો... હો.. હો... કરી રહ્યા હતા. મુખ્ય ટ્રસ્ટી અભિરામજી કે જેમનો નિર્ણય આખરી ગણાતો, એઓ તો અન્ય અનાથાશ્રમની મુલાકાતે ગયા હતા અને ત્યાં લાઇબ્રેરી તેમ જ અનાથ બાળકોને માટે ભણવાની વ્યવસ્થા કરવા ગયા હતાં. જેવો અવિનાશ સરનો ફોન મળ્યો કે એઓ પણ વાતની ગંભીરતા પામી ગયા અને પોતાની યાત્રા ટૂંકાવીને તરત જ શાળાએ આવવા માટે રવાના થઈ ગયા.

અવિનાશને ખબર હતી કે કાલ બપોર સુધીમાં તો અભિરામજી આવી પહોંચશે. કૈં કેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક ટોળું ટ્રસ્ટીમંડળની મુખ્ય ઑફિસે પહોંચી ગયું. શાળાને બીજે છેડે આવેલી આ ઑફિસમાંથી પણ ઉગ્ર નારાઓ તેમ જ ઘોંઘાટ મેદાનમાં સંભળાયો અને કૅમેરામેન અને રિપોર્ટર્સ એ ઑફિસ તરફ રવાના થયા.

ભગીરથે રોઝી મૅડમનાં બચાવમાં તૈયાર કરેલી સી.ડી. તેમ જ પેનડ્રાઇવ, કૅમેરા, મોબાઇલ તેમ જ લૅપટૉપ અને જ્યૂસ, તેમ જ નાસ્તો લઈને કાર શાળા તરફ રવાના કરી. રસ્તામાંથી એણે મનીષ માવાણી, મોદી, વાડીવાળાને પણ લઈ લીધા.

ચૅનલની ક્લિપનું પ્રસારણ જોયા બાદ શિવાની ટીચર તેમ જ અશ્વિન સરના હાથ નીચે ભણેલા વિદ્યાર્થીઓ પણ શાળા તરફ રવાના થવા લાગ્યા. વિશાખાબહેન તેમ જ રાજમલભાઈ પણ રવાના થયાં. શાળાએ પહોંચ્યાં તો એમનાં પાંચે સુપુત્રો અને વહુઓ – લગભગ આખું કુટુંબ એમના પહેલાં જ શિવાનીને સપોર્ટ કરવા પહોંચી ગયું હતું

ગંગુબાઈ તો પડોશીને ત્યાં ટી.વી. ઉપર શિવાનીનો ફોટો, શાળાનો ફોટો, અને લાઇવ ઇન્ટવ્યૂ જોઈને સમજી ગઈ કે, શિવાનીબહેને હવે ચંડિકા સ્વરૂપ ધારણ કર્યું છે. દેવા રે દેવા... ગણપતિ દેવા... મારી શિવાનીબાઈની રક્ષા કરજે અને પછી શું સૂઝયું તે કચરા-પોતાં અધૂરાં જ છોડીને પડોશીનું ઘર છોડી ભાગી... શિવાનીના ઘરે તાળું જોયું એટલે વાતની ગંભીરતા પામી ગઈ. એણે રસ્તેથી લારી ઉપરથી મોસંબીનું જ્યૂસ કઢાવ્યું અને સીધી શાળાએ પહોંચી ગઈ.

ગંગુબાઈની આંખોમાંથી આગના તણખા ઝરતા હતા, કારણ કે, એને શિવાનીનો ભૂતકાળ અને વર્તમાન બંને ખબર હતા. શિવાનીમાં ચંડિકા તો ગંગુમાં શિવાની પ્રગટી ચૂકી હતી.

બહાર પથ્થરમારો શરૂ થઈ ચૂક્યો હતો. હજી મિ. ગુપ્તા માઇક ઉપરથી કંઈક સૂચના આપવાનો પ્રયત્ન માત્ર જ કરવા જાય છે ત્યાં વિદ્યાર્થીનું એક ટોળું એમના મોં ઉપર હાથ દાબી માઇકની સ્વિચ જ બંધ કરી દે છે. 'ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી.' ને ત્યાં જ કેટલાક સિનિયર શિક્ષકોને લઈને રાજન સર ધસી આવ્યા અને મિ. ગુપ્તાને એક રૂમમાં જબરદસ્તીથી લઈ જઈ ત્યાં બેસાડીને અંદરથી સ્ટૉપર ચડાવી દીધી.

મિ. રાજન અન્ય સિનિયર શિક્ષકોને વિનંતી કરે છે કે, તેઓ વડીલ તરીકેની ભૂમિકા આવી કસોટીની પળે ભજવે. કારણ કે, આ મેદની માત્ર એમનું જ સાંભળશે અથવા અવિનાશ સરનું સાંભળશે.

મેદની ચીરતાં અશ્વિન, બા-બાપુજી પણ આવી પહોંચ્યાં... બા તેમ જ બાપુજી તો સાવ જ ગભરાઈ ગયાં હતાં. ઘણા મહિનાઓ બાદ અશ્વિનને જોઈને વિદ્યાર્થીઓમાં જોશ આવી ગયું.

અશ્વિન સર વેલકમ... અશ્વિન સર વેલકમ... અશ્વિન સરને સાજા-નરવાં થઈને પાછા ફરેલા જોઈ બાળકો ભાવવિભોર બની ગયાં હતાં. બાળકોએ તો તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધા. 'અશ્વિન સર ઝિંદાબાદ' 'શિવાની ટીચર ઝિંદાબાદ'ના નારા ચાલુ થઈ ગયા. અવિનાશે સ્ટાફરૂમમાંથી બહાર નીકળી જોયું તો સામેથી મેદની ચીરીને

બા–બાપુજી તેમ જ અશ્વિન આવી રહ્યાં હતાં અને એની પાછળ ભગીરથ તેમ જ એનું ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળ, તો બીજી તરફથી ગંગુબાઈ ‘મારી બાઈ... શિવાનીબાઈ... ક્યાં છે... ક્યાં છે પેલો રાવણ... દુઃશાસન...’ રામ જાણે શું નું શું બબડતી બબડતી એ દોડતી આવી રહી હતી. બિલકુલ અણધારેલા વાવાઝોડાંની જેમ અશ્વિન તેમ જ બા–બાપુજીને દૂરથી એણે સ્ટાફરૂમ તરફ જતાં જોયાં એટલે એ પણ એ તરફ ભાગી ‘મી આલી... મી આલી... શિવાનીબાઈ, મી આલી...’ કરતીક એણે અશ્વિનને તેમ જ બા–બાપુને પકડી પાડયાં. અશ્વિન ગંગુબાઈને જોઈને અને એના હાથમાં જયૂસની કોથળી જોઈને ગદ્ગદ્ થઈ ઊઠયો.

•

અનુક્રમણિકા

49

# શિવાની લાચારી

ચીસ પાડતી ટ્રસ્ટીમંડળની ગાડીઓ તેમ જ એમણે બોલાવેલ પોલીસવાન પણ આવી પહોંચી. પણ શાળાનું મેદાન વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓથી ખીચોખીચ ભરેલું જોતાં જ એમના હાથ હેઠા પડી ગયા. અગાઉ ટિયરગૅસ છોડવા જતાં બાળકો કચડાયાં હતાં અને પોલીસ તેમ જ ટ્રસ્ટીઓ શેતાન ચિતરાયાં હતાં, એટલે કળેવળે કામ લેવામાં જ મઝા છે એવું એમને લાગ્યું .

વિચારશીલ ટોળા સામે શક્તિનું પ્રદર્શન નહીં, પણ બુદ્ધિનું પ્રયોજન કરવું રહ્યું, એ વાત પોલીસને અગાઉના પ્રસંગમાં દાઝ્યા પછી જ સમજાઈ હતી.

એમણે એક ટ્રસ્ટીને પાસે બોલાવીને કહ્યું, 'પહેલાં તમે તમારી રીતે બધાંને શાંત પાડો અને નહીં શાંત પડે ત્યારે જ અમે અંતિમ તબક્કામાં બળનું પ્રયોજન કરીશું. કારણ કે અહીં પ્રશ્ન વિદ્યાર્થીઓની સલામતીનો પણ છે. અહીં અમારાથી દંડાબાજી ન થઈ શકે' ટ્રસ્ટી થોડા ધૂંધવાયા, પણ હવે બાજી હાથમાંથી સરકી ગઈ હતી. હવે કંઈક દંડાવાળી કરાવવા જાય તો બાળકો કચડાય અને મકાનને પણ નુકસાન થાય, એ વાત નક્કી હતી. હવે અભિરામજી આવે ત્યાં સુધી કળેવળે કામ લેવાનું વિચારી જે ટ્રસ્ટીનું શિવાની બરાબર માન જાળવતી હતી અને જે ટ્રસ્ટીઓ શિવાનીમાં પૂરી શ્રધ્ધા અને વિશ્વાસ રાખતા હતા એવા ટ્રસ્ટીઓને આગળ કરી શિવાનીને મેદની ઉપર કાબૂ કરવા, બાળકોને ઘરે જવાની અપીલ કરવા તેમ જ શાળાનાં મકાનને નુકસાન નહીં કરવાની અપીલ કરાવવાની વિનંતી કરવા રવાના કર્યા.

શિવાનીને હવે આંખે અંધારા આવી રહ્યાં હતાં. છેલ્લા કેટલાય દિવસોથી એ ન તો ઊંઘી શકી હતી કે ન તો એ પૂરતું ખાઈ શકી હતી. તેમાં આજ સવારથી તો અન્ન–જળ બંને એણે લીધાં નહોતાં. ઉપરથી માનસિક ત્રાસ. એકવાર ભગીરથ અને અન્ય વિદ્યાર્થીઓ ચૂપચાપ એની બાજુમાં આવીને ક્યાં સુધી ઊભા રહ્યાં, પણ એણે એમની સામેય ન જોયું. ભગીરથ અને મનીષ વગર પૂછ્યે પ્રેસમાં ગયા એ વાત શિાની હજી ભૂલી શકતી નહોતી.

અશ્વિન, બા–બાપુજી, ગંગુબાઈ દોડતાં અંદર આવી પહોંચ્યાં. શિવાની ટેબલ ઉપર માથું ઢાળીને બેઠી હતી. બા તેમ જ ગંગુબાઈએ પ્રેમથી એના માથે હાથ ફેરવ્યો અને શિવાનીને સહેજ કળ વળી. ગંગુબાઈ તેમ જ બાના હાથમાં આજે રંજનબાના હાથ જેટલું જ વાત્સલ્ય છલકાઈ રહ્યું હતું. એણે ધીમે રહીને માથું સહેજ ઉપર ઉઠાવ્યું. બા સહેજ ચમકી ગયાં. શિવાનીની આંખો લાલઘૂમ... અને સાવ ઊંડી ઊતરી ગયેલી. કપાળ પરનો લાલઘૂમ સૂરજ જેવો ચાંદલો સહેજ ઝાંખો પડી ગયો હતો. એનું શરીર સાવ ઠંડુગાર થઈ ગયું હતું અને આંખ વારે વારે બંધ થઈ જતી હોય અને એ પરાણે ખોલવાની કોશિશ કરતી હોય એમ લાગી રહ્યું હતું. 'બેટા શિવાની, તું માત્ર હવે તારો જ વિચાર કર. હવે તું માત્ર ને માત્ર તારી ખુશી માટે જીવતાં શીખ. આમ આખી દુનિયાની પળોજણ ક્યાં સુધી ગળે લગાવીને ચાલશે; બેટા ! તેં બહુ કર્યું... બધાંને માટે બહુ કર્યું. કુટુંબ, શાળા, આશ્રમ, બાળકો, અશ્વિન, શિક્ષકો, મિત્રો, રોઝી, નેહા, રિક્તા, વસુધા... અને એનું ફળ વ્યાજ સાથે તારી સામે ઊભું છે. જો બેટા, બહાર નજર કર, આખું મેદાન બાળકો તેમ જ વાલીઓથી ભરાયેલું છે. બધાં જ તારી પડખે ઊભાં છે. તને ન્યાય અપાવવા ખડે પગે ઊભા છે. ગમે તે કરી છૂટવા પણ તૈયાર છે અને એઓ એમ કરવામાં નિષ્ફળ જતા લાગશે તો કદાચ તોડફોડના માર્ગે પણ જશે અને એનાથીય વધારે નુકસાન જો તને કંઈક ન કરે નારાયણ ને થઈ જશે તો અશ્વિન અને અમારું શું ?'

અશ્વિને પણ એના ખભા ઉપર હાથ મૂક્યો... પણ શિવાની એની આંખ ઉઘાડી ન શકી. એણે માથું ટેબલ ઉપર ઢાળી દીધું... ભીગરથ ડૉ. નીરવને તેમ જ ડૉ. રૂપાલીને સાથે લઈને જ આવ્યો હતો. ડો. રૂપાલીએ પ્રેશર માપ્યું. પ્રેશર માત્ર નેવું ને સાઠ ! સવાર સુધીમાં શિવાનીનું શું થશે ? એ ખાવાની તો નથી જ કે નથી પાણી સુધ્ધાં પીવાની. શિવાનીની તબિયત સાવ લથડી ગઈ તો શું ? અભિરામજી કદાચ મોડા પડ્યા તો શું ? નિર્ણય શિવાનીની વિરુધ્ધ ગયો તો શું ? મારી માફક જ શિવાનીને કોઈ સ્ટ્રોક આવી ગયો અને મારી જેમ જ પથારીવશ થઈ ગઈ તો... તો... નહીં... નહીં... નહીં... અશ્વિન લગભગ ચિત્કારી ઊઠ્યો. અંદરથી સાવ ભાંગી પડ્યો. પણ... પણ... હવે ભાંગી પડ્યે પાલવે એમ ક્યાં છે ? હવે તો પણછ ચડાવવાનું, તીરને સજ્જ કરવાનું કામ એનું હતું. આજ સુધી શિવાની કહેતી હતી કે, 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ' તેમ હવે એ જ શબ્દોરૂપી શસ્ત્ર વડે શિવાનીનાં અધૂરાં આદરેલાં હવે એણે જ પૂરાં કરવાનાં છે... એણે ડૉક્ટરને એક બાજુ બોલાવીને શિવાનીને કઈ

રીતે લો પ્રેશરથી બચાવી શકાય એના ઉપયો વિશે ચર્ચા કરી. ગ્લુકોઝની બૉટલ પણ શિવાની ચડવવા દે એવી નહોતી.

બહાર ફરી ઘોંઘાટ શરૂ થયો. કોઈકને ટીચરની તબિયત બગડી છે એવી ભનક લાગતાં જ ફરી સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયા. મિ. ગુપ્તા... મિ. રાજન હાય... હાય... ધીરે ધીરે લોકો સમક્ષ સાચી વાત પ્રગટ થઈ રહી હીત. મેદની વિખેરાવા તૈયાર નહોતી. શાળાની અંદર તેમ જ બહાર એકસરખી અનુકંપાની લહેરખી આમથી તેમ રઘવાઈ રઘવાઈ દોડી રહી હતી. ધીરે ધીરે સાંજના ઓળા પશ્ચિમે ડૂબી રહ્યા હતા. અંધકાર એનું સામ્રાજ્ય ફેલાવવા મગરૂરતાથી ડગ ભરી રહ્યો હતો.

શાળામાં અંદર–બહારની લાઈટો ધનીરામે સળગાવી અને સીધો સરસ્વતીની મૂર્તિ પાસે પહોંચી જઈ બે હાથ જોડી કરગર્યો. ‘હે મા સરસ્વતી... તારી સ્થાપના પણ શિવાની ટીચરે જ તો કરી છે. એ જ્યારે શાળામાં આવ્યાં ત્યારે એમણે પહેલું કામ તારી મૂર્તિની રંગેચંગે સ્થાપના કરવાનું અને રોજ તારી પ્રાર્થના ગાવાનું માથે ઉપાડેલું. હે મા, આજ દિન સુધી શિવાની ટીચરે તારી પ્રાર્થના, તારું સ્તવન કર્યું છે. બાળકો સાથે પણ લોહીની સગાઈ હોય એમ જ એમણે વહાલ વરસાવ્યું છે. બસ, મારી એક જ પ્રાર્થના છે કે અમારી એ સાક્ષાત્ સરસ્વતીને તું સાચવી લેજે. સંભાળી લેજે.’

ક્યાંય સુધી પલાંઠી વાળીને હાથ જોડીને ત્યાં જ બેસી રહ્યો. કેટલાક વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓ પણ ત્યાં બહારના પરિસરમાં દેવીની મૂર્તિની આસપાસ આવીને હાથ જોડીને બેસી ગયાં.

એક વિદ્યાર્થીએ એના મોબાઇલમાં શિવાની ટીચરે કમ્પોઝ કરી ગાયેલી પ્રાર્થના ચાલુ કરી. શિવાનીનો મધુર કંઠ સાંજ અને રાત્રિના ત્રિભેટે સાત્વિકતા પ્રસરાવતો રહ્યો. ‘ઇતની શક્તિ હમે દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના.... દૂર અજ્ઞાન કે હો અંધેરે... તૂ હમે જ્ઞાન કી રોશની દે...’ રાતના ઓળામાં પણ જાણે જ્ઞાનનો પ્રકાશ તેમ જ શિવાનીનો સ્વર પ્રકાશ... દીપક બનીને સર્વેનાં ભીતરને અજવાળતો રહ્યો...

એક પછી એક આખું આલબમ શિવાનીની પ્રાર્થનાથી ભરેલું પડેલું હતું. નીત નવી પ્રાર્થના કમ્પોઝ કરી બાળકો સાથે શાળાના પ્રથમ ઘંટે જ રોજ માઇક ઉપરથી ગાવાનો એનો નિત્યક્રમ એણે ક્યારેય તોડ્યો નહોતો. એના કંઠનો જાદુ, એની વકતૃત્વ છટાનો જાદુ, એનો વહાલનો જાદુ, એના જ્ઞાનનો જાદુ, એનો પારકાંને પોતીકાં કરવાનો જાદુ... એનો બીજા માટે ખુવાર થવાનો જાદુ... અને અંતે... એવી જ વ્યક્તિને આવો ન્યાય ? આખલા ઉઘાડે ચૉક ચરે અને શિવાની જેવી સત્યપ્રિય... સંનિષ્ઠ શિક્ષિકાની આવી દશા ? કદાચ અહીં પરિસરમાં બેઠેલા તમામેતમામ કે જે શિવાનીને બરાબર ઓળખે છે એઓનાં મનમાં આવા જ પ્રશ્નો ઘૂમરાયા કરતા હતા.

ડૉ. નીરવે સામેની દુકાનેથી શરીર ઉપર ઘસવા માટે, ગરમાટો લાવવા માટે, એક બામની બૉટલ લઈ આવીને ડૉ. રૂપાલીને આપી. ડૉ. રૂપાલીએ ધીમે ધીમે ટીચરના હાથ–પગ તેમ જ મસ્તકે હળવે હાથે બામ ઘસ્યો, જેથી શરીરમાં ગરમાટો આવે. એણે એના ધબકારા પણ માપી જોયા. આજની રાત તો નીકળી જશે, પણ કાલે બપોર સુધીમાં... અન્ન–જળ પેટમાં નહિ જાય તો ગ્લુકોઝની બૉટલ ચડવાવી પડશે એ વાત નક્કી હતી.

વિદ્યાર્થીઓને ટીચર માટે ઘણું બધું કરવું છે, પણ ટીચરની લાલ આંખો ઘણું બધું કહી ગઈ હતી. ટીચરની અનુમતિ વગર કશું શક્ય નહોતું. પણ ભગીરથ અને મનીષના આખા ગ્રૃપે ભેગા મળી કંઈક મસલત શરૂ કરી દીધી હતી. વિશાખાબહેન, રાજમલભાઈ અને એના કુટુંબના પાંચ પાંડવો પણ ભગીરથના પ્લાનમાં રાત્રે જ જોડાઈ ગયાં. સમય આવ્યે નક્કી કરેલ પ્લાનને સાકાર કરવો. એમ પણ રાજમલભાઈ તો શહેરના શ્રેષ્ઠે દાનવીરોમાંના એક હતા અને શિવાની ટીચરનું ઋણ એમના કુટુંબ ઉપર હતું જ. સ્વપ્ન ભગીરથનું, પણ રાજમલભાઈની મહોર લાગી ગઈ અને એમાં જોડાઈ ગયું આખેઆખું ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું વૃંદ. હજી અભિરામજી પહોંચે પછી જ આખો પ્લાન બહાર પાડી શકાય એમ હતું.

રાત એટલી ધીમે પસાર થતી હશે એનો ખ્યાલ સૌને આજે આવી ગયો હતો. રાતના બિહામણા ઓળા, એની સાથે કૈં કેટલું લઈને આવે છે. એમ પણ આજે અમાસી રાત હતી. ઘોર અંધારા વચ્ચે પૃથ્વી ઉપરના જીવો કેવાં બાથોડિયાં મારે છે, એ ઈશ્વર ઉપર બેસીને નિરાંતે જોતો હશે. એને અંદરોઅંદર ગર્વ મહેસૂસ થતો હશે એની બંને પ્રકારની શક્તિ માટે.

ઉદય, અસ્ત, વિનાશ, સર્જન... નિયતિના દરેક ક્રમનો એ એકમાત્ર સૂત્રધાર... અને એની સામે એની જ બનાવેલ માનવજાત સૂક્ષ્મ પામર જંતુ માત્ર !

સવારે જ નેહા અને વસુધાએ શિવાની પાસે જઈને રિક્તાની વાતો કરવી હતી. પણ શિવાની સળંગ ત્રણ તાસ લેવામાં વ્યસ્ત હતી અને આવી ત્યારે હાથમાં મેમો થમાવવામાં આવ્યો. મગજ ફાટી ન પડે તો બીજું શું થાય ? અને પછી તો શિવાનીની ત્રાડ, પ્રતિજ્ઞા અને આ માહોલ. નેહા... વસુધા સાંજે ઘરે જઈને શાળાએ પાછાં આવ્યાં ને બધાં શિક્ષકો માટે ચા પણ લેતાં આવ્યાં, પણ કોઈ ચા સુદ્ધાં પીવા તૈયાર નહોતું.

ગઈ કાલે રાત્રે રિક્તાનું એકસરખું રૂદન અને ઊલટી ઉપર ઊલટી થવાથી સાવકી માના મનમાં પણ જે વહેમનો કીડો સળવળતો હતો એ અચાનક ફેણ માંડીને ફૂંફાડે ચડી ગયો હતો. અધૂરામાં પૂરું રિક્તાના ટૅબલ ઉપર પડેલો પ્રેગનન્સી રિપોર્ટ, ગાયનેક ડૉ. રૂપાલીની ફાઇલ, વિટામિન્સની દવાઓ, ફરી મળવા આવવાની, તપાસવાની તારીખ... વગેરે જોઈ ગયા બાદ તો આખી રાત એણે માથે લીધી હતી : 'તમારો બાપ તો ઉપર ચાલ્યો ગયો, પણ બબ્બે જુવાન કુલટા માથા ઉપર છોડી ગયો. હે પ્રભુ ! આ વાત બહાર જશે, તો મારી નાનકી સાથે કોણ પરણશે... હે પ્રભુ!

સમાજમાં હું તો મોં પણ નહિ બતાવી શકીશ. મોં કાળું કરીને આવી તો સીધો કૂવો–હવાડો જ કરવો હતોને... રામ જાણે કોનું પાપ લઈને આવી છે... આખી રાત સાવકી માએ છાજિયાં લીધાં હતાં.... અને વૉર્નિંગ પણ આપી દીધી હતી કે મારે બે દિવસમાં આ પાપના પોટલાંનો નિકાલ જોઈએ, નહીંતર બેઉ બહેનોને ધક્કો મારીને બહાર કાઢીશ.. હાડપિંજર થઈ ગયેલી રિક્તાને આખી રાત બેચેની થતી રહી, આંખે અંધારાં અને બેચેનીને કારણે કણસતી હતી. ઉપરથી લટકતી તલવાર જેવાં માનાં કવેણ... નેહાએ આખી રાત સાંત્વન આપ્યા કર્યું અને ધીરજ રાખવા કહ્યા કર્યું. શિવાની ટીચરને હું વાત કરીશ, એઓ તાત્કાલિક રસ્તો કાઢશે... પણ રસ્તો કાઢનાર શિવાની જ સત્–અસત્‌ની લડાઈમાં કુરબાન થવા જઈ રહી હતી ત્યાં–'

અનુક્રમણિકા

## 50

# રિક્તાનું મૃત્યું કે ?

નેહા એના દુ:ખનું શું રડે ? વસુધાને બધી વાત જણાવી એણે આખી રાત જેમતેમ પસાર કરી. એક બાજુ રિક્તાનો પ્રશ્ન તો બીજી બાજુ તારણહાર એવી શિવાનીબહેન આફતમાં; નેહા કરે તો પણ શું કરે ? વસુધાએ ઘણી વાર કહ્યું કે, 'હું શિવાની ટીચર પાસે બેસું છું, તું રિક્તાને સંભાળ. તું ઘરે જા...' પણ નેહા એકની બે ના થઈ.

'શિવાની ટીચરે આપણને ડગલે ને પગલે મદદ કરી છે... શિક્ષણકાર્ય કઈ રીતે કરાવવું, વિદ્યાર્થીને કઈ રીતે કાબૂમાં રાખવાથી લઈ અન્યાય સામે કઈ રીતે લડવું તે પણ શીખવ્યું છે. હવે એમની કટોકટીની પળોમાં હું ઘરે ચાલી જાઉં તો હું નગુણી ગણાઉં. રિક્તાને અને માને બે દિવસ ધીરજ રાખવાનું કહીને આવી છું. માને તો પૂરેપૂરો પગાર હાથમાં થમાવીને આવી છું, એટલે થોડાં શાંત થયાં છે પણ બે દિવસમાં કંઈક નિકાલ કરવાની વાત પર તો એ અફર જ છે. એટલે શું કરવું ? રિક્તાને આશ્રમ મોકલવી કે અહીંયા જ રાખવી ?... કે પછી કોઈ અન્ય ડૉક્ટરનો કોન્ટેક્ટ કરીને, જોખમ તો જોખમ, પણ મરણિયો છેલ્લો પ્રયાસ કરી જોવો. શિવાનીબહેન સ્વસ્થ હોત તો વાતનો નિકાલ જલદી કરી શકાત, પણ... હવે એ ક્યાં શક્ય છે ભલાં !' આખી રાત નેહા રિક્તા અંગે વિચારી વિચારીને રડતી રહી.

સ્ટાફ રૂમના ખૂણે બેસીને નેહા–વસુધા–રોઝી પોતપોતાનાં દુ:ખની પછેડી ઓઢીને કાળી ડિબાંગ રાતના એક એક પગરવની આહટથી ચોંકતાં, ગભરાતાં બેસી રહ્યાં હતાં. બા-બાપુ, શિવાની–અશ્વિન, અવિનાશ પણ પાછલી રાતમાં ઝોકે ચડી ગયાં હતાં.

ત્યાં અચાનક નેહાનો મોબાઇલ જોરમાં કાળી રાતને ચીરતો રણકી ઊઠ્યો. આમ મળસકે... ફોન... એને ધ્રાસ્કો પડ્યો. વસુધા ને રોઝી પણ ચોંકી ગયાં. નેહાએ ફોન ઉઠાવ્યો. સામે છેડેથી માત્ર જોર જોરથી રડવાનો અવાજ આવી રહ્યો હતો. નાનકી રડી રહી હતી. નેહા... લગભગ બરાડતી બોલી ઊઠી. 'નાનકી રડવાનું બંધ કર, પહેલાં વાત કર... તું કેમ રડે

છે ? પ્લીઝ... નાનકી વાત કર... રાતે નાનકીને રિક્તા પાસે સુવડાવીને એ આવી હતી. નાનકી પ્લીઝ, વાત કર ને જો તું એક કામ કર રિક્તાદીદીને ફોન આપ પ્લીઝ... નાનકી... રિક્તાદીદીને ફોન આપ જોઉં...' નેહાની ઊંચા અવાજે થતી વાતો સાંભળીને સ્ટાફરૂમમાં બધાં જ સફાળાં જાગી ગયા હતાં.

'પ્લીઝ, નાનકી, રિક્તાદીદીને ફોન આપ જોઉં...' ત્યાં તો માનો જ ફોન પર અવાજ સંભળાયો. 'નેહા જલદી ઘરે આવ; રિક્તા એના ઓરડામાં ગળે ફાંસો લગાવી...' વાત હજી અડધે જ પહોંચી ને નેહા... 'નહીં... નહીં... રિક્તા... તું મને છોડીને આમ નહીં જઈ શકે. રિક્તા... હું પણ આવું છું તારી સાથે... રિક્તા...' વસુધાએ એને પકડી લીધી. 'નેહા, શું થયું ? પ્લીઝ, આમ... શિવાની પણ સફાળી ઊભી થઈ ગઈ. એના પગ લથડિયાં ખાઈ ગયાં. પણ છતાંય એ ઝડપથી નેહા પાસે પહોંચી ગઈ. નેહા શિવાનીને ભેટીને બરાડી ઊઠી... 'શિવાનીબહેન, રિક્તા આપણને છોડીને ચાલી ગઈ... શિવાનીબહેન... એણે એનો નિર્ણય એની જાતે જ લઈ લીધો... આપણી રાહ પણ નહીં જોઈ...'

'નેહા, મને તારી સાથે લઈ જા. મારે એના અંતિમ દર્શન કરવાં છે. મારે એને ઠપકો આપવાનો છે. એમ કહ્યા વગર કંઈ જવાય છે ! મારા પ્રશ્નોના એણે જવાબ તો આપવા જ પડશે...' ડૉ. નીરવ અને રૂપાલી પણ રિક્તાનું નામ પડતાં જ સમજી ગયાં કે વાત શી છે. શિવાની ફરી થોડી લથડી. ડૉ. રૂપાલીએ નીરવને ગાડી કાઢવા જણાવ્યું. રાજમલભાઈએ, ભગીરથે તેમ જ અન્ય વિદ્યાર્થીઓએ ત્યાં પહોંચવાની અને બધી જવાબદારી ઉઠાવવાનું નક્કી કર્યું.

શિવાનીને અશ્વિન તેમ જ અવિનાશે ઘણી સમજાવી કે તું ત્યાં નહીં જા. તારું પ્રેશર પણ ઓછું છે અને બે દિવસનો ઉજાગરો તેમ જ ભૂખમરો છે. પણ શિવાની એકની બે ના થઈ તે ના જ થઈ.

શિવાનીએ પહેલી વાર નતમસ્તકે ઊભેલા ભગીરથને તેમ જ મનીષને પાસે બોલાવીને કાનમાં કંઈક કહ્યું. ડૉ. રૂપાલી તેમ જ નીરવેને પણ કાનમાં કંઈક કહીને એમને

પહેલાં રવાના કર્યા. શિવાનીએ પોતાના હાથે નેહાને પાણી પાયું. વસુધાને પણ પાણી પાયું. બંને પિત્રાઈ બહેનો એકસરખાં દુ:ખના પ્રવાસી હતાં.

ભગીરથે મનીષ, મોદી, ગાંધી તેમ જ ડૉ. નીરવ અને રૂપાલીને પણ સાથે જ લઈ લીધાં. જેથી પોસ્ટમોર્ટમ, પોલીસની દરમિયાનગીરી, લખાણપટ્ટી, અને અન્ય વ્યવસ્થા કરવાની આસાન રહે. રાજમલભાઈએ રિક્તા અને એના પરિવારનો સમગ્ર આર્થિક બોજો ઉપાડી લેવાની વાત કરી અને ભગીરથની પાછળ જ ગાડી હંકારી મૂકી.

જ્યારે રિક્તાના ઘરે પહોંચ્યા ત્યારે પૂર્વમાં એક તરફ સૂરજ ઊગી રહ્યો હતો, તો બીજી તરફ એકસાથે બે જીવોની વિદાય થઈ રહી હતી.

ભગીરથે સૌથી પહેલાં પોલીસને જાણ કરી અને વસુધા પાસે સરનામું લઈ પોલીસને દિશાસૂચન કર્યું. એ પોતાના ઘરેથી પોતાનો કૅમેરા તેમજ જરૂરી સાધનો અને પૈસા લઈને સીધો રિક્તાના ઘરે પહોંચ્યો.

ઘર આખું પડોશીઓ તેમ જ કુટુંબીજનોથી ભરાઈ ગયું હતું. ભગીરથે પોતાનો સી.બી.આઇ. ઑફિસર તરીકેનો કાર્ડ પોતાના ગળામાં લટકાવી દીધો. અને હાથ ઉપર મોજાં ચડાવી દીધાં. પોલીસની ગાડી પણ આવી ગઈ. પોલીસ સાથે ભગીરથને રોજની બેઠક એટલે ઝડપથી ફોટા લેવાયા. દરેકને ઓરડાની બહાર બેસવાની સલાહ આપી પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી.

જુદા જુદા ખૂણેથી ભગીરથ તેમ જ પોલીસોએ ફોટા ખેંચ્યા. બહાર નાનકીનું રુદન તેમ જ માનો વિલાપ ચાલુ હતો. 'મારું તો આંખનું રતન હતી. મારે તો જેવી નાનકી તેવી જ રિક્તા હતી.' મગરમચ્છના આંસુ અને કૃત્રિમ વહાલની સૂરાવલી રિક્તાની સાવકી મા બહારના ઓરડે વહાવી રહી હતી.

તપાસ અને ફોટોગ્રાફી બાદ રિક્તાને ઉપરથી નીચે ઉતારી ફરી તપાસ શરૂ થઈ અને ત્યાં જ નેહા, વસુધા, શિવાની તેમ જ રોઝી આવી પહોંચ્યાં. ધીરે ધીરે વાત શહેર તેમ જ શિક્ષણઆલમમાં પ્રસરી ગઈ. વ્યક્તિ એટલી વાતો શહેરમાં ચાલુ થઈ ગઈ. ઘરની બહાર શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમ જ મહિલા મોરચાની બહેનો પણ આવી પહોંચી હતી.

'મેં તો સૌથી પહેલાં ટ્રસ્ટીમંડળને કહેલું કે આપણી શાળા ફક્ત છોકરાઓની છે અને એમ જ બરાબર છે, પણ ના... સંખ્યા વધારવા છોકરીઓ લેવા માંડી. કો-એજ્યુકેશનનો મહિમા વધારવા નીકળ્યા હતા ! લ્યો, હવે તૈયાર રહો.' મિ.ગુપ્તા પાસે મિ. ખુરાના ઊભા ઊભા ક્યારના કો–એજ્યુકેશન વિરોધી લેક્ચર આપી રહ્યા હતા. મિ. રાજન ક્યારનો રઘવાયો રઘવાયો ઘડીક ઘરમાં તો ઘડીક બહાર આંટા મારી રહ્યો હતો. એણે જાણવું હતું કે, રિક્તાના ઓરડામાંથી શું શું હાથ લાગ્યું છે. પણ... ત્યાં તો થોડી વારમાં માત્ર નજીકના સ્વોજનોને અંદર બોલાવી દર્શન કરાવીને રિક્તાના દેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો.

નેહા, વસુધા, રોઝી તેમ જ શિવાનીના હાલ–બેહાલ થઈ ગયા હતા. આંખોમાંથી રિક્તાનો નિર્દોષ ચહેરો ખસવાનું નામ લેતો નહોતો. રિક્તા જાણે કહી રહી હતી કે : 'મને તો તમે નહીં જ સાચવી શક્યાંને ? મને મારું જોઈતું આકાશ... મને જોઈતી પાંખો આપવામાં તમારો શો ફાળો ? નૈતિકતાની, સમાજસુધારણાની અને શિક્ષણસુધારણા મોટી મોટી વાતો કરનારા.... તમે મારે માટે શું કર્યું ? શિક્ષકો તો બાળકોનાં મા–બાપ કહેવાય, સખા કહેવાય તો પછી મને કેમ ક્યારેય કોઈ મા–બાપની હૂંફ ન મળી ?' કેટકેટલું ભીતર ધરબીને... કેટકેટલી યાતના અને તરફડાટ બાદ એણે આવો આખરી નિર્ણય લીધો હશે ?!

શિવાનીના મનમાંથી રિક્તા ખસવાનું નામ નહોતી લેતી. બસ, જાણે એક સરખા પ્રલાપ... પ્રશ્નો અને આરોપ મૂકી રહી હોય એવું એને લાગ્યા કર્યું.

●

અનુક્રમણિકા

51

# શિક્ષણ વ્યવસ્થામાં ઊધઈ

આખેઆખી શિક્ષણવ્યવસ્થામાં ઊધઈ લાગી ગઈ છે. આ ઊધઈના રાફડામાં રિક્તા જેવી કૈં કેટલી રિક્તા... રોઝી.... રોજ રોજ હોમાતી હશે. શિક્ષણના ખેરખાંઓ શબ્દોનાં તોરણો બાંધ્યા કરે, કૉન્ફરન્સ ભર્યા કરે, હજારો તાલીમો આપ્યા કરે... વારે વારે અભ્યાસક્રમો, શિક્ષણ પ્રથાઓ, પરીક્ષા પદ્ધતિઓ બદલ્યા કરે પણ, પાયાનું કામ, ભાર વગરનું ભણતર કરવાનું કામ... ક્યાં કોઈ કરે છે ભલા !

શું આ દેશમાં મફત શિક્ષણની જોગવાઈ ન થઈ શકે ? શું ધોરણ – આઠ સુધી પરીક્ષા લેવાનું તદ્દન બંધ ન કરી શકાય ? શું પુસ્તકનો મણમણિયો ભાર લીધા વિના પશ્ચીમના દેશોની જેમ માત્ર હાથ હલાવતાં, ગાતાં–રમતાં બાળકો સ્કૂલે ન જઈ શકે ? જો પરીક્ષાનું ભારણ જ ઘટાડી દેવાય, તો ટ્યૂશનપ્રથા આપોઆપ બંધ થઈ જાય પણ ના... સાંઠગાંઠ તો ઠેઠ ઉપરથી નીચે સુધીની. ખરડાયેલાં તો ઉપરથી નીચે સુધીનાં. કાચના મહેલમાં રહીને અન્યને પથ્થર મારે તો પણ કઈ રીતે મારે ? આ દેશ એટલો પણ કંગાળ નથી કે આવી કોઈ જોગવાઈ નહિ કરી શકે. સૌથી વધુ યુવાશક્તિ આ દેશ પાસે છે, પણ એ યુવાશક્તિને રસ્તો ચીંધનારા... એમને એમના ધ્યેયનું આકાશ આપનારાં કેટલાં ? નિઃસ્વાર્થ પથદર્શકો કેટલા ?

મિ. ગુપ્તા અને મિ. રાજન જેવા વરુઓ જ્યાં સુધી ખુલ્લેઆમ ચરતાં રહેશે ત્યાં સુધી રોઝી અને રિક્તા જેવા અબળાઓનું શોષણ આ રીતે રોજ રોજ થતું રહેશે... અને જ્યાં સુધી તેમનો પર્દાફાશ ના થાય ત્યાં સુધી તેઓ સામી છાતીએ ખુલ્લેઆમ ચરતાં રહેશે... અને ધારેલું કરતાં રહેશે.

બબ્બે વરુઓના બબ્બે પુરાવા હાથ લાગ્યા છે અને સમય પણ પાકી ગયો છે. શિવાની, હવે ઊઠ. શિવાની, હવે હિંમત ભેગી કરીને ઘણ ઉઠાવ. બહુ કવિતા ભણાવી. બહુ સંવેદનાઓ જગાવી. પુસ્તકિયું જ્ઞાન અને ડહાપણ પણ બહુ વહાવ્યું. પણ હવે તો એ સમય છે સાચ અને કાચને સમાજમાં પ્રગટ કરીને વરુઓને સજા અપાવવાનો. ભલે નોકરી રહે કે જતી

રહે. ભલે હવે અશ્વિનને પણ નોકરીમાં પાછો લે કે ના લે, પણ આ બે વરુઓને કારણે સમાજમાં બીજા વુરઓ પણ માથું ઊંચકે તે પહેલાં તેઓના મહાગુરુને જ ઊગતા ડા'મવા પડશે. ભોંય ભેગા કરવા પડશે.

નેહા, વસુધા, રોઝીને રડતી મૂકીને શિવાનીએ ત્યાંથી ઊઠીને ભગીરથ પાસે જવા માટે પગ ઉપાડયા, પણ ઊભાં થતાંની સાથે જ જોરમાં ચક્કર આવી ગયાં અને એ ત્યાં જ અચાનક ફસડાઈ પડી. ડૉ. નીરવે દૂરથી ટીચરને પડતાં જોયાં અને દોડ્યો. એણે રૂપાલીને બૂમ મારીને પાણી મંગાવ્યું. શિવાની ઉપર થોડું પાણી છંટાવ્યું. શિવાનીએ થોડી વારે આંખો ખોલી આસપાસ ઊભેલાં સર્વે લોકો ગભરાઈ ઊઠયાં હતાં.

શિવાનીએ સહેજ આંખો ખોલી અને સીધો ભગીરથને બોલાવો એવો આદેશ જ આપી દીધો. ડૉ. નીરવે સહેજ કડકાઈ વાપરતાં કહ્યું : 'ટીચર, હવે તમારી દરેક આજ્ઞામાં હાજી હા અમે કરવાનાં નથી. હવે તમે અમારી હૉસ્પિટલ આવો છો અથવા તો તમારે ઘરે અમે બધી વ્યવસ્થા કરીએ. હવે તમારાંથી શરીર ઉપર અને મન ઉપર જુલમ થઈ શકશે નહીં; કારણ કે બંને હવે સાવ નબળાં પડી ગયાં છે, સમજ્યાંને ?'

'નીરવ, હવે મારા જ ભણાવેલા મને ભણાવે છે ! વાત ગૌરવ અને આનંદની છે, પણ હજી તને ખબર છે. મારે કુલ ચાર સત્યોને ઉજાગર કરવાનાં બાકી છે. સત્યની લડાઈ હવે અડધે રસ્તે છોડી દઉં એવી કાયર તો હું નથી જ.' એટલું બોલી એણે એની દૃષ્ટિ અશ્વિન, પછી ક્રમશ : રોઝી, નેહા, વસુધા, મિ. ગુપ્તા અને મિ. રાજન ઉપર ફેરવી.

ભગીરથ દોડતો બહાર આવ્યો... એણે ટીચરના કાનમાં જે વાત કરી એ સાંભળી શિવાનીના મુખના રંગો બદલાયા, પણ ફરી રિક્તા ગુમાવ્યાનો વિષાદ એના મુખ ઉપર બેસી ગયો. ભગીરથે કાનમાં જે વાત કરી એ પછી એ ફરી થોડી સ્વસ્થ બની. એણે ઘરના બીજે છેડેથી રિક્તાને પોસ્ટમોર્ટમ માટે લઈ જતી નિહાળી. એક છેલ્લી વિષાદમય દૃષ્ટિ સાથે એણે રિક્તાની અંતઃકરણથી માફી માંગી. 'હું તને જીવન તો ના આપી શકી, પણ તારું શોષણ કરનારને પણ સાચ–કાચનું ભાન તો જરૂર કરાવીશ. તારી અને મારી લડાઈ હવે એક થઈ ગઈ છે... મને માફ કરજે રિક્તા, તારી માવજત કરવામાં હું કદાચ મોડી પડી છું...'

'હું નેહા–વસુધાને આવી સ્થિતિમાં એકલાં મૂકીને ક્યાંય જવાની નથી. પોસ્ટમોર્ટમમાંથી રિક્તાનો દેહ પાછો આવે અને એ કાયમી વિદાય લેશે, ત્યાર બાદ જ હું સવારે શાળાએ જઈશ.' ડૉ. નીરવના હાથ હેઠા પડી ગયા. ભગીરથને કારણે ખૂબ ઝડપથી પોસ્ટમોર્ટમની ગતિવિધિ પતી. રિક્તા ફરી ઘરે આવી.

શિવાની ખૂબ ભારે પગલે રિક્તાના દેહ પાસે ગઈ. નેહા અને વસુધાને ખભે હાથ મૂકી બોલી : 'નેહા... ચૂંથાયેલા દેહને હવે વધુ ચૂંથશો નહીં. બસ મોં દર્શનાર્થે ખુલ્લું રાખી. ઉપર એક ચૂંદડી ઓઢાડીને જલદી વિદાય કરો.' એક દીકરીની વિદાય અને એ પણ... આ રીતે. બંને બહેનો, શિવાની તેમ જ શાળાની શિક્ષિકા બહેનોએ ચૂંદડી ઓઢાડી. ફૂલના હારથી શણગારી ભગીરથે ઝડપથી છેલ્લાં દર્શનની પ્રક્રિયા પૂરી કરાવી રિક્તાને ચાર ખભે ચડાવી ત્યારે અડધું શહેર વાલી, વિદ્યાર્થીઓનાં ટોળાં ઘરની બહાર ઊમટી પડયાં હતાં. વહેલી સવારનો પૂર્વનો સૂરજ, લાલ કિરણો નહીં પણ રક્તિમ્ ધારા વહાવી રહ્યો હોય એમ લાગી રહ્યું હતું.

'મને શાળાએ લઈ જાવ... શાળામાં જઈને પહેલાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમ કરવાનો છે.' શાળામાં જ્યારે બધી ગાડી પ્રવેશી ત્યારે ત્યાં પણ ટ્રસ્ટીમંડળની ગાડીઓ ખડકાઈ ગઈ હતી અને સહુનાં આશ્ચર્ય સાથે અભિરામજી પણ નીચે મેદાનમાં જ ઊભા હતા.

શાળાનાં મેદાનમાં જ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું. આખાય મેદાનમાં એક તરફ વિદ્યાર્થીગણ તો બીજી તરફ વાલીમંડળ અને ટ્રસ્ટીમંડળ ચૂપચાપ ગોઠવાઈ ગયાં હતાં. શંકા, શરમ અને ખેદથી સહુનાં મસ્તક ઢળેલાં હતાં અને આંખોમાં શંકા–કુશંકાના પૂર વહેતાં હતાં.

આજે શિવાનીએ પ્રાર્થનાની શરૂઆત ભગવદ્ ગીતાનો બીજો અધ્યાય 'સાંખ્ય યોગ'માંથી બે શ્લોક ગાઈને કરી.

'ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો, ન હન્યતે હન્યમાને શરીરે ॥

વીસમાં શ્લોક બાદ તરત જ ત્રેવીસમો શ્લોક રજૂ કર્યો :

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્તાપો ન શોષયતિ મારુતઃ ॥

અને પછી તરત સમૂહમાં 'મંગલ મંદિર ખોલો દયામય મંગલ મંદિર ખોલો'.... ગવાયું. શ્રધ્ધાંજલિપત્રનું વાચન કરાયું અને બે મિનિટનું મૌન પળાયું. મૌન બાદ વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓને શાંતિથી ઘરે જવાની સૂચના આપવામાં આવી.

સમગ્ર પ્રાર્થના દરમિયાન દરેકની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં.. શિવાનીને પ્રાર્થના ગાતાં ગાતાં જ ડૂમો ભરાયો હતો, પણ એણે એને અંદર ધરબી રાખ્યો હતો. એણે સ્ટાફરૂમ તરફ જવા માટે પગ ઉપાડયા, પણ અચાનક જ આંખે ઘોર અંધારાં ઊતરી આવ્યાં અને એ સાથે એ ફરી ત્યાં જ ઢળી પડી. અશ્વિને તેમ જ ડૉ. નીરવે દૂરથી એ જોયું અને એઓ દોડયા.

અશ્વિને હવે સમગ્ર દોર સંભાળ્યો. એણે ડૉ. નીરવને ગાડી લઈ આવવા કહ્યું અને અવિનાશને સહારે શિવાનીને સીધી ડૉ. નીરવની હૉસ્પિટલે પહોંચાડી.

ડૉ. નીરવે અશ્વિનની સહમતી લીધા બાદ સીધી ગ્લુકોઝની બૉટલ ચઢાવવાનું કામ શરૂ કરી દીધું. ભલે શિવાની ટીચર ભાનમાં આવ્યા બાદ ગુસ્સો કરે તો તે સહન કરી લેવાની તૈયારી સાથે એણે ટ્રીટમેન્ટ શરૂ કરી દીધી.

•

અનુક્રમણિકા

52

# સી.સી.ટી.વી. કેમેરા

આ તરફ ટ્રસ્ટીમંડળની મીટિંગ શરૂ કરવામાં આવી, કારણ કે શિવાનીની તબિયત સાવ નાજુક થઈ ગઈ હતી. એક આ વિદ્યાર્થીનીનું અપમૃત્યુનું કલંક તો તાજું જ છે અને હવે શિવાની હૉસ્પિટલમાં... ડૉ. નીરવે ભગરીથને ફોન કરી જણાવ્યું કે, શિવાની ટીચરની તબિયત લથડી છે અને હૉસ્પિટલમાં દાખલ કર્યાં છે.

ભગીરથ પોસ્ટમોર્ટમ રિપોર્ટ, રિક્તાએ મૃત્યુ પહેલાં લખેલી નોંધની ઝેરૉક્સ... મિ. ગુપ્તા અને મિ. રાજન વિરોધી મળી આવેલ તમામ પુરાવા... અને સ્કૅન્ડલનો અહેવાલ લખી એક ફાઈલમાં બરાબર સાચવીને ઝડપથી અભિરામજીને મળવા સ્કૂલે પહોંચ્યો અને એની સાથે એણે એનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના મિત્રો પણ લઈ લીધા કે જેથી વાર્તા કંઈક નવો વળાંક લે તો એમાંથી તરત રસ્તો કાઢી શકાય.

કૉન્ફરન્સ હૉલમાં બંધબારણે મીટિંગ ચાલી રહી હતી. સામસામે બે પક્ષ પડી ગયા હતા, પણ શિવાની તેમ જ અશ્વિનના પક્ષે લગભગ નેવું ટકા ટ્રસ્ટીઓ તેમ જ સિનિયર શિક્ષકો હતા, જ્યારે મિ. ગુપ્તા અને રાજન સરને પક્ષે ખૂબ થોડા ટ્રસ્ટીઓ બોલી રહ્યા હતા.

એટલામાં જિલ્લા શિક્ષણાધિકારી પણ આવી પહોંચ્યા. શહેરની આવડી મોટી શાળામાં ચાલતી ગોબાચારી અને એ કરતાં પણ એક વિદ્યાર્થીનીની આત્માહત્યા અને શિક્ષિકાનાં આમરણાંત ઉપવાસની વાત, ન કહેવા જેવું પણ, ઘણું બધું કહી રહી હતી. એ ઉપરાંત આ બધી જ વાત ઠેઠ શિક્ષણમંત્રી સુધી ઈ–મેઈલ દ્વારા પહોંચી ચૂકી હતી અને ઉપરનું દબાણ હવે સીધું જ સ્કૂલ સુધી તેમ જ ડી.ઈ.ઓ. સુધી પહોંચી ગયું હતું.

ભગીરથ સીધો બારણું ખોલી અંદર પ્રવેશ્યો. એણે ઊભા રહીને નમ્ર વિનંતી કરી કે, શિવાની ટીચર એમનો બચાવ કરવા અહીં આવી શકે એમ નથી કે નથી પુરાવો આપી શકે એમ. પણ, હું એમનો ભૂતપૂર્વ વિદ્યાર્થી ભગીરથ દવે એક સી.બી.આઇ. ઑફિસરની રૂએ આપ સમક્ષ કંઈક બતાવવા માંગુ છું કે, જેનાથી આપ સર્વે જરા પણ જ્ઞાત નથી. એક

બેકસૂરને ન્યાય મળે એ જોવું આપણી પહેલી ફરજ બને છે. જિલ્લા શિક્ષણાધિકારી તેમ જ અભિરામજીએ ભગીરથને એની વાત રજૂ કરવાની સંમતિ આપી અને એ સાથે જ ભગીરથે કૉન્ફરન્સ રૂમનું પ્રોજેક્ટર ચાલુ કર્યું અને તૈયાર કરેલ સી.ડી. ચાલુ કરી.

'સર્વપ્રથમ હું અંત અને પછી ધીરે ધીરે આરંભ સુધી જઈશ. પહેલાં આપ આ સી.ડી. જોઈ લ્યો, આપના જે પ્રશ્નો હશે એના ઉત્તર હું પછી આપીશ.'

પ્રોજેક્ટર ચાલુ થયું અને મોટા સ્ક્રીન ઉપર રિક્તાના દેહ પાસેથી મળી આવેલો રિક્તાના હાથે લખાયેલ પત્ર રજૂ કરવામાં આવ્યો. એ પત્રનું પઠન પણ ભગીરથે કર્યું.

''આ પત્ર લખનાર, હું રિક્તા, કોઈ પણ પ્રકારનાં દાબદબાણ વગર પૂરા હોશહવાસમાં લખું છું... ગરીબી આટલો મોટો અભિશાપ હોય છે એ મને ઘણી મોડી ખબર પડી. રાજન સરે અને ગુપ્તા સરે મને ફીમાં માફી આપી અને શાળામાં તેમ જ એમના ધમધમતા ટ્યૂશન ક્લાસમાં ભણવા બોલાવી. પણ રોજ એક ગુલામની પેઠે એમણે એમનાં ઘરકામ જ કરાવ્યા. મેં ગરીબી તેમ જ ગુલામી બંને સ્વીલકારી લીધી હતી. ઘરથી બચવા સ્કૂલ–ટ્યૂશન જવાનું શરૂ કર્યું તો ત્યાં રાજન સરે મારું ધીરે ધીરે... મને લખતાં શરમ આવે છે, પણ મારા પેટમાં જે જીવ છે તે રાજન સરે કરેલાં કુકર્મની... આ કલંક માત્ર એમનું છે. આવાં કલંક સાથે વધુ જીવવું એટલે... જીવતેજીવત હરક્ષણે મરવા બરાબર. નેહાબહેન, વસુધાબહેન, શિવાની ટીચર, પ્લીઝ, તમારી આ બહેનને માફ કરશોને ?

લિ. રિક્તા''

વાતાવરણમાં સોપો પડી ગયો હતો. પાછળ બેઠેલા સિનિયર શિક્ષકો ખિન્ન વદને નીચું જોઈ ગયા હતા અને મિ. ગુપ્તા અને મિ. રાજન તો કાપો તો લોહી ન નીકળે એવી સ્થિતિમાં સાવ અક્કડ લાકડાં જેવા નિષ્પ્રાણ બની બેઠા હતા.

ફરી સોપો પડી ગયો. ભગીરથે બોલાવાનું ચાલુ કર્યું અને જે ફિલ્મ રજૂ કરી તે જોઈને તો બધાં જ તુરંત નીચું જોઈ ગયા. ઉપરનો ચહેરો મિસ રોઝીનો અને નીચેનું અર્ધું શરીર ખુલ્લું... અર્ધનગ્ન કાયા...

'મિત્રો નીચે નહીં જુઓ, આ ચિત્ર ધારીને જુઓ. ઉપરનું મોં ભલે ટીચર રોઝીનું છે, પણ નીચેનું શરીર એમના જેવો જ બાંધો ધરાવતી કોઈક અન્ય પોર્નસાઈટની યુવતીનું છે. માથું અને ધડ બંને અલગ છે. આ કરતૂત... મિ. ગુપ્તાનાં છે. એમણે આવી ડૉક્ટર્ડ (તર્કટી) ક્લિપિંગ્સ મોકલીને મિસ રોઝીનું બ્લૅકમેલિંગ કર્યું છે.

'મિસ રોઝી ઉપર મોકલાવેલ તમામ એસ.એમ.એસ. મોબાઇલ કંપનીની મેઇન ઑફિસમાંથી મેં હોદ્દાની રૂએ શિવાની ટીચરના કહેવાથી તારીખ–વાર પ્રમાણે કઢાવ્યાં અને એનું રેકૉર્ડિંગ કર્યું.' એક પછી એક એસ.એમ.એસ. તેમ જ 5,000ની જગ્યાએ ઍડ્હૉક શિક્ષકોને 3,000 રૂપિયા આપવામાં આવે છે એ નિવેદનો શિક્ષકોનાં મુખે રેકોર્ડ કર્યા હતાં તે સંભળાવવામાં આવ્યાં.

'હવે આવીએ આપણે ટ્યૂશન પૉલિટિક્સ અને ગંદા રાજકારણ તરફ.... જે સત્ અને અસત્ માટે શિવાની ટીચર લડત આપતાં આવ્યાં છે અને એ લડાઈને કારણે એઓ આજે હૉસ્પિટલમાં છે, જેને કારણે પૂરેપૂરી લાયકાત હોવા છતાં અશ્વિન સરને માથે કલંક લગાડી આચાર્યની ખુરશી એમની પાસેથી ખૂંચવીને મિ.ગુપ્તાને આપવામાં આવી છે જે પુરાવો શિવાની ટીચર શોધી નથી શક્યાં એ પુરાવો અમે, ટીચરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શોધી લાવ્યા છીએ.

મિ. ગુપ્તા અને મિ. રાજન પહેલેથી જ ધમધોકાર ટ્યૂશન ચલાવે છે. યેનકેન પ્રકારેણ... ધાકધમકી... પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી સુધ્ધાં આપીને પણ શાળાના 90 ટકા વિદ્યાર્થીઓને પોતાના ટ્યૂશન ક્લાસમાં ભરતી કરવામાં આ બંને કેટલી નિમ્ન હદે જઈ શકે એના આ બોલતા પુરાવા છે.

જો મિ. અશ્વિન આચાર્ય બને તો શિવાની ટીચર અને અશ્વિન સર ટ્યૂશનનાં કારખાનાં બંધ કરાવીને દરેક બાળકને શાળામાં જ બે કલાક બેસીને નબળા વિષયોનું માર્ગદર્શન – બિલકુલ મફત આપવાનાં હતાં એવી વાત જ્યારે આ બંનેને મળી ત્યારે એમણે એક પ્લાન ઘડયો જેથી અશ્વિન સર આચાર્ય નહિ બની શકે અને એટલે રસ્તાનો કાંટો કાઢવા એમણે અશ્વિન સરે કાઢેલા પેપરની એક ઝેરૉક્સ નકલ રિટાયર્ડ પટાવાળાને રૂા. 5,000 જેવી રકમ આપીને કઢાવવા માટે સફળ થયા.

રિટાયર્ડ સેવક ધોંડુએ કબૂલાત કરી છે અને એ અહીં આવીને એ વાત કબૂલવા પણ તૈયાર છે. એ પેપરની એક નકલ એક વિદ્યાર્થીને ટ્યૂશન ક્લાસમાં આપીને અશ્વિન સરે પેપર ફોડયું છે એ વાત વહેતી કરી એમની ઇમેજને બગાડવાનું કૃત્ય કરાયું, ટ્રસ્ટીમંડળે આ કારણે અશ્વિન સરની જગ્યાયએ મિ. ગુપ્તાને શાળાનું સુકાન સોંપ્યું. જે વિદ્યાર્થીને એ પેપર અપાયેલું એ વિદ્યાર્થીએ અમારી ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળની મીટિંગમાં આ વાત કબૂલી અને એ રેલો ઠેઠ સેવક ધોંડુ સુધી ગયો. બંને વ્યક્તિમાં રહેલા રાવણનું દહન કરી રામને ઉજાગર કરવાનું કામ પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે પણ શિવાની ટીચરની આ લડતને જાય છે.

હાલની પરીક્ષામાં શિવાની ટીચરે પેપર ફોડયું એ વાત વહેતી મૂકી. કારણ કે, અશ્વિનસર વખતે જે રાજરમતમાં એઓ સફળ થયેલા એ જ રાજરમત રમવાનું એમને માટે સરળ થઈ ગયું હતું અને એઓ માનતા હતા કે ત્યારે નહિ પકડાયા તો હવે કઈ રીતે પકડાવાના ! પણ ભલું થજો ટ્રસ્ટીમંડળનું કે જેમણે સી.સી.ટી.વી. કૅમેરા મૂકાવેલા. અને એ વાત માસ્ટર માઈન્ડ મિ. ગુપ્તાથી ભૂલાઈ ગઈ હતી. શિવાની ટીચરે ત્રણ પેપરો સીલબંધ કવરમાં મૂકેલાં, પણ એમાંનું એક પેપર બધાના ગયા બાદ, આજે મારે ઘણું કામ છે, એમ કહી મોડે સુધી રોકાઈને કઈ રીતે પૅકેટ ખોલી બહાર કાઢ્યું. કઈ રીતે ફરી સીલ કર્યું. એ અમારી ટીમે ચાર દિવસ પહેલાં સી.સી. ટી.વી. કૅમેરાનાં રેકૉર્ડિંગ્સને રિવાઇન્ડ કરી આખું સ્કૅન્ડલ ખુલ્લું પાડયું.

જુઓ આ રહી એ ફિલ્મ... પ્રશ્ન એ થાય છે કે, ટ્રસ્ટીમંડળમાંથી કોઈને સી.સી.ટી.વી. કૅમેરા ચેક કરવાનું યાદ નહીં આવ્યું કે પછી મિ. ગુપ્તા જે કહે તે જ સોલા આની સચ કે પછી મિ. રાજન કહે તે જ સાચું. સત્ – અસત્નાં ત્રાજવાં માત્ર શિવાની ટીચર માટે જ કેમ જુદાં ? ઍડ્હૉક ટીચર માટે જ કેમ જુદાં ?' ભગીરથના વાક્બાણની સાથે સાથે મિ. ગુપ્તાએ કઈ રીતે પૅકેટ ખોલી કવર કાઢ્યું એ ફિલ્મુ જોઈને બધા મોંમાં આંગળા નાંખી ગયાં.

'કૅમેરાનો ઉપયોગ માત્ર શિક્ષક વર્ગમાં શું કરે છે એ જોવા માટે જ નથી, પણ શાળાના ઉપરીઓ પણ શું કરે છે એ જોવા માટે પણ છે !' આ બોલતી–ચાલતી ફિલ્મ જોયા બાદ બધાંની જ બોલતી  સાવ બંધ થઈ ગઈ હતી !

'સત્ અને અસત્ બંને છૂટું પાડી આપ્યું છે, હવે ન્યાંય કોને પક્ષે થવો જોઈએ ન્યાય કેવી રીતે તોલવો એ આ શાળાના મુખ્ય ટ્રસ્ટી અભિરામજી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સોંપી અમે તમારો ન્યાયપૂર્ણ ચુકાદો સાંભળવા બહાર ઊભા છીએ. મેદાન ઉપર અમે હમણાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક મીટિંગ કરી છે અને એ સમુદાય ઘણા મોટા આક્રોશ સાથે તમારો ચુકાદો સાંભળવા આતુર હશે. અને હા, હજી પણ અનેક જીવતાજાગતા પુરાવાઓ અમે ગાડીમાં બહાર બેસાડી રાખ્યા છે. અગર પુરાવા ઓછા પડે તો, અમે હાજર કરવા તૈયાર છીએ.'

ભગીરથના બહાર ગયા પછી તરત જિલ્લા શિક્ષણાધિકારી તેમ જ અભિરામજીએ અલગ ઓરડામાં જઈને ચર્ચા કરી પછી વારાફરતી.... અન્ય સિનિયર શિક્ષકો, રોઝી, મિ. ગુપ્તા, મિ. રાજનને બોલાવીને ઊલટતપાસ કરી... લગભગ બે કલાક આ મીટિંગ ચાલતી રહી... અને ત્યાર બાદ કુલ ચાર નોટિસ કારકુન પાસે ટાઇપ કરાવવામાં આવી.

•

અનુક્રમણિકા

53

# રંજનબાનું આગમન

શિવાનીને મસ્તકે ઘણાં વર્ષો બાદ એ વાત્સલ્યસભર હાથ ફરી રહ્યો હતો. શિવાનીએ જેવી આંખો ખોલી તો સામે રંજનબાનો ચહેરો જોઈને, 'બા' કહીને, ઊઠવા જતી હતી પણ... બંને તરફ બેઠેલી બંને બાનાં હાથે એને રોકી. એનાં હાથમાં તો ગ્લુકોઝ બૉટલની સિરિંજ હતી. ગુસ્સો તો ઘણો આવતો હતો, પણ સામે બબ્બે વાત્સલ્યસભર બા. એકનો હાથ માથે અને એકનો હાથ એના હાથમાં હતો. અચાનક સામેથી આવી મળેલી ધન્ય ઘડીને માણવી એમાં જ એને શાણપણ લાગ્યું .

ક્યાંય સુધી એની આંખમાંથી વહેતા પાવક નીરને રંજનબાએ વહેવાં જ દીધાં. પછી થોડી વારે આંસુ લૂછતાં એ બોલ્યાં : 'શિવાની, હવે પાર ઊતરવાની ઘડી આવી ગઈ છે!'

'પણ બા, હજી ક્યાં પાર ઉતરાયું જ છે, અને આમ પાર ઊતર્યા વિના આમ ગ્લુકોઝ ચડાવવાનું કામ....'

વાક્ય પૂરું થાય તે પહેલાં : 'એ કામ ડૉ. નીરવે કર્યું છે અને એની સજા મને મંજૂર છે. તમારા હાથની તો તમામેતમામ સજા મને મંજૂર છે....' એમ બોલતો બોલતો ભગીરથ અંદર  પ્રવેશ્યો..

'નીરવ, ટીચરની બૉટલ થોડી વાર માટે કાઢવી પડશે. હું ટીચરને લેવા આવ્યો છું...'

'પણ જરા બૉટલ પતી જાય પછી'

'નીરવ, હવે ટીચરને એની જરૂર પડવાની નથી. ટીચરની લડતનો ફેંસલો હમણાં જ આવવાનો છે.' શિવાનીએ ભગીરથને પાસે બોલાવ્યો.

'ભગીરથ મારાં જીવનનો ફેંસલો કરાવનાર તું કોણ ? લડત મારી છે, તું કેમ એ વારે વારે ભૂલી જાય છે ?'

'અધર્મીઓ સામે અવાજ ઉઠાવવાનું તો તમે જ શીખવ્યું હતું તે ભૂલી ગયા ? અને તે પણ આટલું જલદી ? કોઈને અન્યાય થતો હોય અને એ સામે બેસી, હાથ પર હાથ ધરી જોયાં કરનાર જેવો કાયર બીજો કોઈ નથી. એ પણ તો તમે જ શીખવ્યું હતું ને ? અધર્મી સામે મૂંગો રહેનાર સૌથી મોટો ગુનેગાર છે, એ પણ જો હું નહીં ભૂલતો હોઉં તો તે તમે જ શીખવ્યું હતું ખરુંને ટીચર ?

એમ પણ મને સજા થવાની જ છે તો એ સજા સ્કૂલનાં મેદાનમાં બધાંની દેખતાં જ કરજો, ચાલો, જલદી કરો, બધાં જ તમારી રાહ જુએ છે'... આખે રસ્તે ભગીરથે કઈ રીતે મીટિંગમાં પ્રોજેક્ટર ઉપર બધી ફિલ્મ બતાવી, કઈ રીતે સ્કૅન્ડલ પકડયું, એમાં કયા કયા વિદ્યાર્થીઓએ સાથ આપ્યો, કયા કયા શિક્ષકો અને સેવકોએ પણ સાથ આપ્યો અને કઈ રીતે એણે ઇ–મેઇલ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી અને શિક્ષણપ્રધાન સુધી અન્યાયની વાતો વહેતી કરી છે અને પુરાવાઓ રજૂ કર્યા છે એનું અથથી ઇતિ વર્ણન કર્યા કર્યું.

'ભગીરથ, રંજનબાને કોણ લઈ આવ્યું ?'

'ટીચર, એ મને ખબર નથી.' રંજનબા તરફ શિવાનીએ જોયું. શિવાનીની આંખોમાં અનેક પ્રશ્નોની વણઝાર ડોકાતી હતી. વર્ષોથી ડોકાતા એ પ્રશ્નો જાણે ફરી પ્રજળી ઊઠ્યા હતા. શિવાનીની આંખો જાણે કહી રહી હતી. 'બા, હવે તો મારા પ્રશ્નોના જવાબ આપો !'

ગાડી સ્કૂલ કૅમ્પસમાં દાખલ થઈ અને શિવાની તો ડઘાઈ જ ગઈ. આખું મેદાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓથી ભરાયેલું હતું. શિવાની જેવી નીચે ઊતરી કે વિદ્યાર્થીઓનાં ટોળાં ટીચરને મળવા દોડી આવ્યાં . શિવાની તેમ જ અશ્વિન માટે તો જાણે ધન્ય પળ !

ધનીરામ દોડતો બહાર આવી સૂચના આપી ગયો કે દરેક વિદ્યાર્થીઓને સભાખંડમાં બેસવા વિનંતી કરવામાં આવી છે. ક્ષણમાં જ ટોળું સભાખંડમાં ગોઠવાઈ ગયું.

બંને બા તેમ જ બાપુજીની હિંમત નહોતી અંદર જવાની. એઓ બહાર ગાડીમાં જ બેસી રહ્યાં. અશ્વિનના પણ પગ ઊપડતાં નહોતા, આ જ કૅમ્પસે એક વાર એને પગ વગરનો કર્યો હતો અને આજે ફરી કોઈ આઘાત...

'શિવાની, તું હોદ્દાની રૂએ અંદર જા. હું બા–બાપુ સાથે ગાડીમાં જ ઠીક છું' શિવાની ભગીરથ જોડે ભારે પગલે અંદર રવાના થઈ. ગાડીમાં બેસીને બંને બા–બાપુજી તેમ જ અશ્વિન શિવાની માટે પ્રભુને પ્રાર્થી રહ્યાં હતાં. અન્ય વાતચીત કરવા માટે એઓ હવે સમર્થ જ ક્યાં હતાં ?!

ત્યાં ફરી ધનીરામ દોડતો આવ્યો. અશ્વિન સરને જિલ્લા શિક્ષણાધિકારી સભાગૃહમાં બોલાવે છે એમ કહી સરને સભાગૃહમાં લઈ ગયો. મંચ ઉપર અભિરામજી, અન્ય ટ્રસ્ટીઓ અને જિલ્લા શિક્ષણાધિકારી બેઠા હતા. એટલામાં કારકુન ચાર પત્રો લઈને અભિરામજીને આપી ગયો.

સભાગૃહ ખીચોખીચ ભરેલું છે. અભિરામજી ઊભા થયા અને સંબોધન ચાલુ કર્યું : 'મિત્રો, જે કંઈ થયું તે ખોટું થયું છે. પણ ખોટું સુધારવાનો અવસર હું ચૂકવા માંગતો નથી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પણ મારો આ ન્યાય માન્ય રાખ્યો છે તેમ જ સર્વે ટ્રસ્ટીઓ પણ સહમત થયા છે. એ બદલ હું સર્વેનો આભારી છું. શિક્ષણ સંસ્થાના વડા તરીકે અમે પણ ઊણા ઊતર્યા છીએ. એ અમે કબૂલીને અમારી તમામ ભૂલોને સુધારવાની યથોચિત કોશિશ કરી છે.

સિનિયર શિક્ષકને આ ચાર નોટિસનું વાંચન કરવા હું વિનંતી કરું છું. દરેકને આશ્ચર્ય એ વાતનું હતું કે, મંચ ઉપર મિ. ગુપ્તાને બેસાડયા નહોતા. અને વાચન કરવા પણ સિનિયર શિક્ષકને બોલાવ્યા.

રંજનબાથી રહેવાયું નહીં. એઓ ધીમા પગલે ગાડી બહાર નીકળ્યાં. એમની પાછળ અશ્વિનનાં બા–બાપુજી પણ સભાગૃહની બહાર આવીને ઊભાં રહી ગયાં. સભાગૃહની બહાર કેટલાંક વાલીઓ પણ કાન માંડીને ઊભા રહી ગયાં હતાં.

સિનિયર શિક્ષકે પહેલો પત્ર વાંચવો શરૂ કર્યો. એમાં લખ્યું હતું કે, ‘‘તમામ ઍડ્હૉક શિક્ષકોને પૂરેપૂરો પાંચહજાર પગાર જ ચૂકવાશે. અગાઉ જે બે હજાર રૂપિયાની ગેરરીતિ મિ. ગુપ્તાએ કરી છે એ તમામ રકમ મિ. ગુપ્તાએ વ્યાજસહિત જે તે શિક્ષકને ચૂકવવાની રહેશે. શિક્ષણ ફીમાં જે વધારો કરવામાં આવ્યો છે તે પાછો ખેંચવામાં આવે છે, જેથી ગરીબ બાળકો પણ આ શાળામાં ભણી શકે. ટ્યૂશન શબ્દ હવે પછી આ શાળામાં ઉચ્ચારવો પણ ગુનો ગણાશે. કોઈપણ શિક્ષક કે નિરીક્ષક–આચાર્ય ટ્યૂશન કરી શકશે નહીં. નબળાં બાળકોને સ્કૂલ છૂટ્યા બાદ બે કલાક વધુ બેસાડીને તજજ્ઞો દ્વારા જ્ઞાન અપાશે. જે શિક્ષક વધુ બે કલાક બેસીને શિક્ષણકાર્ય કરાવશે, આ સેવાયજ્ઞમાં સાથ આપશે તેને સંસ્થા યોગ્ય પગાર ચૂકવશે. નબળાં બાળકોની શાળા વારંવાર પરીક્ષા પણ લેશે.’’

બીજાં કવરમાંથી જિલ્લા શિક્ષણાધિકારીની સહીવાળો પત્ર વાંચવો શરૂ કર્યો.

‘‘કોઈ પણ શાળાનો વડો એ શાળાની દીવાદાંડી સમાન… પથદર્શક… તેમ જ પરામર્શક બની રહેવો જોઈએ. ઉદાત્ત ચારિત્ર્ય એ શાળાના આચાર્ય બનવાની પહેલી શરત છે. ‘યથા રાજા તથા પ્રજા’ એ ઉક્તિ મુજબ નબળો કે ચારિત્ર્યહીન આચાર્ય કંઈ પવિત્ર શિક્ષણકાર્ય કરી ન શકે અને કર્મચારીઓને દોરી ન શકે.

મિ. ગુપ્તા આટલી મોટી શાળાની ધરોહરને સાચવી શકે એમ નથી. એક વડો જ સંસ્થાને લાંછનરૂપ કાર્ય કરે તો એમાંથી ઉગરવું મુશ્કેલ બને છે. મળેલા તમામ પુરાવાઓ જોયા બાદ મિ. ગુપ્તાને એમની પોસ્ટ ઉપરથી બરતરફ કરવામાં આવે છે. એમણે એ પહેલાં ઍડ્હૉક શિક્ષકોને એમની રકમ અચૂક ચૂકવવાની રહેશે.’’

ત્રીજા કવરમાંથી એક પત્રનું વાચન શરૂ કરવામાં આવ્યું. બેઠેલાં દરેકના જીવ અધ્ધર થઈ ગયા હતા. એક એક પત્ર જાણે એક એક જીવતા બૉમ્બ સમાન હતો. હર ક્ષણે… હવે પછી શું ? જેવા પ્રશ્નો દરેકનાં મુખ ઉપર પ્રશ્નાર્થચિહ્ન બનીને બેસી ગયા હતા.

સભાગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો. હવે શિવાની અને અશ્વિન સર માટે કેવો ન્યાય તોળાયો હશે એની રાહ જોવાઈ રહી હતી. બાકી રાજન સર જેવા વરુને તો પોલીસ સભાગૃહની બહાર ક્યારની હથકડી લઈને આવકારવા માટે તૈયાર જ હતી.

‘‘આજે જે ઘટના બની છે તે ઘટના શાળાના ઈતિહાસમાં કલંકરૂપ સાબિત થઈ છે. આજ દિન સુધી આવી ગંદી તેમ જ કલંકિત ઘટના આ શાળામાં બની નથી. છેલ્લાં બે વર્ષથી જ શાળામાં અંગ્રેજી માધ્યમ તેમ જ શાળામાં છોકરીઓનો પ્રવેશ ચાલુ કરવામાં આવ્યો, કારણ કે કોટ વિસ્તારની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા દિન–પ્રતિદિન ઘટી રહી છે. શહેરની બહાર બનેલી એ.સી. શાળાઓ ધમધમી રહી છે. એ જોતાં અમે છોકરીઓનો પ્રવેશ શરૂ કર્યો, પણ મિ. રાજન દ્વારા થયેલ આ કુકર્મ જોતાં... મિ. રાજનને પણ શાળામાંથી બરતરફ કરવામાં આવે છે અને આગળ ઉપર પોલીસ પણ એની જે કાર્યવાહી કરશે એમાં અમારો સહકાર રહેશે, આમ મિ. ગુપ્તાએ મિસ રોઝીનું કરેલું શોષણ... શિવાની ટીચર તેમ જ અશ્વિન સર વિરોધી સ્કૅન્ડલોને ધ્યાનમાં રાખી બરતરફ કરવાનો અમે સર્વાનુમેત નિર્ણય લીધો છે અને એના ઉપર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની પણ મહોર લાગી ગઈ છે.’’

અને આ સાથે જ સભાગૃહના વિદ્યાર્થીઓએ હો–હો–હો... અને તાળીઓથી આ નિર્ણયને વધાવી લીધો. શિવાની અને અશ્વિન ક્યાંય સુધી એકબીજાંને જોઈ રહ્યાં. ન તો બંનેના મુખ ઉપર ખુશી કે ન તો કોઈ ગ્લાનિ. બંને ચહેરા ઉપર કોઈ અલગ જ પ્રકારની આભા પથરાઈ રહી હતી. આટલું લાંબું રણ કાપીને એક હરિયાળા પ્રદેશની ધરતી ચૂમવાનો વારો આવ્યો છે, પણ એવા સમયે પણ બંનેની આંખોમાં કદાચ રિક્તાનો ચહેરો ઝલમલી રહ્યો હતો.

•

અનુક્રમણિકા

**54**

# ટીચર કદાચ પાછાં વળે ...

એક તરફ બે વરુઓનો ન્યાય તોળાઈ રહ્યો હતો તો બીજી તરફ રિક્તાનો દેહ પંચમહાભૂતમાં વિલીન થવા અગ્નિપરીક્ષા આપી રહ્યો હતો. રિક્તા જીવી તો કેવું? અને કેટલું? બસ, હવે આનાથી વધારે જોવું, સાંભળવું કે ભજવાવું... બાકીય ક્યાં છે ?

અશ્વિન, બધું જ ભજવાઈ ગયું છે. હવે મારે તો કંઈ જ સાંભળવું નથી. તારે બેસવું હોય તો બેસ, મારે તો હવે ઘરે જવું છે. એ હજી ઊભી થવા જતી હતી ત્યાં જ ભગીરથે પાછળથી ટીચરને ખુરશી પર બેસાડતાં કહ્યું : 'ટીચર પ્લીઝ, આમ અધૂરી વાર્તા છોડી ક્યાં જાવ છો ? બે મિનિટ બસ.... હવે જોજો... ન્યાય કેવો થાય તે.'

ત્યાં ફરી માઇક ઉપરથી અવાજ સંભળાયો. પ્લીઝ શાંતિ જાળવશો. આ છેલ્લો પરિપત્ર. અશ્વિન સર તેમ જ શિવાની ટીચરને સંબોધીને લખાયેલો છે.

''આજ સુધીનાં તમામ આરોપો અને અન્યાય માટે સંસ્થાને ક્ષોભ છે... સાચા હીરા શોધવામાં... પ્રમાણવામાં અમે સો ટકા ઊણા ઊતર્યા છીએ પણ આજ રોજ અમો અશ્વિન સરને પૂરા માન–મરતબા સાથે શાળામાં ફરી હાજર કરીએ છીએ અને એમને મિ. ગુપ્તાની જગ્યાએ શાળાના આચાર્ય તરીકેની પોસ્ટ આપતાં આનંદ અનુભવીએ છીએ. અત્યાર સુધીનો તમામ પગાર વ્યાજ સાથે એમને આપવામાં આવશે. આશા છે કે મિ. અશ્વિન આ ખુરશીની ઉદાત્તતા જાળવવામાં કોઈ કચાશ બાકી નહીં રાખશે.

અને રહી વાત શિવાની ટીચરની માંગ અને ન્યાયની; તો એમણે જે કંઈ માંગણી પત્ર દ્વારા કરી છે તે અમોને ઉચિત લાગી છે અને એ માંગ અમે પૂરી કરવા તૈયાર છીએ. અમને આનંદ અને ગૌરવ છે કે અમારી શાળામાં આવી ઉદાર વિચારસરણીવાળી શિક્ષિકા ફરજ બજાવી રહી છે અને એમના ઉત્તમ શિક્ષણધર્મને કારણે જ એમની પડખે સમગ્ર વાલીમંડળ, ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળ, ટ્રસ્ટીમંડળ, વર્તમાન વિદ્યાર્થી–વાલીમંડળ અને આખું નગર પણ ઢાલ બનીને રક્ષણાર્થે ઊભું છે.''

અને આટલું બોલતાં તો આખું સભાગૃહ તાળીઓના નાદથી ગૂંજી ઊઠ્યું. બેઠેલાં તમામે ઊભાં થઈને શિવાની ટીચરની ધર્મજીતને સુપેરે વધાવી લીધી.

'હું અશ્વિન સરને એમનો નિમણૂંકપત્ર લેવા સ્ટેજ ઉપર આમંત્રું છું.' પત્ર લેવા હજી અશ્વિન ઊભો જ થતો હતો ત્યાં શિવાનીએ હાથ પકડી લીધો. 'અશ્વિન, પ્લીઝ, થોડું વિચારીને...' એક સરખી તાળીઓની ગુંજ ચાલુ જ હતી. દરેકે દરેક વ્યક્તિ ચાહતી હતી કે, આ શાળાની વ્યાસપીઠ ઉપર આરૂઢ થવા પાત્ર મિ. અશ્વિન જ સૌથી લાયક, પીઢ તેમ જ ચારિત્ર્યવાન વ્યક્તિ છે.

તાળીઓનો અધિકારી ખરા અર્થમાં એ છે જ... પછી... આમ મારાં મંતવ્યો એના ઉપર શા માટે થોપવાં ! એણે અશ્વિન સામે સહેજ હસીને આંખથી ઇશારો કરીને કહ્યું : 'જા..... મારી લડત પણ આ કાગળ... અને આ ખુરશીથી જ પૂરી થશે. નિમણૂકનો કાગળ તારી રાહ જુએ છે. જા અશ્વિન, ધર્મનો તાજ બરાબર વિચારીને પહેરજે !!'

અશ્વિને પૂરાં માન–સમ્માન સાથે નિમણૂક પત્ર લીધો. પત્ર લેતી વખતે પણ એની આભારની નજર તો શિવાનીને જ શોધી રહી હતી. કેટલો વિકટ રસ્તો કાપીને એણે એના માટે હરિયાળો રસ્તો બનાવ્યો હતો ! ત્યાં તો શિવાની ટીચરનું નામ માઇક ઉપરથી ગૂંજી ઊઠ્યું. 'ટ્રસ્ટીમંડળ તેમ જ સ્ટાફ શિવાની ટીચરનું સમ્માન કરવા માંગે છે તો શિવાની ટીચરને વિનંતી છે કે પ્લીઝ, એઓ સ્ટેજ ઉપર આવે.'

શિવાની ટીચરને ઉપર આવવા માટે બે વાર માઇક ઉપરથી નિવેદન કરવામાં આવ્યું પણ શિવાની ટીચર ક્યાં છે ? નજર ચૂકવીને ટીચર ક્યાં જતાં રહ્યાં ?

ટીચરને સમ્માનવાનો મોકો આવ્યો ત્યારે ટીચર જ નથી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ.. વાલીમંડળ સુધ્ધાં શિવાની ટીચરની જીતને પોંખવા તૈયાર થઈને બેઠાં હતાં.

એટલામાં શિવાની પાછળના ભાગેથી સ્ટેજ ઉપર આવી. એની ચાલમાં મક્કમતા અને ચહેરા ઉપર માત્ર નિરાશા દેખાતી હતી. હાથમાં એક પત્ર લઈને આવી હતી અને એણે ખૂબ જ શાંતિથી એ પત્ર વાંચવો શરૂ કર્યો.

“માનનીય અભિરામજી, માનનીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, માનનીય પદાધિકારીઓ તેમ જ મારા વહાલા વિદ્યાર્થીઓ...

તાળીઓથી સભાગૃહ ફરી ગુંજી ઊઠ્યું. શિવાનીએ પત્ર વાંચવો શરૂ કર્યો... ‘હું સર્વેનો અત્રેથી આભાર માનું છું. આપ સર્વેએ મારી પડખે રહી મને ન્યાય અપાવ્યો એ શિક્ષણના ઇતિહાસમાં કદાચ આ પહેલી જ ઘટના હશે કારણ કે, કોઈ શિક્ષકને જિતાડવા કે ન્યાય અપાવવા એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અગ્રિમતા દાખવે. મારા તરફનાં આપનાં પ્રેમ અને નિષ્ઠાની હું હંમેશાં ઋણી રહીશ.

મોડું તો મોડું પણ એક શિક્ષિકાનાં સૂચનો તેમ જ લડતને ધ્યાનમાં લઈ મૅનેજમેન્ટ પૉઝિટિવલી વિચારે એ તો કદાચ આ જ મૅનેજમેન્ટ વિચારી શકે. ‘દેર આયે દુરસ્ત આયે’ પણ... ફેર વિચારણા કરી મૅનેજમેન્ટે જે તંદુરસ્ત નિર્ણય લીધો તે બદલ હું એમનો પણ આભાર માનું છું.

અશ્વિન મારા પતિ છે એટલા માટે હું આ લડત લડી નથી, પણ અશ્વિનની જગ્યાએ કોઈ અન્ય શિક્ષક–શિક્ષિકાઓને પણ અન્યાય થાય કે વિદ્યાર્થીને પણ અન્યાય થાય તો હું આવી જ લડત આપું એમાં કોઈ બે મત નથી. અને જે જીવનની કડવી વાસ્તવિકતામાંથી શીખી છું એ જ વાત હું મારાં અગણિત બાળકોને પણ ભણાવતી આવી છું કે ન્યાય માટે, હક્ક માટે લડત આપો અને એની સામે ફરજ પૂર્ણ કરવા માટે પણ હંમેશા તૈયાર રહો. “ફરજ ચૂકનારને હકનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી !! માટે પ્રથમ ફરજ પછી જ હક્ક !!

અશ્વિન સરનો આપે જે ન્યાય તોળ્યો એ બદલ હું આપની આભારી છું. અશ્વિનસર એમનો ધર્મ સુપેરે પાર પાડશે જ એવી શુભેચ્છા પાઠવું છું ફરી એક વાર સર્વેનો ખૂબ ખૂબ આભાર.

અંતે... મારે જે કહેવું છે... એ... કે... હું આજે શાળામાંથી ફરજમુક્તિ ચાહું છું. મારી નમ્ર વિનંતી છે કે મારું રાજીનામું ટ્રસ્ટીમંડળ સ્વીકાર કરે.

અશ્વિનને ન્યાય મળત કે ના મળત; મારું આજની આ તારીખમાં રાજીનામું મૂકવાનું નક્કી જ હતું અને એ મેં તૈયાર પણ રાખ્યું જ છે જે હું ટ્રસ્ટને સુપરત કરું છું. કદાચ હવે પછી... હું મારા હૃદયે આકારેલી મારાં સપનાંની શાળા તરફ... ગરીબ... અનાથ બાળકોની સેવા તરફ વધુ મક્કમતાથી આગળ વધી શકીશ. આ શાળાની સેવા કરવા માટે આપને એક યોગ્ય ઉદાત્ત આચાર્ય મળી ગયા છે. એટલે આ શાળા તો શિવાય પન્થે આગળ વધશે જ અને ક્યારેક જરૂર પડશે તો હું સેવા માટે ઉપસ્થિત થઈશ, પણ આજે મારું જવું નક્કી જ છે... આભાર...'

સભાગૃહમાં જ્યાં ઘડી પહેલાં તાળીઓનો વરસાદ વરસી રહ્યો હતો ત્યાં સન્નાટાનું સામ્રાજ્ય પથરાઈ ગયું. શિવાની ટીચરને અચાનક આ શું સૂઝયું ? દરેકનાં મુખ ઉપર પ્રશ્નાર્થ ચિહ્ન લટકી રહ્યું હતું.

શિવાની ચૂપચાપ સ્ટેજ ઉપરથી નીચે ઉતરવા લાગી ત્યાં વિદ્યાર્થીઓએ એને ઘેરી લીધી. 'ટીચર પ્લીઝ, તમને આ શું સૂઝયું ? ટીચર, તમારી હજી જરૂર છે. આ શાળાને... અશ્વિન સરને... વિદ્યાર્થીઓને... ટીચર પ્લીઝ....'

સેન, સોલી, સુધીર, ભગીરથ, મનીષ, ગાંધી, ભાવેશ, મોદી જેવાં અનેક બાળકો કે જેમને ધોરણ એકથી ધોરણ બાર સુધી શિવાનીએ મઘમઘતાં કર્યાં હતાં, મહોરતાં કર્યાં હતાં એ તમામ વિદ્યાર્થીઓએ ટીચરને સભાગૃહમાં જ બેસાડી દીધાં. સ્ટેજ ઉપરથી અશ્વિન પણ ઝડપથી નીચે આવ્યો. બહારથી બા–બાપુજી, રંજનબા પણ ઝડપથી સભાગૃહમાં આવ્યાં.

એક પછી એક પ્રશ્નોની ઝડી વરસી રહી.... આટલો સરસ ન્યાય મળ્યો છે... પછી ટીચર શા માટે આમ... એક માત્ર રંજનબાને ખ્યાલ આવી ગયો હતો કે શિવાની હવે થાકી ગઈ છે. શિવાનીનો રસ્તો જ જુદો છે અને હવે એને એનાં ખરે રસ્તે જવા દેવામાં જ શિવાનીની ભલાઈ રહેલી છે.

રંજનબાએ શિવાનીના ખભે હાથ મૂક્યો... એમનો વાત્સલ્યસભર હાથ જાણે કહી રહ્યો હતો, 'હું તારી સાથે સહમત છું...' શિવાનીએ રંજબના તરફ જોયું. પેલો પ્રશ્ન હજી એની

આંખોમાં ડોકાતો હતો અને એનો જવાબ આપવાનો સમય પણ આવી ગયો હતો આટલો લાંબો થાક કદાચ એ રીતે હળવો થઈ જાય.

ભગીરથે ઊભા થઈને તમામ વિદ્યાર્થીઓને એકઠા કર્યાં. ક્યાંય સુધી એમણે કશીક ગડમથલ કર્યા કરી. આ તરફ અશ્વિને તેમ જ અવિનાશે શિવાનીને સમજાવી જોઈ કે હજી મોડું થયું નથી. ટ્રસ્ટીમંડળે તારું રાજીનામું સ્વીકાર્યું નથી.... માટે હજી પણ....

'અશ્વિન, હવે મને એવો થાક લાગ્યો છે કે... મારે હવે ઘરે જવું છે... ભાવિ વિશે પછી થઈ રહેશે... અશ્વિન, હવે તારે અને અવિનાશે આ સંસ્થાની ધુરા સંભાળવાની છે અને હા, અવિનાશ તારો આભાર માનવાનો તો બાકી રહી ગયો. તારા જેવો મિત્ર દરેકને મળે તો જ જંગ લડવો આસાન બને, બાકી તો....

ભગીરથ અને એનું મંડળ ઉપર અભિરામજી સાથે ગડમથલમાં પડયાં હતાં. ધનીરામ અચાનક જ દોડતો આવ્યો. શિવાની ટીચર, પ્લીઝ, તમે... રોકાઈ જાવ... તમે મારા માટે પણ... મારાં બાળકો માટે પણ... ધનીરામના જોડાયેલા હાથને છૂટા પાડતાં શિવાની બોલી : 'ધનીરામ... મેં જે કંઈ કર્યું છે તે કોઈના માટે નહીં પણ મે મારે માટે જ કર્યું છે... અને એટલે તો જો હું કેટલાં બધાં બાળકોની એકી સાથે 'મા' બની શકી છું ! તમારી સાથે અશ્વિન સર તો છે જ ને ! મારો અવકાશ હવે એ પૂરશે. મારું ઘર પણ ક્યાં દૂર છે ભલા ! જરૂર પડયે ઘરે આવજે ભાઈ !!'

શિવાનીને હવે ઊઠવું યોગ્ય લાગ્યું. શરીર તેમ જ મન બંને થાકી ગયાં હતાં. તે ઊભી થઈ. એની સાથે બા–બાપુજી–રંજનબા, અશ્વિન–અવિનાશે પણ કદમ ઉઠાવ્યાં.

શિવાનીએ સમગ્ર સભાગૃહમાં એક નજર ફેરવી. આ જ સભાગૃહમાં એણે બાળકોને ઘડયાં હતાં. તમામ સ્કિલને પ્રગટાવતું આ સભાગૃહ કે જેને એણે હંમેશાં જીવંત રાખ્યું હતું. આ જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એણે અહીં ગાતાં, નાચતાં, કૂદતાં, ભજવતાં ને જીવનમાં રંગો ભરતાં કર્યા હતાં. બાળકોનાં 'સ્વ'ને એમનાંથી પરિચિત કરાવવામાં એણે કોઈ કસર બાકી નહોતી રાખી !! છેલ્લી દૃષ્ટિ ફેરવતાં એની આંખે એક અશ્રુબિંદુ ઝળહળી ઊઠ્યું. સભાગૃહની બહાર નીકળી એણે મેદાનમાં ઊભા રહીને શાળાનાં તમામ મકાનો તરફ એક

દૃષ્ટિ ફેરવી. પેલું બોધિવૃક્ષ સમું લીમડાનું ઝાડ, એનુ રમતગમતનું મેદાન, એની વિશાળતાનું સમરાંગણ, પેલો સ્ટાફરૂમ, પેલો સંગીતરૂમ, ડ્રોઈંગરૂમ, મકાનની બહાર લટકતાં માઇકના ભૂંગળાં, જેમાંથી રોજ સવારે મધુર કંઠે ગવાતી પ્રાર્થના, ભીંતો ઉપર એણે લખેલાં સુવાક્યો, ચિત્રો, ઊડી ઊડીને જાણે આંખે વળગી રહ્યાં હતાં. શિવાની ધીરે ધીરે મુખ્ય દરવાજે પહોંચી. પાછળ એનાં વહાલાં બાળકોએ હજી પણ આશાની મીટ માંડી... રખેને ટીચર ગેટ સુધી જઈને વિચાર માંડી વાળે... ટીચર કદાચ પાછાં વળે...'

●

અનુક્રમણિકા

55

# ચાવીનો ઝૂડો સ્વીકારશોને ?

ગેટ ઉપર પહોંચી તો સામે મનીષ, સુધીર, ભગીરથ ઊભા હતા... ‘ટીચર, અમને માફ કરી દો. અમે તમને પૂછયા વિના સી.ડી. બનાવી તમને દુઃખી કર્યા. ટીચર, પ્લીઝ...’

‘મેં તમને ક્યારના માફ કરી દીધા છે. તમે મારાં હંમેશનાં પ્રિય બાળકો છો અને રહેશો....’

‘ટીચર, એક વાર મેં તમને કહ્યું હતું કે ટીચર, તમારી જરૂર પડે તો તમે અમને સાથ આપશો ?’

‘હા, કહ્યું હતું, પણ તેનું અત્યારે શું છે ?’

‘ટીચર, એ વચન હમણાં જ પૂરું કરવાનું છે... તમારો વધારે સમય અમે લેવાનાં નથી.... અને લાંબુ કશે જવાનું પણ નથી. બસ, આ રોડ ક્રૉસ કરીને સામે જ જવાનું છે.’

વળી ક્યાં અંધારા કૂવામાં જઈ રહી છું ? પણ બાળકો મદદ માંગે ને હું ન જાઉં ?

‘પણ મનીષ, સામે તો ખુલ્લું મેદાન છે અને એના ઉપર એક મકાન બંધાઈ રહ્યું છે !’

‘હા ટીચર... તમારાં પગલાં પડે એટલે એ મકાન સાચા અર્થમાં એક વિદ્યાપીઠ ગુરુકુળ ધામ બની રહે એમ છે.’

લ્યો, ક્યાં દૂર છે ભલા ?! આ રહ્યું મકાન... મકાનની સામેના મેદાનમાં.... અભિરામજી.... અને સભાગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હારબંધ ઊભા હતા.

સુધીર દોડતો.. હાથમાં થાળી લઈને હાજર થયો. મનીષે દીવો પ્રગટાવ્યો. અગરબત્તી કરી અને ટીચરને એક ઓરડા તરફ લઈ જઈને ત્યાં બાંધેલી લાલ રિબન કાપવા માટે ભગીરથે વિનંતી કરી.

'પણ ભગીરથ, આ શું છે ? હું કાંઈ રિબન કાપવાને લાયક નથી. અભિરામજી જ આ માટે લાયક છે.' પછી શિવાની અભિરામજી તરફ કાતર ધરતાં બોલી : 'સર મને કાંઈ સમજાતું નથી... પણ આ કાર્ય આપના હાથે....'

ત્યાં અભિરામજીએ શિવાની તરફ એ રીતે જોયું કે એવું કદી પહેલાં એમણે જોયું નહોતું. એમણે ધીમે રહીને કહ્યું : 'બેટા ! એક ઉત્તમ કામ કરવાનું છે અને તારાથી વધારે ઉદાત્ત અને ઉત્તમ બીજું કયાંય નજરે ચડયું નથી. તેં ભલે એક શાળા છોડી પણ તેં જે ગુરુકુળ શાળા તારા મનમાં આકારી છે તે શાળાનું આ કાચું ખોરડું છે. આત્મા રેડવાનું કામ તારે કરવાનું છે. અને આ ગુરુકુળનાં તમામ નીતિ–નિયમો પણ તારે જ નક્કી કરવાના છે. તું જ આ શાળાની સાચી મા બની રહેશે. ધમધમતાં... દોડતાં... આ શહેરને તારાં સપનાંમાં આકારાયેલ શાળાની તાતી જરૂર છે. જ્યાં એ.સી. નહીં પણ કુદરતી પવન, તડકો અને ઋતુઓની આવનજાવન હશે, જ્યાં તારી શિખવાડેલ વેદ–ઋચાનાં ગાન હશે, જ્યાં તેં ભજવવાં ધારેલ રામયણ–મહાભારત–ભગવદ્ગીતાનાં મંચનો હશે !! પેલી શાળા ભલે છોડી... પણ આ શાળા તને છોડવા તૈયાર નથી. કારણ કે, આ શાળાની પાયાની ઈંટ–ધરોહર જ તું છે, બેટા!!' અભિરામજીએ એમનો હાથ શિવાનીના મસ્તક ઉપર ફેરવ્યો અને શિવાનીએ રિબન કાપી.

'ટીચર, આ ઉદ્ઘાટન મહિના પછી થવાનું હતું, પણ અમે આજની તમારી હર ક્ષણને ઉદાત્ત અને ઉત્તમ બનાવવાની તક છોડીએ એવાં નથી.....'

'ટીચર... અભિરામજીએ જ બે વર્ષ પહેલાં આ જગ્યા અમને આપી હતી. એક શાળા બનાવવા અને ત્યારે જ નક્કી હતું કે અમારી આ શાળાને ગુરુકુળ જો કોઈ બનાવી શકે તો એ માત્ર શિવાની ટીચર અને યોગાનુયોગ તો જુઓ...'

'સુધીર, મેં માત્ર ઉદ્‌ઘાટન કર્યું છે. મેં હજી હા ક્યાં પાડી છે ?'

'ટીચર, આ ગુરુકુળનું નામ અમે 'રંજનબા ગુરુકુળ વિદ્યાલય' રાખ્યું છે... બોલો, હવે તો તમે ચાવીનો ઝૂડો સ્વીકારશોને ?'

'મનીષ, ભગીરથ મને થોડો સમય આપો. મારે તો ગ્રામ્ય વિસ્તારમાં જઈને ત્યાંનાં બાળકોને મારી સેવા આપવી છે. એટલે જરા...'

રંજનબા હવે સહેજ નજીક આવીને બોલ્યાં. 'બેટા... અભિરામજી હમણાં ગામડે ગામડે ફરીને ત્યાંનાં અનાથાશ્રમોનાં ઉદ્‌ઘાટન કાર્ય કરી રહ્યા છે. ત્યાં મફ્ત ભોજન તેમ જ લાઇબ્રેરીની વ્યવસ્થા કરી રહ્યા છે. હમણાં આપણે ગામ પણ એઓ અચાનક આવી પડયા હતા અને તું ત્યાંની ફિકર છોડ; એ જવાબદારી એમણે ઉપાડી છે, તું આ વ્યાસપીઠ સંભાળ. આ શહેરને પણ તારી કેટલી જરૂર છે તે મેં આવીને જોયું– પ્રમાણ્યું છે'

હજી કંઈક કહેવા જાય એ પહેલાં ભગીરથે બંધ ઓરડોનો ચાવીનો ઝૂડો શિવાની ટીચરના હાથમાં મૂકી દીધો અને બોલ્યો : 'ટીચર, આ બધામાં સ્ટાફરૂમ કયો બનાવવો અને સંગીત રૂમ તેમ જ ચિત્રકળા ખંડ ક્યાં રાખવો; કંઈ સમજાતું નથી. પ્લીઝ ટીચર, જરાક....'

'ચાલ ત્યારે...' શિવાની બાળકો સાથે આગળ વધી. એક પછી એક ઓરડામાં નીતનવું સપનું કંડારતી આગળ વધતી ગઈ. પાછી આવી ત્યારે તમામ ઓરડાની ચાવીનો ગુચ્છો એની કેડે હતો અને આંખોમાં ગુરુકુળ ધામ.

ભાવેશે સહુને મીઠાઈ ખવડાવી અને એ સાથે એક નવા ગુરુકુળની શરૂઆતને મહોર મારી દીધી. ફરી કાલે અહીં જ ભેગાં થઈશું. એમ નક્કી કરી બાળકો ગયાં. મનીષ તેમ જ ભગીરથ વિદાય લેતાં બોલ્યાં : 'ટીચર, અમે તમારી શાળામાં, અમારાં બાળકોનું આવતી કાલે જ ઍડ્‌મિશન લેવા આવીશું. ઍડ્‌મિશન આપશોને ?'

શિવાનીના મુખ ઉપર હાસ્યનું મોજું ફરી વળ્યું. વાહ... બીજી પેઢીનાં મારાં છોકરાંઓ... હું તો દાદી બની ગઈ... ખરું ને ?...

56

# ધાન્યા જ્ઞાણ કોની કોની ?

અભિરામજીએ પણ જવા માટે રજા માંગી, પણ રંજનબા બોલ્યાં : 'આજે કેટલો શુભ દિવસ છે... તમે મંદિર સુધી લઈ જશો ?... જો તમને ઘરે જવાનું મોડું ના થતું હોય તો...'

'ના... ના... હું તમને મંદિરે થઈને ઘરે પણ છોડી દઈશ. એમ પણ મારું રાહ જોનાર ક્યાં કોઈ છે, કે મારે...' એમણે વાક્યે અધૂરું છોડી દીધું.

સર્વે મંદિરે પહોંચ્યાં. દરેક વ્યક્તિનાં મુખ ઉપર થાક વર્તાતો હતો. ક્યારેક જીવન પણ નાટકની જેમ ભજવાતું હોય છે, પડદો ખૂલે, પાત્રો આવે, ધડાધડ સંવાદો ફૂટે, ધડાધડ ઘટના ઘટે, પ્લૉટ આગળ વધે, આતુરતા વધે, સત્‌–અસત્‌... અથડાય, એક હારે... તો... એક જીતે, મનોમંથન... અને અંત... પ્રેક્ષકોને જોવાનો આનંદ, પણ પાત્રોના થાકનું શું ?!

જીવનના રંગમંચ ઉપર તો પાછો કેવો થાક. ગૂંચવાયેલ નાટકને અંત તરફ લઈ જવા કેટલું થાકી જવું પડે ! અહીં પણ શિવાની થાકી છે; તો અશ્વિન પણ ક્યાં નથી થાક્યો ? રંજનબા તો એનાથી વિશેષ અને અભિરામજી... ? ક્યાંય સુધી મંદિરના બાંકડે, બધાં બેસી રહ્યાં. શિવાનીની આંખોમાં પ્રશ્ન ફરી ડોકાયો... આજે અંત દરેક વાતનો આવ્યો જ છે તો પછી મારા સનાતન પ્રશ્નનો પણ અંત... કેમ નહીં ?

રંજનબા તરફ એણે એવી રીતે જોયું જે રીતે આશ્રમમાંથી વિદાય લીધી હતી ત્યારે એણે જોયું હતું. સમય તો પાકી ગયો જ છે તો પછી આ ક્ષણે જ્યારે... સાક્ષાત્‌ પ્રભુનું મંદિર છે, અશ્વિન છે, એનાં મા–બાપ પણ છે. તો પછી... મોડું શા માટે કરવું ? એમ પણ હવે હુંય થાકી છું.

રંજનબાએ સીધી જ શરૂઆત કરી. 'મારી શિવાની મને વર્ષોથી પ્રશ્ન પૂછતી આવી છે કે મારા અસલી, ખરેખરાં મા–બાપ કોણ છે ? મેં એ પ્રશ્નનો જવાબ હજી સુધી

આપ્યો નથી પણ હું આશ્રમનો નિયમ તોડીને પણ આજે ભગવાનની સાક્ષીમાં એનો ઉત્તર આપીશ.'

શિવાની, હું જ તારી જન્મદાત્રી છું અને તારા પિતા, તારી સામે બેઠા છે. વર્ષો પહેલાં કાચી વયે અમે લગ્ન કરવાનું વચન અપીને ગામના મંદિરે સાત ફેરા ફરેલા. પણ જમીનદાર બાપના એકના એક દીકરાને મારા જેવી અનાથ છોકરી ફસાવે છે એવું માનનારાં... એમનાં ક્રૂર વડીલોએ મને રાતોરાત ગુજરાતનાં બીજે છેડે રઝળતી મૂકી દીધી. મારી શોધમાં અભિરામજીએ ગામ–ઘર છોડયાં. એમણે પિતાના અવસાન બાદ તમામ મિલકતનું ટ્રસ્ટ બનાવી શહેર તેમ જ ગામડાંઓમાં શિક્ષણની ધૂણી ધખાવી અને સાથે મારી શોધ પણ આદરી. હું અટવાતી રહી અને એક દિવસ એક આશ્રમની બા બની ગઈ. શિવાનીને જન્મ આપી ઊછેરી, ભણાવી, ગણાવી, કેટલીક કન્યાઓનું જીવન બચાવવા ધૂણી ધખાવી.

અભિરામજી થોડા દિવસ પહેલાં જ અનાથાશ્રમની મુલાકાતે તેમ જ લાઇબ્રેરી સ્થાપના અને દાન માટે અચાનક આવી ચડયા. અમારી સેવાનું ફળ કદાચ ઈશ્વરે અમને આપ્યું. અભિરામજી જ્યારે આશ્રમમાં આવ્યા ત્યારે ફોન ઉપર 'શિવાની આમરણાંત ઉપવાસ ઉપર. જલદી આવો' એવો મેસેજ મળ્યો. એમણે દાનનો કાર્યક્રમ પડતો મૂક્યો અને એમની શાળાની શિવાની ટીચરની વાત કરી ત્યારે જ હું સમજી ગઈ કે એ બીજી કોઈ નહીં, મારી શિવાની જ હોઈ શકે. મેં ત્યારે અભિરામજીને શિવાની તમારી જ દીકરી છે એમ જણાવ્યું નહોતું. પણ યોગ્ય સમયે જ જણાવવાનો નિર્ણય કરી હું પણ અહીં આવવા માટે રવાના થઈ ગઈ. બસ, બાકી... બધું તમારી સમક્ષ... જે ભજવાયું... શિવાની બેટા !' રંજનબાએ એમના બંને હાથ શિવાની તરફ ફેલાવ્યા... વર્ષોનો પ્રશ્ન આજે બાના ખોળામાં માથું નાખતાં જ ઓગળી ગયો.

સર્વેના મુખ ઉપર અનેરો આનંદ પ્રસરી ગયો. અશ્વિન ઊભો થયો અને રંજનબાને પગે પડયો. 'અમારે તો હવે બે બા અને બે બાપુજી' એમ કહેતાં અભિરામજીને પગે લાગ્યો .

ગાડી શિવાનીના ઘર તરફ જઈ રહી હતી. આટલો સુખદ અંત તો કલ્પના બહારનો. શિવાનીની આંખોમાંથી હજી અશ્રુધારા વહી રહી હતી; વારે વારે એ રૂમાલથી એને અટકાવવાની નાહક કોશિશ કરી રહી હતી. ક્યાંય સુધી કોઈ એકે અક્ષર બોલી શક્યું નહીં. ઘર તરફ જવાનો રસ્તો અશ્વિન બતાવી રહ્યો હતો. ઘર આવતાં ગાડી અટકી. બધાં ચૂપચાપ નીચે ઊતર્યા. શિવાની છેક છેલ્લે, ધીમે રહીને નીચે ઊતરી.

'હું હવે જાઉં....' એમ કહી અભિરામજીએ ફરી ગાડીનું મશીન ચાલુ કર્યું. ગાડી ઊપડવાની તૈયારીમાં જ હતી ને શિવાનીએ ઝડપથી અભિરામજીનો હાથ પકડી લીધો અને બોલી : 'બાપુજી.... આમ ચાવીનો ઝૂડો સોંપીને ક્યાં ચાલ્યા ? હજી ઘણા પ્રશ્નો એવા છે કે જેના જવાબ તો માત્ર તમારી પાસે જ છે. સાચી વાત ને બા?' અને બંને બા બોલી ઊઠી : 'હા બિલકુલ સાચી વાત....' અશ્વિન બિલકુલ નજીક આવીને બોલ્યો : 'ધન્ય ? ક્ષણ તો હજી હમણાં જ આવી છે... આપણે સાથે મળીને એને આવકારીએ...'

'શિવાની – અશ્વિન, તમારી લાગણી સમજી શકું છું. પણ હવે... આ રીતે મારું... બેટા, મારા આશીર્વાદ તમારી સાથે છે.. અને બંને સંસ્થા પણ તમારા જેવી વ્યક્તિનાં હાથમાં સલામત છે પછી હવે મારે વધારે શું જોઈએ ?'

'ચાવીનો આ ગુચ્છો હજી મેં સ્વીકાર્યો નથી, બાપુજી... લ્યો શોધી લો. એવી દીકરી, કે જે તમારું સપનું સાકાર કરે... 'રંજનબા ગુરુકુળ' વિદ્યાલયને ખરા અર્થમાં વિદ્યાપીઠ બનાવે.' અને કેડેથી ચાવીનો ગુચ્છો કાઢીને અભિરામજીના હાથમાં થમાવી દીધો અને બોલી : 'જાવ જલદી જાવ... તમારે હજી ઘણાં કામ કરવાનાં બાકી છે... ખરુંને ?'

'સાવ જિદ્દી દીકરી... નહીં જ માને... કક્કો ખરો કરાવતાં તો કોઈ તારી પાસે શીખે !!' અને એમ બોલતાંમાં તો, શિવાનીનાં ઘરના તેમ જ હૃદયનાં બંને દ્વાર ખૂલી ગયાં... સત્–અસત્‌ને પેલે પારનો એક દિવ્ય ઉજાસ એને ક્યાંય સુધી ઉજાળતો રહ્યો.. જેમાં ધીરે ધીરે શિવાનીના દરેક પ્રશ્નો ઓગળી ગયા; એની રાખમાંથી મમતાનો પવન ચારેકોર ઠંડક પ્રસરાવી રહ્યો.... ક્યાંય સુધી !

અનુક્રમણિકા

અન્તીમ ટાઈટલ પેજ

# શિક્ષણક્ષેત્રના સંઘર્ષની પ્રેરકકથા

પ્રજ્ઞાબહેન સ્વયં એક શિક્ષિકા અને પછી તેમાંથી સ્વનિષ્ઠાથી આચાર્યપદે પહોંચ્યા. છેલ્લાં 32 વર્ષનો શિક્ષણજગતનો પ્રત્યક્ષ અને પૂરો નિકટવર્તી અનુભવ તેઓ ધરાવે છે. શિક્ષણ જગતનાં સાચ–કાચ અને સત્–અસત્'નાં સાક્ષી છે. કેટલાય વિદ્યાર્થીનું ભાવિ એમણે સુધાર્યું છે. હંમેશા સાચો અને સારો માર્ગ એમણે કાઢયો છે. એમની આ સ્વાનુભવકથાનું હેતુલક્ષી સાહિત્યિક અને વાચકોને જકડી રાખે, માર્ગદર્શન આપે એવું પરિણામ તે એમની પ્રથમ નવલથા 'સત્–અસત્‌ને પેલે પાર'.

ગુજરાતી સાહિત્યમાં તત્કાળ રઘુવીર ચૌધરીની નવલકથા એકલવ્ય (મહદ્ અંશે વ્યંગ કથા) સ્મરણે ચઢે. બીજા કેટલાક પ્રયત્નોને બાદ કરતાં શિક્ષણક્ષેત્રને કેન્દ્રવર્તી વિષય બનાવીને લખાયેલી નવલકથાઓની સંખ્યા ગુજરાતી સાહીત્યમાં જૂજ જોવા મળે છે. પ્રજ્ઞાબહેનની આ નવલકથા શિક્ષણક્ષેત્રમાં પ્રવર્તતાં અનેક અનિષ્ટો પર સર્ચલાઇટનો ધગધગતો શેરડો પાડે છે. સમાજજીવન અનેકાનેક અનિષ્ટોથી બેહદ પ્રક્ષુબ્ધ બનેલું છે. આ નવલકથા માત્ર અંગૂલિનિર્દેશ કરીને અટી જતી નથી પરંતુ અમંગલમાંથી મંગલના ઉદ્‌ભવની કામના કરે છે. અને અભિનવ પેઢીની સકારાત્મક સક્રિયતામાં આશાનું કિરણ જુએ છે. શિક્ષિકા શિવાની (મુખ્ય પાત્ર) આ કલ્યાણકારી જેહાદનું તંત્રવાહકો તરફથી ખોફ નજરનું જોખમ વહોરી લે છે અને રાજીનામું આપીને શાળાને અલવિદા કરે છે. ત્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આદર્શ ગુરુકુળનું સર્જન કરવા માટે બધી સુવિધા ચરણે ધરી, એક કાચા મકાનમાં આત્મા પૂરી, એને મંદિર બનાવવા માટે વિનંતી કરે છે. અસત્‌ની અક્ષૌહિણી સેના સામેનો સત્‌નો વિજય કરાવતી આ નવલકથાને આવકાર આપવામાં કશી દિલચોરી થઈ જ ન શકે. પણ બધાં ચિંતિત સમાજસેવીઓ માટે નવી આશા અને પ્રબળ પ્રેરણાનું પ્રસ્થાનબિંદુ બને તેમ છે. હું હૃદયપૂર્વક આ નવલથાને આવકારી અનેકાનેક શુભેચ્છા પાઠવું છું.

તા. 04-09-2014 –ભગવતીકુમાર શર્મા

અનુક્રમણિકા



## શિક્ષણક્ષેત્રના સંઘર્ષની પ્રેરકકથા

પ્રજ્ઞાબહેન સ્વયં એક શિક્ષિકા અને પછી તેમાંથી સ્વનિષ્ઠાથી આચાર્યાપદે પહોંચ્યાં. છેલ્લાં ૩૨ વર્ષનો શિક્ષણજગતનો પ્રત્યક્ષ અને પૂરો નિકટવર્તી અનુભવ તેઓ ધરાવે છે. શિક્ષણ જગતનાં સાચ-કાચ અને સત્-અસત્નાં સાક્ષી છે. કેટલાય વિદ્યાર્થીનું ભાવિ એમણે સુધાર્યું છે. હંમેશા સાચો અને સારો માર્ગ એમણે કાઢ્યો છે. એમની આ સ્વાનુભવકથાનું હેતુલક્ષી સાહિત્યિક અને વાચકોને જકડી રાખે, માર્ગદર્શન આપે એવું પરિણામ તે એમની પ્રથમ નવલકથા 'સત્-અસત્ને પેલે પાર.'

ગુજરાતી સાહિત્યમાં તત્કાળ રઘુવીર ચૌધરીની નવલકથા એકલવ્ય (મહદ્ અંશે વ્યંગ કથા) સ્મરણે ચઢે. બીજા કેટલાક પ્રયત્નોને બાદ કરતાં શિક્ષણક્ષેત્રને કેન્દ્રવર્તી વિષય બનાવીને લખાયેલી નવલકથાઓની સંખ્યા ગુજરાતી સાહિત્યમાં જૂજ જોવા મળે છે. પ્રજ્ઞાબહેનની આ નવલકથા શિક્ષણક્ષેત્રમાં પ્રવર્તતાં અનેક અનિષ્ટો પર સર્ચલાઈટનો ધગધગતો શેરડો પાડે છે. સમાજજીવન અનેકાનેક અનિષ્ટોથી બેહદ પ્રક્ષુબ્ધ બનેલું છે. આ નવલકથા માત્ર અંગૂલિનિર્દેશ કરીને અટકી જતી નથી પરંતુ અમંગલમાંથી મંગલના ઉદ્ભવની કામના કરે છે. અને અભિનવ પેઢીની સકારાત્મક સક્રિયતામાં આશાનું કિરણ જુએ છે. શિક્ષિકા શિવાની (મુખ્ય પાત્ર) આ કલ્યાણકારી જેહાદનું તંત્રવાહકો તરફથી ખોફ નજરનું જોખમ વહોરી લે છે અને રાજીનામું આપી શાળાને અલવિદા કરે છે. ત્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આદર્શ ગુરુકુળનું સર્જન કરવા માટે બધી સુવિધા ચરણે ધરી, એક કાચા મકાનમાં આત્મા પૂરી, એને મંદિર બનાવવા માટે વિનંતી કરે છે. અસત્ની અક્ષૌહિણી સેના સામેનો સત્નો વિજય કરાવતી આ નવલકથાને આવકાર આપવામાં કશી દિલચોરી થઈ જ ન શકે. પણ બધાં ચિંતિત સમાજસેવીઓ માટે નવી આશા અને પ્રબળ પ્રેરણાનું પ્રસ્થાનબિંદુ બને તેમ છે. હું હૃદયપૂર્વક આ નવલકથાને આવકારી અનેકાનેક શુભેચ્છા પાઠવું છું.

તા. ૪-૯-૨૦૧૪ - ભગવતીકુમાર શર્મા

સાહિત્ય સંકુલ
ISBN : 9789384637071

●સમાપ્ત●